।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

शास्त्रिधर्मस्वरुपदासजी विरचित

# श्रीजीसंमत विशिष्टाद्वैत
# सिद्धांतसागर

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૨૮

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### *જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે. .

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

વજ્ર ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મ જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

જવ અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

*ડાબા ચરણકમળમાં સાત ચિહ્નોઃ

મીન સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

ત્રિકોણ જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

ધનુષ અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

| | |
|---|---|
| ગોપદ | ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે. |
| વ્યોમ | ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે. |
| અર્ધચંદ્ર | ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે. |
| કળશ | ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે. |

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

शास्त्रिधर्मस्वरुपदासजी विरचित

# श्रीजीसंमत विशिष्टाद्वैत सिद्धांतसागर

શ્રી અબજીબાપાશ્રીની છત્રી બળદીઆ જિ. કચ્છ
આયોજીત
શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દીના ઉપલક્ષ્યે

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
૨૮

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
અમદાવાદ - ૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

* પ્રકાશન સમિતિ *

*: પ્રેરક - માર્ગદર્શક:*

* અ. મુ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *



© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)



*દ્વિતીય સંસ્કરણ* : પ્રત ૨૦૦૦

સં. ૨૦૫૧, પ્રબોધિની એકાદશી

૧૩ નવેમ્બર, ૧૯૯૪

*સેવા મૂલ્ય* : રૂ. ૧૨

*પ્રકાશક*

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, નારણપુરા

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

*મુદ્રક*

સાધના ઓફસેટ

જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા —આ રીતે સમગ્ર માનવકુળ પર મહદ્ ઉપકાર કરનાર


પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની

પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્‌ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો - પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં

રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિ જયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

# દ્વિતીય આવૃત્તિનું નિવેદન

હિન્દુ તત્ત્વજ્ઞાન સંબંધી ભિન્ન-ભિન્ન દર્શનાચાર્યોએ પોતાના આધ્યાત્મિક અનુભવ ને જ્ઞાનની સમજણ પ્રમાણે પોતપોતાના મતોનું પ્રતિપાદન કરીને દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિ મુખ્યત્વે ૧૦ વાદો પ્રસ્થાપિત કર્યા છે.

શિક્ષાપત્રી શ્લોક ૧૨૧માં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારો મત તે વિશિષ્ટાદ્વૈત છે. શ્રી રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈત મતાનુસાર જીવ હંમેશા અણુ છે તે વિભુ થઈ શકતો જ નથી, પરંતુ શ્રીજી સિદ્ધાંતાનુસાર મોક્ષદશામાં એટલે ધામમાં શ્રીજી ઇચ્છાથી સ્વયં જીવ દિવ્ય સાકાર સ્વરૂપે આવિર્ભૂત થાય છે. શ્રી રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈત મતમાં જીવ, માયા ને ઈશ્વર -એ ત્રણ ભેદને અનાદિ માનવામાં આવેલ છે, જ્યારે શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને પરબ્રહ્મ -એ પાંચ ભેદ અનાદિ છે. તે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વકાળે સદાય છે, છે ને છે જ. એ પાંચમાં જે પરબ્રહ્મ છે તે શરીરી છે અને જીવ, માયા, ઈશ્વર ને બ્રહ્મ -એ પરબ્રહ્મના શરીર છે; પરબ્રહ્મ તે સર્વેના શરીરી, આત્મા, આધાર, વ્યાપક ને નિયંતા છે ને એ સર્વેથી વિશિષ્ટ છે. એ ચારેયમાંથી કોઈ પણ એમના જેવા થવાને સમર્થ થતા જ નથી. એમના જેવા એ એક જ છે; અદ્વૈત એટલે અદ્વિતીય

છે. પરબ્રહ્મ પરમાત્મા (શ્રી સ્વામિનારાયણ ભગવાન) સ્વતંત્ર ને સર્વના સ્વામી છે ને એ ચારેય પરતંત્ર અને સેવક છે. આવી રીતે રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈત કરતાં શ્રીજી સિદ્ધાંત આગળ પડતો અને વિશદ્, શુદ્ધ ને સત્યસ્વરૂપે યુક્ત છે.

શ્રીજી નિર્મિત આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું, આ ગ્રંથના કર્તા, સંતવર્ય, અ. મુ. સ. ગુ. શાસ્ત્રી શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામીએ પોતાના આ ગ્રંથમાં જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને પરંબ્રહ્મ -એ પાંચેયના સ્વરૂપનો પરસ્પર સંબંધ દર્શાવીને સંસ્કૃત અને ગુજરાતી -બંને ભાષામાં વિસ્તારપૂર્વક સ્પષ્ટ ને વાસ્તવિક સ્વરૂપમાં નિરૂપણ કર્યું છે. આ સદ્‌ગુરુ મહાસમર્થ પંડિત હતા, તેમ જ અલૌકિક સ્થિતિને પામેલા તેમના ગુરુ અ. મુ. સ. ગુ. શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી દ્વારા, અનાદિ મહામુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના રાજીપાથી, શ્રીહરિની મૂર્તિના સુખભોક્તા થયા હતા. અનેક વંદન આ સદ્‌ગુરુને આવા સર્વોપરી તત્ત્વજ્ઞાનની સર્વગ્રાહ્ય છણાવટ ને રજૂઆત કરવા બદલ!

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ ઇ. સ. ૧૯૩૬માં અ. નિ પ. પૂ. અ. મુ. શ્રી બહેચરભાઈ શંકરભાઈ (મિસ્ત્રી) ગજ્જરે પ્રકાશિત કરી હતી. ત્યાર બાદ આ ગ્રંથ દીર્ઘ સમય સુધી અપ્રાપ્ય રહ્યા બાદ, તેઓશ્રીના સુપુત્ર અ. મુ. શ્રી પ્રવીણભાઈ બહેચરભાઈ ગજ્જર તરફથી આ

ગ્રંથના પ્રકાશનના સર્વ હક્ક સહર્ષ પ્રાપ્ત થતાં જ, શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ દ્વારા અ. મુ. શ્રી નારાયણભાઈ ઠક્કરના માર્ગદર્શન હેઠળ આ સર્વોપયોગી, કલ્યાણકારી ગ્રંથનું સર્વહિતાર્થે પુનઃ પ્રકાશન કરતા આનંદ ને ગૌરવ અનુભવીએ છીએ.

વાચક બંધુઓને શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિધ્ધાંત વિશદ રીતે સમજવામાં આ પવિત્ર ગ્રંથ ખૂબ જ માર્ગદર્શક નિવડશે એ નિ:શંક છે. સર્વે ભગવદ્ જનો આ પાવનકારી જ્ઞાનવાણીનો લાભ ઉઠાવી, દિવ્યાનંદ પ્રાપ્ત કરે એ જ આ ગ્રંથ પ્રકાશનની સાર્થકતા છે.

આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં વ્યાકરણશુદ્ધિ, પ્રૂફ સુધારણા, સુંદર મુદ્રણકાર્ય, બાઈન્ડિંગ આદિ છપાઈકામમાં કાળજી રાખી, જહેમત ઉઠાવી, સેવારૂપ થનાર સર્વે પર શ્રીજીમહારાજ ને તેમના અનાદિ મહામુક્તોની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ પ્રાર્થના.

સંવત ૨૦૫૧
પ્રબોધિની એકાદશી
૧૩ નવેમ્બર, ૧૯૯૪

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ

# ।। प्रास्ताविकम् ।।

सर्वाऽवतारिसर्वकारणकारणमहाप्रभुश्रीस्वामिनारायणभगवद्भिः अनंतजीवमोक्षार्थं अत्र ब्रह्मांडे स्वमुक्तैः साकं · स्वदर्शनं दातुं संकल्पः कृतः। तत्संकल्परुपकृपया अस्य ब्रह्मांडस्य जीवाः तद्दर्शनं कृत्वा सद्भाग्यवन्तो जाताः। यद्दर्शनं स्वधामस्थमुक्तानामेवस्ति। नान्येषां केषांचिदपि। नत्वेतावदेव। किंतु तैः महाप्रभुभिः अनंतजीवेभ्यः अभयदानं दातुं सजातितया वर्तमानैः सद्भिः तेभ्यः जीवेभ्यः स्वसेवासमागमसुखं ज्ञानदानं च प्रदाय मायापाशात् मोचयित्वा स्वमूर्तिसुखेन सुखिनः कृताः। किञ्च। स्वस्यापरिमितज्ञानमत्र ब्रह्मांडे सदैव स्थिरं स्यात्। तज्ज्ञानं संप्राप्य पश्चादपि अनंतजीवाः मायापाशमुक्ताः स्युः। अतः स्वैः शास्त्ररचनाकृता कारिता च। सांप्रदायिकशास्त्राणि तु प्रसिद्धान्येव। तत्रापि वचनामृताख्यं शास्त्रमस्ति तत्तु श्रीमुखवाण्येव! यत्र धर्मज्ञानवैराग्यभक्तिमाहात्म्य-सर्वोपर्युपासनादिकं संपूर्णज्ञानं वर्णितमस्ति च। अयं वचनामृताख्यो ग्रन्थः सर्वोत्तमः संप्रदायपुष्टिकारकोऽस्ति। तस्य ग्रन्थस्य स्वतंत्रमुक्तमुखतः क्रमशः अभ्यासः क्रियंते चेत्तर्ह्येव श्रीस्वामिनारायणभगवतां संपूर्णज्ञानं ज्ञातुं शक्यते। नान्यथा

कैश्चिदपि मायिकबुद्धया। तैः भगवद्भिरुक्तं मोक्षेच्छा तु सर्वेषामस्तिः तथापि ज्ञाने तारतम्यतास्ति।...तथाहि-अत्र जगति शुद्धाद्वैतकेवलाद्वैतविशिष्टाद्वैतादिन्यनेकानि मतमतांतराणि सन्ति। तत्रापि श्रीरामानुजाचार्येण मतो यो विशिष्टाद्वैतमतः तं सर्वश्रेष्ठतया मत्वा श्रीस्वामिनारायणभगवद्भिः स्वरचितशिक्षापत्र्यां 'मतं विशिष्टेति' स्वीकृतोऽस्ति। अतः उद्धवसंप्रदायानुयायिभिः स च सर्वैः विशिष्टाद्वैतमतः किं वस्त्वात्मकोऽस्ति। किञ्च। रामानुजाचार्येण मतो यः स्वैर्मतश्च तत्रांतर्गता काचिद्विशेषतास्ति न वा? तज्ज्ञातुं सर्वेषामावश्यकताऽस्त्येव। अतः महतां सद्गुरूणां महाहरिजनानां च प्रेरणयाऽयं ग्रन्थो विरचितोऽस्ति। अत्र ग्रन्थे विशिष्टाद्वैतशब्दार्थान्तर्गतपञ्चभेदानां वर्णनं सांप्रदायिक-संस्कृतप्राकृतमुख्यग्रन्थानां महतां नन्ददासपदवीं गतानां सतां च वाक्यात्मकप्रबलप्रमाणपूर्वकसविस्तरं सर्वजनैर्यथासरलतया ज्ञातुं शक्यते तथैव कृतमस्ति। तेन श्रीस्वामिनारायणभगवतां महासद्गुरूणां च अचलसिद्धांताः स्पष्टतया सर्वैः ज्ञातुं शक्यन्ते। एवं ज्ञात्वा तथैव वर्तनं च कृत्वा श्रीस्वामिनारायणमूर्तिदिव्यसुखं भोक्तारो भवेयुः। श्रीस्वामिनारायणतन्मुक्ताचार्यसद्वर्णिपार्षदहरिजनाः प्रसन्ना भवन्तु। शुभाशिषश्च ददतु। याभिराशिभिः अस्य कर्तुः प्रयाससफलता स्याच्च। श्रीस्वामिनारायणमूर्तिदिव्यसुखं प्राप्तं

स्यात्। एताद्रशशुद्धाशयेनायं श्रीजीसंमतविशिष्टाद्वैत सिद्धांतसागर नामकग्रन्थो विरचितोऽस्ति।

अस्य ग्रन्थस्य शोधनलेखनादिकार्ये मुक्तजीवनदासाख्येन शास्त्रिणा मया सह स्थित्वा संपूर्णाऽलभ्यसेवा कृताऽस्ति। अतः श्रीस्वामिनारायणतदनादिमुक्तसद्धरिजनास्तदुपरि प्रसन्ना भवन्तु। यत्प्रसन्नतया सोऽपि श्रीस्वामिनारायणमूर्तेर्दिव्यसुखं प्राप्नुयात्। एवं रीत्या अस्य ग्रन्थस्य प्रवृत्यात्मक कार्ये महाप्रयासः कृतोऽस्ति। अथापि कुत्रचित् स्थले दृष्टिदोषेण वा प्रेसदोषेण काचिदपि न्यूनता स्याच्चेत्तर्हि सुज्ञवाचकवृंदैः तत्क्षमां कृत्वा हंसक्षीरन्यायेन सुधार्य वांचनीयमित्याशास्यते। अस्य ग्रन्थस्य परिशीलनं कृत्वा सर्वेषां प्रसन्नताऽस्तु। एतादृशी नम्रप्रार्थनाऽस्माकमस्ति। इयमेव शुभेच्छाऽस्ति।

ग्रन्थकर्ता

। શ્રીજી ।

# પ્રસ્તાવના

અવતારના અવતારી સર્વ કારણના કારણ મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાને અનંત જીવોનો મોક્ષ કરવા માટે આ બ્રહ્માંડમાં પોતાના મુક્તોએ સહિત દેખાવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ કરવારૂપી કૃપાથી આ બ્રહ્માંડના જીવો એ મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણ કે જેમનાં દર્શન અક્ષરધામમાં તેમના મુક્તોને જ છે, બીજા કોઈને નથી, એવા અજોડ મહારાજનાં દર્શન કરવા સદ્‌ભાગી થયા. એટલું જ નહિ પરંતુ એ મહાપ્રભુજીએ અનંત જીવોને અભયદાન આપવા સજાતીપણે વર્તી, તેમને સેવા- સમાગમનું સુખ પમાડી જ્ઞાનદાન આપી, માયાના પાશથી મુકાવી, મૂર્તિને -સુખે સુખિયા કર્યા. વળી પોતાનું અપરિમિત જ્ઞાન આ બ્રહ્માંડમાં કાયમ રહે અને તે જ્ઞાન સમજી પાછળથી પણ અનંત જીવો માયાના પાશથી મુકાય તે માટે પોતે શાસ્ત્રો રચ્યાં-રચાવ્યાં. તે સાંપ્રદાયિક શાસ્ત્રો તો પ્રસિદ્ધ જ છે. તે પૈકીનું જે ટવચનામૃત' છે તે તો શ્રીમુખની જ વાણી છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, માહાત્મ્ય, સર્વોપરી ઉપાસનાદિ સંપૂર્ણ જ્ઞાન તેમાં વર્ણવેલ છે. આ વચનામૃત સંપ્રદાયની પુષ્ટિ કરવામાં સર્વોત્તમ ગ્રંથ છે. તે ગ્રંથનો સ્વતંત્ર મુક્તના મુખથી ક્રમશઃ

અભ્યાસ કરવામાં આવે તો જ શ્રીજીમહારાજનું સંપૂર્ણ જ્ઞાન સમજી શકાય, તે વિના માયિક બુદ્ધિથી તે જ્ઞાન સમજી શકાય તેમ નથી. શ્રીજી કહે છે કે મોક્ષની ઇચ્છા તો સર્વને છે, પણ સમજણમાં ફેર રહે છે... તે બતાવે છે-આ જગતમાં શુદ્ધાદ્વૈત, કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિક ઘણા પ્રકારના મતમતાંતરો છે. તેમાં પણ શ્રી રામાનુજાચાર્યનો માનેલો જે વિશિષ્ટાદ્વૈત મત તેને સર્વશ્રેષ્ઠપણે માનીને શ્રીજીમહારાજે સ્વરચિત શિક્ષાપત્રીમાં 'અમારો મત વિશિષ્ટાદ્વૈત છે' એમ સ્વીકાર કરેલ છે.

ઉદ્ધવ સંપ્રદાયના અનુયાયીઓએ વિશિષ્ટાદ્વૈત તે શું વસ્તુ છે, અને શ્રી રામાનુજાચાર્યે માનેલ વિશિષ્ટાદ્વૈત અને શ્રીજીએ માનેલ વિશિષ્ટાદ્વૈત તેમાં અંતર્ગત કાંઈ વિશેષતા છે કે નહિ? તે જાણવાની ઘણી જ આવશ્યકતા છે જ.... મોટા મોટા સદ્‌ગુરુઓ તથા મોટા મોટા હરિજનોની પ્રેરણાથી આ ગ્રંથ રચવામાં આવ્યો છે.

આ ગ્રંથની અંદર વિશિષ્ટાદ્વૈત શબ્દમાં સમાવેશ થતા પાંચ ભેદોનું સાંપ્રદાયિક સંસ્કૃત તથા પ્રાકૃત મુખ્ય સદ્‌ગ્રંથો તેમજ મોટા મોટા નંદપદવીના તથા દાસપદવીના સંતોનાં વચનોરૂપી પ્રબળ પ્રમાણપૂર્વક સવિસ્તર અને સૌ કોઈ સમજી શકે તેવી સરળતાથી વર્ણન કરવામાં આવેલ છે કે જેથી શ્રીજીમહારાજ તથા મોટા સદ્‌ગુરુઓના અચળ


સિદ્ધાંતો સહેલાઈથી સૌ કોઈ જાણી શકે અને તે પ્રમાણે અમલમાં મૂકી શ્રીજીની મૂર્તિનું દિવ્ય સુખ ભોગવતા થાય, અને શ્રીજીમહારાજ તથા મુક્તો તથા શ્રી આચાર્ય મહારાજ તથા સંત વર્ણી, પાર્ષદો તેમજ હરિજનો પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપે, જે આશિષોથી રચનારનો પ્રયાસ સફળ થાય, ને શ્રીજીનું દિવ્ય સુખ પમાય એવા શુદ્ધ આશયથી આ શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈતસિદ્ધાંતસાગર નામનો ગ્રંથ રચવામાં આવેલ છે.

આ ગ્રંથ લખવામાં તેમજ શોધવામાં વગેરે બાબતોમાં શા. મુક્તજીવનદાસજીએ મારી સાથે રહી સંપૂર્ણ રીતે જે અમૂલ્ય સેવા બજાવી છે તે માટે શ્રીજીમહારાજ તથા તેમના અનાદિ મુક્તો તથા સંત હરિજનો તેમના પર પ્રસન્ન થાઓ કે જેથી તેઓ પણ શ્રીજીમહારાજની મૂર્તિના દિવ્ય સુખે સુખિયા થાય...આવી રીતે આ ગ્રંથ તૈયાર કરવામાં અથાક પ્રયાસ લેવામાં આવ્યો છે. છતાં પણ કોઈ સ્થળે દૃષ્ટિદોષ અગર તો પ્રેસદોષથી કાંઈક ખામી રહી ગઈ હોય તો સુજ્ઞ વાચકવૃંદ હંસક્ષીરન્યાયે સુધારી તે દોષ ક્ષમા કરી વાંચશો એવી આશા છે....આ ગ્રંથ વાંચી શ્રી આચાર્યમહારાજ તથા સર્વ સંત હરિજનો શ્રીજીમહારાજનો દિવ્ય આનંદ અમોને મળે એવા રૂડા આશીર્વાદ આપશો એવી નમ્ર પ્રાર્થના છે. એ જ શુભેચ્છા અસ્તુ:

ગ્રંથકર્તા

# विषयानुक्रमणिका


| | |
|---|---|
| मंगलाचरणम् | १ |
| विशिष्टाद्वैतशब्दसिद्धिः | २ |
| जीवनिरूपणम् | ८ |
| मायानिरूपणम् | २२ |
| ईश्वरनिरूपणम्<br>उत्पत्तिक्रमवर्णनम् | ३७ |
| परब्रह्मनिरूपणम् | ५० |
| परशब्दार्थवर्णनम्<br>अनादिमुक्तस्थितिवर्णनम् | ६३ |
| व्यूहशब्दार्थवर्णनम् | ७७ |
| विभवशब्दार्थवर्णनम् | ८० |
| श्रीजीउपासनावर्णनम् | ९१ |
| स्वरूपावतारवर्णनम् | १६५ |
| अन्तर्यामिस्वरूपवर्णनम् | १६७ |
| अर्चाऽवतारवर्णनम् | १९६ |
| शुद्धाक्षरब्रह्मवर्णनम् | २०४ |



અનાદિ મુક્તરાજ
સદ્દ્ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીનું જીવનચરિત્ર

અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાને બંને દેશ વિભાગ કરી તેમાં સદ્‌ગુરુઓ સ્થાપ્યા. શ્રીનગર દેશમાં (નરનારાયણ દેશમાં) સંતોમાં અ. મુ. સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા અ. મુ. સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી એમ વિશેષપણે કરીને બે વ્યક્તિઓ હતી. આવા મહાન સંતોનું જીવનચરિત્ર સત્સંગી બંધુ આગળ દર્શાવવું તે જરૂરી છે. પ્રથમ વ્યક્તિનું જીવનચરિત્ર બ્રહ્માનંદકાવ્યાદિક ગ્રંથોમાં છે. બીજી વ્યક્તિનું કોઈ સ્થળે નહિ હોવાથી આ સ્થળે ઉચિત ધારી સદ્‌ગુરુ સ્વામીશ્રીના ફોટા સાથે સત્સંગ સમાજની સેવામાં અર્પણ કરીએ છીએ.

આ સદ્‌ગુરુશ્રી પૂર્વાશ્રમમાં કુરુક્ષેત્રથી આશરે ૧૨૫ ગાઉ પર આવેલ કડા ગામના હતા. સ્વામીશ્રીને પ્રથમથી જ વૈરાગ્ય પ્રધાનપણે હતો તેથી પોતાના પિતાશ્રી તથા પોતાના ભાઈને વૈરાગ્ય બાબતનો ઉપદેશ કરી તેમને સાથે લઈ કુરુક્ષેત્રમાં આવ્યા. ત્યાં એક વૈરાગીના મંદિરમાં રહ્યા. તે વૈરાગી ઘણો પૈસાદાર હતો, પણ પૈસાને તથા સ્ત્રીને અડતો નહિ. તેની પાસે સાધુ થઈ પોતે ત્યાં જ રહ્યા. તે મહંતે આ

આપણા સદ્‌ગુરુશ્રીના ગુણો જોઈ પોતાની ગાદી સોંપવાનો આગ્રહ કર્યો, ત્યારે સ્વામીશ્રીએ ત્યાગીને સ્ત્રી અને દ્રવ્યનો પ્રસંગ અતિ બંધનકારી છે, અને તે ગાદીના ઉપભોગમાં તે બંને વસ્તુઓનો નિરંતર સંબંધ છે માટે આ સ્થળે રહેવું ઘટિત નથી, એમ વિચાર કરી પોતાના ગુરુને જણાવ્યું કે હું દ્વારિકાની યાત્રા કરી આવું. ત્યારપછી આપશ્રીની ઇચ્છાનુસાર કરીશ. એવી રીતે યુક્તિથી જવાબ આપી દ્વારિકા જવા માટે ચાલી નીકળ્યા. દ્વારિકામાં આવી પોતે રણછોડજીની સેવા કરવાનો બાર વર્ષ પર્યંતનો નિયમ રાખ્યો. તે જ દિવસે પ્રથમ સેવા કરનાર વૈરાગીએ નિયમ પૂરો થવાથી સેવા મૂકી દીધી.

નિયમપૂર્વક સેવામાં તત્પર સ્વામીશ્રીને તે જ રાત્રિએ રણછોડજીએ સાક્ષાત્ દર્શન આપ્યાં, ને કરડી દૃષ્ટિ કરીને કહ્યું, 'સાધુરામ! તમારા જેવા સંતોને આ સ્થળે રહેવા જેવું નથી. માટે અહીંથી ચાલ્યા જાઓ. હું અમુક સમયે તમને મળીશ.' આ હેતુથી પ્રાતઃકાળે સ્વામીશ્રી તે સ્થળેથી ચાલી નીકળ્યા, અને વહાણમાં બેસવા માટે ગયા. તે સમયે પ્રથમ સેવા કરનાર વૈરાગી પણ વહાણમાં બેસવા માટે આવ્યો. તેણે સ્વામીશ્રીને જોયા અને કહ્યું: 'અરે ગુરુભાઈ, આમ કેમ? ગઈ કાલે તમે રણછોડજીની બાર વર્ષ સેવા કરવાનો નિયમ રાખ્યો હતો અને આજે જ કેમ ચાલ્યા?' ત્યારે સ્વામીશ્રીએ પોતાને જે પ્રકારે રણછોડજીએ દર્શન આપી વાત કરી હતી તે બધી

વાત કહી. તે વાત સાંભળી તે વૈરાગી બોલ્યા, કે તમારી ઉપર તો રણછોડજીએ બહુ જ કૃપા કરી. અરે ગુરુભાઈ! અમારાં ઘણે દાખડે કરીને કરેલાં જપ, તપ, વ્રત બધાંય નિષ્ફળ થઈ ગયાં. કારણ કે આ સ્થળે સ્ત્રીઓનો પ્રસંગ ઘણો છે, તેથી ઘણાખરા વૈરાગીઓ ધર્મભ્રષ્ટ થઈ ગયા છે. એમ દિલગીરી જણાવી શોક કરતો થકો સ્વામીશ્રીના ચરણમાં પડી રોવા લાગ્યો.

તે વૈરાગીને શાંતિ પમાડી સ્વામીશ્રી વહાણમાં બેસી જામનગર આવ્યા. જામનગરમાં સ્વરૂપાનંદ સ્વામી આદિક ૨૫૦ સંતો આશરે રહેતા હતા. તે સંતોને સ્વામીશ્રી મળ્યા ને ભેળા રહ્યા, ત્યારે સંતોએ કહ્યું કે સાધુરામ! સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે, માટે સ્વામિનારાયણનું ભજન કરો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'અન્યાશ્રય કબુ ન કરેગા, ઔર કૃષ્ણકું કબુ ન છોડેગા.'

એવા સમયમાં મહારાજશ્રીનો કાગળ સંતો ઉપર આવ્યો કે ચૈત્ર સુદ ૧૫મે સિદ્ધપુરમાં અમે સમૈયો કરીશું, ને તમો પણ સર્વે ત્યાં આવજો. તે કાગળ વાંચી સંતો ચાલ્યા ને ઊંઝા ગામમાં મહારાજશ્રીના આવતા અગાઉ પહોંચી ગયા. બીજે દિવસે શ્રીજીમહારાજ પધાર્યા ને સંતો સામા ગયા. તેમની સાથે સ્વામીશ્રી પણ ગયા અને મહાપ્રભુ અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થતાંની સાથે

જ સ્વામીશ્રીને નિશ્ચય થઈ ગયો ને બોલ્યા: 'આ સ્વામિનારાયણ સબ અવતારોંકા કારણ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન હૈ.' પછી શ્રીજીમહારાજ ગામમાં પધાર્યા ને ગામ બહાર તળાવના ગરનાળા ઉપર સભા કરીને બિરાજમાન થયા. તે વખતે સ્વામીને દીક્ષા આપી સાધુ કરી મહાનુભાવાનંદ સ્વામી નામ પાડ્યું. પછી શ્રીજીમહારાજ સંતો સહિત સિદ્ધપુર પધાર્યા. કોઈક સમયે શ્રીજીમહારાજ વૃત્તાલયપુરમાં સંતો સહિત પધાર્યા હતા, ને ત્યાં સ્વયંપ્રકાશાનંદ સ્વામી આદિક આઠ સદ્ગુરુ સ્થાપ્યા હતા તે પૈકી આ સ્વામીશ્રીને પણ તે જ વખતે સદ્ગુરુ પદવી શ્રીજીમહારાજે આપી હતી.

એક સમયે સ્વામીશ્રી માણસે પધાર્યા હતા ને મંદિરમાં માણસા ઠાકોરને વાતો કરતા કરતા કહેવા લાગ્યા કે ઠાકોર! સાધુને ભંડારની અગવડ છે, માટે આ જગ્યા પડી છે, તે આપો તો ભંડાર સારો થાય. તે વખતે સબળોજી દીવાન બેઠો હતો, તે બોલ્યો, કે સ્વામી અહીં તો તમારું મંદિર નહિ રહે ને આ જગ્યાએ તો દરબારનાં ઘોડાં માટે ઘોડશાળ કરાવવી છે. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ઐસા ક્યું બોલતા હૈ? મંદિરમાં ક્યા ઘોડશાળ હોવે. ઘોડશાળ હોવેગા તેરા ઘરમેં.' થોડાક દિવસમાં તે દીવાન ઠાકોરના કોઈક ગુનામાં આવ્યો, તેથી ઠાકોરે તેનાં ઘરબાર લૂંટી લીધાં ને એના ઘરને ઠેકાણે જ

ઘોડશાળ થઈ. આ રીતે સ્વામીશ્રીના વચન પ્રમાણે થયું.

મૂળીનું મંદિર બ્રહ્માનંદ સ્વામી કરાવતા હતા. ત્યાં સ્વામીશ્રી પણ સાથે હતા. ત્યાં રામપરાનો એક નાડોદો ભક્ત પોતાના બે બળદ ને ગાડું લઈ મંદિર સંબંધી સેવા કરવા રહ્યો હતો. તેણે ઘણા દિવસ મંદિરની સેવા કરી તેથી સ્વામીશ્રી તેના ઉપર પ્રસન્ન થઈ બોલ્યા, 'પટેલ! મહારાજ તેરા અચ્છા કરેગા.' ત્યારે તે ભક્ત કહે, 'મહારાજ શું મારું સારું કરશે? ઘરમાં રાતું લૂગડું પણ નથી, હું એકલો જ છું.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'મહારાજ સબ દેવેગા.' પછી તે પરણ્યો ને તેને ત્રણ પુત્ર થયા. એક સમયે આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ છપૈયા જાતા હતા તે સમયે તે ભક્ત પણ સાથે જવા તૈયાર થયો. ત્યારે બીજા સંતોએ કહ્યું કે, ડોસા તમને બહુ હેરાનગતિ થશે કારણ કે રસ્તામાં ચાલવું પડે, ખાવાનું વહેલું-મોડું થાય, ક્યારેક ટીમણ કરીને રહેવું પડે. વળી તમારાથી ટાઢું તેમજ કઠણ ચાવી શકાય નહિ. આવી આવી ઘણી અગવડ પડશે. માટે સાથે આવવું રહેવા દ્યો. ત્યારે તે ભક્તે કહ્યું કે સ્વામી! મારા ઉપર તો સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીની પૂર્ણ કૃપા છે. મને ૭૦ વર્ષ થયાં છે છતાં ૨૫ ગાઉ ચાલું તોપણ થાક લાગતો નથી. ને દાંત પડી ગયા છે તેથી અડદનો કાચો લોટ પલાળીને પી જાઉં છું તોપણ પચી જાય છે તેવો જઠરાગ્નિ બળવાન છે, ને તાવ તો

કોઈ દિવસ આવ્યો જ નથી, ને ઘરમાં રૂપિયા પાંચ હજાર છે. તેમાંથી દોઢસો મારી સાથે લીધા છે ને દોઢસો પછીથી મંગાવી લઈશ. તેમાંથી બરફી-પેંડાનું ટીમણ કરીશ. તેથી દાંતનું કામ નહિ પડે ને પચવાનો તો વાંધો જ નથી. આવી રીતે સર્વ પ્રકારે સુખિયા સ્વામીશ્રીના વચનથી થઈ ગયા.

એક સમયે સ્વામીશ્રી ઝાલાવાડ દેશમાં ફરતા ફરતા તાવી તલસાણા ગામમાં આવ્યા ને ત્યાંથી ગાડું કરાવી દદુકે આવતા હતા. વાટમાં બળદ ચાલી શક્યા નહિ. તેથી સ્વામીએ પોતાના સંતોને કહ્યું કે તમો આગળ જાઓ ને દદુકામાં એક હરિભક્તનું નામ લઈ કહ્યું કે તેને બળદ લઈ સામો મોકલો. સ્વામીશ્રીની તે આજ્ઞાનુસાર સંતોએ જઈ તે હરિભક્તને બળદ લઈ સામા જવાનું કહ્યું. ત્યારે તે હરિભક્ત બોલ્યા, કે સ્વામી ધીરા ધીરા આવશે તો શું વાંધો છે? મારે તો ખેતરમાં ખેડવાનું અધૂરું છે તે પૂરું કરવા જાવું છે. એમ કહી ખેડવા ગયો. સ્વામીશ્રી રાત્રે મોડા મંદિરમાં પધાર્યા. સર્વ હરિભક્તો દર્શને આવ્યા. જેને બળદ લઈ સામું આવવા કહ્યું હતું તે પણ દર્શને આવ્યો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે ભક્ત! તમને બળદ લઈને સામું આવવાનું કહ્યું હતું ને કેમ ન આવ્યા? ત્યારે તે ભક્ત કહે કે સ્વામી, ખેતરમાં ખેડવાનું રહી જાતું હતું. તે ખેડવા ગયો તેથી આવી શક્યો નહિ. એવું સાંભળી સ્વામીશ્રી બોલ્યા, 'હમ રસ્તેમેં હેરાન હો ગયે ને તુમ

ખેતમેં ખેડનેકું ચલ ગયે. તેરે ખેતમેં ક્યા ધૂળ પાકેગા?' આ પ્રકારના સ્વામીશ્રીના વચનથી તે ભક્તનું ત્રીશ વીઘાંનું ખેતર કે જે ઘઉં પાકે તેવું હતું તેમાં કાંઈ પાક થયો નહિ અને તે ભક્ત દેવાદાર થઈ ગયો. અમુક સમય જતાં સ્વામીશ્રી ફરીથી દદુકે પધાર્યા. તે વખતે તે હરિભક્ત સ્વામીશ્રીને દંડવત્ પ્રણામ કરી રોવા લાગ્યો, ને પ્રાર્થના કરી કે બાપજી તમો તે દિવસ બોલ્યા કે તારા ખેતરમાં શું ધૂળ પાકે? તે દિવસથી તે ખેતરમાં એક મણ ઘઉં પણ પાકતા નથી ને હું તો દેવાદાર થઈ ગયો છું. કૃપાળુ સ્વામીશ્રી તેના પર કૃપા કરીને બોલ્યા, 'હમકું તો કુછ ખબર નહિ હૈ, હમેરે મુખે મહારાજ બોલા હોયગા. જા મહારાજ તેરા સબ અચ્છા કરેગા. કુછ ફિકર મત રખો.' આવી સ્વામીશ્રીની કૃપા થઈ પછી તે ભક્તને તે જ ખેતરમાંથી વીઘે ૨૦ મણ ઘઉં થવા લાગ્યા, ને દેવું પણ વળી ગયું ને મહાસુખિયા થઈ ગયા.

કઠલાલ પાસે મહિસા ગામમાં સ્વામીશ્રી મંદિર કરાવતા હતા. મંદિરનો પાયો રસ્તા ઉપર હતો. તે પાયાને સ્વામીશ્રી પુરાવતા હતા. તે વખતે તે ગામના ધનાઢ્ય અને સારા કુળવાળા ચાર આગેવાન પટેલિયા આવીને સ્વામીશ્રીને કહેવા લાગ્યા કે સ્વામી! તમે સરકારી રસ્તો દબાવો છો માટે તમારો પાયો નહિ રહે. ઉખેડી નાખવામાં આવશે. માટે પાયો પૂરવો રહેવા દ્યો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'હમેરા પાયા તો

નહિ બંધ હોવે, લેકિન પાયા ઉખાડનેકા બિચાર કરનેવાલેકા પાયા ઉખડ જાયેગા.' આ સ્વામીશ્રીના વચનથી તે ચારેનો વંશ ઊખડી ગયો ને મંદિરનો પાયો તો કાયમ રહ્યો.

એક વખત સ્વામીશ્રી કપડવણજ તાલુકાના ચીખલોડ ગામમાં હરિમંદિર કરાવવા માટે પધાર્યા હતા, ત્યાં સર્વ હરિજનોને સ્વામીશ્રીએ વાત કરી કે કોઈના ખેતરમાં ઝાડ હોય તો આપણા મંદિર કરવાના કામમાં આવે. ત્યારે કોઈક હરિજને કહ્યું કે અંમઈદાસ પટેલના ખેતરમાં લીંબડા બહુ સારા છે. પછી સ્વામીશ્રીએ તે પટેલને બોલાવી પૂછ્યું કે પટેલ! તમારા ખેતરમાં લીંબડા સારા છે તે મંદિર કરવા માટે આપશો? ત્યારે તે પટેલે કહ્યું કે મહારાજ, લીંબડા તો મેં બહુ હેતથી ઉછેરીને રાખ્યા છે, પણ આપને મંદિર કરવા જોઈતા હોય તો જેટલા જોઈએ તેટલા ખુશીથી લ્યો. ત્યારે એક હરિભક્તે કહ્યું કે સ્વામી એ પટેલને દીકરો નથી. એવું સાંભળતાં સ્વામીશ્રી બોલ્યા, 'અચ્છા, એ હમકું જેટલા લીંબડા દેવેગા તેટલા ઉનકું લડકા હોવેગા, લેકિન ઈસમેં આધા હમેરા.' ત્યારે વળી કોઈકે પૂછ્યું કે શું લીંબડા તે પટેલને ઘેર જન્મ લેશે? સ્વામીશ્રી બોલ્યા, 'ઈસ બાતમેં તૂ ક્યા જાને? ઈસકે ઘરમેં તો બડા બડા મુક્ત આવેગા.' પછી સ્વામીશ્રીએ તે પટેલના ખેતરમાંથી મંદિરના ઉપયોગ માટે સાત લીંબડા લીધા અને સ્વામીશ્રીના વચનથી તે પટેલને

સાતં પુત્ર થયા. તેમાંથી ચાર સાધુ થયા ને ત્રણ ઘેર રહ્યા હતા. સ્વામીશ્રીએ કહ્યું હતું કે આધા હમેરા. તે જ વચન પ્રમાણે સદ્‌ગુરુ શ્રી નારાયણસેવકદાસજીસ્વામી તથા સદ્‌ગુરુ શ્રી ઘનશ્યામજીવનદાસજીસ્વામી તથા સદ્‌ગુરુ શ્રી કૃષ્ણજીવનદાસજીસ્વામી આ ત્રણે બાળબ્રહ્મચારીઓ હતા ને બાળપણાથી જ ત્યાગી થયા હતા ને સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરી સારા વિદ્વાન થયા હતા, અને સર્વ સાધુ લક્ષણે સંપન્ન, ધર્મનિષ્ઠ અને વચનસિદ્ધિવાળા પણ હતા. હવે ચોથા સ્વામી મહાપુરુષદાસજી તે ૩૫ વર્ષની અવસ્થાએ સાધુ થયા હતા અને ૭૦ વર્ષે દેહત્યાગ કર્યો હતો. એવી રીતે સ્વામીશ્રીના વચન પ્રમાણે તે પટેલને સાત પુત્રો થયા ને તેમાંથી અડધા ત્યાગી થયા. આ સંતો અ. મુ. સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીશ્રીના આશીર્વાદરૂપ, બહુસમર્થ, ઘણા પ્રતાપી અને બંને દેશમાં લીંબડાવાળા એવા નામથી પ્રસિદ્ધ હતા. તેમાં પહેલા સદ્‌ગુરુ શ્રી નારાયણસેવકદાસજી સ્વામીએ ૧૯૭૮ની સાલમાં ઘણોક પ્રતાપ દેખાડી દેહત્યાગ કર્યો હતો. બીજા સદ્‌ગુરુશ્રી તે મારા ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી કે જેમનો ફોટો આમાં મૂકેલો છે, તેમના તો કેટલાક ચમત્કારો મેં પોતે અનુભવ કરેલા છે. તે પૈકી એકાદ દર્શાવવો અસ્થાને નહિ ગણાય તેમ જાણી દર્શાવું છું. આ સદ્‌ગુરુશ્રીએ ૧૯૮૬ના મહા સુદિ ૭ને દિવસે દેહત્યાગ કર્યો તે વખતે

કાઠિયાવાડના એક હરિભક્તને અમદાવાદમાં શ્રીજીમહારાજ તથા અ. મુ. સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી ઘનશ્યામજીવનદાસજીસ્વામી એમ ત્રણેનાં દર્શન થયાં ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે જો આ શ્રીજીમહારાજ છે, અને આ મારા ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી છે. તે મને તેડવા આવ્યા છે ને હું તેમની સાથે ધામમાં જાઉં છું. આવી રીતે બીજા કેટલાકને પણ દર્શન થયાં હતાં. ત્રીજા સદ્‌ગુરુશ્રી કૃષ્ણજીવનદાસજીસ્વામીએ પણ ૧૯૬૨ની સાલમાં તે જ પ્રમાણે દેહત્યાગ કર્યો હતો. આવા પુરુષ તો તેમના આશીર્વાદથી થયા હતા.

એક વખત સ્વામીશ્રી લૂણાવાડે પધાર્યા હતા. તે મંદિરની ખડકી આગળ સ્વામીશ્રી પગથિયાં ચોડાવતા હતા. તે ખડકી આગળ થઈને બંગલે જવાનો રસ્તો હતો. રસ્તો પહોળો હોવા છતાં પણ દીવાનજીએ પગથિયાં ચોડતાં અટકાવ્યા. પછી સ્વામીશ્રી તેની પાસે ગયા ને કહ્યું કે રસ્તો ઘણો પહોળો છે માટે પગથિયાં કરવા દ્યો. ત્યારે દીવાનજીએ ના પાડીને કહ્યું કે અમારી ગાડી નીકળતાં અડચણ પડે, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, 'હવેથી તમારી ગાડી નહિ નીકળે, ને પગથિયાં તો થાશે.' થોડોક સમય વીત્યા બાદ દીવાનજી વાંકમાં આવ્યા તેથી રાજાએ તેને નોકરીમાંથી કાઢી મૂક્યો, ને ઘરબાર લૂંટી લીધાં. એમ સ્વામીશ્રીના વચન પ્રમાણે મંદિરનાં

પગથિયાં કાયમ રહ્યાં ને દીવાનની ગાડી બંધ થઈ ગઈ.

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી અંતર્ધાન થયા બાદ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની પ્રાર્થના ઝાલાવાડ દેશના હરિજનોએ કરી કે જેમ સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી અમદાવાદ દેશમાં ફરી હરિજનોને સુખિયા કરે છે તેમ ઝાલાવાડ દેશમાં પણ ફરે અને દર્શને તથા વાતચીતે કરી હરિજનોને સુખિયા કરે. આવી તે ઝાલાવાડ દેશના સત્સંગીઓની પ્રાર્થના સ્વીકારી મહારાજશ્રીએ સ્વામીશ્રીને તે દેશમાં ફરવાની આજ્ઞા કરી. તેથી સ્વામીશ્રી મૂળી દેશમાં પણ ફરતા હતા. એક સમયે સ્વામીશ્રી હળવદ ગામ પધાર્યા હતા. ત્યાં મંદિરમાં સર્વ સંત હરિજનો તાળી પાડી ભજન કરતા હતા. મંદિરની નજીક એક હલાજી નામે વહીવટદાર રહેતો હતો. તેણે તે ભજન બંધ રખાવવા માટે સિપાઈને મોકલ્યો. સિપાઈએ આવી ભજન બંધ કરવા કહ્યું, પણ ભજન બંધ કેમ રાખી શકાય! ભજન તો ચાલતું જ રહ્યું. ત્યારે તેણે ફરીથી સિપાઈ મોકલી સ્વામીશ્રીને પોતાની પાસે બોલાવરાવ્યા ને કહ્યું કે અહીં બહુ કોલાહલ થાય છે માટે કોઈ બોલશો નહિ. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે અમે તો કોલાહલ નહિ પરંતુ ભગવાનનું ભજન કરીએ છીએ. ત્યારે તેણે કહ્યું કે ભજન પણ બંધ રાખો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા, 'ભજન તો બંધ નહિ રહે, પણ અહીં તમે

રહો છો તે ઠેકાણે પણ ભજન થાશે.' તરત જ તે વહીવટદાર કોઈક સરકારી ગુનામાં આવ્યો તેથી તે જમીન દરબારે લઈ લીધી, ત્યાં સરકારી નિશાળ કરી, ત્યાં માસ્તર નિશાળિયાં પાસે પ્રથમ રામકૃષ્ણ ગોવિંદ એવું ભજન કરાવે છે. એવી રીતે સ્વામીશ્રીના વચન પ્રમાણે જ થયું.

એક સમયે સ્વામીશ્રી પોતાના ત્રીશ સંતો તથા પોતાની પાસે ભણનારા પંદરેક વિદ્યાર્થીઓ સહિત મૂળીથી સાયલા ગામમાં પધાર્યા. ત્યાં બે દિવસ રહી હરિજનોને રાજી કરી ત્યાંથી બળદાણા પધાર્યા. ત્યાં અરજણ નામના એક હરિભક્ત હતા. તેમણે સ્વામીશ્રીને પોતાને ઘેર એક દિવસ રાખી જમાડ્યા ને સેવા કરી. બીજે દિવસે સ્વામીશ્રી ચાલવા તૈયાર થયા ત્યારે તે ભક્તે ઘણી પ્રાર્થના કરીને સ્વામીશ્રીને ચાર દિવસ રાખ્યા. ચોથે દિવસે ગાડાં જોડીને મંડળ સહિત સ્વામીશ્રીને લીંબડી ગામમાં મૂકવા ગયા ને ત્યાં રાત રહ્યા ને સવારે ચાર વાગ્યે ચાલવા તૈયાર થયા. તે વખતે સ્વામીશ્રીએ તે ભક્તને પાસે બોલાવીને કહ્યું કે અરજણભક્ત! તમને ખોટું ન લાગે તો એક ખાનગી વાત કહેવી છે. તે ભક્ત કહે, કે "સ્વામી, લગારે સંકોચ રાખ્યા વિના સુખેથી વાત કરો. મને બિલકુલ ખોટું નહિ લાગે." ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'અરજણભક્ત! આજથી ચોથે દિવસે તારો દેહ પડવાનો છે ને શ્રીજીમહારાજ તથા અમે તમોને તેડવા આવીશું, માટે

તૈયાર થઈ રહેજો.' તે ભક્તે કહ્યું કે બહુ સારું બાપજી. હું તો તૈયાર જ બેઠો છું. એમ કહીને પોતાને ઘેર ગયા. પછી ચોથે દિવસે શ્રીજીમહારાજ તથા મહાનુભાવાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી એ પાંચ મૂર્તિઓનાં અરજાણભક્ત આદિક સર્વને દર્શન થયાં ને સર્વને દેખતાં તે ભક્તને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા. તે જ વખતે લીંબડી ગામમાં સ્વામીશ્રી બિરાજતા હતા. તે સ્વામીશ્રી આસનમાંથી ઊઠી હાથમાં લાકડી લઈને જ્યાં ભણનારા ભણતા હતા ત્યાં ગયા અને ભણનારા વિદ્યાર્થીઓને કહ્યું કે આપણને મૂકવા આવ્યા હતા તે હરિભક્તને અમે આજે ધામમાં મૂકી આવ્યા. ત્યારે ચૈતન્યદાસજીએ કહ્યું કે સ્વામી તમે ઊંબરો તો ચડી શકતા નથી ને ધામમાં કેવી રીતે મૂકી આવ્યા? સ્વામીશ્રી બોલ્યા : 'રાંડકે તુમ માનતે નહિ હો. હમારા તો દો દો દેહ હૈ. એક દેહસેં તુમારી પાસ રહેતા હૂં, ઔર દૂસરા દિવ્ય દેહસેં શ્રીજીમહારાજકે પાસ રહેતા હૂં.' ત્યારે ચૈતન્યદાસજીએ કહ્યું કે આ વાત અમને આશ્ચર્યકારી લાગે છે. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે આજનો દિવસ ને વખત લખી રાખો તેથી તેમણે કાગળમાં લખી રાખ્યું. પછી ચૌદમાને દિવસે અરજાણભક્તના દીકરા સીધું લઈને રસોઈ આપવા આવ્યા. તે વખતે સ્વામીશ્રી પાસે ચૈતન્યદાસજી આદિક ભણનારા

સંતો બેઠા હતા. તે સર્વને સાંભળતાં તે ભક્તે સ્વામીશ્રીને કહ્યું કે શ્રીજીમહારાજ અને આપશ્રી આદિક ચાર સદ્‌ગુરુશ્રીઓ મારા પિતાશ્રીને તેડવા આવ્યા હતા ને અમો સર્વને દર્શન થયાં હતાં. તે વાત સાંભળીને ચૈતન્યદાસજી વગેરે ભણનારા સંતોને સ્વામીશ્રીએ પ્રથમ જે વાત કરી હતી તે સાચી મનાણી ને સ્વામીશ્રીનો મહિમા સમજાણો.

તે જ બળદાણા ગામમાં ફરીથી સ્વામીશ્રી મંડળે સહિત પધાર્યા હતા. તે ગામમાં જૂઠો આચારજ નામના એક બ્રાહ્મણભક્ત હતા. તેમને સારણગાંઠનું દરદ પ્રથમથી જ હતું. તે ભક્તે સ્વામીશ્રીને મંડળે સહિત પોતાના ઘેર પધરાવી સારી રીતે રસોઈ કરાવી જમાડ્યા ને ચંદનપુષ્પથી તથા વસ્ત્રે કરી પૂજા કરી રાજી કર્યા. સ્વામીશ્રીને તે ગામથી લીંબડી ગામે જાવું હતું. તેથી તે ભક્ત સ્વામીશ્રીને લીંબડી મુકામે લઈ જવા માટે પોતાના નવા સારા પહેલવાન મજબૂત બળદ જોડી ગાડું તૈયાર કરીને લાવ્યા ને સ્વામીશ્રીને ગાડામાં બેસાડી પોતે ગાડું હાંકવા બેઠા. ગામ બહાર નીકળ્યા પછી બળદ ભડક્યા તેથી એકદમ દોડ્યા ને જૂઠો ભક્ત ગાડા ઉપરથી ચીલામાં પડી ગયા ને સાથળના મૂળમાં પૈડું ફરી વળ્યું. બીજા માણસો ગાડા આગળ ફરી વળ્યા ને ગાડું ઊભું રાખ્યું. પછી સ્વામીશ્રી ગાડેથી હેઠા ઊતરી તે ભક્તની પાસે ગયા ને સાથળ ઉપર હાથ ફેરવીને બોલ્યાઃ 'શ્રીજીમહારાજ

સારું કરશે. ચાલો ઊઠો, ગાડે બેસી જાઓ.' એટલે તુરત જ સારણગાંઠ મટી ગઈ ને ગાડું હાંકવા બેઠા ને સ્વામીશ્રીને લીંબડી મૂકી આવ્યા. થોડાક દિવસ વીત્યા બાદ કોઈક માણસે જૂઠા આચારજને પૂછ્યું કે તમારી સારણગાંઠ કઈ દવાથી મટી? ત્યારે તે ભક્તે કહ્યું કે મારી દવા તમારાથી થાય તેમ નથી. ત્યારે તે માણસે કહ્યું કે તમોએ જે દવા કરી હોય તે કહો તો ખરા! ત્યારે જૂઠા ભક્તે કહ્યું કે સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી જેવા સંતો ગામમાં આવ્યા હોય, તેમને આપણે ઘેર પધરામણી કરી સારી રીતે રસોઈ કરાવી જમાડીએ પછી ચંદનપુષ્પ ને વસ્ત્રથી પૂજા કરીએ ને જ્યારે બીજે ગામ તે સંતોને જવું હોય ત્યારે જવાન મજબૂત બળદ જોડી ગાડામાં બેસાડી મૂકવા જઈએ ને બળદ ભડકીને ભાગે ને આપણે ગાડા ઉપરથી પડી જઈએ ને પૈડું સાથળના મૂળમાં ફરી વળે ને સ્વામીશ્રી ગાડા ઉપરથી ઊતરી સાથળ ઉપર હાથ ફેરવી આશીર્વાદ આપે ત્યારે સારણગાંઠ મટી જાય. આવું ઔષધ બીજા કોઈથી બને તેમ નથી એવી વાત કરી દેખાડી. આમ દુઃખ થવાને બદલે સુખ કર્યું એવો મોટાની સેવાનો પ્રતાપ છે.

લીંબડીથી સ્વામીશ્રી લાલિયાદ પધાર્યા, તે ગામમાં રતનસંગજી નામના ભક્ત ગરાસદાર હતા. તે ભક્તનો ગરાસ તે જ ગામના કોઈક વણિકે ધારધીરમાં ઊંધુંચીતું કરી

પોતાને સ્વાધીન કર્યો હતો. સ્વામીશ્રી ગામમાં પધાર્યા છે એમ જાણીને ભક્તને સ્વામીશ્રીને જમાડવાની ઇચ્છા થઈ, પણ પોતાની પાસે કાંઈ હતું નહિ. તેથી વિચાર કરી પોતાની એક તરવાર વણિકને ત્યાં મૂકી અને તેના બદલામાં સામગ્રી લાવી સ્વામીશ્રીને જમાડ્યા. જમ્યા પછી સ્વામીશ્રીને કોઈકે વાત કરી કે બાપજી, આ રતનસંગજીનો વ્યવહાર બહુ જ દૂબળો છે, ગરાસ વાણિયે લઈ લીધો છે અને આપશ્રીને પોતાની તરવાર વાણિયાને ત્યાં મૂકી જમાડ્યા છે. તે વાત સાંભળી સ્વામીશ્રી તે રતનસંગજી ભક્તની પોતાના વિષે પરમ પ્રીતિ ને સેવાનો ઉત્સાહ જોઈને બહુ રાજી થયા અને તે ભક્ત ઉપર કૃપા કરી તેમને શ્રીજીમહારાજ ઉપર કાગળ લખી આપી ગઢપુર મોકલ્યા. તે ભક્તે શ્રીજીમહારાજ પાસે જઈ દંડવત્ પ્રણામ સહિત દર્શન કરી સ્વામીશ્રીનો પત્ર આપ્યો. પત્ર વાંચી શ્રીજીમહારાજે પૂછતાછ કરી હકીકત જાણી. પછી તે ભક્તને શ્રીજીમહારાજે રાજકોટના સાહેબ પાસે મોકલ્યા ને દરવાજે બેસવા કહ્યું. તે જ પ્રમાણે તે ભક્ત રાજકોટમાં ગયા ને દરવાજા આગળ બેઠા. દરવાજેથી નીકળતાં સાહેબે તેમને જોયા, તેથી કચેરીમાં બોલાવી તેમની બધી બાબત પૂછીને જાણી લીધી. પછી જે વાણિયાએ ગરાસ દબાવ્યો હતો તેને બોલાવી સાહેબે

ધમકી આપી, ને તેને રૂ.૨૦૦ અપાવી ગરાસ તે ભક્તને સ્વાધીન કરાવી આપ્યો. પછી તે ભક્ત શ્રીજીમહારાજ પાસે આવ્યા ને મહારાજે સ્વામીની પાસે મોકલ્યા ને કહ્યું કે જેમ સ્વામી આજ્ઞા કરે તેમ જ વર્તજો. તે ભક્તે સ્વામીશ્રી પાસે આવી દર્શન કરી શ્રીજીમહારાજે જે રીતે ગરાસ પાછો વળાવ્યો તે, ને સ્વામીશ્રીની આજ્ઞામાં વર્તવાનું કહ્યું હતું તે સર્વ હકીકત સ્વામીશ્રીને કહી. ત્યારે શ્રીજીમહારાજની ઇચ્છા જાણી તે ભક્તને પોતાની દરેક આવકમાંથી દશમો ભાગ ધર્માદા કાઢવાનો નિયમ આપ્યો. તે નિયમને અનુસરી ધર્માદાનાં બે ગાડાં ઘઉં મૂળી મંદિરમાં શ્રી ઠાકોરજીના થાળમાં દર સાલ મોકલતા. એ સ્વામીનું વચન દેહપર્યંત શિર સાટે પાલન કર્યું. આ ભક્તનું સ્વામીશ્રીની કૃપા થતાં આવું કામ થઈ ગયું. આવા આવા સ્વામીશ્રીના અનંત પરચા છે. તે લખ્યે પાર આવે તેમ નથી. તેમાંથી કિંચિત્ દર્શાવેલા છે. આ સ્વામીશ્રીએ આ શ્રી નરનારાયણ દેશમાં ઘણા ઘણા ચમત્કારો બતાવી તેમજ જ્ઞાન ઉપદેશ આપી અનંત સત્સંગીઓને સુખિયા કર્યા છે. તદુપરાંત શ્રીહરિકૃષ્ણલીલામૃત નામનો સંસ્કૃત ભાષામાં ગ્રંથ રચેલો છે અને હળવદ આદિક ગામોના બ્રાહ્મણના પુત્રો તેમજ સંતો ત્રીશ ત્રીશ ચાલીશ ચાલીશ સ્વામીશ્રી પાસે

વિદ્યાભ્યાસ માટે કાયમ સાથે જ ફરતા. આ ઉપરથી સ્વામીશ્રીની વિદ્વત્તા પણ ઉત્તમ પ્રકારની હતી તે સાબિત થાય છે. આવા મહાન સંતોના ગુણોનું સંપૂર્ણ કથન કરવા કોઈ પણ શક્તિમાન થાય નહિ. આ તો કાલાવાલાં કરી તેમની પ્રસન્નતા મેળવવી એ જ શુભેચ્છાસ્તિ.

ગ્રંથકર્તા

સ. ગુ શાસ્ત્રીશ્રી ધર્મસ્વરુપદાસજીના
સમર્થ ગુરુ



સદ્‌ગુરુ શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# श्रीजीसंमतविशिष्टाद्वैतसिद्धांतसागरः

श्रीमच्छारदपूर्णचंद्रविलसत्स्मेराननं श्रीहरिम्।
तुङ्गे पीठवरे स्थितं परिवृतं सद्भक्तवृंदैर्यथा।।
ताराभिर्विधुमर्च्यमानमुरुधा तैश्चंदनैः कौसुमै-
र्हारैः शेखरपंक्तिभिश्च हृदये शुक्लांबरं चिन्तये।।
नत्वा श्रीसहजानंदं कल्याणगुणसागरम्।
दिव्याकारं स्वधामस्थं परतोह्यक्षरात्परम्।।
श्रीजीसंमतविशिष्टाद्वैतसिद्धान्तसागरम्।
आचार्यवर्णिसत्संगिसतां प्रीत्यै करोम्यहम्।।

अत्र जगति विशिष्टाद्वैतकेवलाद्वैतशुद्धाद्वैतद्वैताद्वैताद्वैतादीन्यनेकानि मतानि सन्ति तत्र विशिष्टाद्वैतान्यमतेषु कानिचित् कानिचिद् दूषणान्यवलोक्य सर्वोत्तमत्वेन विशिष्टाद्वैतमतं निश्चित्य च तमेव मतं गृहित्वा भगवंतः श्रीस्वामिनारायणा उचुः स्वरचित शिक्षापत्र्याम्।।

આ જગતને વિષે વિશિષ્ટાદ્વૈત, કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત, અદ્વૈત એ આદિક અનેક મતો છે. તેમાં વિશિષ્ટાદ્વૈત

વિના બીજા મતોમાં કોઈક કોઈક દૂષણોને જોઈને, અને સર્વમતોથી વિશિષ્ટાદ્વૈત મત અતિ ઉત્તમ છે એમ નિશ્ચય કરીને તે જ મતને (વિશિષ્ટાદ્વૈત મતને) અંગીકાર કરીને સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ તે પોતે રચેલી શિક્ષાપત્રીમાં કહે છે કે,

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम्।

तत्र ब्रह्मात्मना कृष्णसेवामुक्तिश्चगम्यताम्।। १२१।।

અમારો મત વિશિષ્ટાદ્વૈત છે અને ગોલોક ધામ તે અમને પ્રિય છે. તે ધામમાં બ્રહ્મરૂપે કરીને ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માનેલી છે.

अथ च विशिष्टाद्वैतशब्दस्य सिद्धिरित्थम् विपूर्वकात् शिष्लृ विशेषेण इत्यस्माद्धातोः सकाशात् कर्मणि क्तप्रत्यये कृते विशिष्यते स्म तद्विशिष्टमितिव्युत्पत्त्या विशिष्टशब्दस्सिध्यति ततोऽद्वैतशब्दस्य सिद्धिः क्रियते उभ पूरणे तौदादिकधातोः सकाशात् उभेर्द्वेश्चेति सूत्रेण इप्रत्यये द्वादेशे च कृते द्विरितिसिद्धम् ततो द्वयोर्भावो द्विता ततः प्रज्ञादिभ्यश्चेत्यनेन सूत्रेण स्वार्थिकाऽणि प्रत्यये कृते द्विताएव द्वैतं न द्वैतमद्वैतमिति अद्वैतशब्द सिद्धिः ततो विशिष्टं च विशिष्टं च विशिष्टे ततः कृतैकाशेषयोर्विशिष्टयोरद्वैतं विशिष्टाद्वैतमिति विशिष्टाद्वैत शब्दसिद्धिः।।

હવે વિશિષ્ટાદ્વૈત શબ્દની સિદ્ધિ આ પ્રકારે છે. વિ ઉપસર્ગપૂર્વક શિષ્લૃ ધાતુ વિશેષણ અર્થમાં પ્રવર્તે છે. તે ધાતુ થકી કર્મમાં क्त પ્રત્યય થવાથી વિશિષ્ટ શબ્દની સિદ્ધિ થાય છે. હવે અદ્વૈત શબ્દની સિદ્ધિ કરાય છે. उभ એ ધાતુ પૂરણ અર્થમાં વર્તે છે. તુદાદિગણના એ उभ ધાતુ થકી उभेर्द्वेश्च આ ઉણાદિનું સૂત્ર તેણે કરીને ઇ પ્રત્યય થાય છે અને उभનો द्व આદેશ કરવાથી તે દ્વિ શબ્દની સિદ્ધિ થાય છે. પછી તે બેનો ભાવ જે ધર્મ તે द्विता કહેવાય. પછી प्रज्ञादिभ्यश्च એ સૂત્રથી સ્વાર્થમાં अण् પ્રત્યય થઈને द्वैत શબ્દની સિદ્ધિ થાય છે. ન દ્વૈત તે अद्वैत બેપણું નહિ એનું નામ अद्वैत આવી રીતે અદ્વૈત શબ્દની સિદ્ધિ થાય છે, ત્યાર પછી એકશેષ સમાસવાળા બે विशिष्ट તેનું अद्वैत તે विशिष्टाद्वैत કહેવાય. આ પ્રકારે વિશિષ્ટાદ્વૈત શબ્દ સિદ્ધ થાય છે.

अत्र प्रलयावस्थायां नामरूपविभागानर्हसंकुचितसूक्ष्म-दशापन्नकारणावस्थं चिदचिद्वस्तुर्विशिष्टस्वप्रकाशरूपांत-र्यामिशक्तिरूपं ब्रह्म, आद्यविशिष्टशब्देनोच्यते सृष्टि स्थित्यवस्थयोः स्थूलदशापन्ननामरूपविभागार्हचिदचिद्वस्तु विशिष्टस्वप्रकाशरूपांतर्यामिशक्तिरूपं ब्रह्म द्वितीय विशिष्ट शब्देन उच्यते तयोर्विशिष्टयोरद्वैतंविशिष्टाद्वैतमिति।। अत्र केचित् विशिष्टस्य अद्वैतं विशिष्टाद्वैतमित्येव समासोऽस्तु न तु विशिष्टयोः अद्वैतम् विशिष्टाद्वैतमिति वदन्ति तदसत्

कुतः श्रीस्वामिनारायणशिष्याणाम् महामुनीनामग्रगण्याऽनादि-महामुक्तराज श्रीसत्संगिजीवननामकधर्मशास्त्रग्रंथकर्त्रा श्रीशतानंदमुनिना शिक्षापत्र्यर्थदीपकायां कृतपाठ विरुद्धत्वात् सद्गुरुश्रीमुक्तानंदस्वामिकृतसूत्रभाष्यरत्नपाठविरुद्धत्वाच्च किंच 'द्वैकयोर्द्विवचनैकवचने द्वित्वैकत्वयोरेतेस्तः' इति पाणिनिसूत्रेण विशिष्टस्यैकत्वं वक्तुम् ङस् प्रत्ययः स्यात् पश्चात् अद्वैतशब्देन किमुच्यते अद्वैतशब्देन यदेकत्वं वक्तव्यमस्ति तत्तु ङस् प्रत्ययेनोक्तमतोऽद्वैतशब्दार्थवैयर्थ्यापत्तेश्च ननु द्विवचनान्तसमासस्य तु कार्यकारणैकत्व प्रतिपादनसमयएवोपयोगित्वम् इदानिं तु ब्रह्मैक्यमेव प्रतिपाद्यमस्ति अतोऽत्र नोपयोगित्वं तस्येति चेन्न किंतु ब्रह्मैक्यप्रतिपाद्ये सत्यपि द्विवचनान्तसमासस्यावश्यकत्वमेव कुतः चिद्वस्तुविशिष्टांतर्यामिशक्तिरूपं ब्रह्माद्य विशिष्टशब्देनोच्यतेअचिद्वस्तुविशिष्टांतर्यामिशक्तिरूपं ब्रह्म द्वितीयविशिष्टशब्देनोच्यते तयोर्द्वयोर्विशिष्टयोरद्वैतमेकत्वं विशिष्टाद्वैतमित्यस्यैव सर्वथाऽवद्यत्वमस्ति।।

આ ઠેકાણે પ્રલય અવસ્થામાં નામરૂપ વિભાગને યોગ્ય નહિ, અને સંકુચિત સૂક્ષ્મ અવસ્થાને પામેલ કારણ અવસ્થામાં રહેલ ચૈતન્ય અને જડ વસ્તુમાં પ્રવેશ કરીને રહેલ સ્વપ્રકાશરૂપ અંતર્યામીશક્તિ જે બ્રહ્મ તે પ્રથમ વિશિષ્ટ શબ્દથી કહેવાય છે. અને સૃષ્ટિ તથા સ્થિતિ અવસ્થામાં

સ્થૂળદશાને પામેલ વિકસિત નામરૂપ વિભાગને યોગ્ય ચૈતન્ય તથા જડ વસ્તુમાં પ્રવેશ કરીને રહેલ સ્વપ્રકાશરૂપ અને અંતર્યામીશક્તિ જેનું નામ છે, એવું બ્રહ્મ તે બીજા વિશિષ્ટ શબ્દથી કહેવાય છે. તે બે વિશિષ્ટનું અદ્વૈત એટલે એકપણું તે વિશિષ્ટાદ્વૈત કહેવાય છે. આ ઠેકાણે એક વિશિષ્ટ તેનું અદ્વૈત તે વિશિષ્ટાદ્વૈત કહેવાય એવો સમાસ કરવો, પણ બે વિશિષ્ટનું અદ્વૈત એટલે એકપણું તે વિશિષ્ટાદ્વૈત કહેવાય એવો સમાસ ન કરવો એમ કેટલાક પુરુષો કહે છે. તે અસત્ય છે. કેમ કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના શિષ્ય એવા મહામુનિઓ તેમાં શ્રેષ્ઠ અનાદિ મહામુક્તરાજ, સત્સંગીજીવન નામનું ધર્મશાસ્ત્ર તેના કર્તા શ્રી શતાનંદ મુનિ તેમણે શિક્ષાપત્રીની અર્થદીપિકા નામની ટીકામાં કરેલો દ્વિવચનાન્ત સમાસનો પાઠ તે થકી વિરુદ્ધ હોવાથી તથા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં કરેલો પાઠ તે થકી પણ વિરુદ્ધ છે. બીજું 'द्वैकयोर्द्विवचनैकवचने द्वित्वैकत्वयोरेतेस्त:' એટલે એક કહેવાની ઇચ્છા હોય તો એકવચન થાય અને બે કહેવાની ઇચ્છા હોય તો દ્વિવચન થાય. આ જે પાણિનિ મુનિનું સૂત્ર તેણે કરીને એક વચનાન્ત સમાસમાં એક વિશિષ્ટનું એકપણું કહેવાને માટે ङस् પ્રત્યય થાય છે. પછીથી અદ્વૈત શબ્દથી કાંઈ કહેવાનું રહેતું નથી. કેમ કે અદ્વૈત શબ્દ વડે કરીને એકપણું કહેવાનું છે, તે એકપણું તો

ङस् પ્રત્યયથી કહેવાઈ ગયું. માટે અદ્વૈત શબ્દનો અર્થ જે એકત્વ તે એકવચનાન્ત સમાસ કરવાથી નકામો થાય છે. માટે તે સમાસ અસત્ય છે. હવે શંકા કરે છે કે દ્વિવચનાન્ત સમાસનું તો કાર્યકારણનું એકપણું પ્રતિપાદન કરવા સમયમાં જ ઉપયોગીપણું છે. હાલ તો બ્રહ્મનું એકપણું પ્રતિપાદન કરવાનું છે. માટે આ ઠેકાણે દ્વિવચનાન્ત સમાસનું ઉપયોગીપણું નથી, એમ કહેવું? તો કહે છે કે એમ ન કહેવું, કેમ કે બ્રહ્મનું એકપણું પ્રતિપાદન કરવામાં પણ દ્વિવચનાન્ત સમાસનું અવશ્યપણું છે. કેમ કે ચૈતન્ય વસ્તુમાં વિશિષ્ટ અંતર્યામીશક્તિરૂપ બ્રહ્મ તે પહેલા વિશિષ્ટ શબ્દથી કહેવાય છે અને જડ વસ્તુમાં વિશિષ્ટ અંતર્યામીશક્તિરૂપ બ્રહ્મ તે બીજા વિશિષ્ટ શબ્દથી કહેવાય છે. તે બંને વિશિષ્ટનું અદ્વૈત એટલે એકપણું તે વિશિષ્ટાદ્વૈત કહેવાય છે. આ પ્રકારે દ્વિવચનાન્ત ષષ્ઠી સમાસનું જ નિર્દોષપણું છે.

अत्रायमाशय: जीवमायेश्वरब्रह्माऽक्षरब्रह्मादिकसर्वेभ्य: पर: सदैव दिव्याकारमनोहरमूर्ति: पुरुषोत्तम: श्री स्वामिनारायणो भगवान् स्वकीयदिव्याक्षरधाम्नि स्वकीयदिव्याकारासंख्यमुक्तै: साकमास्ते सएव भगवान् वासुदेवनारायणहरिकृष्णनारायणमुनिकृष्णसहजानंदनीलकंठादिकनामभिरुच्यते.

આ સ્થળે આવો અભિપ્રાય છે કે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષરબ્રહ્માદિક સર્વથી પર સદાય દિવ્યાકાર,

મનોહરમૂર્તિ, પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તે પોતાના દિવ્ય અક્ષરધામમાં પોતાના દિવ્યાકારવાળા અસંખ્ય મુક્તોએ સહિત રહ્યા છે, અને તે જ ભગવાનને વાસુદેવ, નારાયણ, હરિ, હરિકૃષ્ણ નારાયણમુનિ, કૃષ્ણ, સહજાનંદ, નીલકંઠ એ આદિક નામોથી કહેવાય છે.

## ।। जीव निरूपणम्।।

तत्राद्यं जीवस्वरुपं निरुप्यते।। एष आत्मा हृदये चित्स्वरुपः इति श्रुतिः।। तथा आराग्रमात्रोऽवरोऽपि दृष्टः इति श्रुतिश्च।।

**शिक्षापत्री श्लोक १०५**

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाताव्याप्याखिलां तनुम्।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः।।

मुक्तानंदस्वामिकृतसूत्रभाष्यरत्न अ. १, पा. १, सू. ७

भद्रासन राजोवाच :-

कथं जीवोऽणुरुपोऽयं शरीरे सर्वगः प्रभो।
कदास्य मायायोगोऽभूत् कदा मुक्तिर्भविष्यति।।

श्रीहरि उवाचः-

स्वरूपतोऽणुभूतोऽपि प्रकाशेन शरीरगः।
एकदेशस्थितो वेत्ति हरिचंदनबिंदुवत्।।
प्रभया भास्करो यद्वद् ब्रह्माण्डं व्याप्य तिष्ठति।
एकदेशस्थितो दीपः कृत्स्नं गेहं प्रकाशते।।
कदास्य मायायोगोऽ यमिति प्रश्नो न चोचितः।
अनादिकालतो जीवो मायया परिवेष्टितः।।
अनुग्रहाद्धरेरेव मुच्यते नात्र संशयः।
त्रिविधोऽनुग्रहो विष्णोः कर्मज्ञानमुपासनम्।।

तथा चोक्तं श्रुतौ

वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च।

भागो जीवस्सविज्ञेय: सचानंत्याय कल्पते।।

(અર્થ) તેમાં પ્રથમ જીવનું સ્વરૂપનિરૂપણ કરાય છે. એ આત્મા ચૈતન્ય છે સ્વરૂપ જેનું એવો થકો હૃદયને વિશે રહેલો છે. લોઢાની આરનો અગ્રભાગ તેના સરખો આત્મા પણ જોયેલો છે. આ પ્રમાણે શ્રુતિઓ કહે છે. તે આત્મા હૃદયને વિશે રહેલો છે. અણુ સરખો સૂક્ષ્મ છે. ચૈતન્ય રૂપ છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર શરીરમાં વ્યાપી રહેલ છે અને જાણપણે યુક્ત છે. આ પ્રમાણે શિક્ષાપત્રી શ્લોક ૧૦૫માં કહ્યું છે. વળી તે જ પ્રમાણે મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં અ. ૧, પા. ૧, સૂ. ૭માં ભદ્રાસન રાજા પૂછે છે કે પ્રભો! અણુમાત્ર સ્વરૂપવાળો આ જીવ તે સમગ્ર શરીરમાં કિયે પ્રકારે રહેલો છે અને આ જીવને માયાનો યોગ ક્યારે થયો? અને તેનો મોક્ષ ક્યારે થશે? શ્રીહરિ બોલ્યા: જીવાત્મા સ્વરૂપથી અણુરૂપ છે તોપણ એક ભાગ એટલે હૃદયસ્થાનમાં રહ્યો થકો પોતાના પ્રકાશ વડે કરીને સર્વ શરીરમાં વ્યાપીને જેમ હરિચંદનનો એક બિંદુ તે એક ભાગમાં રહીને પોતાની સુગંધથી ચારે તરફ વાસિત કરે છે તેમ તે જીવાત્મા સર્વ શરીરમાં થતાં સુખદુ:ખાદિકને જાણે છે. જે પ્રકારે સૂર્ય એકદેશ એટલે રથમાં રહ્યો થકો પોતાની

કાંતિ વડે કરીને સર્વ બ્રહ્માંડમાં વ્યાપીને રહે છે તેમ, અને જેમ એક ભાગમાં રહેલો દીપક (દીવો) પોતાની કાંતિ વડે કરીને સમગ્ર ઘરમાં પ્રકાશ કરે છે તેમ તે જીવાત્મા હૃદયરૂપી એક સ્થાનમાં રહ્યો થકો જ્ઞાનશક્તિથી સર્વ શરીરમાં વ્યાપક છે... આ જીવાત્માને માયાનો યોગ ક્યારે થયો એ પ્રશ્ન ઘટતો નથી, કેમકે અનાદિ કાળથી જીવાત્મા માયાવેષ્ટિત છે. એ જીવાત્મા ભગવાનના અનુગ્રહ થકી માયાથી મુક્ત થાય છે. આમાં કાંઈ સંશય નથી. ભગવાનનો અનુગ્રહ કર્મ, જ્ઞાન, ઉપાસના એ ત્રણ પ્રકારે થાય છે. વળી શ્રુતિમાં કહેલું છે કે વાળનો જે અગ્રભાગ તેના સો ભાગ કર્યા હોય તેમાંથી એક ભાગના ફરીથી સો ભાગ કર્યા હોય તેમાંથી એક ભાગ જેવો જીવાત્મા જાણવા યોગ્ય છે. અને એવા જીવ અનંત છે અથવા તે જીવાત્મા ભગવાનની ઉપાસનાથી મોક્ષને પામે છે એમ કલ્પના કરાય છે.

जीवात्मनो लक्षणान्युच्यन्ते-अणुत्वेश्वरभिन्नचेतनत्वम् स्वत:शेषत्वेश्वरभिन्नचेतनत्वम् आश्रितत्वेश्वर भिन्नचेतनत्वम्, नियाम्यत्वेश्वरभिन्नचेतनत्वम्, पराधीनकर्तृत्वेश्वरभिन्नचेतनत्वम्, परतंत्रत्वेश्वरभिन्नचेतनत्वमित्यादीनि तल्लक्षणानि ज्ञातव्यानि। स च नित्य: अणुपरिमाणो नित्यज्ञानशक्तिमान् इंद्रियांत:करणानामधिष्ठाता चेति।।

(અર્થ) જીવાત્માનાં લક્ષણો કહેવાય છે. અણુ છે માપ

જેનું એવો ઈશ્વરથી ભિન્ન ચૈતન્યધર્મવાળો એવો જીવાત્મા છે. અને પોતે દાસધર્મવાળો, ઈશ્વરથી ભિન્ન, ચૈતન્યધર્મવાળો જીવાત્મા છે. તથા આશ્રિતપણે યુક્ત, નિયમમાં રહેવા યોગ્યપણે યુક્ત, પરાધીન કર્તાપણે યુક્ત, પરતંત્રપણે યુક્ત, ઈશ્વરથી ભિન્ન, ચૈતન્ય ધર્મયુક્તપણું, ઇત્યાદિક જીવાત્માનાં લક્ષણો જાણવાં. તે જીવાત્મા નિત્ય છે. અણુના સરખા માપવાળો છે, સદા જ્ઞાનશક્તિવાળો છે અને ઇંદ્રિયો તથા અંતઃકરણનો અધિષ્ઠાતા છે.

अन्यानि तस्य अछेद्यादीनि लक्षणानि प्रोक्तानि

गीतायाम् अ. २,

नजायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविताावा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे।।
वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णातिनरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही।।

नैनं छिंदन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनंयन्त्याक्लेदयंत्यापो न शोषयति मारुतः।।
अछेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः।।
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि।।

तथा चोक्तं भागवतैकादशस्कंधे त्रयोदशाध्याये:

जाग्रत्स्वप्नसुषुप्तं च गुणतो बुद्धिवृत्तयः।
तासां विलक्षणो जीवः साक्षित्वेन विनिश्चितः।।

तथा तृतीय स्कंधेऽष्टाविंशाध्याये च :-

यथा पुत्राच्च वित्ताच्च पृथङ्मर्त्यः प्रतीयते।
अप्यात्मत्वेनाभिमताद् देहादेः पुरुषस्तथा।।

सत्संगिजीवने च :-

अजो नित्यः शाश्वतश्च निरंशश्च प्रकाशकः।
सोऽछेद्यादिगुणो ज्ञेयो जीवात्मा वर्णिसत्तम।।

(અર્થ) તે જ પ્રમાણે જીવનાં બીજાં લક્ષણો ગીતાને વિષે કહેલાં છે.

'એ આત્મા ક્યારેય ઉત્પન્ન થતો નથી, અને ક્યારેય મરતો નથી. અને આગળ ઉત્પન્ન થયેલો નથી અને થશે પણ નહિ, કારણ કે તે જીવાત્મા નિરંતર જન્મે રહિત છે, અનાદિ છે, શરીરના નાશ પામવે કરીને તે આત્મા નાશ પામતો નથી. જેમ મનુષ્ય માત્ર પોતાનાં જૂનાં વસ્ત્રને ત્યાગ કરીને નવાં વસ્ત્રને અંગીકાર કરે છે તેમ જીવ તે જર્જરીભૂત (વૃદ્ધ) થયેલાં શરીરોને ત્યાગ કરીને બીજાં નવાં શરીરોને ગ્રહણ કરે છે. એ જીવાત્માને શસ્ત્રો છેદતાં નથી તેમજ અગ્નિ બાળતો નથી, તે જીવાત્માને જળ કહોવરાવતું નથી અને વાયુ સૂકવતો નથી. એ જીવાત્મા અછેદ્ય છે, બળે એવો નથી, કોવાય એવો નથી, અને સુકાય એવો નથી. એ જીવાત્મા

નિત્ય છે, સર્વવ્યાપક છે, સ્થિર છે, અચળ છે અને સનાતન છે. આ જીવાત્મા દેખાય એવો નથી. ચિંતવનમાં આવી શકે એવો નથી, વિકારરહિત કહેવાય છે. તે કારણથી હે અર્જુન! તે જીવાત્માને શોક કરવાને તું યોગ્ય નથી.' તે જ પ્રકારે ભાગવતના અગિયારમા સ્કંધમાં તેરમા અધ્યાયમાં કહ્યું છે કે, 'જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ ગુણ થકી થઈ, જે બુદ્ધિ તેની વૃત્તિઓ છે અને તે થકી વિલક્ષણ એવો જે જીવાત્મા તે ત્રણે અવસ્થાના સાક્ષીપણે કરીને નિશ્ચય કરાયેલો છે.' તથા તૃતીય સ્કંધના અઠ્ઠાવીસમા અધ્યાયને વિષે કહ્યું છે કે, 'જે પ્રકારે મનુષ્ય પોતાના પુત્ર, ધન આદિક પદાર્થોથી જુદો જણાય છે, તે જ પ્રકારે જીવાત્મા પણ આત્માપણે કરીને માનેલા દેહાદિક થકી જુદો છે.' તથા સત્સંગીજીવનમાં કહ્યું છે કે, 'હે વર્ણીઓની મધ્યે શ્રેષ્ઠ મકુંદાનંદ મુને! એ જીવાત્મા જન્મે રહિત છે, નિત્ય નિરંતર છે. અંશ વિભાગ તેણે રહિત છે. ઇંદ્રિયોનો પ્રકાશક છે, અછેદ્ય, અભેદ્ય, અજર, અમર એ આદિક લક્ષણવાળો જાણવો.' તે જ પ્રકારે જીવનું સ્વરૂપ વચનામૃત પ્ર. ૩૮માં 'પછી મોટા આત્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે દેહ, ઇંદ્રિયો તથા અંતઃકરણ તથા દેવતા, તેથી જુદો જે જીવાત્મા, તેનું રૂપ કેવી રીતે છે? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે થોડાકમાં એનો ઉત્તર કરીએ

છીએ. જે દેહને ઇંદ્રિયાદિકના સ્વરૂપનો જે વક્તા તે સર્વના સ્વરૂપને જુદું જુદું કરીને શ્રોતાને સમજાવે છે, તે જે સમજાવનારો વકતા તે દેહાદિક સર્વના પ્રમાણનો કરનારો છે, ને જાણનારો છે ને સર્વેથી જુદો છે એને જીવ કહીએ અને જે શ્રોતા છે તે દેહાદિકનાં રૂપને જુદાં જુદાં સમજે છે ને એનું પ્રમાણ કરે છે, ને એને જાણે છે ને એ સર્વેથી જુદો છે એને જ જીવ કહીએ. એવી રીતે જીવના સ્વરૂપને સમજવાની રીતિ છે.' તથા મ. ૬૬માં બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીમુખે કહે છે કે, 'એવી રીતનાં શાસ્ત્રનાં વચન જોતાં એમ જ નિરધાર થાય છે, જે જીવ તો સત્તામાત્ર છે, અને ચૈતન્ય વસ્તુ છે તે જેમ ચમકપાણ હોય તે લોઢાને તાણીને લોઢા સાથે ચોંટી રહે છે, તેમ એ ચૈતન્ય દ્રવ્ય છે તેનો પણ ચોંટવાનો સ્વભાવ છે. તેને માયિક એવાં જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર તેનો સંબંધ વર્તે છે અને એ જીવ અજ્ઞાને કરીને તે શરીરને વિષે પોતાપણું માને છે પણ વસ્તુગતે તો જીવ નિરાકાર જ છે.' તથા જેતલપુરના ૨-જા-માં 'ત્યારે પટેલ આશજીભાઈએ પ્રશ્ન પૂછ્યો જે હે મહારાજ, આ જીવનું સ્વરૂપ કેવું છે તે કહો? પછી શ્રીજીમહારાજ બોલ્યા, જે જીવ તો અછેદ્ય, અભેદ્ય, અવિનાશી, ચૈતન્યરૂપ, અણુમાત્ર એવો છે, ત્યારે તે જીવ ક્યાં રહે છે? તો હૃદાકાશને વિષે રહે છે અને વિવિધ ક્રિયાને ત્યાં

રહ્યો થકો કરે છે. અને રૂપ જોવું હોય ત્યારે નેત્ર દ્વારે કરીને જુએ છે, અને શબ્દ સાંભળવો હોય ત્યારે કાન દ્વારે આવીને સાંભળે છે. ને નાસિકા દ્વારે સારોનરસો ગંધ લે છે ને રસના દ્વારે રસ લે છે, ને ત્વચા દ્વારે સ્પર્શનું સુખ લે છે અને મન દ્વારે મનન કરે છે, ને ચિત્ત દ્વારે ચિંતવન કરે છે અને બુદ્ધિ દ્વારે નિશ્ચય કરે છે એમ દશ ઇંદ્રિયો દ્વારે તથા ચાર અંતઃકરણ દ્વારે સર્વે વિષયનું ગ્રહણ કરે છે ને નખથી તે શિખા પર્યંત શરીરમાં વ્યાપીને રહ્યો છે. એવી રીતે જીવનું સ્વરૂપ છે.' તથા છે. જમાં 'પછી શ્રીજીમહારાજે મોટેરા પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે આ દેહને વિષે જીવ રહ્યો છે તે એક ઠેકાણે કેવી રીતે રહ્યો છે? અને સર્વે દેહમાં કેવી રીતે વ્યાપીને રહ્યો છે તે કહો! પછી જેને જેવું ભાસ્યું તેવું તેણે કહ્યું પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા 'જે જેમ દેહને વિષે અન્નાદિકના વિકારરૂપ વીર્ય છે, તેમ પંચભૂતના વિકારરૂપ એવું એક હૃદયને વિષે માંસનું ચક્ર છે, તેને વિષે જીવ રહ્યો છે. તે જેમ ચીંથરાનો કાકડો હોય તેને તેલે પલાળીને અગ્નિએ સળગાવ્યો હોય, તેમ જીવ છે તે માંસના ચક્ર સંગાથે વળગીને રહ્યો છે. અને વળી જેમ લોઢાનો ખીલો હોય તેને વિષે અગ્નિ વ્યાપી રહ્યો હોય તેમ માંસના ચક્રને વિષે જીવ જે તે વિશેષ સત્તાએ કરીને વ્યાપી રહ્યો છે, અને સામાન્ય

સત્તાએ કરીને બધા દેહને વિષે વ્યાપી રહ્યો છે. માટે જે જે ઠેકાણે દેહમાં દુઃખ થાય છે તે સર્વ દુઃખ જીવને જ છે પણ દેહના સુખદુઃખ થકી એ જીવ જુદો ન કહેવાય અને કોઈક એમ કહેશે જે જીવ તો પ્રકાશમાન છે, અને માંસનું ચક્ર અને દેહ તો પ્રકાશે રહિત છે તે બેને એકબીજામાં મળ્યા કેમ કહેવાય? તો એનો ઉત્તર એમ છે જે જેમ તેલ, કોડિયું ને વાટ તેના સંબંધ વિના એકલો અગ્નિનો જ્યોતિ આકાશને વિષે અધરપધર રહેતો નથી તેમ પંચભૂતના વિકારરૂપ એવું જે માંસનું ચક્ર તેના સંબંધ વિના એકલો જીવ રહેતો નથી અને જેમ, કોડિયા થકી, તેલ થકી ને વાટ થકી અગ્નિ જુદો છે તે કોડિયાને ભાંગવે કરીને અગ્નિનો નાશ થતો નથી, તેમ માંસના ચક્રને વિષે ને દેહને વિષે જીવ વ્યાપી રહ્યો છે, તો પણ દેહને મરવે કરીને જીવ મરતો નથી અને દેહ ભેળો સુખદુઃખને તો પામે ખરો પણ દેહના જેવો એ જીવનો નાશવંત સ્વભાવ નથી. એવી રીતે જીવ અવિનાશી છે અને પ્રકાશરૂપ છે. અને દેહને વિષે વ્યાપક છે, અને જેમ મંદિરને વિષે એક સ્થળમાં દીવો મૂક્યો હોય, તે દીવાના અગ્નિની જ્યોતિ વિશેષે કરીને તો વાટને વિષે વ્યાપી રહી છે, અને સામાન્યપણે કરીને તો બધા ઘરને વિષે વ્યાપી રહી છે. તેમ જીવાત્મા છે, તે પણ વિશેષે કરીને તો પંચમહાભૂતના વિકારરૂપ જે માંસનું ચક્ર તેને વિષે વ્યાપીને રહ્યો છે. અને

સામાન્યપણે કરીને તો બધા દેહમાં વ્યાપીને રહ્યો છે. એવી રીતે આ દેહને વિષે જીવ રહે છે.' કેટલાક મતવાદીઓ જુદે જુદે પ્રકારે જીવાત્માને માને છે.

तथाहि तत्र वैशेषिकास्तु आत्मानं जडरूपं मन्यन्ते, कुतः विषयमनःसंयोगात् तत्र प्रकाशो भवतीति तदपि न, अत्रायम् पुरुषः स्वयं ज्योतिर्भवति कतम आत्मा योऽयम् विज्ञानमयः प्राणेषु हृद्यन्तरज्योतिःपुरुष इत्यादि श्रुत्या चैतन्यः ज्योतिःस्वभावः स्वयंप्रकाश आत्मास्तीति प्रतिपादितत्वादात्मनो न जन्यज्ञानादित्वमिति।।

(અર્થ) તે દેખાડે છે. વૈશેષિક મતવાળાઓ આત્માને જડરૂપ માને છે, કારણ કે વિષય અને મનના સંયોગ થકી તેમાં પ્રકાશ થાય છે તે હેતુથી તે પણ સત્ય નથી. આ ઠેકાણે આ પુરુષ પોતે પ્રકાશરૂપ છે. કયો આત્મા છે તો જે આ વિજ્ઞાનમય પ્રાણને વિષે હૃદયની અંદર પ્રકાશમય પુરુષ છે ઇત્યાદિક શ્રુતિથી ચૈતન્ય પ્રકાશ સ્વભાવવાળો પોતે પ્રકાશમાન એવો આત્મા છે. એ પ્રકારે પ્રતિપાદન કરેલું છે. માટે આત્માને આગંતુક જ્ઞાનાદિમાનપણું નથી કિંતુ જ્ઞાનાશ્રયપણું છે.

अथचार्वाकाः पंचभोतिको देह एव आत्मेति वदन्ति स चानित्यः तत्र प्रमाणं त्वहं जानामिति प्रतीतिरेव

तत्राहंकारविषयो देहः स्थूलोऽहं कृझोऽहमिति दर्शनात् ततोज्ञानशक्तिमानपि देह एवेति, तन्न इदं शरीरमहं जानामीति प्रतीतेः इदंकारविषयं शरीरमहंकारविषयाद् भिन्नमतो देहाद् भिन्न एवात्मेति।।

(અર્થ) હવે ચાર્વાકો પંચભૂતના વિકારથી બનેલો જે દેહ તે જ આત્મા છે, એમ કહે છે. અને તે અનિત્ય છે. તેમાં પ્રમાણ હું જાણું છું. આ પ્રકારની પ્રતીતિ થાય છે તે છે તેમાં અહંકાર છે, વિષય જેનો એવો દેહ છે, કેમ કે હું પુષ્ટ છું, દુર્બળ છું આ પ્રકારે દેખાય છે તે હેતુથી જ્ઞાનશક્તિવાળો પણ દેહ જ છે. તે સત્ય નથી, કારણ કે આ શરીરને હું જાણું છું. આ પ્રકારની પ્રતીતિ થકી ઈદંકાર છે વિષય જેનો એવું આ શરીર તે અહંકાર છે વિષય જેનો એવો આત્મા થકી તે ભિન્ન છે. એ હેતુ માટે આત્મા દેહ થકી જુદો જ છે, પણ દેહ આત્મા નથી.

अन्येर्त्विंद्रियाण्येवात्मेत्यंगीकुर्वंति तत्र युक्तिस्तु ज्ञाना श्रयत्वेनेन्द्रियाणामेव चेतनर्त्वमिति तंन्न अहं नेत्रेण पश्यामि, श्रोत्रेण शृणोमीत्यादिप्रतीतेः अतो नेत्रश्रो ताद्युपकरणभिन्नोऽहंकारविषय आत्मास्तीति। किंचेन्द्रियाणां नाशे मरण प्रसंगः स्यात् तत्तदिंद्रियनाशे सति तत्तदर्थस्मरणानुपपत्तिश्चेति तस्मान्नेन्द्रियाणामात्मत्वमिति।।

(અર્થ) બીજા ચાર્વાકો ઇંદ્રિયો જ આત્મા છે એ પ્રકારે સ્વીકારે છે. તેમાં યુક્તિ શું છે તો જ્ઞાનાશ્રયપણે કરીને ઇંદ્રિયોનું ચૈતન્યપણું છે તેથી તો તે સત્ય નથી. કારણ કે હું નેત્ર ઇંદ્રિયથી જોઉં છું, શ્રોત્ર ઇંદ્રિયથી સાંભળું છું ઇત્યાદિક પ્રતીતિ થાય છે. એ હેતુ માટે નેત્ર, શ્રોત્ર એ આદિક ઉપકરણો થકી ભિન્ન અને અહંકાર છે વિષય જેનો એવો આત્મા છે અને ઇંદ્રિયોને આત્મા માનવાથી ઇંદ્રિયોનો નાશ થાય છે ત્યારે મરણ પ્રસંગ થવો જોઈએ તે તે ઇંદ્રિયોનો નાશ થાય છે ત્યારે તે તે અર્થના સ્મરણની સિદ્ધિ થતી નથી. અને તે જ હેતુ માટે ઇંદ્રિયોને આત્માપણું છે નહિ.

अपरेतु मन एव आत्मा तस्य मनसो ज्ञानाश्रयत्वादिति वदन्ति तन्न मनसाऽहं जानामीत्यादौ मनसो ज्ञानकरणत्वं सिद्ध्यति नतु ज्ञानाश्रयत्वं ज्ञानकर्तृत्वमिति। कर्तृत्वंहि स्वातंत्र्यनियतम् करणत्वं तु व्यापारवत्वे सति असाधारण कारणत्वमिति तस्मान्नमन आत्मेति।।

(અર્થ) બીજા ચાર્વાકો તે મનને જ્ઞાનાશ્રયપણું છે માટે મન જ આત્મા છે એમ કહે છે તે સત્ય નથી. કારણ કે મન વડે કરીને હું જાણું છું ઇત્યાદિકમાં મન તે જ્ઞાનનું કારણ છે એ પ્રકારે સિદ્ધ થાય છે પણ જ્ઞાનાશ્રયપણું એટલે જ્ઞાનનું કર્તાપણું સિદ્ધ થતું નથી. કર્તા અને કરણમાં તફાવત બતાવે છે કે નિરંતર સ્વતંત્રપણું તેનું

નામ કર્તાપણું છે. અને વ્યાપારવાનપણું છતાં અસાધારણ કારણપણું તેનું નામકારણકરણ કહેવાય તે હેતુ માટે મન આત્મા નથી.

केचित्तु प्राण एव आत्मा प्राण सत्वे सात्मकशरीरप्रतीतेः प्राणाभावे मरणं चेति वदन्ति तदपि न मम प्राणः प्रचलतीति प्रतीत्यादिप्रतीतौ वायुरूपप्राणाद्भिन्न एवात्मा प्रतीयते।।

(અર્થ) કેટલાક તો પ્રાણ સતે પોતાસહિત શરીરની પ્રતીતિ થાય છે તેથી પ્રાણને જ આત્મા માને છે અને પ્રાણનો અભાવ છતે મરણ થાય છે એમ કહે છે. તે પણ સત્ય નથી, કેમ કે મારા પ્રાણ ચાલે છે, ઇત્યાદિક પ્રતીતિમાં વાયુરૂપ પ્રાણથી આત્મા જુદો જણાય છે, એ હેતુથી.

बौद्धास्तु क्षणिकं विज्ञनमेवाऽत्मेति वदन्ति क्षणिकत्वं चात्र द्वितीयक्षणवृत्तिध्वंसप्रतियोगित्वम् तन्न अहं घटज्ञानवान् पटज्ञानवानित्यादिप्रतीतौ ज्ञानाद् भिन्नएवात्मेति भासते तस्मान्न क्षणिकविज्ञानमात्मेति।।

(અર્થ) બૌદ્ધો ક્ષણિક વિજ્ઞાનને જ આત્મા એ પ્રકારે કહે છે. આ ઠેકાણે ક્ષણિકપણું એટલે બીજી ક્ષણમાં વર્તનાર નાશનું જે પ્રતિયોગી વિરોધીપણું તે ક્ષણિકપણું છે, એ સત્ય નથી. હું ઘટના જ્ઞાનવાળો છું, હું પટના જ્ઞાનવાળો છું એટલે ઘટપટને જાણું છું ઇત્યાદિક પ્રતીતિમાં આત્મા જ્ઞાનથી ભિન્ન જણાય છે તે હેતુ માટે ક્ષણિક

જ્ઞાન છે તે આત્મા નથી.

इति श्रीमदेकान्तिकधर्मप्रवर्तक श्रीसहजानंदस्वामिचरणकमलमकरंदास्वादमदनादिमुक्तराजसद्‌गुरुश्रीमहानुभावानन्द मुनेराशीरात्मकशिष्यः सद्‌गुरुश्रीघनश्यामजीवनदासजीस्वामी तच्छिष्यशास्त्रिधर्मस्वरूपदासविरचितश्रीजीसंमतविशिष्टाद्वैतसिद्धांतसागरे जीवननिरूपणं समाप्तम् ।।

## ।। अथ मायास्वरूपं निरूप्यते ।।

तदुक्तं श्रीहरिणा शिक्षापत्र्याम् :-

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः।
जीवस्य चाहंममता हेतुर्मायाऽवगम्यताम् ।। १०६ ।।

અર્થ- શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીમુખે શિક્ષાપત્રીમાં માયાનું સ્વરૂપ કહે છે. તે માયા ત્રિગુણાત્મક છે, અંધકારરૂપ છે, ભગવાનની શક્તિ છે અને જીવને દેહને દેહના સંબંધીમાં અહંતા અને મમતા કરાવનારી છે. એ પ્રકારે માયાને જાણો.

सत्त्वरजस्तमोगुणवती प्रकृतिः सा मायाऽविद्यातमोऽव्यक्तादिशब्दवाच्यास्ति अत्र मायाशब्दो विस्मयार्थवाचकोऽस्ति नतु मिथ्यात्ववाचकः सा च मायाऽज्ञानात्मिका प्रकृतिर्भावरूपा अज्ञानं तु द्विधा भवति विपरीतज्ञानमन्यथा ज्ञानं चेति। सा माया न कपिलमतवत्स्वतंत्रा किंतु परमात्माधीना परब्रह्मशक्तिरूपा। सा च तमःस्वरूपा गाढांधकारगतस्येव प्रलये प्रकृतौ लीनस्य जीवस्याचित्कल्पावस्था प्राप्त्या नामरूपविवेचनाद्यक्षमता-प्रापकत्वेन तमइत्युच्यते। कारणावस्थं प्रधानं तमःशब्दवाच्यमस्ति ।।

અર્થ- સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણવાળી પ્રકૃતિ

છે, તે માયા, અવિદ્યાતમ, અવ્યક્ત એ આદિક શબ્દથી કહેવાય છે. આ ઠેકાણે માયા શબ્દ આશ્ચર્ય અર્થને કહેનારો છે. પણ મિથ્યા અર્થને કહેનારો નથી અને તે માયા અજ્ઞાન છે સ્વરૂપ જેનું એવી વસ્તુરૂપ પ્રકૃતિ છે. અજ્ઞાન બે પ્રકારનું છે. એક વિપરીત જ્ઞાન અને બીજું અન્યથા જ્ઞાન. તે પ્રકૃતિ કપિલજીએ કહેલ સાંખ્યમતની માફક સ્વતંત્ર નથી. પરંતુ પરમાત્માને આધીન એવી તે પ્રકૃતિ તે પરબ્રહ્મની શક્તિરૂપી છે. અને અંધકાર સ્વરૂપવાળી છે. ઘાટા અંધકારને પામેલાની પેઠે પ્રલય સમયમાં પ્રકૃતિને વિષે લીન થયેલા જીવાત્માને જડતુલ્ય અવસ્થાને પમાડવાથી નામરૂપ વિવેચન આદિક કરવાને અસમર્થપણાને પમાડવાપણે કરીને તે માયા તમ એ પ્રકારે કહેવાય છે. કારણ અવસ્થામાં રહેલ પ્રધાન પ્રકૃતિ તે તમ શબ્દથી કહેવાય છે.

तदानीं तमः आसीदितिश्रुतेः सा च माया विद्या विरुद्धत्वादविद्येत्युच्यते सा चतुर्विंशतितत्त्वात्मिका प्रकृतिः महदहंकारमनःश्रोत्रत्वक्चक्षुःरसनाघ्राणवाक्पाणिपाद्पायूप स्थशब्दस्पर्शरूपरसगंधतन्मात्राऽऽकाशवायुतेजःसलीलभ्वात्मकानि चतुर्विंशति तत्त्वानि जडरूपाणि। जडत्वं नाम परतः एव भासमानत्वम् तत्र प्रकृतिर्नित्या महदादयस्त्वनित्या इति ज्ञेयम्। सेयं मूलप्रकृतिरुपामायाबद्धचेतनानां ज्ञानानन्दा-दिगुणानामाच्छादनकर्त्री एतादृशी प्रकृतिर्महामायाऽस्ति।।

અર્થ- તે સમયને વિષે પ્રધાન માયા જ હતી એવી શ્રુતિ છે તે માયા વિદ્યાથી વિરુદ્ધ છે એ હેતુ માટે અવિદ્યા એ પ્રકારે કહેવાય છે. તે માયા ચોવીસ તત્ત્વ છે સ્વરૂપ જેનું એવી પ્રકૃતિ છે. તે તત્ત્વો કિયાં તો મહત્તત્ત્વ, ત્રણ પ્રકારનો અહંકાર, મન, શ્રોત્ર ઇંદ્રિય, ત્વક્, નેત્ર, જિહ્‌વા, નાસિકા એ પાંચ જ્ઞાન ઇંદ્રિયો. વાણી, હાથ, પગ, ગુદા, લિંગ એ પાંચ કર્મ ઇંદ્રિયો. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ તન્માત્રા (વિષય). આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી, એ પંચભૂત છે સ્વરૂપ જેનું એવી પ્રકૃતિ છે. અને તે ચોવીસ તત્ત્વો તે જડરૂપ એવાં છે. જડપણું એટલે બીજા થકી ભાસમાન થાય તે જડપણું તેમાં તે પ્રકૃતિ નિત્ય છે. મહદાદિક વિકારો અનિત્ય છે. એ પ્રકારે જાણવું. તે આ મૂળ પ્રકૃતિરૂપ જે માયા તે બદ્ધ ચૈતન્ય જે જીવાત્માઓ તેમના જ્ઞાન આનંદ આદિક જે ગુણો તેને ઢાંકી દેનારી છે. એ પ્રકારની પ્રકૃતિ તે મહામાયા છે.

तदुक्तं उपनिषत्सु :-अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीं प्रजां जनयन्तीं सरूपां देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम् ।।

તે વાત ઉપનિષદમાં કહેલી છે જે ક્યારેય પણ ઉત્પન્ન નહિ થયેલી ને સ્વરૂપ સ્વભાવે કરીને એક અને રજોગુણ, તમોગુણ અને સત્ત્વ ગુણમય છે સ્વભાવ જેનો અને પોતપોતાની જાતિ ને સ્વભાવ તેને સદશ એવી અને ઘણીક પ્રજાને ઉત્પન્ન કરનારી ને ભગવાનની આત્મશક્તિ,

ને પોતાના ગુણોએ કરીને ગુપ્ત સ્વરૂપવાળી એવી માયા તેને કહે છે.

तथा चोक्तं सत्संगिजीवने-

गुणत्रयात्मिकाचाजा या चोक्ताऽज्ञानसंज्ञिका।

सा मायेति त्वया ज्ञेया यांतरंत्याश्रिता हरेः।।

तथा भाग. स्कं. १२ अ. ६.

सैषा विष्णोर्महामायाबाध्ययालक्षणाययया।

मुह्यंत्यस्यैवात्मभूता भूतेषु गुणवृत्तिभिः।।

तथा गीता अ. ७ -

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च

अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा।। ४।।

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।

मामेव ये प्रपद्यंते मायामेतां तरंति ते।। १४।।

અર્થ- તે સત્સંગિજીવનમાં કહેલ છે. 'એ માયા ત્રિગુણાત્મક છે, ઉત્પત્તિએ રહિત છે અને અજ્ઞાન છે સંજ્ઞા જેની એવી માયા તમોએ જાણવી. એ માયાને ભગવાનના આશ્રિતજનો તરી જાય છે.' તથા ભાગવતમાં કહ્યું છે. જે બાધ પમાડવાને અસમર્થ એવી માયાએ કરીને તે ભગવાનના આત્મભૂત એવા સર્વ જીવો તે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણે કરીને નાના પ્રકારના દેહને વિષે મોહને પામે છે, એવી અને જેની લક્ષણા ન કરી શકાય એવી એ માયા છે.

તથા ગીતામાં કહ્યું છે જે- પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પ્રકારે ત્રણ ગુણેયુક્ત એવી માયા ભેદને પામેલી છે. દેવ એવો જે હું તે મારી સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણમય એવી માયા છે. તે દુઃખે કરીને પણ તરાય એવી નથી. પરંતુ જે પુરુષો મને પામે છે અર્થાત્ મારા શરણને પામે છે તે પુરુષો ગુણમય એવી મારી માયા તેને તરી જાય છે.

तस्या मायायाः सत्त्वादिगुणानामंतर्गताः पृथग्भूता गुणा उच्यन्ते। तत्रादौ सत्त्वस्य गुणा उच्यंन्ते।। आनंदश्च तपः शान्तिः प्रकाशं पुण्यशीलताश्च संतोषः श्रद्दधानत्वमार्जवं त्यागशीलता ऐश्वर्यं चेति सत्त्वस्य गुणा दश निसर्गजाः।।

અર્થ- તે માયાના સત્ત્વાદિક ગુણોને અંતર્ગત રહેલા એવા સત્ત્વાદિકના જુદા જુદા ગુણો કહીએ છીએ. તેમાં પ્રથમ સત્ત્વ ગુણના ગુણો કહેવાય છે.

આનંદ, તપ, શાન્તિ, પ્રકાશપણું, પુણ્યને વિષે રુચિ અને છઠ્ઠો સંતોષ, સાતમી આસ્તિકપણાની બુદ્ધિ, આઠમું કોમળપણું, નવમું ત્યાગ પાળવાનો સ્વભાવ, દશમો ઐશ્વર્ય જે પ્રતાપ આ દશ સત્ત્વગુણના સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો છે.

ततः रजसो गुणान् कथयति-

अस्थिरत्वमकार्पण्यं सुखदुःखोपसेवनम्।

भेद:पुरुषता चैव कामो नाना मदस्तथा।।

मत्सरश्चातिवादश्च नवैते रजसो गुणाः।।

અર્થ- ત્યાર પછી રજોગુણના ગુણોને કહે છે જે એક ચંચળપણું, બીજું ઉદારપણું, ત્રીજું સુખદુ:ખને ભોગવવાપણું, ચોથું નાના પ્રકારના ભેદ પાડવાપણું, પાંચમું કઠોરપણું અથવા પુરુષાતનપણું, છઠ્ઠું નાના પ્રકારની ઇચ્છા, સાતમું નાના પ્રકારનો એટલે રાજ્યાદિકનો મદ, આઠમો મત્સર એટલે બીજાના ઉત્કર્ષપણાને ન સહન કરવાપણું અને નવમું બહુવાદ કરવાપણું - આ નવ પ્રકારના રજોગુણના ગુણો છે.

तमो मोहो महामोहस्तामिस्रश्चान्धपंचमः।

निद्रा प्रमाद आलस्यमित्यष्टौ तमसो गुणाः।।

અર્થ- હવે તમોગુણના ગુણ કહે છે કે પહેલો તમોગુણ એટલે સ્વરૂપનું અપ્રકાશપણું, બીજો મોહ એટલે દેહને સ્ત્રી-પુત્ર-ધનાદિકને વિષે પોતાપણાની બુદ્ધિ, ત્રીજો મહામોહ એટલે નાના પ્રકારના ભોગ ભોગવવામાં ઇચ્છા, ચોથો તામિસ્ર એટલે નાના પ્રકારના ભોગ ભોગવવાનો કોઈ નિષેધ કરે તે નિમિત્ત ક્રોધ ઊપજે તે. પાંચમો અંધ તામિસ્ર એટલે નાના પ્રકારના ભોગનો નાશ થવાથી ભોગવનાર કહે- જે હું જ મરી ગયો એ પ્રકારની બુદ્ધિ, છઠ્ઠી નિદ્રા એટલે નિષેધ

કાળમાં ઊંઘવું તે તમોગુણનું કાર્ય છે. સાતમો પ્રમાદ એટલે સદા ગાફલપણું, આઠમી આળસ એટલે પોતાના કાર્યમાં વિલંબ કરવો તે. એ આઠ તમોગુણનાં કાર્ય છે.

एवं भूता महामाया परब्रह्मशक्तिरस्ति एतस्या महामायायाः प्रधानपुरुषयुगमान्यनेकानि समुत्पद्यंते ताभ्यां प्रधान पुरुषाभ्याम् महत्तत्त्वं समुत्पद्यते ततः त्रिविधोऽहंकारः समुत्पद्यते सच सात्त्विकोराजसस्तामसश्च। तदनंतरं सात्त्विकाऽहंकारात्मनः इंद्रियदेवताश्चं समुत्पद्यंते राजसाऽहंकाराद्दशेन्द्रियाणि समुत्पद्यंते तामसाऽहंकारात्पंचतन्मात्रापंचभूतानि समुत्पद्यंते ततः तानि सर्वाणि तत्त्वानि संमील्य वासुदेवेच्छाशक्तिमवलंब्य ब्रह्मांडात्मकं विराट् शरीरं समुत्पादयन्ति।।

અર્થ-એ પ્રકારની જે મહામાયા તે પરબ્રહ્મની શક્તિ છે. એ મહામાયા થકી અનેક એવાં **પ્રધાન** અને **પ્રકૃતિનાં** જોડલાં ઉત્પન્ન થાય છે અને તે **પ્રધાન** અને **પુરુષ** થકી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. તે મહત્તત્ત્વ થકી સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક અહંકાર થકી મન અને ઇંદ્રિયોના દેવતા ઉત્પન્ન થાય છે. રાજસ અહંકાર થકી પંચ જ્ઞાન ઇંદ્રિયો અને પંચ કર્મ ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે. અને તામસ અહંકાર થકી પંચ વિષય અને પંચભૂત તે ઉત્પન્ન થાય છે. ત્યાર પછી તે સર્વ તત્ત્વો

મળીને વાસુદેવ ભગવાનની ઇચ્છાશક્તિનો આશ્રય કરીને બ્રહ્માંડરૂપ વિરાટ શરીરને ઉત્પન્ન કરે છે.

तथा- भाग. स्कं. २, अ. ५ -

महतस्तु विकुर्वाणाद्रजःसत्त्वोपबृंहितात्।
तमःप्रधानस्त्वभवयद्रव्यज्ञानक्रियात्मकः।। २३।।
सोऽहंकार इति प्रोक्तो विकुर्वन्समभूत्रिधा।
वैकारिकस्तैजसश्च तामसश्चे ति यद्भिदा।।
द्रव्यशक्तिःक्रियाशक्तिर्ज्ञानशक्तिरिति प्रभो।। २४।।
तामसादपि भूतादेर्विकुर्वाणादभून्नभः।
तस्य मात्रा गुणःशब्दो लिंगं यद्दृष्टृदृश्ययोः।। २५।।
नभसोऽथ विकुर्वाणादभूत्स्पर्शगुणोऽनिलः।
परान्वयाच्छब्दवांश्च प्राण ओजः सहो बलम्।। २६।।
वायोरपि विकुर्वाणात्कालकर्मस्वभावतः
उदपद्यत तेजो वै रूपवत्स्पर्शशब्दवत्।। २७।।
तेजसस्तु विकुर्वाणादासीदंभोरसात्मकम्।
रूपवत्स्पर्शवच्चांभो घोषवच्च परान्वयात्।। २८।।
विशेषस्तु विकुर्वाणादंभसो गंधवानभूत्।
परान्वयाद्रसस्पर्शशब्दरूपगुणान्वितः।। २९।।
वैकारिकान्मनो जज्ञे देवा वैकारिकादश।
दिग्वातार्कप्रचेतोऽश्विवह्नीन्द्रोपेन्द्रमित्रकाः।। ३०।।

तैजसात्तु विकुर्वाणादिन्द्रियाणि दशाभवन्।

ज्ञानशक्तिः क्रियाशक्तिर्बुद्धिः प्राणस्तु तैजसौ।

श्रोत्रं त्वग्घ्राणदृग्जिह्वावाग्दोर्मेढ्रांघ्रिपायवः।। ३१।।

यदैतेऽसंगता भावा भूतेंद्रियमनोगुणाः।

यदायतननिर्माणे न शेकुर्ब्रह्मवित्तम्।। ३२।।

तदा संहत्य चान्योन्यं भगवच्छक्तिनोदिताः।

सदसत्त्वमुपादाय चोभयं ससृजुर्ह्यदः।। ३३।।

અર્થ- તથા ભાગવત દ્વિતીય સ્કંધમાં કહ્યું છે કે 'જે રજોગુણ તથા સત્ત્વગુણથી વૃદ્ધિ પામેલા અને વિકાર પામેલા મહત્તત્ત્વમાંથી દ્રવ્યજ્ઞાન તથા ક્રિયાસ્વરૂપ તમોગુણ પ્રધાન એક પદાર્થ ઉત્પન્ન થયો ૨૩. તેને અહંકાર કહે છે. તે અહંકારમાં વિકાર થઈ તેનાં ત્રણ સ્વરૂપ થયાં. હે નારદમુને! તેનાં નામ સાત્ત્વિક અહંકાર, રાજસ અહંકાર તથા તામસ અહંકાર છે. તેમાં તામસ અહંકારમાં પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરવાની શક્તિ છે. રાજસ અહંકારમાં ક્રિયા એટલે ઇંદ્રિયોને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. તથા સાત્ત્વિક અહંકારમાં તેમના દેવતાઓને ઉત્પન્ન કરવાની શક્તિ છે. ૨૪. તામસ અહંકાર વિકાર પામીને તેમાંથી આકાશ ઉત્પન્ન થયું. તેનું સૂક્ષ્મ સ્વરૂપ તથા બીજાં ભૂતોથી જુદો પાડનારો ગુણ શબ્દ છે. તે શબ્દ દ્રષ્ટા તથા દશ્ય વસ્તુને જણાવે છે. ૨૫. આકાશમાં વિકાર

થઈ જેનો એટલે પોતાનો ગુણ સ્પર્શ છે એવો વાયુ થયો. કારણનો ગુણ કાર્યમાં આવે છે એવો નિયમ હોવાથી આકાશનો ગુણ શબ્દ પણ તેમાં આવ્યો. વાયુ શરીરને ધારી રાખનારો છે તથા ઓજ એટલે ઇંદ્રિયબળ સહ એટલે મનોબળ તથા બળ એટલે શરીરબળનું કારણ છે. ૨૬. કામ, કર્મ તથા સ્વભાવને લીધે વિકાર પામતા વાયુથી પણ તેજ ઉત્પન્ન થયું. તેનો પોતાનો ગુણ રૂપ છે. શબ્દ તથા સ્પર્શ એ આકાશના તથા વાયુના ગુણ તેમાં આવ્યા. ૨૭. તેજમાં વિકાર થઈ જેનું સૂક્ષ્મ રૂપ તથા ગુણ રસ છે એવું જળ થયું. તેમાં શબ્દ, સ્પર્શ, રૂપ એટલા ગુણ આકાશ, વાયુ તથા તેજના આવ્યા. ૨૮. જળ વિકાર પામીને તેમાંથી ગંધ ગુણવાળી પૃથ્વી થઈ તથા તેમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ એ ચાર ગુણ પોતાની પહેલાં ઉત્પન્ન થયેલાં ચાર ભૂતોના આવ્યા. ૨૯. જ્ઞાનશક્તિ, બુદ્ધિ, ક્રિયાશક્તિ તથા પ્રાણ એ રાજસ અહંકારનાં કાર્ય છે. માટે જ્ઞાનેંદ્રિય તથા કર્મેંદ્રિય, વિકાર પામેલા તામસ અહંકારમાંથી થઈ વૈકારિક (સાત્ત્વિક) અહંકારથી મન ઉત્પન્ન થયું તથા ચંદ્ર, દિશાઓ, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર (વિષ્ણુ) અને મિત્ર (યમ) એ વૈકારિક એટલે સત્ત્વ ગુણમાંથી દશ દેવ થયા; ૩૦. તેમાં જ્ઞાનેંદ્રિયનાં નામ શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, નેત્ર તથા જિહ્વા એ પાંચ છે. તથા કર્મેંદ્રિયનાં નામ વાણી, હાથ, પગ,

ઉપસ્થ તથા ગુદા એ પાંચ છે. પાંચ ભૂત ઈંદ્રિય અને મન આદિ ત્રણ ગુણનાં કાર્યો જુદાં જુદાં ઉત્પન્ન થવાથી હે નારદ મુને! જ્યારે શરીર ઉત્પન્ન કરવાને સમર્થ ન થયાં ત્યારે ભગવાનની શક્તિની પ્રેરણાથી ઉપર કહેલા પદાર્થોએ ગૌણ અને મુખ્યપણે એકબીજા સાથે, ભેળા થઈ આ સમષ્ટિ એટલે બધાં શરીરનો સમુદાય અને વ્યષ્ટિ એટલે અકેકું શરીર એવું સ્થૂળ શરીર ઉત્પન્ન કર્યું. ૩૧-૩૨-૩૩. આ સ્થળે સમષ્ટિ એટલે વિરાટ છે શરીર જેનું એવા ઈશ્વર જાણવા.

तस्येश्वरस्य नाभिकमले ब्रह्मा समुत्पन्न आसीत् ततो ब्रह्मणो मरीच्यादिप्रजापतयोऽभवन् ततः कश्यपप्रजापतिरभूत् ततः इंद्रादिदेवमनुष्यदैत्यपशुपक्ष्यादिस्थावरजंगमं सर्वं समुत्पन्नमासीत् एतेषां सर्वेषामुपर्युक्तानाम् मायायाः उत्पन्नत्वान्मायाकार्यत्वान्मायाशब्दवाच्यत्वमर्हति तथैवैतस्या मायायाः त्रिगुणात्मकत्वं जडचिदात्मकत्वं नित्यत्वं निर्विशेषत्वं महदादिसमस्ततत्त्वानां समग्रजीवानां च क्षेत्रत्वं भगवतः शक्तित्वगुणसाम्यत्वादीनि मायाया लक्षणानि ज्ञातव्यानि।।

અર્થ- ઉપર કહ્યા જે ઈશ્વર તે ઈશ્વર એટલે વૈરાજ પુરુષની નાભિમાં થયેલું કમળ તેમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા તે બ્રહ્મા થકી મરીચિ આદિ પ્રજાપતિઓ ઉત્પન્ન થયા. તે થકી કશ્યપ પ્રજાપતિ ઉત્પન્ન થયા. તે થકી ઇંદ્રાદિક દેવ, મનુષ્ય, દૈત્ય, પશુ, પક્ષી આદિ સ્થાવર, જંગમ સર્વ ઉત્પન્ન થયું. એ

સર્વ ઉપર કહેલાં તેમને માયા થકી ઉત્પન્ન થવાપણું છે. તથા માયાના કાર્યપણું છે. તેથી માયા શબ્દ વાચ્યપણું એમને ઘટે છે. તે જ પ્રકારે એ માયા તેના ત્રણ ગુણ સ્વરૂપપણું જડ, ચૈતન્ય, સ્વરૂપપણું, નિર્વિશેષપણું, મહત્તત્ત્વાદિ, સમગ્ર તત્ત્વ તથા સર્વ જીવ, તેમનું ક્ષેત્રપણું (લય સ્થાન) તથા ભગવાનની શક્તિપણું, ગુણ સામ્યપણું આદિ માયાનાં લક્ષણો જાણવાં.

શ્રીજીમહારાજે ભગવાન વિના બીજે હેત રહે તેને માયા કહી છે. પ્ર. ૧માં 'પછી કોઈક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો જે જેને ભગવાનની માયા કહે છે તેનું રૂપ શું છે? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતે જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ.' તથા પ્ર. ૩૪માં 'જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી જ કળ ચઢાવી મૂકી છે જે, ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહિ ને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે એવો ફેર ચઢાવી મૂક્યો છે. તે માટે સહેજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે અને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે. ને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહેજે જ હેત થાય છે. તે હેત રૂપી જ ભગવાનની માયા છે.' મ. ૩૬માં 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે આ સંસારને વિષે માયા માયા કહે

છે તે માયાનું રૂપ અમે નજરે જોઈ લીધું છે. જે ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે તે જ માયા છે અને આ જીવને પોતાનો જે દેહ ને દેહનાં સગાંસંબંધી ને દેહનું ભરણપોષણ કરનારો એટલાને વિષે તો જેવું પંચ વિષયમાં જીવને અતિશે હેત છે તે થકી પણ વિશેષ હેત છે. માટે જેને દેહ ને દેહનાં સગાંસંબંધીને દેહનું ભરણપોષણ કરનારા એમાંથી સ્નેહ તૂટ્યો તે પુરુષ ભગવાનની માયાને તરી રહ્યો છે. અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને જ ભગવાનને વિષે હેત થાય છે.' મ. ૬૫માં 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે જીવના કલ્યાણને અર્થે ભગવાનના રામકૃષ્ણાદિક જે અવતાર થાય છે તેને તો માયાનું કાર્ય એવું જે આ જગત તેમાં કોઈ ઠેકાણે મોહ થતો નથી અને પોતાના અલૌકિક પ્રતાપે કરીને નિઃશંક વર્તે છે. અને પોતાના ભક્તજનની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચ વિષયને પણ સારી પેઠે ભોગવે છે તેને જોઈને આ સંસારને વિષે જે અખતર ડાયા મનુષ્ય છે તે પરમેશ્વરને વિષે દોષ પરઠે છે અને એમ જાણે જે આ તો પરમેશ્વર કહેવાય છે તો પણ એને આપણા કરતાં વધુ સંસારને વિષે આસક્તિ છે એમ જાણીને ભગવાનને પણ પોતા જેવા મનુષ્ય જાણે પણ ભગવાનનો જે અલૌકિક મહિમા તેને જાણતા નથી એ જ ભગવાનની માયા છે અને બ્રહ્મસ્થિતિને પામ્યા એવા જે આત્મદર્શી સાધુ તેને

પણ સંસારને આ વિષે કોઈ પદાર્થ દેખીને મોહ થાતો નથી તો બ્રહ્મથી પર પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને માયા ને માયાનાં કાર્ય થકી નિર્લેપ રહેવાય એમાં તે શું કહેવું? એ તો રહેવાય જ.' આ વચનામૃતમાં ભગવાન અને ભગવાનના સાધર્મ્યપણાને પામેલા જે મુક્તો તેમને દિવ્ય સમજવા અને દિવ્ય સમજીને મહિમા ન જણાય તો તેને પણ માયા કહી છે. છે. ૩૯માં 'પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી આગળ વાર્તા કરી જે, જે ભગવાનની માયા તે કેઈ છે? તો દેહને વિષે અહંબુદ્ધિ ને દેહના સંબંધીને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો અને હનુમાન, નારદ, પ્રહ્લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો ને તમારે વિષે પ્રીતિ થાજો ને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થાજો ને એ સાધુને વિષે હેત ને મમત્વ થાજો. માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું ને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો.'

इति श्रीमदेकान्तिकधर्मप्रवर्तकश्रीसहजानंदस्वामि-

चरणकमलमकरंदास्वादमदनादिमुक्तराजसद्गुरुश्रीमहानुभावानन्द-
मुनेराशीरात्मकशिष्यसद्गुरुश्रीघनश्यामजीवनदासजीस्वामि-
तच्छिष्यशास्त्रि धर्मस्वरुपदासविरचितश्रीजीसंमतविशिष्टाद्वैत-
सिद्धांतसागरे मायानिरुपणं समाप्तम् ।।

## ।। अथेश्वरस्वरूपं निरूप्यते ।।

ईश्वरत्वं नाम हिरण्यमयकोशान्तर्गतत्वे सति चेतनत्वं प्रकृतिलयविराट्सूत्रात्मा अव्याकृत-शरीरित्वे सति महाकारणान्तर्गतचेतनत्वं। जीवब्रह्माऽक्षरमुक्तभिन्नत्वे सति नियाम्यचेतनत्वादीनीश्वरलक्षणानि ज्ञेयानि। विराडादौ शरीरत्रये व्याप्य यो जगतामुत्पत्तिस्थितिलयान् कुर्यात् स ईश्वरः सर्वज्ञोज्ञेयः। ईश्वराः सर्वेऽष्टावर्णादि-हिरण्यमयकोशान्तस्थाननिवासिनो भवन्ति। तद्यथापूर्वोक्त चतुर्दशभुवनात्मकांडस्यपरितः प्रथमं पृथिव्यात्मकावरणमस्ति। तच्च पञ्चाशतकोटि योजनात्मकब्रह्मांडपरिमाणात् दशगुणं पंचवृंदयोजनायामं विद्यते।

अत्र पञ्चाशतकोटिपदेन पञ्चार्बुदानि ज्ञातव्यानि। अर्बुदं दशकोटयः इति अर्बुदस्य दशकोटिवाचकत्वात्। उक्तं हि।

एकं दशशतं चैव सहस्रमयुतं तथा।
लक्षं च नियुतं चैव कोटिरर्बुदमेव च।। १।।
वृंदंखर्वो निखर्वश्चशंखः पद्मश्च सागरः।
अन्त्यं मध्यं परार्धं च दशवृद्धया यथाक्रमम्।। २।।

तच्च शब्दस्पर्शरूपरसगंधगुणयुतमस्ति।। १।। तदुपरि

जलावरणं ततो दशगुणं पंचखर्वयोजनायामं शब्दस्पर्शरूपरसगुणयुतंचास्ति।। २।। तदुपरि तेजस आवरणं ततो दशगुणं पंचनिखर्व योजनायामं शब्दस्पर्शरूपगुणयुतं चास्ति।। ३।। तदुपरि वायोरावरणं ततो दशगुणं पंचशंख योजनायामं शब्दस्पर्शगुणयुतं चास्ति।। ४।। तदुपरि आकाशस्यावरणं ततो दशगुणं पंचपद्मयोजनायामं शब्दगुणयुतं चास्ति।। ५।। तदुपरि अहंकारावरणं ततो दशगुणं पंचसागरयोजनायाममभिमानगुणयुतं चास्ति।। ६।। तदुपरि महत्तत्त्वावरणं ततो दशगुणं पंचान्त्ययोजनायाममध्यवसायगुणयुतं चास्ति।। ७।। तदुपरि प्रकृत्यावरणं ततो दशगुणं पञ्चमध्ययोजनायामं त्रिगुणात्मकं गाढतमोरूपं धूम्रवर्णं चास्ति।। ८।। तानीमानि आवरणानि वलयाकारेण संस्थितानि एतेषु अष्टावरणेषु प्रकृतिलयंगता आत्मानो निवसन्ति प्रकृतिलयाः सर्वे चेतना ईश्वरा इत्युच्यन्ते।।

## હવે ઈશ્વરનું સ્વરૂપ નિરૂપણ કરીએ છીએ:

ઈશ્વરપણું એટલે હિરણ્યમય કોશમાં રહે છતે ચૈતન્યપણું, પ્રકૃતિમાં લય પામનાર વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીરના શરીરી હોવા છતાં મહાકારણમાં રહેનાર ચૈતન્યપણું અને જીવ, બ્રહ્મ, અક્ષર, મુક્ત એ સર્વથી

ભિન્ન છતે નિયમમાં કરવા યોગ્ય ચૈતન્યપણું, એ આદિક ઈશ્વરનાં લક્ષણો જાણવાં. વિરાટ આદિક ત્રણ શરીરમાં વ્યાપીને જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને કરે, તે સર્વજ્ઞ એવા ઈશ્વર જાણવા. તે ઈશ્વરો સર્વે આઠ આવરણાદિ હિરણ્યમય કોશની અંદર રહેલાં સ્થાનોમાં વસે છે. તે બતાવે છે કે પ્રથમ કહેલા ચૌદ ભુવન રૂપ બ્રહ્માંડની ચારે તરફ પહેલું પૃથ્વી રૂપ આવરણ છે. તે પચાસ કરોડ યોજન રૂપ બ્રહ્માંડના પરિમાણથી દશગણું એટલે પાંચ વૃંદ યોજન વિસ્તારવાળું છે અને તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણયુક્ત છે. તે પૃથ્વીના આવરણ ઉપર બીજું જળનું આવરણ તે પૃથ્વીના આવરણ કરતાં દશગણું એટલે પંચ ખર્વ યોજન વિસ્તારવાળું છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ એ ચાર ગુણેયુક્ત છે. તે જળના આવરણ ઉપર ત્રીજું તેજનું આવરણ તે જળના આવરણ કરતાં દશગણું એટલે પંચ નિખર્વ યોજન વિસ્તારવાળું અને શબ્દ, સ્પર્શ, રૂપ એ ત્રણ ગુણે યુક્ત છે. તે તેજના આવરણ ઉપર ચોથું વાયુનું આવરણ તે તેજના આવરણ કરતાં દશગણું એટલે પંચ શંખ યોજન વિસ્તારવાળું અને શબ્દ, સ્પર્શ એ બે ગુણે યુક્ત છે. તે વાયુના આવરણ ઉપર પાંચમું આકાશનું આવરણ વાયુના આવરણ કરતાં દશગણું એટલે પંચ પદ્મ યોજન વિસ્તારવાળું અને શબ્દ ગુણે યુક્ત છે. તે આકાશના આવરણ ઉપર છઠ્ઠું

અહંકારનું આવરણ તે આકાશના આવરણ કરતાં દશગણું એટલે પંચ સાગર યોજન વિસ્તારવાળું અભિમાન ગુણે યુક્ત છે. તે અહંકારના આવરણ ઉપર સાતમું મહત્તત્ત્વનું આવરણ તે અહંકારના આવરણ કરતાં દશગણું એટલે પંચ અંત્ય યોજન વિસ્તારવાળું નિશ્ચય ગુણે યુક્ત છે. તે મહત્તત્વના આવરણ ઉપર આઠમું પ્રકૃતિનું આવરણ તે મહત્તત્ત્વના આવરણ કરતાં દશગણું એટલે પંચ મધ્ય યોજન વિસ્તારવાળું ત્રિગુણાત્મક ગાઢ અંધકાર રૂપ ધૂમ્ર વર્ણવાળું છે. તે આ આઠે આવરણો ગોળાકારે રહેલાં છે. તે આવરણોને વિષે પ્રકૃતિમાં લય પામનારા આત્માઓ વસે છે. પ્રકૃતિમાં લય પામનારા સર્વે ચૈતન્યો ઈશ્વર એ પ્રકારે કહેવાય છે.

येऽष्टावरणेषु प्रकृतिकार्यात्मकेषु लीना लिंगदेहेन सह गतास्ते प्रकृतिलया इति।। विदेहा अपि द्विविधाः स्थूलशरीरयुताः सूक्ष्मशरीरमात्रयुताश्च तत्र स्थूलशरीराऽवच्छिन्ना जनकनृपत्यादयः प्रसिद्धाः ये पुनः स्थूलं शरीरं विहाय सूक्ष्मशरीरेण सहवर्तमानाः प्रकृतिलयं प्राप्ता विदेहास्ते द्वितिया इति तदिदं प्रकृतिलयात्मकं प्रथमं मुक्तिस्थानम्।। तान्यावरणानि वेष्टयित्वा चिदाकाशस्तिष्ठति-स एव विराट् पुरुषस्य लोक आलोकाकाशसंज्ञक इति तत्र विराट्स्वरूपं पुरुषाकृत्यपि विराजते। ततो विराडजायतेत्यादि वेदैर्महाविष्णुतो विराडुत्पत्तिवर्णनात्। यथा लोके

स्थूलसूक्ष्मकारणमहाकारणानि चत्वारि शरीराणि विद्यन्ते तथा महाविष्णोरपि विराट्, सूत्रात्मा, अव्याकृत महाकारणानीति चत्वारि शरीराणि सन्ति तन्मध्यतः विराट् पुरुषः स्थूलशरीरं इति स एव अतिष्ठत् दशांगुलमित्यादि मंत्रैरिदं दशांगुलपरिमितं ब्रह्मांडमावर्त्य स्थितोऽस्तीति वर्ण्यते तस्य आलोकाकाशलोकोऽष्टमो वर्णतो दशगुणो विस्तृतः पञ्चपरार्धयोजनाऽयामो वलयाकारेण दश दिक्षु व्याप्तोवर्तते इति तदुपासकानां विराट् स्वरूपप्राप्तिरालोकाकाशश्च मोक्षस्थानमिति एतद्गताश्चेतनाः सर्वेऽपीश्वरा इत्युच्यन्ते। तदिदं द्वितीयं मुक्ति स्थानमिति।।

જે પ્રકૃતિના કાર્યરૂપ આઠ આવરણોને વિષે લિંગ દેહ સહિત લીન થયેલા તે પ્રકૃતિમાં લય થયેલા કહેવાય છે. વિદેહ પુરુષો પણ બે પ્રકારના છે. એક સ્થૂળ તથા સૂક્ષ્મ શરીર તેણે યુક્ત અને બીજા કેવળ સૂક્ષ્મ શરીર તેણે યુક્ત. તેમાં સ્થૂળ શરીરે યુક્ત એવા જનક રાજા આદિક પ્રસિદ્ધ છે. અને જે સ્થૂળ શરીરને ત્યાગ કરીને સૂક્ષ્મ શરીરે સહિત વર્તતા પ્રકૃતિમાં લય પામનારા તે બીજા વિદેહ કહેવાય છે. પ્રકૃતિમાં લયરૂપ એવું આ પહેલું મુક્તિનું સ્થાન છે - તે અષ્ટાવરણને વીંટીને ચિદાકાશ રહેલો છે. તે જ વિરાટ પુરુષનો લોક છે, અને એનું આલોક આકાશ એવું નામ છે. તેમાં સાકૃતિ એવું વિરાટ સ્વરૂપ રહે છે. તે શ્રુતિમાં કહેલું છે કે ततौ

विराडजायत।। તે થકી તે વિરાટ ઉત્પન્ન થાય છે. એ પ્રકારે વદો તેમણે મહાવિષ્ણુ થકી વિરાટની ઉત્પત્તિ વર્ણન કરેલ છે. જે પ્રકારે લોકમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એવાં જીવનાં ચાર શરીરો જણાય છે, તે જ પ્રકારે મહાવિષ્ણુનાં પણ વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત અને મહાકારણ એ ચાર શરીરો છે. તેને મધ્યે વિરાટ પુરુષ સ્થૂળ શરીર એ પ્રકારે કહેવાય છે. सएव अतिष्ठत् दशांगुलमिति ।। એ પ્રકારના મંત્ર વડે કરીને તે જ પુરુષ દશ આંગળના માપવાળું એવું બ્રહ્માંડ તેને આવરીને રહેલ છે. એમ વર્ણન કરાય છે, તેનો આલોક આકાશ જે લોક તે આઠમા આવરણ થકી દશગણો એટલે પંચપરાર્ધ યોજન વિસ્તારવાળો ગોળાકાર વડે કરીને દશ દિશાઓમાં વ્યાપી રહેલો છે. તેના ઉપાસકોને વિરાટ સ્વરૂપની પ્રાપ્તિ અને આલોક આકાશ મોક્ષનું સ્થાન છે. તેને પામેલા જે ચૈતન્યો તે સર્વે ઈશ્વર કહેવાય છે તે આ બીજું મુક્તિનું સ્થાન છે.

अथ तदुपरि तत्समन्तात् वलयाकारो महाविष्णोः सूत्रात्मात्मकसूक्ष्मशरीरस्य कार्यात्मको निराकार चिन्मयाकाशः कैलासलोको विद्यते। स च ततो दशगुणःपञ्चशतपरार्धयोजनायामः तत्र दिव्य सगुण शिवलिङ्गं ज्योतिरस्ति। पञ्चमुखवत्या स्त्रिया सहाऽहंकारपुरुषो मूर्तिमान् राजते। तत्र दिव्यसाकृतिर्गायत्री सहिता दिव्या

वेदपुरुषाश्चत्वारोऽनंतैश्वर्यशक्त्यादिभिर्जुष्टास्तद्वंदनां कुर्वन्तीति तदुपासकानां तन्मुक्तिस्थानं तृतीयम्। तत्रगताश्चेतना ईश्वरा इत्युच्यन्ते।।

(અર્થ) હવે તેના ઉપર ચારે તરફ ગોળાકાર મહાવિષ્ણુનું સૂત્રાત્મા છે સ્વરૂપ જેનું એવું જે સૂક્ષ્મ શરીર તેના કાર્યરૂપ નિરાકાર ચૈતન્યમય આકાશ એવો કૈલાસ છે. એ કૈલાસ પૂર્વે કહેલા આલોક આકાશ થકી દશગણો એટલે પચાસ પરાર્ધ યોજન વિસ્તારવાળો છે. તેમાં દિવ્ય એવા સગુણ શિવ તેનું જ્યોતિષ લિંગ છે, અને પાંચ મુખવાળી સ્ત્રી તેણે સહિત મૂર્તિમાન અહંકાર પુરુષ રહેલા છે તેમાં દિવ્ય આકારવાળી ગાયત્રી તેણે સહિત એવા દિવ્ય ચાર વેદ પુરુષો તે અનંત ઐશ્વર્યશક્તિ આદિક તેમણે સેવ્યા થકા તે અહંકાર પુરુષની વંદના કરે છે, અને તેની ઉપાસના કરનારાઓનું તે ત્રીજું મુક્તિનું સ્થાન છે. તેને પામેલા સર્વે ચૈતન્યો તે ઈશ્વર કહેવાય છે.

तदुपरि तथाभूतो महाविष्णोरव्याकृतात्मककारण-शरीरस्य कार्यात्मकः सत्त्वस्वभावाकाशो विष्णुलोको विद्यते। स च ततो दशगुणः पञ्चशतपरार्धयोजनायामः तत्र विष्णोर्दिव्यं स्वरूपं लक्ष्मीजुष्टं विराजते। विष्णुरत्रानंतभक्तवृंदसेवितो भिन्नभिन्नरुपैर्विराजत इति तदुपासकानां तन्मुक्तिस्थानं चतुर्थमिति। तत्रगताश्चेतना ईश्वरा इत्युच्यन्ते।।

(અર્થ) તેના ઉપર તે જ પ્રકારનો એટલે ગોળાકાર મહાવિષ્ણુનું અવ્યાકૃત છે સ્વરૂપ જેનું એવું કારણ શરીર તેના કાર્યરૂપ સત્ત્વગુણ સ્વભાવવાળો આકાશ રૂપ જે વિષ્ણુલોક છે, તે વિષ્ણુલોક ઉપર રહેલા ચિન્મય આકાશ કરતાં દશગણો એટલે પાંચસો પરાર્ધ યોજન વિસ્તારવાળો છે. તેમાં લક્ષ્મીજીએ સેવન કરેલું દિવ્ય વિષ્ણુનું સ્વરૂપ શોભે છે, અને તેમાં અનંત ભક્તના સમૂહોએ સેવન કરેલા વિષ્ણુ જુદે જુદે રૂપે શોભી રહેલા છે. તેમના ઉપાસકનું તે ચોથું મુક્તિ સ્થાન છે, અને તેને પામેલા સર્વ ચૈતન્યો તે ઈશ્વર કહેવાય છે.

अथ तदुपरि तथाभूतो महाविष्णोर्महाकारणशरीरस्य कार्यरूपोऽमृतमयाकाशो महाविष्णोर्लोको विद्यते। स च ततो दशगुणः पञ्चसहस्रपरार्धयोजनायामः। तत्र महामायाऽख्य महालक्ष्म्याऽनंतकोटिदिव्यशक्तिसहितया संसेवितो महाविष्णुः षोडशकलापरिपूर्णो विराजते। तत्र पञ्चविंशतिद्वीपाश्चैतन्यात्मका विभक्तास्तत्र तत्र तत्तच्छक्तैश्वर्यादिसेवित तत्तदवताराऽऽकृतिभिर्विराजते। स चात्र लोके भगवद्रूपतयाऽवतरतीति। तत्तदवतारोपासकानां तत्र तत्र द्वीपे तन्मुक्तिस्थानभिति। त इमे सर्वेऽपीश्वरा मायायाः सत्त्वगुणमात्रसंसृष्टाः परम सुखिनः। सोऽयं महाविष्णुर्मूलमायायाः उदरे संस्थितोऽस्ति। स च गर्भो हिरण्यमयकोश इति संज्ञकः। मूलमाया नित्याऽजैका च

नित्यगोलोकात्मकब्रह्मधाम्नि तदेकदेशस्थाऽस्ति। सृष्ट्यादौ परब्रह्मणाऽक्षरब्रह्म सन्मुखमवलोक्य ततः परंब्रह्म अक्षरं प्रविश्य चाक्षररूपेण पुरुषं प्रति प्रविशति। तदा स च पुरुषः परमेश्वरेच्छां विज्ञाय मायया सहसंयुक्तः। ततो मायातो महत्तमोरूपं गोलकाकारमंडं महाविष्णुगर्भमुत्पन्नमासीत्। एवमनेके हिरण्यमयकोशाः प्रादुर्भवन्ति लीयन्ते च।।

(અર્થ) તેના ઉપર તે પ્રકારનો મહાવિષ્ણુના મહાકારણ શરીરના કાર્યરૂપ અમૃતમય આકાશરૂપ મહાવિષ્ણુનો લોક છે. તે ઉપર કહેલા વિષ્ણુ લોક કરતાં દશગણો એટલે પાંચ હજાર પરાર્ધ યોજન વિસ્તારવાળો છે. તેમાં મહામાયા છે નામ જેનું એવી અનંત કોટિ દિવ્ય શક્તિઓ સહિત એવી મહાલક્ષ્મી તેણે સેવન કરેલા સોળ કળા પરિપૂર્ણ એવા મહાવિષ્ણુ શોભી રહેલા છે. અને તેમાં ચૈતન્યરૂપ પચીસ દ્વીપ તે વિભાગથી રહેલા છે, તેમાં તેની ઐશ્વર્યશક્તિ આદિ તેણે સેવન કરેલા તે તે અવતારો આકૃતિઓ સહિત શોભી રહેલા છે. તે મહાવિષ્ણુ આ લોકને વિષે ભગવાનના અવતારરૂપે પ્રગટ થાય છે. તે તે અવતારોના ઉપાસકોને તે તે દ્વીપને વિષે તે મુક્તિ સ્થાન છે. તે આ સર્વ ઈશ્વરો પણ મહામાયાના સત્ત્વગુણ માત્રના યોગથી પરમ સુખિયા છે. તે આ મહાવિષ્ણુ મૂળ માયાના ઉદરને વિષે રહેલા છે, અને તે જે ગર્ભ તે હિરણ્યમયકોશ નામે કહેવાય છે. તે મૂળમાયા નિત્ય, ઉત્પત્તિ રહિત અને એક

એવી છે. તે નિરંતર, ગોલોક છે સ્વરૂપ જેનું એવું બ્રહ્મધામ તેમાં એક દેશમાં રહેલી છે. અને સૃષ્ટિના આરંભમાં પુરુષોત્તમ ભગવાન અક્ષર સામી દૃષ્ટિ કરે છે. એટલે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થઈને પુરુષને પ્રેરે છે. ત્યારે તે પુરુષ પરમેશ્વરની ઇચ્છા જાણીને માયા સાથે જોડાય છે. ત્યાર પછી માયા થકી મહાન તમોરૂપ એવું ગોળાકાર રૂપી ઈંડું એટલે મહાવિષ્ણુરૂપ ગર્ભ તે ઉત્પન્ન થાય છે. એ પ્રકારે અનેક એવા હિરણ્યમયકોશ તે ઉત્પન્ન થાય છે અને અંતે લય પામે છે તથા-

भाग० स्कं. ११, अ. ६.

नस्योतगाव इव यस्य वशे भवन्ति।

ब्रह्मादयस्तनुभृतो मिथुरर्ध्यमानाः।।

कालस्य ते प्रकृतिपूरुषयोः परस्य शं नस्तनोतु चरणः पुरुषोत्तमस्य।। १४।।

તથા ભાગવતના એકાદશ સ્કંધમાં છઠ્ઠા અધ્યાયમાં ભગવાન પ્રત્યે દેવો કહે છે હે ભગવન્ જે પ્રકારે નાસિકાને વિષે નાથેલા એવા બળદો ખેડૂતની આજ્ઞામાં વર્તે છે, તેવી રીતે પરસ્પર પીડાને પામતા અને દેહધારી એવા બ્રહ્માદિક તે પુરુષોત્તમ એવા જે તમે તે તમારી વાણીમાં બંધાયા થકા તમારે વશ વર્તે છે. કાળ, પ્રકૃતિ, પુરુષ તે થકી પર એવા જે તમો પુરુષોત્તમ ભગવાન તે તમારાં ચરણકમળ અમારા સુખને

વિસ્તારો, તથા પ્ર. ૭માં ઈશ્વરનું સ્વરૂપ કહેલું છે' 'તથા વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે ઈશ્વરનો વાચ્યાર્થ એટલે અન્વયપણું છે. અને એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્રપણે કહેવા તે ઈશ્વરનો લક્ષ્યાર્થ એટલે વ્યતિરેકપણું છે.' તથા સા. ૫ માં 'અને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીરમાં એકરસપણે વર્તે એ ઈશ્વરનું અન્વય સ્વરૂપ જાણવું અને પિંડ બ્રહ્માંડથી પર સચ્ચિદાનંદપણે કરીને જે નિરૂપણ કર્યું છે, તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જાણવું.' કા. ૧૨માં 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે સુષુપ્તિ છે તે જીવની માયા છે તે જ સુષુપ્તિ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણરૂપે થાય છે. માટે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ જીવની માયા છે. તેમ જ વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે.' આ ઉપર વર્ણન કર્યા તે સર્વને ઈશ્વર કહેવાય છે, પરંતુ વાસ્તવિક રીતે તો પ્રકૃતિના અધિષ્ઠાતા જે પુરુષ (મૂળ પુરુષ) તે જ ઈશ્વર છે. તે છે. ૧૦માં 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે વેદ, પુરાણ, ઈતિહાસ અને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે આ સિદ્ધાંત કર્યો છે જે જીવ, માયા, ઈશ્વર ને પરમેશ્વર એ સર્વે અનાદિ છે અને માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે ને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે. અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર

તેનો માયા સંગાથે સંબંધ થાય છે, ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિકાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થાતા, માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે, પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી. એ તો અનાદિ જીવ જ છે. તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય ત્યારે ભગવાનની માયાને તરે ને નારદ સનકાદિકની પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે ને ભગવાનનો પાર્ષદ થાય છે, એવી રીતે અમારો સિદ્ધાંત છે.' કોઈક કહેશે કે શાસ્ત્રોમાં કેટલેક ઠેકાણે વૈરાજ પુરુષ, પ્રધાન પુરુષ આદિને ઈશ્વર કહેલા છે પણ મૂળ પુરુષને તો કહ્યા નથી. એ જે કહેવું તે ઠીક છે પરંતુ ઉપર પ્રમાણે છે. ૧૦મા વચનામૃતમાં કહ્યા પ્રમાણે વસ્તુતાએ તો પુરુષ (મૂળ પુરુષ) જ ઈશ્વર છે અને વૈરાજ પુરુષ આદિને જે ઈશ્વર કહ્યા છે તે તો પુરુષ (મૂળ પુરુષ) તેમનો આવિર્ભાવ તે સર્વમાં આવે છે માટે તેમને ઈશ્વર કહેવાય છે. કોની પેઠે તો જ્યારે વૈરાજ પુરુષમાં વાસુદેવ ભગવાન પુરુષ દ્વારે પ્રવેશ કરે છે ત્યારે વૈરાજ પુરુષ દ્વારા અવતાર કહેવાય છે તે મ. ૩૧માં 'અને એ વૈરાજ પુરુષ દ્વારા એ અવતાર થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તે તો એમ સમજવું જે એ જે વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે કરીને

વૈરાજ પુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજ પુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ કેવળ વૈરાજ પુરુષ થકી અવતાર સંભવે જ નહિ માટે એ થકી અવતાર તો એને વિષે વાસુદેવ આવ્યા છે તે સારુ કહ્યા છે. અને એને વિષે વાસુદેવ જે ક્ષેત્રજ્ઞ તેણે પ્રવેશ કર્યો ન હતો, ત્યારે તે વૈરાજ પુરુષ પોતાની ક્રિયા કરવી તેને વિષે પણ સમર્થ નહોતા થયા.' તેવી જ રીતે પુરુષ (મૂળ પુરુષ) જે ઈશ્વર તે જ્યારે વૈરાજ પુરુષાદિકમાં વિરાજમાન હોય ત્યારે જ તેમને ઈશ્વર કહેવાય છે, આ ઉપર કહ્યો તે જ સિદ્ધાંત છે.

इति श्रीमदेकान्तिकधर्मप्रवर्तक श्रीसहजानंदस्वामिचरणकमलमकरंदास्वादमदनादि मुक्तराजसद्‌गुरु श्रीमहानुभावानन्दमुनेराशीरात्मकशिष्यसद्‌गुरुश्रीघनश्यामजीवनदासजी स्वामितच्छिष्यशास्त्रिधर्मस्वरूपदासविरचितश्रीजीसंमतविशिष्टाद्वैतसिद्धांतसागरे ईश्वरनिरूपणं समाप्तम् ।।

## ।। अथ परब्रह्मस्वरूपं निरूप्यते ।।

सर्वस्वामित्वं, सर्वकर्माराधनीयत्वं, सर्वकर्मफलप्रदातृत्वं, सर्वेश्वरत्वं, सर्वशेषित्वं, सर्वाधारत्वं, सर्वकार्यजनकत्वं, स्वस्वज्ञानेतरसमस्तद्रव्यशरीरकत्वं, स्वव्याप्यसमस्तचेतनाचेतनव्यापकचेतनत्वं, स्वतःसत्यसंकल्पत्वं, मुक्तप्राप्योत्तमपुरुषत्वं, जगज्जन्मस्थितिलयकारणत्वं, स्वतः निरस्तनिखिलदोषत्वं, स्वतः सिद्धकल्याणगुणगणाकरत्वं, स्वतो ज्ञानाद्यनंतकल्याणगुणगणयोगत्वं, हेयगुणप्रत्यनीकत्वं, स्वतः समस्तनियामकचेतनत्वमित्यादीनि परब्रह्मणो लक्षणानि ज्ञातव्यानि।।

## હવે પરબ્રહ્મનું સ્વરૂપ નિરૂપણ કરાય છે.

અર્થ- સર્વ સ્વામીપણું, સર્વ કર્મથી આરાધન કરવા યોગ્યપણું, સર્વ કર્મના ફળને આપવાપણું, સર્વેશ્વરપણું, સર્વથી શેષ રહેવાપણું, સર્વાધારપણું, સર્વ કાર્યમાત્રને ઉત્પન્ન કરવાપણું, પોતે અને પોતાના જ્ઞાન સિવાય સમસ્ત દ્રવ્યમાત્રનું શરીરીપણું, પોતાથી વ્યાપ્ય સમગ્ર ચૈતન્ય અને જડ તેના વ્યાપકપણું સતે ચૈતન્યપણું, પોતાથી જ સત્યસંકલ્પપણું, મુક્તોએ પામવા યોગ્ય ઉત્તમ પુરુષપણું, જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય તેને કરવાપણું, સ્વતઃ સિદ્ધ

સમગ્ર દોષરહિતપણું, સ્વતઃ સિદ્ધ કલ્યાણકારી ગુણના સમૂહોનું નિવાસસ્થાનપણું, સ્વતઃ સિદ્ધ જ્ઞાનાદિ અનંત કલ્યાણકારી ગુણના સમૂહે યુક્તપણું, ત્યાગ કરવા યોગ્ય જે ગુણ (દોષ) તેનું વિરોધીપણું, સ્વતઃ સિદ્ધ સમગ્રને નિયમમાં કરનાર ચૈતન્યપણું ઇત્યાદિક પરબ્રહ્મનાં લક્ષણો જાણવાં.

भगवान् श्रीपुरुषोत्तमश्रीस्वामिनारायणः परंब्रह्म स्वरुपतोगुणतश्च अनवधिकातिशय बृहत्वविपुलत्वादिगुणोपेतः। निरस्तनिखिलदोषत्वकल्याणगुणाकरत्वयुक्तः। अस्य ज्ञानाद्यनंतकल्याणगुणयोगत्वहेयप्रत्यनीकत्वोपेतत्वं। प्रवृत्ति निमित्तमस्ति। स च पुरुषोत्तमः सर्वेषां मुक्तानां प्राप्यः सेवनीयश्च स एव सर्वेषां ईश्वरो नियामकश्च। तदुक्तम्।।

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते।।
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः।।

अत्रेश्वरशब्देन परमेश्वरो ज्ञेयः

यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः।।

ईश्वरपुरुषब्रह्माक्षरादिनां सर्वेषां न निरुपाधिकैश्वर्यम्। अपितु पारतंत्र्यैश्वर्यमस्ति। अत्र पुरुषोत्तमश्रीस्वामिनारायणे तु निरुपाधिकं स्वातंत्र्यैश्वर्यमस्ति। जीवस्तु कर्मणा नियंत्रितः

हृदये स्थितः। परमेश्वरस्तु तं नियमयति अतः परमेश्वरः महान् विभुः अपि स्वप्रकाशरूपसर्वांतर्यामित्वरूपेण सूक्ष्मतमः। तदुक्तम् अणोरणीयान् महतो महीयान् इति श्रुतेः। स च परमात्मा जीवस्य स्वप्रकाशरूपांतर्यामिशक्तिरूपेण कर्मफलप्रदः तत्तज्जीवकृताराधनेन स्वयं प्रसन्नो भूत्वा तत्तत्कर्मफलं प्रयच्छति। स चेश्वरः पुरुषब्रह्माक्षरब्रह्ममुक्तानां उपास्यः सेवनीयश्चेश्वरः पुरुषब्रह्माक्षरब्रह्ममुक्तादयस्तु न स्वातंत्र्येण उपास्याः।।

अर्थ- ભગવાન પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ પરબ્રહ્મ તે સ્વરૂપથી અને ગુણથી અવધિરહિત અતિશય વિશાળપણું અને વિપુલપણું આદિક ગુણોએ યુક્ત, સમગ્ર દોષોએ રહિત, કલ્યાણકારી ગુણના સમૂહો જેમાં રહેલા છે એવા તે ભગવાન છે. જ્ઞાનાદિ અનંત કલ્યાણ ગુણયોગપણું અને ત્યાગ કરવા યોગ્ય જે દોષ તેના વિરોધી ગુણોથી યુક્તપણું તે પરબ્રહ્મને પ્રવૃત્તિનું કારણ છે. તે પુરુષોત્તમ ભગવાન સર્વે મુક્તોને પામવા યોગ્ય અને સેવવા યોગ્ય છે. તે જ ભગવાન સર્વના ઈશ્વર તથા નિયામક છે. તે ગીતામાં કહ્યું છે કે આ લોકને વિષે ક્ષર અને અક્ષર આ બે પુરુષ છે. સર્વ ભૂતપ્રાણીમાત્ર તે ક્ષર શબ્દથી કહેવાય છે. અને કૂટસ્થ એટલે વિકારરહિત છે તે અક્ષર એ પ્રકારે કહેવાય છે. અને ઉત્તમ પુરુષ છે તે પૂર્વે કહેલા બે પુરુષથી જુદા છે જેને પરમાત્મા એ પ્રકારે કહેવાય

છે. અવિકારી એવા ઈશ્વર જે પરમાત્મા તે ત્રણ લોકમાં પ્રવેશ કરીને સર્વને ધારણ તથા પોષણ કરે છે. આ ઠેકાણે ઈશ્વર શબ્દથી પરમેશ્વર જાણવા. ભગવાન અર્જુનને કહે છે કે જે હેતુ માટે અક્ષરથી પર હું છું માટે અક્ષરથી પણ ઉત્તમ છું. એ હેતુ માટે લોકમાં તથા વેદમાં પુરુષોત્તમ એ પ્રકારે પ્રસિદ્ધ છું.

ઈશ્વર, પુરુષ, બ્રહ્મ તથા અક્ષર આદિક સર્વને વિષે ઉપાધિ વિનાનું ઐશ્વર્ય નથી પરંતુ ઉપાધિવાળું એટલે પરમાત્માને આધીન ઐશ્વર્ય છે. અને આ પુરુષોત્તમ એવા શ્રી સ્વામિનારાયણને વિષે તો ઉપાધિરહિત એટલે સ્વતંત્ર ઐશ્વર્ય છે. અને જીવ તો કર્મથી આવરિત એવો હૃદયમાં રહેલો છે અને પરમેશ્વર તો જીવને નિયમમાં કરનાર છે. માટે પરમેશ્વર મહાન એટલે વિભુ છે તોપણ પોતાના પ્રકાશરૂપ સર્વાંતર્યામીરૂપે કરીને અતિ સૂક્ષ્મ છે. તે શ્રુતિમાં કહ્યું છે કે પરમેશ્વર સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ છે, અને મોટાથી પણ અતિ મોટા છે. તે પરમાત્મા જીવને પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિરૂપે કર્મફળને આપનાર છે. માટે તે તે જીવ તેણે કરેલું આરાધન તેણે કરીને પોતે પ્રસન્ન થઈને જીવોને તે તે કર્મના ફળને આપે છે. તે પરમાત્મા ઈશ્વર, પુરુષ, બ્રહ્મ, અક્ષર અને મુક્તો એ સર્વેને ઉપાસના કરવા યોગ્ય છે તથા સેવવા યોગ્ય છે. અને પુરુષ, બ્રહ્મ, અક્ષર અને મુક્તો તે સર્વ તો

સ્વતંત્રપણે ઉપાસના કરવા યોગ્ય નથી.

परब्रह्मपरमात्मा स्वाक्षरधाम्नि नित्यं दिव्याकारदिव्यावयवी द्विबाहुः स्थितः क्वचिदन्यत्र स्वभक्तभावनानुकूलस्वेच्छया चतुर्भुजत्वाष्टभुजत्वसहस्त्र-भुजत्वादि रुपं दर्शयति तदुक्तं शिक्षापत्र्याम् श्लोक ११२-

अतश्चास्य स्वरुपेषु भेदो ज्ञेयो न सर्वथा।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम्।।
स च सर्वज्ञः सत्यसंकल्पः सर्वकर्मफलप्रदः।
अंतर्यामी सर्वशक्तिसेवितः परमेश्वरः।।
सर्वत्रैवान्वितः शक्त्या व्यतिरिक्तः स्वतः स्थितः।
नियंता कालमायादेः सर्वकारणकारणम्।

श्रुतयश्च - योऽक्षरे तिष्ठन्नक्षरादन्तरो यमक्षरं न वेद यस्याक्षरं शरीरं, सत आत्मांतर्याम्यमृत, इति।

अक्षरात्परतः परः स एव भगवत्शब्द वाच्योऽस्ति।

तदुक्तं विष्णु पुराणे -

शुद्धे महाविभूत्याख्ये परे ब्रह्मणि शब्द्यते।
मैत्रेय भगवत्शब्दः सर्वकारणकारणे।।

यत्रैश्वर्याणाम् पराकाष्ठा यत्र स्वं स्वतंत्रैश्वर्यमस्ति, यत्र स्वसिद्धमेवैश्वर्यमस्ति इति स्वामी नाम सर्व नियंता। ततः आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः अयनं तस्य ताः पूर्वं तेन नारायणः स्मृतः इति स्मृत्युक्तो विष्णुः। इत्थं नारायणशब्देन

वैकुंठनारायणकृष्णनारायणनरनारायण वासुदेवनारायणा-दयोऽवतारा गृह्यन्ते। इति नारायणशब्दस्यानेकार्थवाचकत्वात् स्वामी चासौ नारायणश्च स्वामिनारायणः।।

અર્થ- પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ દિવ્યાકાર દિવ્ય અવયવવાળા બે હસ્તવાળા પોતાના અક્ષરધામમાં નિરંતર રહેલા છે; તે પરમાત્મા કોઈ વખતે બીજા ઠેકાણે પોતાના ભક્તની ભાવનાને અનુકૂળ પોતાની ઇચ્છાથી ચાર ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું એ આદિકથી યુક્ત એવું સ્વરૂપ બતાવે છે, તે શિક્ષાપત્રી શ્લોક ૧૧૨માં કહ્યું છે 'એ હેતુ માટે બે હસ્તે યુક્ત એવા પોતે તેમના સ્વરૂપને વિષે સર્વ પ્રકારે ભેદ જાણવો નહિ અને ચતુર્ભુજ અષ્ટભુજાદિકપણું તે તો બે હસ્તવાળા એવા પુરુષોત્તમ તેમની ઇચ્છાથી છે.' તે પરમાત્મા સર્વજ્ઞ, સત્ય સંકલ્પવાળા, સર્વને કર્મફળના આપનારા, સર્વના અંતર્યામી, સર્વ શક્તિઓએ સેવેલા, એવા તે પરમેશ્વર પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિથી સર્વમાં અન્વયપણે રહ્યા છે. દિવ્ય અવયવવાળા જુદા પોતાના ધામમાં રહેલા છે. અને કાળ, માયા, બ્રહ્મ, અક્ષર આદિકના નિયંતા છે અને સર્વ કારણના કારણ છે તે શ્રુતિમાં કહેલું છે, 'જે પરમાત્મા અક્ષરમાં રહ્યા થકા અક્ષરને અંદર રહીને નિયમમાં કરે છે. જેને અક્ષર જાણતા નથી, જેનું અક્ષર શરીર છે, અમૃતરૂપ એવા તે પરમાત્મા તારા

અંતર્યામી છે. જે પરમાત્મા આત્માને વિષે રહીને આત્માને નિયમમાં કરે છે, જેને આત્મા જાણતો નથી, જેનું આત્મા શરીર છે, અમૃતરૂપ એવા તે પરમાત્મા તારા અંતર્યામી છે. તે પરમાત્મા પર એવું અક્ષર તે થકી પણ પર છે. તે જ પરમાત્મા ભગવાન શબ્દથી કહેવાય છે. તે વિષ્ણુ પુરાણમાં કહ્યું છે. 'હે મૈત્રેય, મહાવિભૂતિ છે નામ જેમનું એવા સર્વ કારણના કારણ શુદ્ધ એવા પરબ્રહ્મને વિષે ભગવત્ શબ્દ પ્રવર્તે છે.' જેમાં પરાકાષ્ઠા (ઐશ્વર્યની છેલ્લી સ્થિતિ) છે, જેમાં પોતાનું સ્વતંત્ર ઐશ્વર્ય છે, જેમાં સ્વસિદ્ધ ઐશ્વર્ય છે. તે સ્વામી કહેવાય -સર્વનિયંતા કહેવાય. ત્યાર પછી આપ એટલે નાર કહેલ છે. આપ જે જળ તે નરથી ઉત્પન્ન થયેલ છે. તે જળ સમૂહ નરને આશ્રયરૂપ છે તેથી નારાયણ એ પ્રકારે કહેવાય છે. એવી રીતે સ્મૃતિમાં કહેલ જે નારાયણ શબ્દ તે વિષ્ણુવાચક છે. આ પ્રકારે નારાયણ શબ્દથી વૈકુંઠનારાયણ, કૃષ્ણનારાયણ, નરનારાયણ, વાસુદેવનારાયણ આદિક અવતારો કહેવાય છે. આવી રીતે નારાયણ શબ્દને અનેકાર્થપણું છે. માટે સ્વામી એટલે સ્વસિદ્ધ પોતાના જ ઐશ્વર્યવાળા સર્વના (જીવ, ઈશ્વર, માયા, પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર આદિના) નિયંતા (અંતર્યામીપણે સર્વને નિયમમાં કરનાર) એવા જે નારાયણ તે સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે.

स एव पुरुषोत्तमः परब्रह्माक्षरातीतः सर्वेषामन्तर्यामित्वेन कर्मफलप्रदोऽस्ति। तदुक्तं शिक्षापत्र्याम् श्लोक १०७

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः।
ज्ञेयः स्वतंत्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः।।

स च सूक्ष्मचिदचिद्वस्तुविशिष्टस्वप्रकाशरूपांतर्यामि-शक्तिरूपेण जगदुपादानकारणं भवति। ततो व्यतिरिक्तस्वधामस्थदिव्याकारस्वरूपेण च निमित्तकारणं भवति। पुरुषकालाक्षराद्यन्तर्यामिस्वरूपेण ज्ञानशक्त्यादि-विशिष्टस्वरूपेण च सहकारिकारणं भवति। अत्र कारणं त्रिविधं उपादानं निमित्तं सहकारि चेति। तत्र कार्यरूपेण परिणामार्हं वस्तु उपादानकारणं यथा घटकार्यं प्रति मृत्तिका। उपादानवस्तुनः कार्यरूपेण परिणामं यः करोति स एव निमित्तकारणं यथा घटकार्यं प्रति कुलालः। कार्योत्पत्तौ उपकरणं वस्तु सहकारिकारणं यथा घटकार्यं प्रति दण्डचक्रादयः। अस्य जगतस्तु त्रिविधमपि कारणं परमात्मैव। किं च एकमेवाद्वितीयं ब्रह्मेति श्रुतिरपि तद् ब्रह्म उपादानकारणं निमित्तकारणं चास्तीति प्रतिपादयति तेन सजातीय विजातीय स्वगतभेदशून्यं ब्रह्मेति सिद्धम्। अत्रैकशब्देन सजातीयभेदनिवृत्तिः। एवेत्यवधारणेन विजातीयभेदो निवर्त्यते। अद्वितीयशब्देन स्वगतभेदश्च निवर्त्यतेऽतो

भेदत्रयरहितं ब्रह्मेति ।

અર્થ- તે જ પુરુષોત્તમ અક્ષરાતીત પરબ્રહ્મ સર્વના અંતર્યામીપણે કરીને કર્મફળને આપે છે. એમ શિક્ષાપત્રી શ્લોક ૧૦૭માં કહ્યું છે: 'હૃદયને વિષે જેમ જીવ રહ્યો છે તેમ તે પરમાત્મા જીવમાં અંતર્યામીપણે રહ્યા છે. ને સ્વતંત્ર છે. સર્વના કર્મફળને આપનારા એવા તે ભગવાન જાણવા.' તે ભગવાન સૂક્ષ્મ જડ ચૈતન્ય વસ્તુમાં વિશિષ્ટ સ્વપ્રકાશરૂપ અંતર્યામી શક્તિરૂપે જગતનું ઉપાદાન કારણ થાય છે. જડ ચૈતન્યથી જુદા પોતાના ધામમાં રહેલા દિવ્યાકારરૂપે નિમિત્ત કારણ થાય છે. પુરુષ, કાળ, અક્ષર એ આદિકના અંતર્યામી સ્વરૂપે તથા જ્ઞાન શક્તિ આદિ વિશિષ્ટ સ્વરૂપે સહકારી કારણ થાય છે. આ સ્થળે ઉપાદાન, નિમિત્ત તથા સહકારી એમ ત્રણ પ્રકારનું કારણ છે. તેમાં કાર્યરૂપે પરિણામ પામવાને યોગ્ય વસ્તુ તે ઉપાદાન કારણ છે. જેમ ઘટકાર્યના પ્રત્યે મૃત્તિકા છે. જે ઉપાદાન વસ્તુનું કાર્યરૂપે પરિણામ કરે તે નિમિત્ત કારણ છે. જેમ ઘટકાર્યમાં કુંભાર છે તેમ કાર્યની ઉત્પત્તિ કરવામાં ઉપર બતાવેલાં બે કારણથી ભિન્ન ઉપકરણ વસ્તુ તે સહકારી કારણ છે. જેમ ઘટ કાર્યમાં દંડચક્રાદિ છે તેમ. આ જગતનું ત્રણે પ્રકારનું કારણ તે પરમાત્મા જ છે. બીજું શું તો 'एकमेवाद्वितीयं ब्रह्म' એ શ્રુતિ પણ તે બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ છે એમ

પ્રતિપાદન કરે છે. તેથી તે બ્રહ્મ સજાતીય વિજાતીય અને સ્વગત એ ત્રણ ભેદથી રહિત છે એમ સિદ્ધ થાય છે. આ ઠેકાણે 'एक' એ પદથી સજાતીય એ ભેદ નિવૃત્ત થાય છે. 'एव' એ પ્રકારના નિશ્ચયાર્થ પદથી વિજાતીય ભેદ નિવૃત્ત થાય છે. 'अद्वितीय' એ પદથી સ્વગત ભેદ પણ ટળી જાય છે. એ હેતુ માટે ઉપર કહેલા ત્રણ ભેદે રહિત બ્રહ્મ છે.

न चैवं परब्रह्मणो जगदुपादानत्वे स्वस्वरुपविकारापत्तिः स्यादिति वाच्यम्। कुतः दिव्याकारमूर्तेः परब्रह्मणः स्वाक्षरधामस्थस्य भगवतः पुरुषोत्तमस्य स्वप्रकाशरुपांतर्यामिशक्त्या चिदचिद्वस्तुविशिष्टस्य परब्रह्मणः जगद्रूपेण परिणामेसत्यपि स्वधामस्थस्य दिव्याकारस्य विशेषस्य परिणामाभावात्। अत एकस्यैव परमात्मनो निमित्तत्वमुपादानत्वं च निर्बाधमेव।। ननु साकारस्य परिच्छिन्नत्वादेकदेशस्थत्वाच्च व्यापकत्वमसंगतमिति चेन्न। यथा एकदेशस्थस्य साकारस्य सूर्यस्य स्वप्रकाशरुपेण ब्रह्मांडव्यापकत्वमस्ति। तथैव स्वब्रह्मपुरस्थस्य दिव्याकृतेः पुरुषोत्तमस्य स्वप्रकाशरुपांतर्यामिशक्त्या सर्वत्र व्यापकत्वं ज्ञेयम्। एवं परब्रह्मपरमात्मा एकः सदैव साकारः सर्वज्ञत्वसत्यसंकल्पत्वादिकानंतगुणगणयुक्तः स्वब्रह्मधाम्नि विराजमानः सन् स्वप्रकाशरुपांतर्यामिशक्त्या जीवेश्वरब्रह्माक्षरादीना यथार्थकर्मफलप्रदायकोऽस्ति। ननु

अयमात्मा ब्रह्म। अहं ब्रह्मास्मि। तत्त्वमसि इत्यादिमहावाक्येषु एकमेवाद्वितीयं ब्रह्म। नेहनानास्तिकिंचन। सदेव सौम्येदमग्रआसीत्। इत्यादि श्रुतिषु च जीवः ब्रह्मशब्दवाच्यपरमात्मा च तयोरभेद एकत्वमेव प्रतीयते।। कथं तयोर्भिन्नत्वमितिचेत् तत्रोच्यते। उपर्युक्तमहावाक्यश्रुत्यादीनामेवं नार्थः किंत्वित्थमर्थः। अयमात्मा जीवो ब्रह्म। ब्रह्मशंब्दवाच्यपरमात्मनोंऽशः। अतो दासो नाम तत्सदृशः। ननु निरंशस्य ब्रह्मणोंऽशत्वं कथमितिचेत् तत्रोत्तरमुच्यते नह्यत्रांशत्वं खण्डत्वेन विभागत्वेन वा किंतु सादृश्येन साधर्म्येण चास्ति। सादृश्यं चात्र चेतनत्वेन गुणैश्च। एतादृशसादृश्येण साधर्म्येण च जीवात्मनि परमात्मनः अंशत्वमुच्यते।।

હવે શંકા કરીને કહે છે કે એ પ્રકારે પરબ્રહ્મને જગતનું ઉપાદાન કારણ માનીએ તો પોતાના સ્વરૂપમાં વિકારરૂપ આપત્તિ પ્રાપ્ત થાય એમ કહેવું? તો કહે છે કે ન કહેવું. કેમ કે પોતાના ધામમાં રહેલા દિવ્યાકાર મૂર્તિ અને પોતાના પ્રકાશરૂપ અંતર્યામીશક્તિથી જડ, ચૈતન્ય વસ્તુમાં વ્યાપ્ત એવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનનું જગત રૂપે પરિણામ થાય છે તોપણ પોતાના ધામમાં રહેલ દિવ્યાકાર મૂર્તિનો પરિણામ થતો નથી. માટે એક જ પરમાત્મા જગતનું ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ થાય છે. તેમાં કોઈ પ્રકારનો બાધ નથી. હવે શંકા ઉઠાવે છે કે સાકાર વસ્તુ પરિચ્છિન્ન હોય છે, અને

એક સ્થાનમાં રહેલ હોય છે. માટે વ્યાપકપણું ઘટતું નથી એમ કહેવું તે અસત્ય છે. તે દર્શાવે છે. એક સ્થાનમાં રહેલ સૂર્ય તેનું પોતાના પ્રકાશ રૂપે સમગ્ર બ્રહ્માંડમાં જેમ વ્યાપકપણું છે, તેવી જ રીતે પોતાના બ્રહ્મપુર ધામમાં રહેલા દિવ્યાકાર પુરુષોત્તમ ભગવાનનું સ્વપ્રકાશરૂપ અંતર્યામીશક્તિથી સર્વમાં વ્યાપકપણું જાણવું એ પ્રકારે પરબ્રહ્મ પરમાત્મા એક જ સદા સાકાર, સર્વજ્ઞપણું, સત્યસંકલ્પપણું, આદિક અનંત કલ્યાણકારી ગુણના સમૂહયુક્ત થકા પોતાના બ્રહ્મપુર ધામમાં વિરાજમાન હોઈને પોતાના પ્રકાશરૂપ અંતર્યામીશક્તિથી જીવ, ઈશ્વર, બ્રહ્મ, અક્ષરાદિકના યથાર્થ કર્મફળને આપનારા છે. વળી પણ શંકા કરે છે કે આ આત્મા બ્રહ્મ છે, હું બ્રહ્મ છું, તું તે બ્રહ્મ છે. ઈત્યાદિક મહાવાક્યોમાં તથા 'एकमेवाद्वितीयं ब्रह्म नेहनानास्तिकिंचन' આ એક જ અજોડ બ્રહ્મ છે. બીજું નાના પ્રકારે કાંઈ નથી. તથા 'सदेव सौम्येदमग्र आसीत्' હે સૌમ્ય પ્રથમ આ એક જ સત્યરૂપ જગત હતું ઈત્યાદિક શ્રુતિઓમાં જીવ અને બ્રહ્મ શબ્દવાચ્ય જે પરમાત્મા એ બેનો અભેદ એટલે એકપણું જ સિદ્ધ થાય છે. તો પછી જીવ પરમાત્માનું ભિન્નપણું કિયે પ્રકારે છે? તો તેના ઉત્તરમાં કહે છે કે ઉપર કહેલાં મહાવાક્યો તથા શ્રુતિઓનો એમ અર્થ નથી, પરંતુ આ પ્રકારે અર્થ છે. 'अयमात्मा'- આ જીવ તે 'ब्रह्म'

એટલે બ્રહ્મ શબ્દથી કહેવાતા પરમાત્માનો અંશ માટે દાસ- તે પરમાત્માને સદૃશ છે. હવે શંકા કરે છે કે નિરંશ (વિભાગરહિત) એવા પરમાત્મા તેમનું અંશપણું (વિભાગપણું) કેવી રીતે હોઈ શકે? તેના ઉત્તરમાં કહે છે કે આ ઠેકાણે અંશપણું કકડો અથવા વિભાગપણાથી નથી કહેલ પરંતુ સદૃશપણેથી અને સાધર્મ્યપણાથી છે. આ ઠેકાણે સદૃશપણું ચેતનપણાથી અને ગુણોથી છે એવું જે સદૃશપણું અને સાધર્મ્યપણું તેથી જીવને પરમાત્માનો અંશ કહેવાય છે. તે શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીમુખે મ૦ ૮માં કહ્યું છે 'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ।।' એ શ્લોકનો એ અર્થ છે જે અનેક જન્મનું સુકૃત ભેગું થાય છે તેણે કરીને જે સંસિદ્ધ થયો તે પરમપદને પામે છે. તે પરમપદ તે શું જે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે અને વળી શ્રીકૃષ્ણ ભગવાને એમ પણ કહ્યું છે જે-

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानींद्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।

(અર્થ) એ શ્લોકનો અર્થ એ છે જે આ સંસારને વિષે ભગવાનના અંશ જે જીવે છે તે તો મને સહિત જે પંચજ્ઞાન ઇંદ્રિયો તેને પંચ વિષય થકી ખેંચીને પોતાને વશ રાખે છે અને જે ભગવાનના અંશ નથી તેને તો ઇંદ્રિયો ખેંચીને જ્યાં પોતાની ઇચ્છા હોય ત્યાં લઈ જાય છે. માટે આપણે સર્વે

ઇંદ્રિયોના દોર્યા દોરાતા નથી, તો જો ભગવાનના અંશ છીએ એવું જાણીને અતિશે આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવું. અને સર્વે ઇંદ્રિયોની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપમાં હોમવી.' તથા લીલામૃતમાં કહ્યું છે। 'छे जीवब्रह्मांश श्रुति कहे छे । एमां ऊंडो अर्थ घणो रहे छे ।। राजातणो हाथ प्रधान जेम।। छे ब्रह्मनो अंशज जीव एम ।।' આ પ્રમાણે જીવાત્મા તે બ્રહ્મનો અંશ કહેવાય છે, પણ અગ્નિમાંથી જુદા તણખા ઊડે છે અને તે તણખા અગ્નિનો અંશ કહેવાય તેમ જીવો પરમાત્માના અંશ નથી તે સિદ્ધાંત વાત છે.

स च परमेश्वर: परव्यूहविभवाऽन्तर्याम्यर्चाऽवताररूपेण पञ्चधाऽवस्थित:। तत्र परशब्दार्थो विविच्यते। यथाक्रमं परतयाऽवस्थितेभ्य:मायापुरुषकालब्रह्माऽक्षराऽक्षरब्रह्मादिकेभ्य: स्वरूपस्वभावादिभिरत्यंतविलक्षण:परश्च। दिव्याऽकाराऽनंता-ऽनादिमुक्ता: अतिस्नेहेन यस्य भगवतो दिव्यमूर्तौ स्थित्वा अविभागेन मूर्तेर्दिव्यं सुखमनुभवन्ति। यन्मूर्तिं परित: स्थिता: दिव्याकारपरमैकांतिकमुक्ताश्चाऽपिसन्मुखत्वेन वर्तमाना: सन्त: मूर्तेर्दिव्यं सुखमनुभवन्ति। अत्र पृथिव्यामवतीर्ग्राऽनंतजीव-मोक्षार्थं मनुष्यरूपेण वर्तमानं तं श्रीस्वामिनारायणभगवन्तं सेवितुमत्र भुव्यागता: अनादिमुक्तराज श्रीमुक्तानंदस्वामी गोपालानंदस्वामिब्रह्मानंदस्वामिगुणातीतानंदस्वामिनित्यानंदस्वामी महानुभावानंदस्वामिसच्चिदानंदस्वामिशतानंदस्वामिस्वरूपानंदस्वामी

वासुदेवानन्दस्वामिमुकुंदानंदस्वाम्यादिनामभिरुपलक्षितैः। तथोत्तम राजहेमंतसिंहपर्वतसोमसुरादिनामभिरुपलक्षितैश्च। जयाललितादिनामभिरुपलक्षितैश्चाऽसंख्याऽनादिमुक्तैः परमैकांतिकमुक्तैश्चाविरतं सेव्यमानः।। दिव्याकारमनोहर मंगलमूर्तिरुपेण सदास्वपरमाक्षरदिव्यधाम्नि विराजमानो दिव्यमंगलनवीनकिशोरशरीरो द्विभुजो दिव्यकिरीटाद्यनन्त भूषणाऽलंकारादिविभूषितोऽनंतपुरुषब्रह्माऽक्षरादिभिः सततं वन्दितसेवितचरणकमलः स दिव्याकारोऽस्य जगतः निमित्तकारणम्। स्वप्रकाशरुपांतर्यामिशक्तिरुपेणोपादानकारणं च। स चाऽनन्तदिव्यकल्याणगुणगणशक्तैश्वर्यादिसेवितः श्रीस्वामिनारायणपरमात्मा स एव परब्रह्मपुरुषोत्तमाऽक्षरातीत-घनश्याममहाराजश्रीहरिहरिकृष्णसहजानंद नीलकंठनारायण-मुनिस्वामिनारायणादिशब्दवाच्योऽस्ति। स हि निरतिशय-सर्वज्ञतानिदानम्। सर्वाऽविर्भावकारणम्।। सर्वदिव्यविभूति-पतिः सर्वानन्दमयः सर्वसुखमयः स्वतः पूर्णः सर्वनियंता सर्वाधारः सर्वसाक्षी सर्वांतर्यामी सर्वोपास्यमूर्तिः सर्वरसमयाऽखंडमूर्तिः सर्वैश्वर्यशक्तिविभूतिभाजनः सर्वसुन्दरतालावण्यभाजनरुपः अपारकरुणानिधिरनवधि-कातिशयकल्याणगुणगणसागरोऽस्ति। इति परशब्दार्थो ज्ञेयः। ननु अनादिमुक्ता मूर्तौ स्थित्वा सुखमनुभवन्ति इति यदुक्तं तत्त्वसंगतम्। कुतः 'य आत्मनि तिष्ठन्नात्मनांऽतरोयमात्मा न

वेद यस्यात्मा शरीरं स त आत्मांतर्याम्यमृतः' 'नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान्। तमात्मस्थं येऽनुपश्यंति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्' तथा च स्मर्यते:- 'हृदये जीववज्जीवे योऽन्तर्यामितयास्थितः। ज्ञेयः स्वतंत्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः।।' इत्यादिश्रुतिस्मृतिषु भगवतः आत्मन्यंतर्यामितया प्रवेशस्तूक्तः न तु भगवति भक्तानां मुक्तानां वा प्रवेश इति चेन्न। मुक्तानां भगवति प्रवेशःस्यादेव तदुक्तं गीतायाम् अ. ११ भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन। ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप।।५४।। तथा धर्मज्ञानवैराग्यभक्त्यादिसाधन संपन्नैकांतिकभक्तानां हि वासुदेवे भगवति प्रवेशो भवतीत्युक्तं मध्यप्रकरणस्थाऽष्टत्रिंशत्तमे वचोमृते। अंतिमप्रकरणस्थ त्रयस्त्रिंशे च। न चैवं लुब्धादिनां धनादौ यथा तथा प्रवेश इति वाच्यम्। अत्र सदेहेन वर्तमानानामेकांन्तिकानां साधनदशायां भगवति स प्रवेश उक्तः। तर्हि तेभ्यः एकान्तिकेभ्यः रूपगुणैश्वर्यादिसामर्थ्यैः परेभ्योऽत्यंतोत्कृष्टेभ्यः परमैकान्तिकेभ्योऽप्यत्यंतोत्कृष्टतया वर्तमानाःस्वसिद्धाऽनादिमुक्ताः सन्ति। तेऽनादिमुक्ता मूर्तौ स्थित्वा सुखमनुभवन्तीति किमु वक्तव्यम्। अतोऽनादिमुक्ता मूर्तौ स्थित्वा सुखमनुभवन्त्येव। तदुक्तं भगवता श्रीस्वामिनारायणेन शिक्षापत्रीप्रारंभे -

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्याऽस्ति वक्षसि।

वृन्दावनविहारन्तं श्रीकृष्णं हृदि चिन्तये।। १।।
एते राधादयोभक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित्।
क्वचित्तदङ्गेऽतिस्नेहात् स तु ज्ञेयस्तदैकलः।। १११।।

अत्र प्रथम श्लोके राधाशब्देन मूर्तिं परितः स्थितानां परमैकान्तिकमुक्तानां स्थितिरुक्ता। श्रीशब्देन मूर्तौ स्थिताऽनादिमुक्तानां स्थितिश्चोक्ता। द्वितीयश्लोकेऽपि उभयेषां मुक्तानां स्थित्यभिहिता तथा मुक्तानन्दस्वामिकृतसूत्रभाष्यरन्ते अ. ४ पा. ४ सू. ४ - तत्समानगुणरुपो मुक्तआत्मपार्षदतया निरतिशयानन्दपर- ब्रह्मस्वरुपं सेवमानस्तत्सुखमनुभवति। क्वचिदतिप्रेम्णा तस्मिन् विलीयते चेत्तर्हितु परब्रह्मस्वरुपमविभागेनाऽनुभवतीति निर्णयः। अविभागेन अविभागेन नाम तादात्म्येन तादात्म्यं च तद्भिन्नत्वे सति तदभेदेन प्रतीयमानत्वं यथा मधुनिलिल्युरशेषरसास्तद्वत्। न चात्राद्वैत प्रसंगइति वाच्यं वस्तुभिन्नत्वात्। ये चात्राऽत्यंतस्नेहिनस्ते तु तद्धरिमूर्तौ नितरांमग्ना एव स्युः। 'क्वचिदतिप्रेम्णा' क्वचित्समये अतिस्नेहाद्गाढानुरागवशात्तदङ्गे हृदयाद्यङ्गेस्युरिति शुकमुनिवाक्यात् स. जी. हे. टी.। तस्याङ्गंहृदयादि तस्मिन्नेव सायुज्येन स्युरिति शतानन्दमुनिवाक्यात् शि. प.। क्वचित्तु तदङ्ग एव संन्निहिताः पृथङ्न विज्ञायन्ते, तदा भगवानेको विज्ञायते, तत्र च निमित्तं भगवतोऽवतरतः संकल्प एव,

स्नेहातिशयाच्चैषामवकाशमङ्गएव प्रयच्छति भगवानिति। इत्याद्याचार्याश्रीरघुवीरजीमहाराजवाक्यात्। ह. त. ८९ अतिस्नेहेन लक्ष्मीवत्प्राप्नोत्यैक्यं क्वचिद्धरौ। सा. ११ तथैव मे भक्तोऽपि प्रेमातिशयेन विलीयते कदाचिन्मयि।

અર્થ – તે પરમેશ્વર પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી અને અર્ચા અવતાર એ પાંચ પ્રકારે રહેલા છે તેમાં પર શબ્દનો અર્થ વિવેચન કરાય છે. અનુક્રમ પ્રમાણે પરપણે રહેલા માયા, પુરુષ, કાળ, બ્રહ્મ, અક્ષર અને અક્ષરબ્રહ્મ આદિકથી પર અને સ્વરૂપ સ્વભાવાદિ વડે અત્યંત વિલક્ષણ જે ભગવાનની દિવ્ય મૂર્તિમાં અતિ સ્નેહને લીધે રહીને દિવ્યાકાર અનંત અનાદિ મુક્તો અવિભાગ વડે મૂર્તિનું દિવ્ય સુખ અનુભવે છે. જે મૂર્તિની ચારે તરફ રહેલા દિવ્યાકાર પરમ એકાંતિક મુક્તો પણ સન્મુખપણે વર્તતા થકા મૂર્તિનું દિવ્ય સુખ અનુભવે છે. આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને અનંત જીવના મોક્ષને માટે મનુષ્યરૂપે વર્તતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને સેવા માટે પૃથ્વી ઉપર આવેલા, અનાદિ મુક્તરાજ શ્રી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, શતાનંદ (સંતદાસજી)સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, મુકુંદાનંદ સ્વામી તથા ઉત્તમરાજા (દાદો ખાચર), હેમંતસિંહ (જીણોભાઈ), પર્વતભાઈ, સોમલા

ખાચર, સુરા ખાચર એ આદિક તથા જયા (જીવુબા), લલિતા (લાડુબા) એ આદિક નામોથી જણાતા અસંખ્ય અનાદિ મુક્તો તથા પરમ એકાંતિક મુક્તોએ નિરંતર સેવેલા દિવ્યાકાર મનોહર મંગળ મૂર્તિરૂપે સદા પોતાના ઉત્તમ દિવ્ય અક્ષરધામમાં બિરાજતા, દિવ્ય, મંગળ, નવીન કિશોર શરીરવાળા, દ્વિભુજ, દિવ્યમુકુટાદિક અનંત આભૂષણ અલંકારથી શોભતા, અનંત પુરુષ, બ્રહ્મ, અક્ષર આદિ તેમણે નિરંતર વંદના કરીને સેવન કરેલ છે ચરણકમળ જેમનું એવા તે દિવ્યાકાર પુરુષોત્તમ ભગવાન જગતના નિમિત્ત કારણ છે. અને પોતાના પ્રકાશરૂપ અંતર્યામીશક્તિરૂપે જગતના ઉપાદાન કારણ છે. તે ભગવાન અનંત દિવ્ય કલ્યાણકારી ગુણના સમૂહશક્તિ ઐશ્વર્યાદિકથી સેવાયેલા શ્રી સ્વામિનારાયણ પરમાત્મા તે જ પરબ્રહ્મ, પુરુષોત્તમ, અક્ષરાતીત, ઘનશ્યામ મહારાજ, શ્રીહરિ, હરિકૃષ્ણ, સહજાનંદ, નીલકંઠ, નારાયણ મુનિ, સ્વામિનારાયણ આદિક શબ્દોથી કહેવાય છે. તે ભગવાન નિરતિશય સર્વજ્ઞપણાના કારણ છે. સર્વ અવતારોના કારણ છે. સર્વ દિવ્ય વિભૂતિઓના પતિ છે, સર્વ આનંદમય, સર્વ સુખમય, પોતાથી પૂર્ણ, સર્વના નિયામક, સર્વના આધાર, સર્વના સાક્ષી, સર્વના અંતર્યામી, સર્વને ઉપાસ્ય મૂર્તિ, સર્વ રસમય અખંડ મૂર્તિ છે, સર્વ ઐશ્વર્ય શક્તિ વિભૂતિના સ્થાન રૂપ છે, સર્વ સુંદરતા લાવણ્યતાના સ્થાનરૂપ

છે, અપાર કરુણાના સમુદ્ર, અનવધિકાતિશય, કલ્યાણકારી ગુણસમૂહના સમુદ્ર છે એ પ્રકારે પર શબ્દનો અર્થ જાણવો.

હવે કોઈ શંકા કરે કે અનાદિ મુક્તો મૂર્તિમાં રહીને મૂર્તિના સુખનો અનુભવ કરે છે. એમ જે કહેવામાં આવ્યું તે સંગત થતું નથી. કેમ કે જે પરમાત્મા આત્મામાં રહ્યા થકા આત્માથી જુદા છે. તે જેને આત્મા જાણી શકતો નથી, જેનું આત્મા શરીર છે તે પરમાત્મા તારા અંતર્યામી અમૃતરૂપ છે. નિત્ય, ચૈતન્ય, એક એવા જે પરમાત્મા તે નિત્ય, ચૈતન્ય, અનેક એવા આત્માઓના મનોરથ પૂર્ણ કરે છે. આત્મામાં રહેલા એવા તે પરમાત્માને ધીરજવાળા જે પુરુષો જુએ છે, તેમને જ નિરંતર શાંતિ છે. બીજાને નથી.

તે જ પ્રમાણે શ્રીહરિની સ્મૃતિમાં (શિક્ષાપત્રીમાં) કહ્યું છે કે 'હૃદયને વિષે જેમ જીવ રહ્યો છે તેમ તે જીવમાં અંતર્યામીપણે કરીને જે ભગવાન રહ્યા છે, તે સ્વતંત્ર સર્વ કર્મફળને આપનાર એવા ઈશ્વર છે.' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિમાં ભગવાનનો અંતર્યામીપણે આત્મામાં પ્રવેશ કહેલો છે. પણ ભગવાનમાં ભક્તનો અથવા મુક્તનો પ્રવેશ કહ્યો નથી એમ શંકા કરવી નહિ, કેમ કે તે ગીતામાં કહ્યું છે 'હે અર્જુન, એ પ્રકારનો હું (તે મને) મારા ભક્તો અનન્ય ભક્તિથી જાણી શકે છે, જોઈ શકે છે, અને યથાર્થપણે કરીને (મારામાં) પ્રવેશ કરી શકે છે.' તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ

સાધનથી સંપન્ન એકાંતિક ભક્તોનો વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય છે. તે મ. ૩૮માં કહ્યું છે. 'માટે જે એકાંતિક ભક્ત હોય તેને એક તો આત્મનિષ્ઠા હોય ને બીજો વૈરાગ્ય હોય ને ત્રીજો પોતાનો ધર્મ દઢપણે હોય, ને ચોથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અત્યંત ભક્તિ હોય, તે એકાંતિક ભક્ત જ્યારે દેહ મૂકે, ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે.' તથા છે૦ ૩૩માં કહ્યું છે 'શ્રીજીમહારાજ એમ બોલ્યા જે વાસુદેવ ભગવાનનો એકાંતિક ભક્ત કોને કહીએ? તો જેને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યને માહાત્મ્યે યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ એટલાં વાનાં હોય તેને એકાંતિક ભક્ત કહીએ ને એની ગતિ એમ કહી છે જે એનો વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય. જેમ લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિષે ચિહ્નરૂપે સ્નેહના અધિકપણે કરીને રહ્યાં છે, ને બહાર થકી સ્ત્રી રૂપે કરીને સેવામાં પણ રહ્યાં છે તેમ એ એકાંતિક ભક્તનો વાસુદેવ ભગવાનને વિષે પ્રવેશ જાણવો.' વળી કોઈ શંકા કરે કે લોભિયા આદિકનો ધનાદિકમાં જેમ પ્રવેશ થાય છે તેમ પ્રવેશ કહેવો? તો કહે છે ના. આ ઠેકાણે દેહ સહિત વર્તનારા એકાંતિક ભક્તનો સાધન દશામાં ભગવાનને વિષે પ્રવેશ કહ્યો છે તો પછી રૂપ, ગુણ, ઐશ્વર્ય, સામર્થી આદિક વડે એકાંતિકથી પર અતિશય શ્રેષ્ઠ જે પરમ એકાંતિક સિદ્ધ મુક્તો તેથી પણ અત્યંત ઉત્કૃષ્ટપણે

વર્તતા એવા સ્વસિદ્ધ અનાદિ મુક્તો ભગવાનની મૂર્તિમાં રહીને સુખને અનુભવે એમાં શું કહેવું. માટે અનાદિ મુક્તો મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવે છે જ. તે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના આરંભમાં કહ્યું છે. 'જેને ડાબે પડખે રાધિકાજી રહ્યાં છે, જેના વક્ષસ્થળમાં લક્ષ્મીજી રહ્યાં છે. વૃંદાવનને વિષે વિહારના કરનારા તે શ્રીકૃષ્ણ ભગવાનનું હું મારા હૃદયમાં ચિંતવન કરું છું.' તથા શ્લોક ૧૧૧માં 'એ રાધાદિક ભક્તો કોઈ સમયે ભગવાનના પડખે હોય છે અને કોઈ સમયે તે ભગવાનના અંગમાં અતિ સ્નેહથી લીન હોય છે. ત્યારે તે ભગવાન એકલા જાણવા.' આ ઠેકાણે પહેલા શ્લોકમાં રાધા શબ્દથી પોતાની મૂર્તિને ચારે તરફ રહેલા પરમ એકાંતિક મુક્તની સ્થિતિ કહી છે. શ્રી શબ્દથી મૂર્તિમાં રહેલા સિદ્ધ અનાદિ મુક્તોની સ્થિતિ કહેલી છે. બીજા શ્લોકમાં પણ ઉપર કહેલા બે પ્રકારના (પરમ એકાંતિક તથા અનાદિ) મુક્તોની સ્થિતિ કહી છે. તથા મુક્તાનંદ સ્વામી કૃત સૂત્ર ભાષ્યરત્નમાં અ. ૪ પા. ૪ સૂ. ૪માં કહ્યું છે 'તે ભગવાનના તુલ્ય છે ગુણરૂપ જેનાં એવા મુક્ત પોતાના પાર્ષદપણાથી નિરતિશય આનંદવાળું પરબ્રહ્મનું સ્વરૂપ તેને સેવન કરતા થકા તે પરબ્રહ્મનું સુખ અનુભવે છે. અને કોઈક સમયમાં અતિશય પ્રેમથી તે પરબ્રહ્મમાં લીન થાય છે ત્યારે તો અભિન્નપણે પરબ્રહ્મનું સુખ અનુભવે છે. એ પ્રકારનો સિદ્ધાંત

છે.' अविभागेन  અવિભાગપણે કરીને એટલે તાદાત્મ્યપણે કરીને એટલે તેથી ભિન્ન છતાં અભિન્નપણે જણાવું તે. જેમ મધમાં સમગ્ર રસો લય પામે છે તેમ. આ સ્થળે અદ્વૈત પ્રસંગ આવશે એવી શંકા કરવી નહિ. કારણ કે પરમાત્મા તથા મુક્તો બંને વસ્તુ ભિન્ન છે. તે બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે 'રસબસ હોઈ રહી રસિયા સંગ; જ્યું મીસરી પય માંહી ભળી આજ એકાદશી સુફળ ફળી.' तथा हरिलीलामृत. क. ३० वि. १५ ।

अंते जीवो ब्रह्म विषे समाय।
ते वात साची श्रुति एम गाय।।
जले समाया जलजंतु जेम।
ते ब्रह्ममां लीन थशे ज तेम।। ३६।।
जो नीरमां क्षीर मळ्युं जणाय।
तथापि ते एक कदी न थाय।।
आत्मा तथा जे परमात्म छेय।
मळ्या दीसे तो पण भिन्न बेय।। ३७।।

આ ઉપરથી શ્રી પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિમાં અનાદિ મુક્તો રસબસ રહી મૂર્તિનું સુખ અનુભવે છે તે વાત નિર્વિવાદ છે. જે પુરુષો પરબ્રહ્મને વિષે અતિ સ્નેહવાળા હોય છે તે તો ભગવાનની મૂર્તિમાં અત્યંત લીન જ હોય છે. 'क्वचिदतिप्रेम्णा' કોઈ સમયે અતિ

સ્નેહથી એટલે ગાઢ સ્નેહના વશપણાથી તે ભગવાનના હૃદયાદિક અંગને વિષે લીન હોય છે. આવું શુકમુનિનું સ. જી. હેતુ ટીકામાં વાક્ય છે. તથા તે ભગવાનના હૃદયાદિક અંગમાં અતિ સ્નેહવાળા મુક્તો સંયુક્તપણે કરીને રહે છે, એવું શતાનંદમુનિનું શિક્ષાપત્રીમાં વાક્ય છે. 'क्वचित्तु' તે ભગવાનના અંગમાં સંયુક્ત હોય છે, જુદા નથી જણાતા તે સમયમાં ભગવાન એકલા જ જણાય છે. તેમાં પ્રગટ થતા ભગવાનનો સંકલ્પ જ નિમિત્ત છે. તે અધિક સ્નેહવાળા મુક્તોને ભગવાન પોતાના અંગમાં જ અવકાશ (સ્થાન) આપે છે. એ પ્રકારનું આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીનું વાક્ય છે. હ૦ ત૦ ૮૯ કોઈ સમયમાં અતિ સ્નેહવડે લક્ષ્મીજીની પેઠે ભગવાનની મૂર્તિમાં અતિ સ્નેહવાળા મુક્તો એકત્વ પામે છે. તથા સા૦ ૧૧ 'તે જ પ્રકારે મારો ભક્ત પણ પ્રેમના અતિશયપણાથી કોઈક સમયમાં મારે વિષે લીન થાય છે.' તથા ઘનશ્યામ લીલામૃતસાગર ઊ૦ ત૦ ૬૧માં પર્વતભાઈ કહે છે.

'पंचविषयना रस जेह।
नथी जाणतो हुं कांई तेह।।
मारे वर्ते छे अक्षरधरम।
आ सर्वे परमहंसना सम।। १७।।
तव रूप विषे मारुं मन।

अहोनिश रहे छे मगन।।
मुने नथी बीजुं कांई भान।
नित्य धरुं छुं तमारुं ध्यान।। १८।।
मूर्तिमां रहुं छुं दिनरात।
कृपानाथ कहुं साची वात।।
एम श्रीहरि सहजानंद।
स्वामिनारायण सुखकंद।। १९।।
पोताना जे छे अनादिमुक्त।
तेनी स्थिति जाणवानी जुक्त।।
पर्वतभाईने के वचन।
शांत कराव्यां सर्वनां मन।। २०।।
पछी बोल्या श्रीजीमहाराज।
अमारा अनादिमुक्त आज।।
अनंत कोटि इंडना प्राणि।
सर्वेनां करवा कल्याण जाणी।। २१।।
अहीं आवीने प्रगट थाय।
आपे छे अपवर्ग सदाय।।
निरदोष ने निरविकारी।
पोते तो रहे छे भयहारी।। २२।।'
'कोटि कोटि मुक्तना समाज।
वींटाई बेठा छे सुख साज।।

प्रभु सामुं जोई रह्या सर्व।
एक चित्ते प्रीतेथी अपूर्व।। ४७।।
महाप्रभुनी मूर्ति मोझार।
बीजा मुक्त जोया छे अपार।। ४८।।'

તથા તરંગ ૮૪માં

'निज धाममां पोतानुं रूप।
बताव्युं छे प्रत्यक्ष अनूप।।
ते मूर्तिमां कोटि कोटि मुक्त।
अनंत ऐश्वर्य शक्तियुक्त।।'

તથા ભક્તચિંતામણિ પ્ર. ૪૭માં

'बेठा एकांते पद्म आसन रे।
कृष्ण मूरति चिंतवी मन रे।।
करी समाधि कृष्णमां रई रे।
त्यारे देहनी विस्मृति थई रे।। २९।।'

હરિલીલામૃત કળશ, ૭ વિ. ૧૬મા

'बली पूछे रूडी रीते राय।
मुजने एक संशय थाय।।
सदा धर्मनुं छे श्वेत अंग।
केम मूर्ति दीसे श्यामरंग।। १३।।
सुणी वर्णि कहे सुणो भूप।
कहुं कारण एनुं अनूप।।

धर्मने सदा कृष्णनुं ध्यान।
रहे कृष्ण हृदे करी स्थान।। १४।।
कृष्णमां लीन छे अंगोअंग।
तेथी मूर्ति दीसे कृष्ण रंग।।
माटे संशय ते तजो राय।
हवे सांभळो बीजी कथाय।। १५।।'

તથા વચનામૃત પ્ર૦ ૭૩માં 'પછી સર્વે ગોપીયું ઋષિને જમાડીને બોલીયું જે અમારે આડાં યમુનાજી છે તે અમે ઘેર કેમ કરી જાશું. પછે ઋષિએ કહ્યું જે કેમ કરીને આવ્યાં હતાં પછે ગોપીયુંએ કહ્યું જે અમે યમુનાજીને એમ કહ્યું જે શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો માગ દેજ્યો એટલે યમુનાજીએ માગ દીધો પણ હવે કેમ કરીને ઘેર જઈએ પછે દુર્વાસા ઋષિ બોલ્યા જે યમુનાજીને એમ કહેજો જે દુર્વાસા ઋષિ સદા ઉપવાસી હોય તો માગ દેજો પછે ગોપીયુંએ એમ કહ્યું ત્યારે યમુનાજીએ માગ દીધો ત્યારે ગોપીયુંના મનને વિષે અતિ આશ્ચર્ય થયું પણ ભગવાનનો તથા તે ઋષિનો જે મહિમા તેને ન જાણી શકતી હવીયું અને ભગવાન તો નૈષ્ઠિક વ્રત રાખીને ગોપીયુંને સંગ રમ્યા હતા માટે બ્રહ્મચારી હતા અને દુર્વાસા ઋષિ તો વિશ્વાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પોતાના આત્માને એક કરીને સર્વે ગોપીયુંના થાળ જમી ગયા માટે ઋષિ પણ ઉપવાસી જ હતા ને અન્ન તો સર્વે

ભગવાનને જમાડ્યું હતું માટે એવા અતિ મોટા હોય તેની ક્રિયા કળ્યામાં આવે નહિ.' તથા લો૦ ૧૩માં 'માટે એને વિષે રહ્યા થકા તો એક નારાયણ ઋષિને પરાભવ ન થાય ને બીજો તો ગમે એવો મોટો હોય ને તે જો નારાયણના ચરણારવિંદને વિષે નિમગ્ન ન રહે તો તેને પરાભવ થાય અને જો નિમગ્ન રહે તો ન થાય એવી રીતે અમે અમારા અંતરમાં અચળ સિદ્ધાંત કરી રાખ્યો છે.' ઉપર કહ્યા પ્રમાણે શિક્ષાપત્રી તથા શતાનંદમુનિનું તથા શ્રી રઘુવીરજી મહારાજશ્રીનું ભાષ્ય, તથા સત્સંગિજીવનની શ્રી શુકાનંદ સ્વામી કૃત હેતુ ટીકા તથા મુક્તાનંદ સ્વામી કૃત બ્રહ્મસૂત્ર ભાષ્યરત્ન, તથા હરિવાક્ય સુધાસિંધુ તથા વચનામૃત તથા ભૂમાનંદ સ્વામીકૃત ઘનશ્યામ લીલામૃત સાગર તથા ભક્તચિંતામણિ તથા શ્રી વિહારીલાલજી મહારાજશ્રી કૃત હરિલીલામૃત આદિક ગ્રંથોનાં પ્રબળ પ્રમાણોથી પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં તથા મૂર્તિને સન્મુખ રહીને મૂર્તિનું સુખ અનાદિ મુક્તો તથા પરમ એકાંતિક મુક્તો અનુભવે છે (ભોગવે છે). આ બંને પ્રકારના મુક્તોની સ્થિતિ છે એ સિદ્ધાંત છે.

अथ व्यूहशब्दार्थ उच्यते। नित्यब्रह्मपुरस्थो निरंजनब्रह्मपुरुषाकारोऽनादिश्रीकृष्णो वासुदेव संकर्षण-प्रद्युम्नानिरुद्धभेदेन चतुर्धाऽवस्थितः। तेषां मध्ये वासुदेवे ज्ञानबलैश्वर्यवीर्यशक्तितेजांसि पुरुषोत्तमापेक्षया पुरुषोत्तमावतार-

त्वात्तस्याशयाधिक्येन वर्तन्ते। संकर्षणे ज्ञानं बलंचेति गुणद्वयं मुख्यमस्ति। प्रद्युम्ने वीर्यमैश्वर्यं चास्ति। अनिरुद्धः शक्तितेजोयुक्तो वर्तते। एते चत्वारो वासुदेवादयोऽपि तत्तद्वेशाभूषणायुधकार्यभेदेन प्रत्येकं त्रिधा विभाव्यन्ते। तथाहि केशवनारायणमाधवरुपत्रयम्। वासुदेवाद्विभाव्यते तत्र कनकप्रभः केशवश्चक्रधरःश्यामवर्णो नारायणश्चतुः शंखधरः मणिप्रभो माधवश्चतुर्गदाधरः। गोविंदविष्णुमधुसूदनास्त्रयः संकर्षणाद्विभाव्यन्ते तत्र चंद्रप्रभो गोविंदश्चतुर्धाशंखधरः पद्मकिञ्जल्कसन्निभो विष्णुश्चतुर्हलधरः अब्जाऽभो मधुसूदनश्चतुर्मूशलधरः। अथ त्रिविक्रमवामकश्रीधररुपकास्त्रयः प्रद्युम्नाद्विभाव्यन्ते। तत्राग्निवर्णस्त्रिविक्रमश्चतुः शंखधरः बालसूर्याभो वामनश्चतुर्वज्रधरः पुंडरीकाभः श्रीधरश्चतुष्पट्टिशधरः। अथ हृषीकेशपद्मनाभदामोदर रुपकास्त्रयोऽनिरुद्धाद्विभाव्यन्ते। तत्र तडित्प्रभो हृषीकेशश्चतुर्मुद्‍गर्धरः सूर्याभः पद्मनाभः पञ्चायुधधर इन्द्रगोपनिभो दामोदरश्चतुष्पाशधरः एते व्यूहाः सर्वे चतुर्भुजा इति व्यूह शब्दार्थः।।

અર્થ– હવે વ્યૂહ શબ્દનો અર્થ કહીએ છીએ. નિત્ય બ્રહ્મપુરમાં રહેતા માયાના અંજનથી રહિત બ્રહ્મ પુરુષાકાર એવા અનાદિ શ્રીકૃષ્ણ તે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એવા ભેદથી ચાર પ્રકારે રહ્યા છે. તેમના મધ્યે

વાસુદેવને વિષે જ્ઞાન, બળ, ઐશ્વર્ય, પરાક્રમ, શક્તિ, તેજ એ છ ગુણો પુરુષોત્તમને લઈને પુરુષોત્તમના મુખ્ય અવતાર હોવાથી અધિકપણે વર્તે છે, અને સંકર્ષણને વિષે જ્ઞાન અને બળ બે ગુણ મુખ્યપણે રહ્યા છે. પ્રદ્યુમ્નને વિષે પરાક્રમ અને ઐશ્વર્ય એ બે ગુણ મુખ્ય રહેલા છે. અનિરુદ્ધ શક્તિ અને તેજ, એ બે ગુણે યુક્ત વર્તે છે, એ વાસુદેવાદિક ચારે તે તે વેષ, ઘરેણાં, આયુધ, કાર્ય એવા ભેદે કરીને એક એક પ્રત્યે ત્રણ ત્રણ પ્રકારે ભેદ પામે છે, તે બતાવે છે કેશવ, નારાયણ, માધવ એ ત્રણ રૂપ વાસુદેવથી ભાવના કરાય છે. તેમાં સુવર્ણના સરખી કાંતિવાળા કેશવ ચક્ર ધારણ કરે છે. શ્યામ વર્ણવાળા નારાયણ તે ચાર શંખ ધારણ કરે છે. મણિના સરખી કાંતિવાળા માધવ તે ચાર ગદાઓ ધારણ કરે છે, ગોવિંદ, વિષ્ણુ, મધુસૂદન એ ત્રણ રૂપો સંકર્ષણ થકી ભાવના કરાય છે. તેમાં ચંદ્રના સરખી કાંતિવાળા, ગોવિંદ ચાર પ્રકારે શંખ ધારણ કરે છે, કમળના કેસર (તન્તુ)ના સરખી કાંતિવાળા વિષ્ણુ ચાર હળ ધારણ કરે છે, કમળના સરખી કાંતિવાળા મધુસૂદન ચાર મુશળ ધારણ કરે છે, હવે ત્રિવિક્રમ વામન અને શ્રીધર એ ત્રણ રૂપો પ્રદ્યુમ્ન થકી ભાવના કરાય છે તેમાં અગ્નિના સરખા વર્ણવાળા ત્રિવિક્રમ ચાર પ્રકારે ખડગ ધારણ કરે છે. પ્રાતઃકાલના સૂર્યના સરખી કાંતિવાળા વામનજી ચાર વજ્ર ધારણ કરે છે, શ્વેત કમળના સરખી

કાંતિવાળા શ્રીધર તે ચાર પટ્ટિશ ધારણ કરે છે. હવે હૃષીકેશ, પદ્મનાભ, દામોદર એ ત્રણ રૂપો અનિરુદ્ધ થકી ભાવના કરાય છે, તેમાં વીજળીના સરખી કાંતિવાળા હૃષીકેશ ચાર મુદ્‌ગર ધારણ કરે છે, સૂર્યના સરખી કાંતિવાળા પદ્મનાભ પાંચ આયુધને ધારણ કરે છે, ઇંદ્રગાય સરખી કાંતિવાળા દામોદર ચાર પાશ ધારણ કરે છે, એ સર્વે વ્યૂહો ચાર ભુજવાળા છે તે પ્રકારે વ્યૂહ શબ્દનો અર્થ છે.

अथ विभवस्तु तत्तच्छक्तिसहिततत्तत्-सजातीयरूपेणाविर्भूतोवतारविशेषः। अवताराः सर्वे महाविष्णुरूपशरीरविशिष्टपरमेश्वरादाविर्भवन्ति। तेऽवताराः मुख्यगौणपूर्णांशाऽऽवेशादिभेदेन असंख्याताः। तत्र दिव्यरूपेणाकस्मात् प्रकटीभूतो यः प्रह्लादरक्षणं निमित्तीकृत्य जातो नृसिंहावतारः भस्मासुरनाशार्थं दैत्येभ्यः देवानां रक्षणार्थं च जातो मोहिन्यवतारश्च स मुख्यावतारः। तत्तत्कार्यनिमित्तं जाता मत्स्यकूर्महयग्रीवादयोऽपि तथा। अथ गौणावतारास्तु तत्तत्कार्यकर्तृत्वेन रूपेण नियत क्लृप्ताऽतारः यथा ब्रह्मांडसृष्टत्वेन विधिरूपोऽवतारः तद्रक्षणकर्तृत्वेन विष्णुरूपोऽवतारः तत्संहारकर्तृत्वेन शिवरूपोऽवतारः भुवो भारभूताऽसुरांशराजन्यानां भारतयुद्धनिमित्तत्त्वेन नाशार्थमर्जुन-रूपोऽवतारः। वेदानां विभागकर्तृत्वेन सर्वविद्याप्रकाशनकर्तृत्वेन च व्यासरूपोऽवतारः।। परिपूर्णावतारः षोडशकलाभिः

श्रीकृष्णावतारः तन्न्यूनकलाभिः पूर्णावतारो रामचंद्रो वामनकल्क्यादयस्तन्न्यूनकलावतारा: ज्ञातव्याः। अंशावतारस्तु यत्किंचित्कलावतारः यत्र चेतनविशेषे ज्ञानकलैश्वर्यात्मको यत्किंचिदंशोऽवतरति स्वेंऽशावतारः।। आवेशावतारस्तु यत्र चेतनविशेषे परब्रह्मणः यत्किंचिदावेशः स्यात् स आवेशावतारः। परशुरामकपिलदेवदत्तात्रेयादयः।

અર્થ– હવે વિભવનો અર્થ કહીએ છીએ. તે તે શક્તિ સહિત તે તે સજાતીય રૂપથી પ્રગટ થયેલ અવતારવિશેષ છે. અવતારો સર્વે મહાવિષ્ણુરૂપ શરીરવિશિષ્ટ એવા પરમેશ્વરથી પ્રગટ થાય છે. તે અવતારો મુખ્ય, ગૌણ, પરિપૂર્ણ, પૂર્ણ, અંશ, આવેશ. આદિક અસંખ્ય છે, તેમાં દિવ્યરૂપે પ્રહ્‌લાદ રક્ષણ નિમિત્તથી અકસ્માત્ પ્રગટ થયેલા નરસિંહ અવતાર અને ભસ્મસુરનો નાશ કરવાને માટે અને દૈત્ય થકી દેવનું રક્ષણ કરવાને માટે પ્રગટ થયેલા જે માહિની સ્વરૂપ અવતાર તે મુખ્ય અવતાર જાણવા. અને તે તે કાર્ય નિમિત્તે ઉત્પન્ન થયેલા મત્સ્ય, કૂર્મ, હયગ્રીવ આદિક તે પણ મુખ્ય જાણવા. હવે ગૌણ અવતાર તો તે તે કાર્ય કરતા રૂપે કરીને નિત્ય કલ્પેલા અવતાર જે પ્રકારે બ્રહ્માંડને ઉત્પન્ન કરવાપણેથી બ્રહ્મારૂપ અવતાર છે. બ્રહ્માંડનું પાલન કરવાપણાથી વિષ્ણુરૂપ અવતાર છે. તે બ્રહ્માંડનો સંહાર કરવાપણાથી શંકરરૂપ અવતાર છે. અને પૃથ્વીના ભારરૂપ અસુરના અંશ જે

રાજાઓ તેનો ભારતયુદ્ધ નિમિત્ત નાશ કરવા માટે અર્જુનરૂપે અવતાર છે. વેદના વિભાગ કરવાપણે કરીને અને સર્વ વિદ્યાને પ્રકાશ કરવાપણે કરીને વ્યાસરૂપ અવતાર છે. સોળ કળા વડે કરીને પરિપૂર્ણ એવો શ્રીકૃષ્ણ અવતાર છે. તેથી ન્યૂન કળાઓથી પૂર્ણાવતાર એવા રામચંદ્રરૂપ અવતાર છે. અને તેથી ન્યૂન કળાવાળા વામન, કલ્કિ આદિક અવતારો જાણવા. કિંચીત્ કળા અવતાર તે અંશાવતાર છે. જે ચેતનવિશેષમાં જ્ઞાન કળા ઐશ્વર્યરૂપ લગારેક અંશ આવે તે અંશાવતાર જાણવા. જે ચેતનવિશેષમાં પરબ્રહ્મનો જે કાંઈ લગાર આવેશ આવે તે આવેશાવતારો પરશુરામ, કપિલદેવ, દત્તાત્રેય આદિ જાણવા.

तदुक्तं गर्गसंहितायां गोलोकखण्डे जनकं प्रति नारदेनः-

अंशांशोंऽशस्तथावेशः कलापूर्णः प्रकथ्यते ।

व्यासाद्यैश्च स्मृतः षष्ठः परिपूर्णतमः स्वयम् ।। १ ।।

અર્થ– પુરુષોત્તમ ભગવાનના અંશાવતાર, અને અંશના પણ અંશાવતાર કલા અવતાર, આવેશ અવતાર, પૂર્ણ અવતાર, પરિપૂર્ણ સ્વયં આવી રીતે વ્યાસાદિક કવિએ અવતાર અવતારી ભેદ કહ્યો છે.

अंशांशस्तु मरिच्यादिरंशा ब्रह्मादयस्तथा ।

कलाः कपिलकूर्माद्याः आवेशा भार्गवादयः ।। २ ।।

અર્થ– ભગવાનના અંશ જે બ્રહ્માદિક તેના અંશ

મરિચ્યાદિક પ્રજાપતિ છે. અને ભગવાનના અંશ અવતાર બ્રહ્માદિક છે. ને કપિલદેવજી તથા કૂર્મ અવતાર આદિ ભગવાનના કળા અવતાર છે. ને ભાર્ગવ આદિ તથા પરશુરામ આદિ આવેશ અવતાર છે.

पूर्णो  नृसिंहो रामश्च श्वेतद्वीपाधिपो हरिः ।
वैकुंठोऽपि तथायज्ञो नरनारायणः स्मृतः ।। ३ ।।

અર્થ– નૃસિંહજી તથા શ્વેતદ્વીપના પતિ હરિ જે વાસુદેવ તથા વૈકુંઠનાથ ભગવાન તથા યજ્ઞ અવતાર તથા નરનારાયણ આદિ પૂર્ણ અવતાર છે.

परिपूर्णतमः साक्षात् श्रीकृष्णो भगवान् स्वयम् ।
असंख्यब्रह्मांडपतिर्गोलोके धाम्नि राजते ।। ४ ।।

અર્થ– અતિશે પરિપૂર્ણ ભગવાન સાક્ષાત્ શ્રીકૃષ્ણ પોતે છે તે ગોલોક ધામને વિષે રહે છે અને તે અસંખ્ય બ્રહ્માંડોના ધણી છે.

कार्याधिकारं कुर्वंतः सदंशास्ते प्रकीर्तिताः ।
तत्कार्यभारं कुर्वन्तस्तेंऽशांशा विदिताः प्रभोः ।। ५ ।।

અર્થ– ભગવાન પુરુષોત્તમનાં કાર્ય જે સૃષ્ટિ આદિક તેને કરનારા બ્રહ્માદિક તે અંશાવતાર કહેવાય છે. અને બ્રહ્માદિકનાં કાર્યને કરનારા જે મરિચ્યાદિક પ્રજાપતિ તે બ્રહ્માદિકના અંશાવતાર કહેવાય છે.

येषामन्तर्गतो विष्णुः कार्यं कृत्वा विनिर्गतः ।

नानावेशावतारांश्च विद्धि राजन्महामते ।। ६ ।।

અર્થ– જેના અંતરમાં વિષ્ણુ પ્રવેશ કરીને કાર્ય કરીને કાર્ય કરવા રૂપ શક્તિને પાછી પોતે પોતામાં ખેંચી લે છે. હે રાજન્ ભાર્ગવાદિક ઋષિ તથા પરશુરામ આદિક આવેશાવતાર છે એમ તમે જાણો.

धर्मं विज्ञाय कृत्वा यः पुनरंतरधीयते ।

युगे युगे वर्तमानः सोऽवतारः कला हरेः ।। ७ ।।

અર્થ– યુગયુગને વિષે ભગવાન પોતે પ્રગટ થઈને ભાગવત ધર્મને પૃથ્વી ઉપર પ્રવર્તાવીને પોતે પોતાના ધામમાં પધારે છે. તે ભગવાનના અવતાર કપિલદેવજી તથા કૂર્માવતાર આદિક કળા અવતાર કહેલા છે.

चतुर्व्यूहो भवेद्यत्र दृश्यंते च रसा नव ।

अतः परं च वीर्याणि स तु पूर्णः प्रकथ्यते ।। ८ ।।

અર્થ– જેને વિષે ચતુર્વ્યૂહ જે રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન તથા -વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અનિરુદ્ધ આદિક ભગવાનના અવતાર કહ્યા છે. તેમજ જેને વિષે શૃંગાર, બીભત્સ, ભયાનક આદિક નવ રસ કહ્યા છે, તથા બીજાં નાના પ્રકારનાં ઐશ્વર્યો જેમાં વર્ણવ્યાં છે તે નરસિંહજી, રામકૃષ્ણ એ આદિક પૂર્ણ અવતાર કહ્યા છે.

एते सर्वे अंशकलादयोऽवतारा उक्ताः तेषां सर्वेषामवतारी

श्रीकृष्ण एवास्ति । स्वामिनारायणस्तु तस्याप्यवतारीति ज्ञेयम् । ननु दशचतुर्विंशत्यादयोऽवतारास्तु शास्त्रेषु उक्ताः । स्वामिनारायणस्य तु भगवत्त्वं कुत्राऽपिनोक्तम् ।। अतः तस्य भगवत्त्वमेव नास्ति तर्हि अवतारित्वं तु दुरापास्तमेव इति चेन्न ।। स्वामिनारायणोऽपि भगवानस्ति । तस्य प्रादुर्भावित्वे प्रमाणान्युच्यन्ते ।।

અર્થ– એ સર્વ અંશ કળા વગેરે અવતારો કહેલા છે તે સર્વે અવતારોના અવતારી શ્રીકૃષ્ણ પોતે છે. અને શ્રી સ્વામિનારાયણ ભગવાન તે તો શ્રીકૃષ્ણ ભગવાનના પણ અવતારી છે એમ જાણવું. આ સ્થળે શંકાવાદી શંકા ઉઠાવે છે કે, દશ, ચોવીસ એ વગેરે અવતારો તો શાસ્ત્રને વિષે કહેલા છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એવું કોઈ શાસ્ત્રમાં કહેલ નથી. એ હેતુ માટે તે સ્વામિનારાયણ ભગવાન નથી તો પછી અવતારીપણું તો સંભવ જ કેમ? એમ શંકા ન કરવી કારણ કે સ્વામિનારાયણ પણ ભગવાન છે, તે સ્વામિનારાયણને પ્રગટ થવાનાં પ્રમાણો કહીએ છીએ.

तदुक्तं ब्रह्मांडपुराणे –

दत्तात्रेयः कृते युगे त्रेतायां रघुनन्दनः ।
द्वापरे वासुदेवः स्यात् कलौस्वामिवृषात्मजः ।।

पद्मपुराणपूर्वखण्डे चोक्तम –

पाखण्डबहुले लोके स्वामिनाम्ना हरिः स्वयम् ।

पापपङ्कनिमग्नं  तज्जगदुद्धारयिष्यति ।।

विष्णुधर्मोत्तरे चोक्तम् –

महाधर्मात्ययेपुण्ये नाम्नापापविनाशके ।

हरिप्रसादविप्रस्य स्वामिनाम्नाहरिःस्वयम् ।।

विष्वकसेन संहितायाम् नारायणेन चोक्तम् –

भूम्यां कृताऽवतारो वै सर्वानेतान्जनानहम्  ।

प्रापयिष्यामि वैकुंठं सहजानन्दनामतः ।।

महाभारते वनपर्वणि चोक्तम् –

दैत्या हिंसानुरक्ताश्च अवध्या सुरसत्तमैः ।

राक्षसाश्चापि लोकेऽस्मिन् यदोत्पद्यंति दारुणाः ।।

तदाऽहं संप्रसूयामि गृहेषु शुभकर्मणाम् ।

प्रविष्टो मानुषं देहं सर्वं प्रशमयाम्यहम् ।।

भगवद्गीतायां चोक्तम् –

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।

धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

भागवतप्रथमस्कंधे चोक्तम् –

यदा ह्यधर्मेण तमोधियो नृपा जीवन्ति तत्रैष हि सत्त्वतः किल ।

धत्ते भगं सत्यमृतं दयां यशो भवाय रूपाणि दधद्युगे युगे।।

भागवतेषष्ठस्कंधे चोक्तम् –

यो नः सपत्नैर्भृशमर्द्यमानान्देवर्षितिर्यङ्नृषु नित्य एव ।
कृतावतारस्तनुभिः स्वमायया कृत्वात्मसात्पाति युगे युगे च ॥

અર્થ– બ્રહ્માંડપુરાણમાં કહેલું છે કે 'સત્યયુગમાં દત્તાત્રેય નામે ભગવાન પ્રગટ થશે અને ત્રેતાયુગમાં રઘુનંદન એટલે રઘુરાજાના વંશમાં રામચંદ્રજી નામે ભગવાન પ્રગટ થશે. દ્વાપરયુગમાં વાસુદેવ એટલે વસુદેવના પુત્ર કૃષ્ણ ભગવાન પ્રગટ થશે. અને કળિયુગમાં ધર્મદેવના પુત્ર સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થશે.' તથા પદ્મપુરાણના પૂર્વખંડમાં કહેલું છે કે 'જ્યારે લોકમાં ઘણો પાખંડ થશે ત્યારે પાપરૂપી કચરામાં ખૂંચી ગયેલ જગતને સ્વામિનારાયણ નામથી ભગવાન પ્રગટ થઈ તે પાપથી જગતનો ઉદ્ધાર કરશે.' તથા વિષ્ણુધર્મોત્તરમાં કહ્યું છે કે 'એકાંતિક ધર્મનો જ્યારે નાશ થશે ત્યારે નામ માત્રથી પાપનો નાશ કરનાર પવિત્ર દેશમાં હરિપ્રસાદ નામના વિપ્રને ઘેર સ્વામિનારાયણ નામે ભગવાન પ્રગટ થશે.' તથા વિષ્વક્સેન સંહિતામાં નારાયણે કહ્યું છે કે 'પૃથ્વીને વિષે ધારણ કર્યો છે અવતાર જેણે એવો હું નિશ્ચય એ સર્વજનોને સહજાનંદ નામથી શ્વેતવૈકુંઠ એટલે ગોલોકધામ પ્રત્યે પમાડીશ.' તથા મહાભારતના વનપર્વમાં કહેલું છે કે 'હિંસા વગેરે પાપકર્મમાં આસક્ત એવા અને મોટા દેવોથી પણ ન મારી શકાય એવા અને દારુણ એટલે લોકોને મોટા ભયને ઉપજાવનારા એવા

દૈત્યો અને રાક્ષસો તે આ લોકમાં જ્યારે ઉત્પન્ન થાય છે, ત્યારે હું શુભ કર્મોવાળા એટલે નવધા ભક્તિ આદિક શુભકર્મથી યુક્ત એવા ગૃહસ્થને ઘેર અવતાર ધારણ કરું છું ને મનુષ્યદેહને આશરીને એ જે સર્વે દૈત્યો તથા રાક્ષસો તેમનો અધર્મે સહિત નાશ કરી નાખું છું. એવી રીતે માર્કંડેય ઋષિ પ્રત્યે ભગવાને કહ્યું છે.' તથા ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે, 'હે અર્જુન, જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ (નાશ) થાય છે ને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું મારા આત્માને સૃજું છું. અર્થાત્ હું પ્રગટ થાઉં છું. સાધુપુરુષની રક્ષા કરવાને માટે તથા દુષ્કર્મ કરનારા અસુરોને નાશને માટે તથા ભાગવત ધર્મને સ્થાપન કરવા માટે યુગ યુગમાં હું પ્રગટ થાઉં છું.' તથા પ્રથમ સ્કંધમાં કહ્યું છે કે, 'જ્યારે તમોગુણી બુદ્ધિવાળા જે રાજા તે કેવળ અધર્મરૂપ પાપકર્મ કરીને પેટ ભરનારા થાય છે ત્યારે એ જ ભગવાન સત્વગુણની સંપત્તિએ કરીને જીવના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે અનેક અવતારને ધારણ કરતા થકા જ સર્વજ્ઞતા આદિક જે છ ઐશ્વર્ય તેને ધારણ કરે છે. સત્યપણાને ધારણ કરે છે તથા ઋત જે યથાર્થ ઉપદેશ કરવાપણું તેને ધારણ કરે છે તથા ભક્ત ઉપર નિમિત્ત વિના પણ અપરિમિત દયાને ધારણ કરે છે. તથા યશ જે અનેક આશ્ચર્યકારી કર્મ કરવાં તેણે કરીને અદ્‌ભુત કીર્તિપણાને ધારણ કરે છે. ને તે પાપી એવા પુરુષ અને અધર્મ તેનો નાશ

કરે છે. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ રૂપ જે એકાંતિક ધર્મ તેનું સ્થાપન કરે છે.' તથા ભાગવતના છઠ્ઠા સ્કંધમાં કહ્યું છે કે 'અમારા શત્રુ એવા જે અસુરો તેમણે અતિશય પીડાને પમાડ્યા એવા જે અમે તે અમને નિરંતર પોતાના જાણીને દેવ, ઋષિ, મનુષ્ય, પશુ તેમને વિષે કૃપા કરીને ધારણ કર્યા છે અવતાર જેમણે એવા જે તમે તે તે તે અવતારે કરીને યુગયુગને વિષે પાલન કરો છો. એવી રીતે ભગવાન પ્રત્યે દેવોએ કહેલું છે.'

तथैव भागवतद्धितीयस्कंधे कथारंभं कुर्वन् श्रीशुकदेवः भाविभगवच्चरित्रवर्णनपूर्वकनमस्कारं करोतिः-

किरातहूणान्ध्रपुलिंदपुष्कसा आभीरकंका यवना
खसादयः ।
येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुध्दयन्ति तस्मै
प्रभविष्णवे नमः ॥

दशमस्कंधे स्वेनैचोक्तम् –

अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया ।
विरामायाप्यधर्मस्य काले प्रभवतः क्वचित् ॥

तथैव एकादशस्कंधे चोक्तम –

कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति संभवम् ।
कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥

અર્થ– તે જ પ્રકારે ભાગવતના દ્વિતીય સ્કંધમાં

શુકદેવજી કથાનો આરંભકર્તા સતા થનાર એવા ભગવાન તેનાં ચરિત્રોના વર્ણનપૂર્વક નમસ્કાર કરે છે- 'વનેચરોના ભેદ જે કિરાત, હૂણ, અંધ્ર, પુલિંદ, પુષ્કસ જે બારેવાસિયા, આભીર જે આહીર, કંક જે કાઠી, મુસલમાન, ખોજા આદિ શબ્દથી કોળી, તંબોળી, ચર્મકાર, માછી, વાઘરી આદિક જે નીચ જાતિના જીવો તે અને તે વિના બીજા કેટલાક જાતિએ કરીને મોટા પણ કર્મે કરીને અધમ એવા જે જીવો તે જે ભગવાનના આશ્રિત એવા જે ત્યાગી ને ગૃહસ્થ ભક્ત તેમનો આશ્રય કરતા થકા સર્વે પવિત્ર થાય છે. કહેતાં પોતપોતાનાં જે દુષ્ટકર્મ તેનો ત્યાગ કરીને ભગવાનના પરમ એકાંતિક ભક્ત થાય છે. તો ઉત્તમ એવા જે બ્રાહ્મણ આદિક તે શુદ્ધ થાય એમાં શું કહેવું? એવા પ્રભવિષ્ણવે એટલે ભવિષ્યમાં થનાર ભગવાનને શુકદેવજી નમસ્કાર કરે છે.' તે જ પ્રકારે દશમસ્કંધને વિષે કહ્યું છે કે 'કોઈક કાળને વિષે ઉત્પન્ન થતો જે અધર્મ તેનો નાશ કરવાને માટે અને એકાંતિક ધર્મની રક્ષા કરવાને માટે હું બીજો પણ અવતાર ધારણ કરીશ. એવી રીતે પોતે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે.' (તે પોતાનું વચન સત્ય કરવાને માટે સ્વામિનારાયણ નામે પ્રગટ થયા છે.) તે જ પ્રકારે અગિયારમા સ્કંધમાં કહ્યું છે કે, 'સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરની પ્રજાઓ જે તે કળિયુગમાં જન્મને ઇચ્છે છે. કારણ કે કળિયુગમાં નારાયણપરાયણ એવા જનો થશે.

એટલે નારાયણ ભગવાન પ્રગટ થશે અને તેના આશ્રયથી હજારો જનો મોક્ષ પામશે.

एवं पूर्वोक्तरित्या व्यासादिकवीनामभिप्रायेण सर्वेषामंशकलाद्यवताराणामवतारी श्रीकृष्ण एवाऽस्ति इति ज्ञायते । अतः सर्व आविर्भावास्तस्मादेव भवन्ति । एवं भूतात्सर्वाऽवतारिणः श्रीकृष्णादपि परः पुरुषोत्तमः श्रीस्वामिनारायणोऽस्ति । ननु स्वामिनारायणस्तु कृष्णभक्तः श्रीकृष्णस्तु साक्षात्भगवानस्ति । इति स्वेन स्वामिनारायणे-नैवोक्तं स्वरचितशिक्षापत्रीप्रारंभे ।

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्याऽस्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ।। १ ।।

यस्य वामे राधा वृषभानुनन्दिनी स्थिताऽस्ति । यस्य वक्षसि श्रीर्लक्ष्मीःस्थिताऽस्ति । वृन्दावनविहारं एतादृशं श्रीकृष्णम् अहं हृदि चिन्तये । इत्येवं स्वामिनारायणः स्वयमेव श्रीकृष्णस्य स्वहृदये ध्यानं करोति । अतः स्वयम् कृष्णभक्त इति ज्ञायते । इति चेन्न कथंतु तच्छ्लोकार्थो वक्ष्यमाणप्रकारेण ज्ञातव्यः । स च विविच्यते ।

એ પૂર્વે કહેલી રીતિથી વ્યાસમુનિ આદિક કવિઓના અભિપ્રાયોથી સર્વ અંશ કળા આદિક અવતારોના અવતારી શ્રીકૃષ્ણ જ છે, એ પ્રકારે જણાય છે. માટે સર્વ અવતારો તે થકી જ થાય છે. એ પ્રકારે સર્વ અવતારના અવતારી એવા

શ્રીકૃષ્ણ તે થકી પણ પર પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. આ સ્થળે કોઈ શંકા કરે કે સ્વામિનારાયણ તો શ્રીકૃષ્ણના ભક્ત છે. અને તે શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ ભગવાન છે. એ પ્રમાણે પોતે સ્વામિનારાયણે જ પોતાની રચેલી શિક્ષાપત્રીના આરંભમાં કહ્યું છે કે 'જેના ડાબા પડખાને વિષે રાધા એટલે વૃષભાનુની પુત્રી તે રહેલી છે અને જેના વક્ષસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે. અને વૃંદાવનને વિષે વિહાર કરનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમને હું મારા હૃદયને વિષે ચિંતવન કરું છું.'

એ પ્રમાણે સ્વામિનારાયણ પોતે જ શ્રીકૃષ્ણ ભગવાનનું પોતાના હૃદયને વિષે ધ્યાન કરે છે. એ હેતુ માટે પોતે (સ્વામિનારાયણ) શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત છે એમ જણાય છે. એમ જો શંકા થાય તો તેવી શંકા કરવી નહિ. કેમ કે તે શ્લોકનો અર્થ આગળ કહેવાશે એ પ્રકારે જાણવો. તે અર્થ વિવેચન કરાય છે.

स्वस्य ब्रह्मपुरे धाम्नि सदैवविराजमानो दिव्यमनोहरमूर्तिः श्रीस्वामिनारायणः श्रीपुरुषोत्तमोऽसंख्येय-जीवानां कल्याणं कर्तुं भूतले मनुष्यरूपेण आर्विभूतः सन् स्वयं साक्षाद्भगवानपि सर्वप्रकारेण मनुष्यजन्मधारकत्व शिशुत्वकुमारत्वविद्यार्थित्वदीक्षितत्वब्रह्मचारित्वपंडितत्वदासत्वो पासकत्वभक्तत्वादीनि मनुष्यचरितान्यनुकुर्वन् सन्लोके

विष्णुशिवगणपतिसूर्यादीन्यनेकानि उपास्यस्वरूपाणि सन्ति । तत्र सर्वावताराणां कारणत्वात्सर्वोत्तमं श्रीकृष्णं भगवन्तं मत्त्वा स्वस्य मानुष्यनाटयाऽनुकरणत्वात् स्वयं तस्य श्रीकृष्णस्योपासको भूत्वा शिक्षापत्रीरूपं प्रबन्धं कुर्वन् स्वेन इष्टदेवत्वेन मतं तं श्रीकृष्णं स्वहृदि चिन्तयन् सन् शिष्टाचारप्राप्तं मंगलं 'वामे' इत्यनेनश्श्लोकेन करोति –

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्याऽस्ति वक्षसि ।।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ।। १ ।।

वामे यस्येति । यस्य श्रीकृष्णस्य । वामे सव्यपार्श्वभागे । राधा स्थिता । राध्नोति राधयति साधयति वा भक्तकार्याणीति राधा । राधसाधसंसिद्धावित्यतः पचाद्यच् । यद्वा राध्नोति-भक्तजनः संसिद्धिं प्राप्नोत्यनयेति राधा । श्री वृषभानुनन्दिनी वामे स्थितेति सेवाधर्मो दर्शितः । किंच यस्य वक्षसि उरःस्थले । श्रीः श्रयति हरिमीति श्री लक्ष्मीरस्ति निवसति । बहिस्तु जनादृश्यरूपेण राधिकावत् सेवायामेव तत्परास्तीत्यर्थः । वृन्दावने विहारः ताभ्यां सह क्रीडनं यस्य तं । तं श्रीकृष्णं हृदि चिन्तये । अहम् । यद्वा ग्रंथप्रारंभे मंगलंकुर्वन् सन् स्वस्वरूपं चिन्तयति । कीदृशं स्वस्वरूपं इति चेत्तत्रोच्यते । यस्यवामति वाम इत्युपलक्षणं परित इत्यस्य । स्थिता राधेत्यत्रापि राधा इत्युपलक्षणं । स्वस्य दिव्यधाम्नि स्वसन्मुखत्वेन स्वंपरितः स्थिताऽसंख्येपरमैकान्तिकसिद्ध-

मुक्तानां । वक्षसि इत्युपलक्षणं समग्रमूर्तेः । श्री इत्यप्युलक्षणं स्वदिव्यमूर्तौ स्थित्वा दिव्यसुखमनुभवतामनादिसिद्धमुक्तानां। वृन्दावनेति वन्दानां दिव्याकाराऽसंख्येयमुक्तानां अवनं रक्षणं तत्र निमित्ते विहारः विहरणं यस्य सः वृन्दावनविहारः तम् श्रीकृष्णं कृषिर्भूवाचकः शब्दःणश्चनिर्वृति वाचकः द्वयोरैक्यं परं ब्रह्म कृष्णइत्यभिधीयते श्रियाशोभयायुक्तः कृष्णः श्रीकृष्णः-तं श्रीकृष्णं सर्वाविर्भावकारणरूपं स्वरूपं चिन्तयति । एवं च यत्स्वरूपं परितः स्थित्वा परमैकान्तिकसिद्धमुक्ता मूर्तिसुखमनुभवन्ति । किंच । श्रीवत् अतिस्नेहेन यत्स्वरूपे लीनाः सन्तः अनादिमुक्ताः समग्रमूर्तेः सुखमनुभवन्ति । किंच । मुक्तसमूहानां रक्षणनिमित्ते विचरन्तं किंच । सर्वाऽविर्भावकारणरूपं सर्वसुखस्थानभूतं श्रीकृष्णनामकं स्वस्वरूपं चिन्तयतीत्यर्थः ।

અર્થ– પોતાના બ્રહ્મપુર ધામ (અક્ષરધામ)માં નિરંતર વિરાજતા દિવ્ય મનોહરમૂર્તિ શ્રી સ્વામિનારાયણ શ્રી પુરુષોત્તમ ભગવાન અસંખ્ય જીવોનાં કલ્યાણ કરવાને માટે પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થઈને પોતે સાક્ષાત્ ભગવાન છે તો પણ સર્વ પ્રકારે મનુષ્યજન્મનું ધારવાપણું, બાળકપણું, કુમાર અવસ્થાપણું, વિદ્યાર્થીપણું, દીક્ષા લેવાપણું, બ્રહ્મચર્ય પાળવાપણું, પંડિતપણું, દાસપણું, ઉપાસકપણું, ભક્તપણું, એ આદિક મનુષ્યચરિત્રોને અનુકરણ કરતા થકા આ લોકને

વિષે વિષ્ણુ, શિવ, ગણપતિ, સૂર્ય વગેરે અનેક ઉપાસ્ય સ્વરૂપો છે. તેમાં સર્વ અવતારોના કારણ હોવાથી સર્વમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ ભગવાનને માનીને પોતાને મનુષ્યશરીરનું અનુકરણ કરવું છે, એ હેતુથી પોતે શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક તરીકે થઈને શિક્ષાપત્રીરૂપ ગ્રંથને કરતા થકા પોતે ઈષ્ટદેવપણે કરીને માનેલા તે શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના હૃદયમાં ચિંતવન કરતા થકા સજ્જન પુરુષોના આચારથી પ્રાપ્ત થયેલ મંગળાચરણ વામેયસ્ય એ શ્લોક વડે કરીને કરે છે. 'જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યાં છે. અને વૃંદાવનને વિષે વિહારના કરનારા તે શ્રીકૃષ્ણ ભગવાનને હું મારા હૃદયને વિષે ચિંતવન કરું છું.' જે શ્રીકૃષ્ણ ભગવાનના વામે એટલે ડાબા પડખામાં રાધા રહેલાં છે. રાધા એટલે પોતાના ભક્તોનાં કાર્યને સિદ્ધ કરે તે રાધા કહેવાય. સિદ્ધિ અર્થમાં વર્તતો राध् ધાતુથી अच् પ્રત્યય થઈને રાધા શબ્દ બનેલો છે. અથવા ભક્તજન સિદ્ધિ પામે જેણે કરીને તે પણ રાધા કહેવાય. વૃષભાનુ નામના ગોવાળની પુત્રી તે રાધા. રાધા ડાબે પડખે રહ્યાં છે. એ પ્રકારે સેવાધર્મ બતાવેલો છે. વળી જેના વક્ષસ્થળને વિષે શ્રીઃ એટલે ભગવાનનો આશ્રય કરે તે શ્રી કહેવાય. શ્રી એટલે લક્ષ્મીજી રહ્યાં છે અને બહાર તો બીજા જનો ન દેખે તેવી રીતે રાધિકાની પેઠે સેવામાં તત્પર રહેલાં

છે. અને વૃંદાવનને વિષે રાધા અને લક્ષ્મીની સાથે વિહાર કરનાર એવા શ્રીકૃષ્ણ તેમને મારા હૃદયને વિષે હું ચિંતવન કરું છું એમ શ્રીહરિ કહે છે.

અથવા શ્રીહરિ સહજાનંદ સ્વામી શિક્ષાપત્રી રૂપી ગ્રંથના આરંભમાં મંગળાચરણ કરતા થકા પોતાનું દિવ્ય અનાદિ સ્વરૂપ તેને ચિંતવન કરે છે. તે પોતાનું સ્વરૂપ કેવું છે, તો તે કહીએ છીએ. વામે એ શબ્દ ચારે તરફનું ઉપલક્ષણ છે. એટલે જેને ચારે તરફ એવા અર્થને સૂચવનાર છે. સ્થિતા राधा એ સ્થળે રાધા એ પ્રકારનું પદ તે પોતાના દિવ્ય ધામને વિષે પોતાના સન્મુખપણે પોતાની ચારે તરફ રહેલા અસંખ્ય પરમ એકાંતિક સિદ્ધ મુક્તોનું ઉપલક્ષણ છે. वक्षसि એ પદ સમગ્ર મૂર્તિનું ઉપલક્ષણ છે. શ્રી એ પદ પોતાની દિવ્ય મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ તેનો અનુભવ કરનારા અનાદિ સિદ્ધ મુક્તોનું ઉપલક્ષણ (સૂચવનાર) છે, વૃંદ એટલે દિવ્યાકારવાળા અસંખ્ય મુક્તોનું અવન જે રક્ષણ તે નિમિત્ત છે વિહાર એટલે વિચરણ જેમનું. એવા શ્રીકૃષ્ણ कृष् ધાતુ સ્થાનનો વાચક છે. ण्કાર નિર્વૃતિ એટલે સુખનો વાચક છે. એ બેને ભેગા કરીએ તો સુખના સ્થાન એવા પરબ્રહ્મ એવો અર્થ થાય. શ્રી એટલે શોભા તેણે યુક્ત એવા કૃષ્ણ તે શ્રીકૃષ્ણ. તેમને એટલે સર્વ અવતારનું કારણ એવું પોતાનું સ્વરૂપ તેને પોતે ચિંતવન કરે છે. એવી રીતે જે સ્વરૂપને ચારે તરફ રહીને

પરમ એકાંતિક સિદ્ધ મુક્તો મૂર્તિનું સુખ અનુભવે છે, અને લક્ષ્મીજીની પેઠે અતિ સ્નેહ વડે કરીને જે સ્વરૂપમાં લીન થયેલા એવા અનાદિ મુક્તો તે સમગ્ર મૂર્તિનું સુખ અનુભવે છે અને મુક્તના સમૂહના રક્ષણ નિમિત્તે વિચરનાર અને સર્વ અવતારનું કારણ સર્વ સુખનું સ્થાન અનાદિ શ્રીકૃષ્ણ નામવાળું પોતાનું સ્વરૂપ તેને શ્રીહરિ સ્વામિનારાયણ પોતે મંગળાચરણ કરતા થકા ચિંતવન કરે છે.

स्वदिव्यब्रह्मधाम्नि सदैव दिव्याकारमुक्तमंडलमध्ये विराजमानपरब्रह्मपुरुषोत्तमः श्रीस्वामिनारायणोभगवान-त्रभूतलेऽसंख्यजीवानां मोक्षार्थं स्वमुक्तमंडलैः सहआविर्भूतोऽस्ति । अत्र प्रासंगिकमाख्यानमुच्यते —

एकदा श्रीहरिणा प्रेषितः पंडितवर्यअनादिमुक्तराज-सद्गुरुश्रीमुक्तानंदमुनिः श्रीवटपत्तनाभिधे नगरेऽगमत् । तत्र नाथजिद्भक्तगृहे समंडलोन्यवसत् । तत्रपुरे रामचन्द्राभिधो द्विजः आसीत् । तद्भ्राताहरिश्चंद्रश्च तावुभौ बहुश्रुतौ विशेषेण वैद्यशास्त्रविशारदौ राजमान्यौ धर्मनिष्ठौ विवेकिनावभूताम् । किंच शोभारामाभिधश्च वेदशास्त्रार्थनिपुणः राजमानितः आसीत् । किंच नारुपंताभिधः राजाऽमात्यः चिन्मयरावाख्यक्षत्रवीरश्चतादृश आसीत् । एते पंचमुमुक्षवः परस्परं स्निग्धाश्चासन् । ते बहुशास्त्रश्रवणात् स्वस्य उपास्यैकेशनिश्चये नाऽपुः । ते तत्रस्थं बहुशास्त्रविदं

दाक्षिणात्यं द्विजं नाम्ना हरिहराचार्यं प्राप्यैकदाऽपृच्छन् ।

हे आचार्यवर्य! त्वां वयं पृच्छामः तच्छ्रुत्वा यथावदुत्तरं दातुमर्हसि । अथ गोलोकवैकुंठक्षीरसागरब्रह्मपत्तनेषु भगवानस्तीति लोके श्रूयते । किंच । चतुर्भुजोऽष्टभुजोद्विभुजश्चाऽपि श्रूयते । तत्र मुमुक्षुभिः को ध्येयः? केचिद्भक्ताः रामकृष्णं नृसिहं चोपासते । अतः भक्तवर्यस्त्वं नः स्वनिश्चितं ब्रूहि । इति तैः पृष्टो भूरिदंभविचक्षणो राजकीयैः सेव्यमानो विप्रस्तर्कबुद्धिस्तानुवाच । हे द्विजा यूयं मद्वाक्यं शृणुत । भवन्तो मुमुक्षवः ।। अतः युष्माकं हितं कथयामि । गोलोकादिधामसु यः ईश्वरोऽस्तीति शास्त्रेषूक्तः । स तु साक्षात् कलौ केनापि न प्राप्यते । तस्मात्तस्यैव सततं नामकीर्तनं कुरुत । तेनैव भुक्तिं मुक्तिं च प्राप्स्यथ । तदुक्तं भागवते –

कृते यद्धद्ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ।।

ततः कलावन्या भक्तिर्नास्ति । तपोयोगनियमाश्च कलौ न साध्याः नृभिः । तथैव त्रियुगत्वात् कलौ तस्याऽवतारो न स्यात् । अतः प्रत्यक्षानुभवः कथामात्रं न वस्तुतः । एवं तेन शास्त्रिणोक्तास्ते द्विजाः । कलौ केवलनामकीर्तनेनैव आत्मश्रेयो निश्चिक्युः । ततः ते द्विजाः सभासु शास्त्रिभिः विवादं चक्रुः । बहुयुक्तिभिः स्वमतं स्थापयन्ति स्म । युक्तिनिपुणान् राजामान्यान् तान् विदुषः कोऽपि पुरुषः सभायां जेतुं न

शशाक । ततः प्रत्यक्षभगवत्प्राप्त्या मोक्षः स्यात् इति वदतां हरेर्भक्तानां उपहासं ते चक्रुः । ते द्विजाः नाथजिद्भक्तगृहे आगतं प्राक्श्रुतसद्गुणं मुक्तानंदमुनिं शुश्रुवुः । ततः तद्दर्शनमिषेण ते द्विजाः जनसंसदि स्थितस्य तस्य मुनेः समीपं आजग्मुः । तेन मुनिना मानिता तं प्रणम्य हसद्वक्त्राः तत्पुरः निषेदुः । तथैव बहवः शास्त्रिणः पौराणिकाः शांभवाः वैष्णवाश्च तत्राजग्मुः । इतरे प्रेक्षकाश्च । ततः जनसंकुलायां तत्रसभायां प्रष्टुमुत्सुकान् तान् प्रति मुक्तानन्दो मुनिः जगाद । हे द्विजाः युष्माकं हृदये यदि किंचित् प्रष्टव्यं स्यात्तर्हि अद्यशास्त्रानुसारेण मां पृच्छथ । इति तेन मुनिना पृष्टाः गुढाशयाः ते जिज्ञासुजनवत् सर्वेषां शृण्वतां तं पप्रच्छुः । हे मुने! इह नृणां आत्यंतिकं श्रेयः केन स्यात्? तत्साधनं निश्चितं नः यथाशास्त्रं ब्रूहि । इति तैः पृष्टः स मुनिः तदाशयबुभुत्सुस्तानुवाच । हे द्विजाः भवद्भिः एतावत् कालपर्यंत स्वश्रेयस्साधनं किं निश्चितं तन्मे कथयत । वादिनः ऊचुः । कलिकल्मषनाशनं विष्णोः नामसंकीर्तनं अस्माभिः निःश्रेयसकरं विनिश्चितं । मुनिरुवाच । यथाद्रष्टां भगवन्मूर्तिं हृदये स्मरन् यः नामानि कीर्तयति स नामफलमाप्नुयात् । यस्य विभ्रांतं मनः सांसारिकपदार्थेषु इतस्ततः धावति तस्य हरिनामभिः किं फलं? ध्येयस्य नारायणस्य प्रत्यक्षदर्शनं विना तस्य नामकीर्तनवेलायां दर्शनं कुतः स्यात? हृदये अहर्निशं

दृष्टान् ग्राम्यान् पदार्थान् चिन्तयतः नामकीर्तनमात्रेण मोक्षस्तु दुर्लभः । यदि नाममात्रेण मोक्षश्चेत्तर्हि त्रिकांडविषयाः निगमाः सर्वसाधनानि च व्यर्था भवेयुः । तथा सति तु युष्माकं मतं वेदबाह्यं स्यात् । हरिनामकीर्तनेन पुण्यं पापक्षयश्च स्यात् । संसृतिमोक्षस्तु तत्प्रत्यक्षदर्शनेनैव स्यात् । तस्मात् भवद्भिः नारायणः साक्षात्दृष्टो न वा? । दृष्टश्चेत्सिद्धिमाप्तास्थ । न चेत्तदुद्यमं कुरुत । वादिनउचुः । यद्वैदिकं साधनं तत्कलौ क्षणभंगुरदेहैर्नृभिर्दुष्करं । ततः अस्माभिः हरिनाममंमात्रेण कल्याणं मतं । घोरकलियुगे तस्यप्रत्यक्षदर्शनं कुतः? ।। महापापी अजामिलो नारायणस्य नामोच्चारणमात्रतः मुक्तिं संप्राप तत् त्वमपि वेत्सि ।। तन्निशम्य मुक्तानंद उवाच ।। नाममात्रेण या मुक्तिः सा तु पापसंचयात् यमपाशाद्वा ज्ञेया ।। इत्युक्तं भागवते ।।

नामोच्चारणमाहात्म्यं हरेः पश्यत पुत्रकाः ।
अजामिलोऽपि येनैव मृत्युपाशादमुच्यत ।।

अजामिलो नाममात्रात् मुक्तिं प्राप्तश्चेत्तर्हिं सः गंगाद्वारे योगाभ्यासं कुतोऽकरोत?

अतः स तु हरिनामोच्चारणेन अघेभ्यः यमाच्च मुक्तः मुक्तिं तु विष्णुभृत्यदर्शनेन प्राप्तः ।।

कलौ युगे हरिः प्रत्यक्षो न स्यादिति यद्वचः तद्वेदविदा केनाऽपि सत्पुरुषेण नोच्यते । अद्य नारायणावतारो हरिरस्ति

नः गुरुः । तस्यैश्वर्यं सहस्रशो जनैर्मया चानुभूतम् । स च सहजानन्दनाम्नाऽधुना प्रसिद्धो वर्तते । तस्मात् भवद्भिरुक्तं मतमसदेव । किंतु सर्वप्रमाणेभ्यः प्रत्यक्षं बलवत्तरं अनुमानादिभिस्तस्य बाधः कर्तुं न शक्यते । अन्यत्शास्त्रसंमतं रहस्यं वदामि तत्शृणुत । यदा हिंसानुरक्ताः दैत्याः सुरसत्तमैःअवध्याः राक्षसाश्चास्मिन् लोके दारुणा उत्पद्यंते तदाऽहं शुभकर्मणां गृहेषु प्रादुर्भवामि । मानुषं देहं प्रविष्टः सन् सर्वेषामधर्मादिकानां विनाशं करोमि । इत्थं जनार्दनेन भारते मार्कंडेयं प्रत्युक्तम् अन्यच्च भगवद्वाक्यं गीतोक्तम् ।

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।
प्रमाणानां प्रमाणं हि गीता भागवती मता ।
श्रीमद्भागवतं चाऽपि प्रमाणं बलवत्तरम् ।।
वेदशास्त्रपुराणानां सारभूतं यतोऽस्ति तत् ।
यदाह्यधर्मेण तमोधियो नृपा जीवति तत्रैष हिसत्वतत्किल ।
धत्ते भगं सत्यमृतं दयां यशोभवाय रूपाणि दधद्युगे युगे ।।

इत्यादि वाक्यानि श्रीमद्भागवतपुराणे सहस्रशः सन्ति अत्र कलौ युष्मन्मते अधर्मवृद्धिर्नास्ति किम्? धर्म एव पुष्टोऽस्ति किम्?। यतः हरेवतारो नास्ति इत्युच्यते । हे भक्ताः

वो हितावहं अन्यद्मद्वाक्या शृणुत । ये जनाः कलौ विष्णोरवतारो न इत्युचुः तान् पृच्छथ । भारतं पंचमो वेदस्तत्र भारते भागवते च कृष्णाऽर्जुनाकृतेः नरनारायणस्य कथाऽस्ति । तयोः कलावेव जन्म । तथा बुद्धस्य कल्किनश्च जन्म तत्रैवास्ति । इत्युक्तं पुराणादौ तत् किं सत्यं वाऽनृतम्?। धर्मप्रवर्तकाचार्यैः कलिसंभवा हरेरवताराः कथ्यन्ते तच्च किं मृषा?। अतो ये जनाः कलौ हरेरवतारं न मन्यन्ते तेषां शास्त्ररहस्यज्ञानं नास्त्येवेति निश्चयः । स्ववाक्येषु पूर्वापरविरोधं च मंदमतयस्ते न विदुः । यं निषेधंति कलौ तत्कथामेव कुर्वते तथापि कृष्णः कदा जातः इति तं न जानति ते ।। संसारिणां मार्गोऽन्यो मुमुक्षूणां चान्यः । अतः मुमुक्षुभिर्मुमक्षूणामेवाध्वा सेव्यो नापरः । भुवि ये ये मुमुक्षवो जाताः ते ते सत्संगतः परमां सिद्धिं प्राप्ताः कुसंगतश्चभ्रष्टाः आसन् । कलौ हरिः प्रत्यक्षो भूतले नस्यात्तर्हि मुमुक्षुभिः श्रयणीयाः संतः कुतः स्यु? प्रत्यक्षपरब्रह्मसाक्षात्कारः सतां मुख्यं लक्षणमुक्तं तद्धरिं विना कुतः स्यात्?।। पूर्वं यस्य यस्य संसारबंधनात्मुक्तिर्जाताऽस्ति सा हरेर्हरिजनानां वा संगेनैवोदिताऽस्ति ।। यदि कलौ भगवान्नाऽस्ति तं विना तज्जनाश्च न तर्हि मुमुक्षुभिरत्र कलौ मोक्षाऽशा किमर्थं कार्या? शास्त्रेषु नृदेहस्तु मोक्षसाधनमुच्यते ।। तं प्राप्याऽपि यो न मुक्तः स चात्मघ्नः कथ्यते । तदुक्तं भागवते ।।

नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयाऽनुकूलेन नभस्वतेरितं पुमान्भवाब्धिं न तरेत्स आत्महा ।।

नृदेहं विनाऽन्यदेहेन स्वात्मपरमात्मनोर्ज्ञानं न स्यात् ।। ज्ञानं विना मुक्तिरपि न ।। अतो मानुषोदेहो दुर्लभ इति सर्वैरुच्यते ।। अनेकजन्मांते अतिपुण्यशीलः सो व्याप्यते ।। सोऽस्माकमद्यप्राप्तः तदात्वस्ति कलिर्महान् । यत्रकलौ लोकैर्हरेरदर्शनं कथ्यते । यदा सत्यादियुगं स्यात्तदा नः पश्वादिजन्म चेत्तर्हि सत्यादि किं कुर्यात् । अस्माकं सत्यादियुगानि बहून्यतीतानि तत्र क्वाऽपि हरिः न श्रितः इत्यहं वेद्मि । यदि हर्याश्रयोऽस्माभिः कृतश्चेत्तर्हि मलमांसमयपिंडे पतनं कुतः स्यात्! तस्मात् यदाऽस्माकं मनुष्यत्वं स्यात्तदाऽत्र हरेरवतारो भवेदेवेत्यवधार्यताम् अन्यथा सज्जनैः जीवस्यात्महंतृत्वं नोच्येत । अतः कलावपि हरिर्भु विस्यादेव । कलौ मुक्ति साधनं हरेः समागमो न स्याच्चेत्तर्हि युगान्तरजनाः कलौ जन्म कथं इच्छेयुः? तदुक्तं भागवते –

कृतादिषु प्रजाराजन्कलाविछंति संभवम् ।
कलौ खलु भविष्यंति नारायणपरायणाः ।।

इति योगेश्वराः जनकनृपतिं प्राहुः कलौ यदि नारायणो न स्यात्तर्हि तत्परा जनाः कुतःस्यु!। तस्मान्नारायणो सर्वदैवभुविभवेन्नूनम् । तं प्राप्य भक्तैर्नवविधा तद्भक्तिः कर्तव्या । हे भक्ताः इति शास्त्रानुभवसंमतं मया प्रोक्तम् अत्र ।

कश्चित् संशयश्चेत् पुनःप्रश्नो विधीयताम् । इति सत्शास्त्रयुक्तां तद्वाचं श्रुत्वा ते वादिनः तज्जयाशां नष्टप्रायां मेनिरे । इतरे प्रेक्षकास्तु नष्टामेवमेनिरे ।।

અર્થ– પોતાના દિવ્ય ધામમાં સદા દિવ્યાકાર મુક્ત મંડળ મધ્યે બિરાજતા પરબ્રહ્મપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વીતળમાં અસંખ્ય જીવના મોક્ષ માટે પોતાના મુક્ત મંડળ સહિત પ્રગટ થયેલા છે, આ પ્રકરણમાં પ્રસંગોપાત્ત આખ્યાન કહેવાય છે. એક સમયે શ્રી સ્વામિનારાયણ ભગવાને મોકલેલા પંડિતવર્ય અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ મુનિ વડોદરા શહેરમાં ગયા હતા, ત્યાં નાથજી ભક્તને ઘેર મંડળે સહિત નિવાસ કરીને રહ્યા, તે શહેરમાં રામચંદ્ર નામના બ્રાહ્મણ હતા, તેના ભાઈ હરિચંદ્ર હતા. તે બંને બહુશ્રુત અને વિશેષપણે કરીને વૈદ્યશાસ્ત્રમાં ચતુર, રાજાના માનીતા, ધર્મનિષ્ઠ, વિવેકવાન હતા. ત્રીજા શોભારામ નામના વેદશાસ્ત્રના અર્થમાં નિપુણ રાજાના માનીતા હતા. ચોથા રાજાના કારભારી નારૂપંત નામના હતા, ચીમનરાવ નામના એક શ્રેષ્ઠ ક્ષત્રી હતા, એ પાંચ મુમુક્ષુઓ પરસ્પર સ્નેહવાળા હતા. તેઓને બહુ શાસ્ત્ર સાંભળવાથી પોતાને ઉપાસ્ય સ્વરૂપનો નિશ્ચય ન હતો, તેઓ તે વડોદરા નગરમાં રહેલા બહુ શાસ્ત્રને જાણનાર દક્ષણી હરિહર આચાર્યને સમીપે જઈને એક સમયમાં પૂછવા લાગ્યા

કે હે આચાર્યવર્ય! અમો તમને પૂછીએ છીએ તેને સાંભળીને યથાર્થ ઉત્તર આપવાને તમે યોગ્ય છો કે ગોલોક, વૈકુંઠ, ક્ષીરસાગર અને બ્રહ્મપુર એ સ્થાનોમાં ભગવાન રહ્યા છે એમ લોકમાં સંભળાય છે, અને ચાર ભુજાવાળા, આઠ ભુજાવાળા, બે ભુજાવાળા પણ સંભળાય છે, તેમાં મુમુક્ષુજનોએ કોનું ધ્યાન કરવું? કેટલાક ભક્તો રામચંદ્રજી, શ્રીકૃષ્ણ, નૃસિંહ તેમની ઉપાસના કરે છે. માટે હે ભક્તવર્ય તમો અમને તમારો નિશ્ચય કહો. એ પ્રકારે તે વિદ્વાનોએ પૂછેલા, બહુ દંભમાં વિચક્ષણ, રાજના જનોએ સેવાયેલ, તર્કબુદ્ધિવાળા તે આચાર્ય તેમના પ્રત્યે કહે છે, કે હે દ્વિજો! તમો મારું વચન સાંભળો. તમો મુમુક્ષુ છો માટે તમારું જેમ હિત થાય તેમ હું કહું છું. ગોલોકાદિક ધામોમાં શાસ્ત્રોએ જે ઈશ્વર કહેલા છે, તે તો સાક્ષાત્ કળિયુગમાં કોઈથી પામી શકાતા નથી, માટે તેનું જ નિરંતર નામકીર્તન કરો. અને તે નામકીર્તન કરવાથી જ આ લોકનાં સુખ તથા મોક્ષને પામશો તે ભાગવતમાં કહ્યું છે કે, 'સત્યયુગમાં ભગવાનનું ધ્યાન કરનારને જે ફળ પ્રાપ્ત થાય છે, અને ત્રેતાયુગમાં યજ્ઞ કરનારને જે ફળ પ્રાપ્ત થાય છે, અને દ્વાપરમાં સેવા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે જ ફળ કળિયુગમાં કીર્તન ભક્તિથી થાય છે.' માટે કળિયુગમાં બીજી ભક્તિ નથી. તો તપ, યોગ અને નિયમ તે કળિયુગમાં મનુષ્યોએ ન કરવાં, તે જ પ્રકારે ભગવાનને ત્રિયુગપણું છે.

માટે કળિમાં તેનો અવતાર નથી થાતો. તેથી પ્રત્યક્ષ ભગવાનનો અનુભવ કથન માત્ર છે. વસ્તુતાએ નથી એ પ્રકારે તે શાસ્ત્રીએ જેમને કહ્યું છે એવા તે પંડિતોએ તે કળિયુગમાં કેવળ કીર્તન ભક્તિથી જ પોતાના કલ્યાણનો નિશ્ચય કર્યો. ત્યાર પછી તે વિદ્વાનો સભાઓમાં બીજા શાસ્ત્રીઓ સાથે વિવાદ કરવા લાગ્યા અને બહુ યુક્તિથી પોતાનો મત સ્થાપન કરવા લાગ્યા. યુક્તિમાં ચતુર, રાજાના માનીતા તે વિદ્વાનોને કોઈ પણ પુરુષ સભામાં જીતવાને સમર્થ ન થયા. ત્યાર પછી પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિથી મોક્ષ થાય છે એમ કહેનારા ભક્તોનો તે ઉપહાસ કરવા લાગ્યા, તે વિદ્વાનોએ નાથજી ભક્તને ઘરે આવેલા, પ્રથમ જેના સદ્‌ગુણો સાંભળેલા છે, એવા મુક્તાનંદ મુનિને સાંભળ્યા. ત્યાર પછી તે વિદ્વાનો તે મુનિના દર્શન નિમિત્તે હજારો જનની સભામાં બેઠેલા તે મુક્તાનંદ મુનિની સમીપે આવ્યા. મુક્તાનંદ મુનિએ સત્કાર કરેલા તે વિદ્વાનો તે મુક્તાનંદ મુનિને નમસ્કાર કરી હસતા થકા તેમની આગળ બેઠા. તે જ પ્રકારે બીજા ઘણાક શાસ્ત્રીઓ પુરાણીઓ તથા શિવના ઉપાસકો, વિષ્ણુના ઉપાસકો તે સભામાં આવ્યા. બીજા કેટલાક જોનારા પણ તે સભામાં આવ્યા. ત્યાર પછી હજારો જનોથી વ્યાપ્ત તે સભામાં પૂછવાને માટે ઉત્સાહવાળા તે વિદ્વાનો પ્રત્યે મુક્તાનંદ મુનિ બોલ્યા, હે વિદ્વાનો તમારા હૃદયમાં કંઈ

પૂછવાની ઇચ્છા હોય તો હાલ શાસ્ત્રાનુસારે મને પૂછો એમ તે મુક્તાનંદ મુનિએ પૂછેલા, ગૂઢ આશયવાળા તે વિદ્વાનો જાણવાને ઇચ્છતા હોય ને શું? તેમ સર્વ જનો સાંભળતે થકે મુક્તાનંદ મુનિને પૂછવા લાગ્યા, "હે મુને! આ લોકમાં મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ શાથી થાય? તે સાધન નિશ્ચય કરેલું હોય તે અમને શાસ્ત્રાનુસારે કહો." એ પ્રકારે તે વિદ્વાનોએ પૂછેલા તે મુનિ તેમનો આશય જાણવાને ઇચ્છતા થકા તેમને પૂછવા લાગ્યા કે હે દ્વિજો! આજ સુધીમાં તમોએ પોતાના કલ્યાણનું સાધન શું નક્કી કર્યું છે, તે મને કહો. ત્યારે તે વાદીઓ બોલ્યા કે કળિયુગમાં પાપને નાશ કરનારું ભગવાનનું નામકીર્તન તે કલ્યાણકારી છે, એમ અમે નિશ્ચય કરેલો છે. તેને સાંભળી મુક્તાનંદ મુનિ કહે છે કે ભગવાનની મૂર્તિ જેવી દેખેલી હોય તે મૂર્તિને હૃદયમાં સ્મરણ કરતો પુરુષ નામ ઉચ્ચારણ કરે છે તે નામનું ફળ પામે છે. જેનું મન ભ્રાંતિયુક્ત સાંસારિક પદાર્થોમાં આડુંઅવળું દોડે છે. તેને ભગવાનના નામથી કંઈ ફળ થતું નથી. ધ્યાન કરવા યોગ્ય એવા ભગવાન તેના પ્રત્યક્ષ દર્શન વિના તેના નામકીર્તન સમયમાં દર્શન ક્યાંથી થાય! હૃદયમાં નિરંતર દીઠેલા ગ્રામ્ય પદાર્થોને ચિંતવન કરતો એવો પુરુષ તેને નામ ઉચ્ચારણ માત્રથી મોક્ષ થવો દુર્લભ છે. જો નામ ઉચ્ચારણ માત્રથી મોક્ષ થતો હોય તો ત્રિકાંડ વિષયવાળા વેદો તથા સર્વ સાધનો તે

વ્યર્થ થાય. અને જો એમ હોય તો તમારો મત વેદથી વિરુદ્ધ થાય. ભગવાનના નામકીર્તનથી પુણ્ય અને પાપનો ક્ષય થાય છે પણ સંસારથી મોક્ષ થવો તે તો પ્રત્યક્ષ ભગવાનના દર્શનથી થાય છે. માટે તમોએ સાક્ષાત્ ભગવાન દેખ્યા છે કે નહિ? જો દેખ્યા હોય તો તમો સિદ્ધિને પામી ગયા છો અને ન દેખ્યા હોય તો દેખવાનો ઉધ્યમ કરો. ત્યારે વાદીઓ કહે છે કે જે વેદમાં કહેલાં સાધન છે તે તો કળિયુગમાં ક્ષણભંગુર દેહવાળા મનુષ્યોને દુષ્કર છે. માટે અમોએ ભગવાનના નામમાત્રથી જ કલ્યાણ માનેલું છે. ઘોર કળિયુગમાં ભગવાનનું પ્રત્યક્ષ દર્શન ક્યાંથી હોય! મહાપાપી અજામેળ નારાયણના નામઉચ્ચારણથી મોક્ષને પામ્યો. તે તમે પણ જાણો છો. તે સાંભળીને મુક્તાનંદ મુનિ બોલ્યા, 'નામમાત્રથી જે મોક્ષ તે તો પાપના સમૂહ થકી અને યમના પાશ થકી જાણવો એમ ભાગવતમાં કહ્યું છેઃ 'હે પુત્રકા! ભગવાનના નામઉચ્ચારણનું માહાત્મ્ય જુઓ કે જે નામ-ઉચ્ચારણથી અજામેળ પણ મૃત્યુપાશથી મુકાયો.

અજામેળ નામમાત્રથી મુક્તિને પામેલ હોય તો તેણે ગંગાદ્વારમાં યોગાભ્યાસ કેમ કર્યો? માટે તે તો નામઉચ્ચારણથી પાપના સમૂહથી તથા યમથી મુક્ત થયો છે. મોક્ષ તો વિષ્ણુના પાર્ષદના દર્શને કરીને પામ્યો છે. કળિયુગમાં પ્રત્યક્ષ ભગવાન નથી હોતા, એ વચન છે તે વેદને જાણનાર

કોઈ સત્પુરુષે કહેલ નથી. હાલ નારાયણના અવતારરૂપ અમારા ગુરુ સ્વામિનારાયણ છે, એમનું ઐશ્વર્ય મેં તથા હજારો જનોએ અનુભવ કરેલ છે. તે સહજાનંદ એવા નામથી હાલ પ્રસિદ્ધ છે. માટે તમોએ કહેલો મત તે અસત્ય છે, કેમ કે સર્વ પ્રમાણોથી પ્રત્યક્ષ પ્રમાણ અતિ બળવાન છે, તેને અનુમાનાદિક કોઈ પ્રમાણો બાધ કરી શકતાં નથી. બીજું શાસ્ત્રમાં માનેલું રહસ્ય તમને કહું છું તે સાંભળો. જ્યારે હિંસામાં આસક્ત એવા, શ્રેષ્ઠ દેવોથી પણ ન નાશ કરી શકાય એવા, અતિદારુણ દૈત્યો તથા રાક્ષસો આ લોકમાં પ્રગટ થાય છે ત્યારે હું શુભકર્મને કરનાર પુરુષોના ઘેર પ્રગટ થાઉં છું. મનુષ્યદેહને ધારણ કરતો થકો સર્વ અધર્મને નાશ કરું છું. આ પ્રકારે ભારતમાં ભગવાને માર્કંડેય ઋષિને કહ્યું છે. બીજું પણ ભગવાનનું વાક્ય ગીતામાં કહેલું છે તે હું કહું છું. 'જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હે ભારત! હું જન્મ ધારણ કરું છું અને સાધુના રક્ષણને માટે, દુષ્કર્મ કરનારા પુરુષોના નાશને માટે અને ધર્મ સ્થાપન કરવાને માટે યુગયુગમાં હું પ્રગટ થાઉં છું., સર્વ પ્રમાણોમાં ભગવદ્‌ગીતા મુખ્ય પ્રમાણભૂત મનાય છે અને શ્રીમદ્‌ ભાગવત્ પણ અતિ બળવાન પ્રમાણ છે, કેમ કે વેદતશાસ્ત્ર પુરાણના સારભૂત છે. "અજ્ઞાનમય જેમની બુદ્ધિઓ છે એવા રાજાઓ જ્યારે અધર્મથી જીવે છે ત્યારે તે

પરમાત્મા સત્ત્વગુણ થકી જગતની વૃદ્ધિને માટે રૂપોને ધારણ કરતા થકા યુગયુગમાં ઐશ્વર્ય, સત્ય, દયા, યશ એ આદિક ગુણોને ધારણ કરે છે", એ આદિક હજારો વાક્યો, શ્રીમદ્ ભાગવત પુરાણમાં છે તેને વિચારવાં. આ કળિયુગમાં તમારા મતે અધર્મ વૃદ્ધિ નથી શું? ધર્મ જ વૃદ્ધિ પામેલ છે શું? જે હેતુથી ભગવાનનો અવતાર નથી એમ કહો છો! હે ભક્તો! બીજું પણ તમારા હિતને કરનારું મારું વચન તમે સાંભળો. જે માણસો કળિયુગમાં ભગવાનનો અવતાર ન હોય એમ કહેતા હોય તેમને તમે આ પ્રકારે પૂછો કે ભારત પાંચમો વેદ છે તે ભારતમાં અને ભાગવતમાં કૃષ્ણ અને અર્જુનની આકૃતિરૂપ એવા નર અને નારાયણની કથા છે. અને તે બન્નેનો કળિયુગમાં જ જન્મ છે. તથા બુદ્ધાવતાર અને કલ્કિ ભગવાન તેમનો પણ કળિયુગમાં જ જન્મ છે, એ પ્રકારે પુરાણાદિકમાં કહ્યું છે તે સાચું છે કે ખોટું? અને ધર્મના પ્રવર્તક આચાર્યો કળિમાં ઉત્પન્ન થયેલા ભગવાનના અવતારો કહે છે તે શું ખોટું છે? માટે જે જનો કળિમાં ભગવાનનો અવતાર ન માનતા હોય તેમને શાસ્ત્રના રહસ્યનું જ્ઞાન જ નથી એમ નિશ્ચય થાય છે અને મંદબુદ્ધિવાળા તે પુરુષો પોતાના વચનમાં પૂર્વાપર વિરોધને જાણતા નથી, કેમ કે કળિયુગમાં જેનો નિષેધ કરે છે તેની જ કથાઓ કરે છે, તોપણ કૃષ્ણ ક્યારે ઉત્પન્ન થયા છે તે જાણતા નથી, માટે

સંસારીનો માર્ગ જુદો છે અને મુમુક્ષુનો પણ જુદો છે. માટે મુમુક્ષુ એવા જનોએ મુમુક્ષુનો માર્ગ સેવવો પણ બીજો ન સેવવો. પૃથ્વી ઉપર જે જે મુમુક્ષુ થયા છે તે તે સત્સંગથી જ પરમ સિદ્ધિ પામેલા છે અને નબળા સંગથી ભ્રષ્ટપણાને પામેલા છે. કળિયુગમાં ભગવાન પૃથ્વી ઉપર પ્રત્યક્ષ ન હોય તો મુમુક્ષુને આશ્રય કરવા યોગ્ય સંત ક્યાંથી હોય! કેમકે પ્રત્યક્ષ પરબ્રહ્મનો સાક્ષાત્કાર તે જ સત્પુરુષનું મુખ્ય લક્ષણ છે. ભગવાન પ્રકટ વિના તેમનો સાક્ષાત્કાર ક્યાંથી હોય! પૂર્વે જેનો જેનો સંસારબંધનથી મોક્ષ થયેલો છે, તે ભગવાન અથવા ભગવાનના ભક્તના સમાગમથી જ થયેલો છે. કળિયુગમાં જો ભગવાન ન હોય તો ભગવાન વિના તેના આશ્રિતજનો ક્યાંથી હોય! તો પછી મુમુક્ષુજનોએ કળિયુગમાં મોક્ષની આશા શા માટે કરવી જોઈએ, અર્થાત્ કળિયુગમાં મોક્ષ ન થાય એમ તમારું કહેવું થયું. આ મનુષ્યશરીર તો શાસ્ત્રમાં મોક્ષનું સાધનભૂત કહેલું છે. તે મનુષ્યદેહને પામીને પણ જે પુરુષ સંસારમુક્ત નથી થતો તે આત્મહત્યારો કહેવાય છે, એમ ભાગવતમાં કહ્યું છે. 'આ મનુષ્યશરીર સર્વોત્તમ છે, અનાયાસથી મળેલ છે, ફરીથી મળવું દુર્લભ છે, સંસારસમુદ્રમાં નાવ તુલ્ય છે, સર્વે અંગે સંપૂર્ણ છે. ગુરુરૂપી કર્ણધાર જેને છે, પરમાત્મારૂપી અનુકૂળ વાયુથી પ્રેરણા કરાયેલું છે, આવા મનુષ્યશરીરને પામીને જે

પુરુષ સંસારરૂપી સમુદ્રને નથી તરતો તે આત્મહત્યારો છે.' મનુષ્યદેહ વિના બીજા પશુ આદિકના દેહથી આત્મા -પરમાત્માનું જ્ઞાન થતું નથી, અને જ્ઞાન વિના મોક્ષ થતો નથી. માટે મનુષ્યદેહ દુર્લભ છે એમ સર્વજનો કહે છે. પુણ્યશાળી જનો અનેક જન્મના અંતે તે મનુષ્યદેહને પામે છે, તે મનુષ્યદેહ હાલ આપણને પ્રાપ્ત થયો છે. હાલ તો કળિયુગ છે, જે કળિયુગમાં ભગવાનનું દર્શન નથી એમ લોકો કહે છે. જ્યારે સત્યયુગાદિ યુગ હોય છે, ત્યારે આપણો પશુ વગેરેમાં જન્મ હોય તો સત્યયુગાદિ શું કરે! આપણને સત્યયુગાદિક ઘણા યુગો વીતી ગયા છે, તેમાં પણ ક્યાંય ભગવાનનો આશ્રય કર્યો નથી એમ હું જાણું છું, અને જો આપણે ભગવાનનો આશ્રય કર્યો હોત તો મળમાંસમય પિંડમાં પડવું પડત નહિ, માટે જ્યારે આપણે મનુષ્યપણું હોય, ત્યારે આ લોકમાં જરૂર ભગવાનનો અવતાર હોય એમ તમો જાણો, અને એમ જો ન હોય તો જીવને આત્મહત્યાપણું સત્પુરુષ કહત નહિ, માટે કળિયુગમાં પણ ભગવાન પૃથ્વી ઉપર હોય જ. કળિયુગમાં મોક્ષના સાધનરૂપ ભગવાનનો સમાગમ ન હોય તો બીજા યુગના જનો કળિમાં જન્મને કેમ ઇચ્છે! તે ભાગવતમાં કહ્યું છે કે 'સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગની પ્રજાઓ હે રાજન્! કળિયુગમાં જન્મને ઇચ્છે છે, કારણ કે કળિયુગમાં નિશ્ચય નારાયણ છે. પરપ્રધાન જેને એવા જનો

થશે, માટે ઇચ્છે છે.' એ પ્રકારે યોગેશ્વરો જનક રાજા પ્રત્યે કહે છે માટે કળિયુગમાં નારાયણ ન હોય તો નારાયણ છે મુખ્ય જેને એવા જનો ક્યાંથી હોય! માટે નારાયણ ભગવાન સદા પૃથ્વી ઉપર નિશ્ચય હોય જ છે, તે ભગવાનને પામીને ભક્તજનોએ તેમની નવ પ્રકારની ભક્તિ કરવી, હે ભક્તો! આ પ્રકારે શાસ્ત્રના અનુભવ પ્રમાણે મેં તમોને કહ્યું છે. આમાં કોઈ પ્રકારનો સંશય હોય તો ફરીથી પ્રશ્ન કરો. આ પ્રકારની સત્‌શાસ્ત્રયુક્ત મુક્તાનંદ મુનિની વાણી સાંભળીને તે વિદ્વાનોએ મુક્તાનંદ મુનિને જીતવાની આશા મૂકી દીધી. બીજા જોનારા જનો પણ જીતવાની આશા નાશ પામેલી માનવા લાગ્યા.

अथ तेषां वादिनां मध्ये कोमलान्तरो हरिश्चंद्रः कलावपि भूमौ हरेरवतारं निश्चिकाय । नारूपंतोऽपि श्रद्धया तद्वाक्यं बहवमन्यत । उक्तिप्रत्युक्तिनिपुणो रामचंद्रस्तमब्रवीत् । महर्षे! त्वया यत्प्रोक्तं तत्सत्यं मन्यामहे । त्वं नः हितकृत् सत्यवाक् चाऽसि । यतः त्वं गुरुभक्तः अतः गुरुं भगवन्तं मन्यसे । तत्तु स्थाने । किंतु

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परंब्रह्मेत्यस्ति स्कंदोदिताऽपिवाक् ।।

चतुर्षु युगेषु साक्षात्भगवतो जननं चेत्तर्ह्यसौ पुराणादिषु त्रियुगनामा कथमुच्यते । एतन्मे संशयं छेत्तुमर्हसि । त्वादृशं

संशयनाशकं लोकेऽन्यं न वीक्षेऽहम् । इति युक्तिविदा तेन पृष्टो महामुनिः सर्वशास्त्ररहस्यज्ञस्तमुवाच । हे विद्वन् गुरौ या ईश्वरधीः सा शिष्यैरारोपिताऽस्ति । यथासाध्व्या स्त्रियाः पत्यौ तथा सा न तु वास्तवी । अहं तु स्वाश्रितजीवानां श्रेयसे कलावपि साक्षात् श्रीविष्णोरवतारं भुवि जातं वदामि । वः त्रियुगनामत्वात् अस्य कलौ युगे प्रादुर्भावो नाऽस्तीति यदुक्तं तस्योत्तरमुच्यते । युगशब्दोऽत्रयुग्मवाची भगशब्दाभिधानि त्रीणि युगानि सन्त्यस्येति त्रियुगोभगवान्मतः ।

उत्पत्तिं प्रलयं चैव भूतानामागतिं गतिम् ।
वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति ।।

यद्वा कृतयुगे सर्वेषां ध्याननिष्ठत्वात् यज्ञरुपी नारायणो नाऽस्तीति त्रियुगो हरिः । यद्वा युगशब्दस्य यथाश्रुतोऽर्थः ग्राह्यः तत्रापि स्वान्तराणि युगानि ग्रहीतव्यानि । युगानि द्विविधानि सन्ति बाह्याऽभ्यंतरभेदेन । बाह्यानि तु प्रसिद्धानि । आभ्यंतराणि चतुर्युगान्युच्यन्ते । सत्त्वरजस्तम इतिगुणाः पुरुषे दृश्यन्ते । कालप्रेरितास्ते आत्मनि परिवर्तन्ते । यदा सत्वं मनोबुध्धीन्द्रियाणि च प्रभवंति तदा कृतयुगं विज्ञेयम् । यत्र कृते तपसि ज्ञाने च रुचिः स्यात् । यदा काम्यकर्मसु देहिनामभिरुचिर्भवति हे बुद्धिमन् तदा रजोवृत्तिं त्रेतायुगं जानीहि । यदा लोभोऽसंतोषश्च मानो दंभो मत्सरः काम्यकर्मविषये रुचिः तदा रजस्तमोमिश्रः द्वापरो ज्ञेयः । यदा

कपटमनृतं तंद्रा निद्रा हिंसा विषादः शोको मोहः भयं दैन्यं तदा सः तामसः कलिस्मृतः । एतैः कथितैर्युगलक्षणैः स्वहृदये वर्तमानं युगं बुधः परीक्षेत । यदा स्वहृदि कलियुगवर्तनं स्यात्तदा बाह्ये सत्ययुगेऽपि तत्र हरिर्न स्यात्। यदा स्वस्मिन् सत्ययुगं वर्तेत तदा बाह्ये कलावपि भगवतो दर्शनं स्यादेव । बाह्यकलिः हरिं पीडयितुं नैव क्षमः । यतः सर्वयुगानां स एव कारणं मतः । बाह्यकलियुगेऽपि स हरिः सत्यस्य धर्मान् प्रवर्तयितुमीशोऽस्ति सर्वेश्वरत्वात् । कालस्याऽपि कालोऽस्ति स इति वेदे उक्तम् अतः हरौ कलिभयात् काऽपि शंका न कार्या । कालस्य कारणं राजाऽस्ति । न नु कालः अस्य कारणम् । मानुषे नृपतावपि कालचालनशक्तिश्चेत्तर्हि जगदीश्वरे जनाः शंकांकुतः कुर्वते । सर्वस्वामी स एक एवाऽस्ति । तस्मात् त्रियुगशब्देन कलौ तदवतारे शंकां कर्तुं नाऽर्हसि । एवं अत्र मुमुक्षुणा त्रियुगशब्दार्थो बोधव्यः न तु नास्तिकवत् कलौ हरिर्नास्तीति ज्ञातव्यम् । इत्थं प्रह्लादेनोक्तं ।

इत्थंनृतिर्यगृषिदेवझषावतारैर्लो
कान्विभावयसिहं-सिजगत्प्रतीपान् ।
धर्मं महापुरुष पासियुगानुवृत्तं
छन्नः कलौयदभवस्त्रियुगोऽथसत्त्वम् ।।

अत्र प्रह्लादवचने कलौ हरेर्यच्छन्नत्वमुक्तं तदथ ते कथयामि । परमं निजैश्वर्यमाविष्कृत्याऽपि क्षणान्तरे नृनाटयेन

छादयति तत् । सा हरेश्छन्नता । यथा कृष्णावतारेऽसौ हरिः आदौ देवकीवसुदेवयोः स्वस्मिन्नीशभावं प्रदर्श्य पश्चात् नृनाटयेन ह्यजुगुपत् । यशोदायाऽपि विश्वरूपं दर्शयित्वा क्षणान्तरे नृनाटयेन पुनः पुत्रभावं दृढमकारयत्। नन्दादिगोपेभ्यः स्ववैकुंठधाम दर्शयित्वा नृनाटयेन पुनः तदछादयत् । दैवेः अवध्यानपि दैत्यान् हत्वा स्वस्तुतिं कुर्वाणान् ब्रह्मादिदेवान् नृनाटयेनामुमुहत् । अक्रूरायाद्भुतं स्वीयमैश्वर्यं यमुनाह्रदे दर्शयित्वा पुनः नरलीलया तच्चच्छाद । इत्थं भगवान् नरलीलया सहस्रशोवारानैश्वर्यं दर्शयित्वाऽपि छन्नएवाऽभवत् भुवि । जगत्प्रभोः तच्छन्नत्वमपि स्वेच्छयैव न तु कलिभयादितिज्ञेयम् तत्रापि कलौ बलमुपेयुषां धर्मद्रुहां कपटात्मनां दैत्यानां व्यामोहएव कारणमस्ति । प्रायशः मनुषाकृतिभिः छन्नस्वाकृतयोऽसुराः भूमौ लोकव्यामोहाय चरन्ति । तादृशामपि दैत्यानां व्यामोहाय नराकृतिर्हरिः अत्र कलौ स्वयं छन्नो भवति । तत्रापि छादितखाङ्गा दैत्यास्त्वासुरसंपदां संगोपने अशक्यत्वात् सर्वदा प्रकटाः सन्ति । भगवांस्तु स्वतंत्रोऽस्ति । ततो मानुषैश्चरि मैसुरेभूवि क्वापि ज्ञातुं न शक्यते । तस्य हरेरखिलानि चरित्राणि दिव्यानि सन्ति । तत्र असुरा एव मुह्यंति न तु भक्ताः । तदुक्तं ब्रह्मपुराणे-

अज्ञत्वं पारवश्यत्वं विधिवेदादिकं तथा ।

तथा प्राकृतदेहत्वं देहत्यागादिकं तथा ।।

असुराणां विमोहाय दोषा विष्णौ नहि क्वचित् ।।

अतएव कंसजरासंधादयोऽसुराः दृप्तनृपाकारा भुवि तं हरिं न विदुः अपित्ववजानते । तदुक्तं स्वेनैव भगवता गीतायाम् —

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ।।
मोघाशा मौघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ।।
न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ।।
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ।।

इत्थं हरिणाऽर्जुनं प्रत्युक्तं अतोऽसुरमते हरिर्नास्ति भुवि सन्मते त्वस्त्येव । इत्थं त्रियुगशब्दार्थो मया ते समुदीरितः । अन्यः संशयः कश्चित् चेत्तर्हि मां पृच्छथ । इति मुक्तानंदमुनिवाक्यं श्रुत्वा रामचन्द्रस्तु शान्तोऽभवत् । ततः शास्त्रवेत्ता शोभारामः तं मुनिं प्रपच्छ ।

અર્થ– ત્યાર પછી શાંત થયેલા કોમળ અંતઃકરણવાળા હરિચંદ્ર કળિયુગમાં પણ ભગવાનનો અવતાર થાય છે એમ નિશ્ચય કરતા હવા. નારૂપંતે પણ શ્રદ્ધા વડે કરીને તે મુનિનું વાક્ય માન્ય કર્યું. પણ બહુ યુક્તિમાં ચતુર એવા રામચંદ્ર બોલ્યા કે હે મહર્ષે! તમોએ કહેલું તેને અમે સત્ય માનીએ

છીએ. કારણ કે તમે અમારું હિત કરનાર છો, અને ગુરુભક્ત છો. માટે ગુરુને ભગવાન માનો છો તે ઘટિત છે. કેમકે બ્રહ્મા, વિષ્ણુ, દેવ, મહેશ્વર અને પરબ્રહ્મ એ બધા ગુરુ કહેવાય એમ સ્કંદપુરાણમાં કહેલું છે. જો ચારે યુગમાં સાક્ષાત્ ભગવાનનો જન્મ હોય, તો તે ભગવાન પુરાણાદિકમાં ત્રિયુગ નામથી કેમ કહેવાય એ મારા સંશયને તમે નાશ કરો. તમારા સરખા સંશયને નાશ કરનાર બીજા કોઈને હું આ લોક વિષે દેખતો નથી. એ પ્રકારે યુક્તિને જાણનારા રામચંદ્રે પૂછેલા, સર્વ શાસ્ત્રના રહસ્યને જાણનાર તે મહામુનિ (મુક્તાનંદ મુનિ) કહે છે કે હે વિદ્વન્! ગુરુને વિષે જે ઈશ્વરબુદ્ધિ છે તે તો શિષ્યોએ આરોપણ કરેલી છે, જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિમાં ઈશ્વરબુદ્ધિ કરે તેમ, પણ તે વાસ્તવિક નથી. હું તો પૃથ્વીમાં પોતાના આશ્રિત જનોના કલ્યાણને માટે સાક્ષાત્ ભગવાનનો અવતાર કળિયુગમાં થયો છે એમ તમોને કહું છું. અને ભગવાન ત્રિયુગ નામવાળા છે. માટે કળિયુગમાં ભગવાનનો અવતાર નથી એમ કહેલું છે તેનો ઉત્તર કહું છું તે સાંભળો. આ ઠેકાણે યુગ શબ્દ યુગ્મ એટલે જોડલાને કહેનાર છે. ભગ શબ્દ છે નામ જેનાં એવાં ત્રણ યુગ એટલે જોડલાં છે જેને તે ત્રિયુગ એવા ભગવાન કહેવાય છે. તે ત્રણ જોડલાં કાં તો ઉત્પત્તિ અને પ્રલય, પ્રાણીઓનું આવવું ને જવું તથા વિદ્યા અને અવિદ્યા એ ત્રણ જોડલાંને જાણે તે ભગવાન

કહેવાય છે. અથવા સત્યયુગમાં સર્વ જનોને ધ્યાનનિષ્ઠપણું હોવાથી યજ્ઞરૂપી નારાયણ હોતા નથી, માટે ત્રિયુગ કહેવાય છે. અથવા યુગ શબ્દનો અર્થ ચાર યુગ વાચક જ ગ્રહણ કરવો. તેમાં પણ પોતાના આભ્યંતર યુગો ગ્રહણ કરવા, કેમકે યુગ આભ્યંતર અને બાહ્ય ભેદથી બે પ્રકારના છે, તેમાં બાહ્ય તો પ્રસિદ્ધ છે. આભ્યંતર યુગો કહીએ છીએ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો પુરુષમાં જણાય છે, તે કાળની પ્રેરણાથી આત્માને વિષે વારાફરતી વર્તે છે. મન, બુદ્ધિ અને ઇંદ્રિયો જ્યારે સત્ત્વગુણમાં અતિશેપણે કરીને વર્તે છે ત્યારે સત્યયુગ જાણવો. જે સત્યયુગમાં મનુષ્યને તપ અને જ્ઞાનમાં રુચિ થાય છે. મનુષ્યોને જ્યારે ઇચ્છિત કર્મમાં રુચિ થાય છે ત્યારે ત્રેતાયુગ જાણવો. જે ત્રેતામાં મનુષ્યને રજોગુણમાં વૃત્તિ થાય છે. જ્યારે મનુષ્યમાં લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર વૃદ્ધિ પામે છે, અને ઇચ્છિત કર્મમાં રુચિ થાય છે. ત્યારે રજતમથી મિશ્રિત એવો દ્વાપર યુગ જાણવો અને જ્યારે મનુષ્યને કપટ, અસત્ય, આળસ, નિદ્રા, હિંસા, ખેદ, શોક, મોહ, ભય, દીનપણું આદિક વિશેષ જણાય છે, ત્યારે તમોગુણયુક્ત કળિયુગ જાણવો. આ કહેલાં યુગનાં લક્ષણો વડે પોતાના હૃદયમાં વર્તતો યુગ તેની ડાહ્યા પુરુષે પરીક્ષા કરવી, જ્યારે હૃદયમાં કળિયુગ વર્તે ત્યારે બહાર સત્યયુગ હોય તો પણ તેમાં ભગવાન હોય નહિ, જ્યારે પોતામાં સત્યયુગ વર્તે ત્યારે બહાર

કળિયુગ હોય તો પણ ભગવાનનું દર્શન થાય જ. બહારલો કળિયુગ તે ભગવાનને પીડવા સમર્થ થાય નહિ. કારણ કે સર્વ યુગના કારણ તે ભગવાન જ છે. માટે બહાર કળિયુગ હોય તો પણ તે ભગવાન સત્યયુગના ધર્મોને પ્રવર્તાવવા સમર્થ છે, પોતે સર્વેશ્વર છે. એ હેતુથી તે ભગવાન કાળના પણ કાળ છે એમ વેદમાં કહેલું છે. માટે ભગવાનમાં કળિના ભયથી કોઈ પ્રકારની શંકા કરવી નહિ. કેમ કે રાજા કાળનું કારણ છે, પણ રાજાનું કારણ કાળ નથી. એવી રીતે મનુષ્યરૂપી રાજામાં પણ કાળને ચલાયમાન કરવાની શક્તિ છે, તો પછી જગતના ઈશ્વર પરમાત્મામાં કાળને ચલાયમાન કરવાની શક્તિ હોય તેમાં જનો કેમ શંકા કરે! સર્વના સ્વામી એક જ ભગવાન છે. માટે ત્રિયુગ શબ્દથી કળિયુગમાં ભગવાનના અવતાર નથી થતા એમ શંકા કરવા તમે યોગ્ય નથી. એવી રીતે આ સ્થળે મુમુક્ષુઓએ ત્રિયુગ શબ્દનો અર્થ જાણવો, પણ કળિયુગમાં ભગવાન છે જ નહિ, એમ નાસ્તિકની પેઠે ન જાણવું. આ પ્રકારે પ્રહ્‌લાદે પણ કહ્યું છે, 'હે મહાપુરુષ! આ પ્રકારે અજન્મા, ત્રિયુગ, છ ઐશ્વર્ય યુક્ત એવા જે તમો તે મનુષ્ય, પશુ, ઋષિ, દેવ, મીન આદિકને વિષે ધારણ કરેલા અવતારો કે જે રામચંદ્ર, યજ્ઞ, વરાહ, પરશુરામ આદિકથી પોતાના ભક્તોનું પાલન કરો છો, અને જગતના શત્રુ એવા અસુરોનો નાશ કરો છો, અને યુગને અનુસારે તમો

કળિયુગમાં મનુષ્યાકૃતિ ધારણ કરવા વડે કરીને ઢાંક્યું છે ઐશ્વર્ય જેમણે એવા થકા ધર્મનું પાલન કરો છો." પ્રહ્લાદના વચનમાં કળિયુગે ભગવાનનું ગુપ્તપણું કહ્યું છે તેનો અર્થ તમોને કહું છું. ઉત્તમ એવું પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરીને પણ ક્ષણવાર પછી મનુષ્ય નાટ્યથી તેને ઢાંકી દે છે. તે જ ભગવાનનું ગુપ્તાણું છે, જેમ કૃષ્ણાવતારમાં આ ભગવાને જન્મ ધારણ કરી પ્રથમ દેવકી-વસુદેવને પોતામાં ઐશ્વર્યપણું બતાવી પછી મનુષ્યપણે પુત્રભાવ દૃઢ કરાવ્યો, નંદાદિ ગોવાળિયાને પોતાનું વૈકુંઠધામ બતાવી મનુષ્યાકૃતિથી તે ઐશ્વર્ય ઢાંકી દીધું. દેવોથી પણ ન મારી શકાય એવા દૈત્યોને નાશ કરીને પોતાની સ્તુતિ કરનારા બ્રહ્માદિ દેવોને મનુષ્યપણેથી મોહ પમાડ્યો. અક્રૂરને જમુનાના ધરામાં અદ્‌ભુત ઐશ્વર્ય બતાવીને પછીથી મનુષ્યલીલાએ ઐશ્વર્ય ઢાંકી દીધું. આ પ્રમાણે ભગવાને મનુષ્યલીલા વડે કરીને હજારો વાર ઐશ્વર્યો બતાવીને તે ઐશ્વર્ય ઢાંકી દીધેલાં છે. જગતના પ્રભુ એવા તે ભગવાન ગુપ્ત પોતાની ઇચ્છાથી જ બતાવે છે પણ કળિના ભયથી બતાવે છે એમ ન જાણવું. આ ગુપ્તપણામાં પણ કળિયુગમાં બળને પામેલા ધર્મનો દ્રોહ કરનારા, કપટે યુક્ત મનવાળા દૈત્યોને મોહ પમાડવો તે જ કારણ છે, બહુધા મનુષ્યાકૃતિથી ગુપ્ત આકૃતિવાળા અસુરો પૃથ્વીમાં લોકને મોહ પમાડવા વિચરે છે. તેવા દૈત્યોને પણ મોહ પમાડવા માટે

મનુષ્યાકૃતિ ભગવાન આ કળિયુગમાં પોતે ગુપ્તપણે વર્તે છે, તેમાં પણ ગુપ્ત શરીરવાળા દૈત્યો આસુરી સંપદાને ઢાંકવાને અસમર્થ હોવાથી સર્વદા પ્રગટ હોય છે, ભગવાન તો સ્વતંત્ર છે, માટે મનુષ્યથી ન થાય એવાં ચરિત્રો વડે પૃથ્વીમાં અસુરોએ ક્યારે પણ જાણી શકાતા નથી, તે ભગવાનનાં સમગ્ર ચરિત્રો દિવ્ય છે તેમાં અસુરો મોહ પામે છે, ભગવાનના ભક્ત મોહ પામતા નથી તે બ્રહ્મપુરાણમાં કહ્યું છે. 'ભગવાનમાં જે અજ્ઞાનીપણું, પરવશપણું, વિધિભેદાદિક દેખાડવાપણું, પ્રાકૃત દેહપણું તથા દેહત્યાગાદિકપણું તે અસુરોને મોહ પમાડવા માટે છે, પણ ભગવાનમાં કોઈ પ્રકારનો દોષ છે નહિ.' એ જ હેતુ માટે કંસ, જરાસંધ આદિક અસુરો ગર્વિષ્ઠ રાજા સરખા પૃથ્વી ઉપર પ્રગટ થયેલા તે ભગવાનને નથી જાણતા પણ સામા અવજ્ઞા કરે છે તે ભગવાને પોતે ગીતામાં કહ્યું છે. 'મૂઢ પુરુષો મનુષ્યશરીરને આશરી રહેલો હું તે મારી અવજ્ઞા કરે છે, તે અસુરો પ્રાણીમાત્રનો ઈશ્વર એવો મારો પરમ ભાવ તેને નથી જાણતા. નિષ્ફળ આશાવાળા, નિષ્ફળ કર્મવાળા, નિષ્ફળ જ્ઞાનવાળા, ઉદાસી ચિત્તવાળા, રાક્ષસી આસુરી મોહ પમાડનારી પ્રકૃતિને આશરેલા, દુષ્કર્મ કરનારા, મૂઢ, મનુષ્યમાં અધમ એવા તે પુરુષો મને નથી પામતા ને માયાએ હરી લીધું છે જ્ઞાન જેમનું આસુર ભાવને આશરેલા અને જન્મોજન્મ

આસુરી યોનિને પ્રાપ્ત થયેલા એવા તે મૂઢ પુરુષો, હે અર્જુન! મને ન પામીને અધમ ગતિને પામે છે.' આ પ્રકારે ભગવાને અર્જુનને કહ્યું છે માટે અસુરને મતે પૃથ્વી ઉપર ભગવાન હોતા નથી અને સત્પુરુષ મતે તો સદાય હોય છે. આ પ્રકારે ત્રિયુગ શબ્દનો અર્થ મેં તમોને કહ્યો. બીજો કોઈ સંશય હોય તો મને પૂછો. આ પ્રકારે મુક્તાનંદ મુનિનું વચન સાંભળી રામચંદ્ર શાંતિને પામ્યા. ત્યાર પછી શાસ્ત્રને જાણનાર શોભારામ શાસ્ત્રી તે મુક્તાનંદ મુનિને પૂછવા લાગ્યા.

हे मुनिराज! त्वया सम्यक्कथितं । तेन बहुकालिनो नः त्रियुगशब्दजः संशयो नष्टः अतः परं त्वां अपरं संशयं पृच्छामि । भगवतो दशैवावतारा इत्यखिला जनाः वदन्ति । अत्रापि विद्वांसो वदन्ति न तु केवलमूर्खाः । यः सहजानन्दस्वामी ते गुरुः सांप्रतं भुवि विष्णोरवतारस्त्वया प्रोक्तः असौ किंनामकः? हे प्रभुवल्लभ! एतावदेव मे प्रश्नोऽस्ति यथावत्तदुत्तरं वद । इति शास्त्रविदा तेन पृष्टो मुनिः शान्तवादरयं तं शास्त्रसंमतवाक्यं पुनः प्रोचे । हे मानद! अवतारा दशैवेति नियमो नास्ति । यतः सर्वनियंता जगत्प्रभुरसौ स्वतंत्रोऽस्ति । दशैवेति वदतां मते महान् विरोधः । कस्मिंश्चिदपि सद्ग्रंथे भगवज्जन्मनां संख्या नास्ति । अवताराणामसंख्यत्वं जन्मेजयं प्रति वैशंपायेन हरिवंशे चोक्तम् । तस्य सुरेशस्य विष्णोः प्रादुर्भावसहस्राणि

अतीतानि । भूयश्चैव भविष्यन्ति । सुरमर्त्यानां हितार्थं लोकानां प्रभवाय च सर्वभूतात्मा कार्याय बहुशः प्रादुर्भवति । यदा यदा धर्मस्य ग्लानिर्भवति तदा धर्मसंस्थापनार्थाय प्रभुः प्रादुर्भवति । श्रीमद्भागवते आदौ कतिचित् समीरिताः । ततः हरेः प्रादुर्भावाऽसंख्यत्वं प्रोक्तम् ।

अवतारा ह्यसंख्याता हरेः सत्त्वनिधेर्द्विजाः! ।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ।।

इत्युक्तं प्रथमस्कंधे । द्वितीयेऽपि ब्रह्माणोऽवतरानुक्त्वा ततः इदमुक्तम् । मायाबलस्य पुरुषस्य ते अन्तमहं न विदामि । अग्रजा अमी मुनयो न विदन्ति कुतोऽपरे? । दशशतानन आदिदेवः शेषोऽपि गुणान् गायन् अस्य पारं न समवस्यति । दशमस्कंधे कृष्णं स्तुवता ब्रह्मणा तस्याऽवताराणां हेतुमुक्त्वा चोक्तम् । हे भगवन्! हे योगेश्वर! यस्त्वं अवतारधारणे उपायभूतां मायां विस्तारयन् क्रीडसि । देवादिषु अवतारान् धृत्वा तैः साकं विहरसि । इत्थंभूतस्य भगवतः तव आश्चर्यरूपा उतीर्लीलाः चरित्राणीत्यर्थः । त्रिलोक्यां कः पुमान् वेति! न कोऽपीत्यर्थः। तच्च मुचकुन्दं प्रति श्रीकृष्णेन स्वाऽवताराणामानन्त्यमुक्तम् ।

जन्मकर्माभिधानानि सन्ति मेऽङ्ग सहस्रशः ।
न शक्यन्तेऽनुसंख्यातुमनन्तत्वान्मयापि हि ।।
क्वचिद्रजांसि विममे पार्थिवान्युरुजन्मभिः ।

गुणकर्माभिधानानि न मे जन्मानि कर्हिचित् ।।
कालत्रयोपपन्नानि जन्मकर्माणि मेऽनध! ।
अनुक्रमन्तो नैवान्तं गच्छन्ति परमर्षयः ।।

गीतायामपि तेन भगवता उक्तम् । मे जन्मानि बहूनि व्यतीतानि तव चार्जुन । वेद न त्वम् ।

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ।।

इत्यादि प्रबलैः शतशो वचनैः हर्यवताराणाम् संख्या साक्रोशं निषिध्यते । ततः दशसंख्याभ्रमं त्यक्त्वा स्वस्थेन चेतसा मुमुक्षुणा धृतावतारो भगवान् श्रयणीयः । प्रत्यक्षहरिं विना जन्ममृत्युर्महामोहश्चनैव नश्येत् । ततः सः सेवनीयः । प्रत्यक्षहरिं विना ब्रह्मज्ञानं न मोक्षाय । अतएव श्रीवल्लभेन सुबोधिन्यां प्रोक्तम् । कृष्णेन भक्तानामेव संसृतेर्निस्तारकृतः । प्रकटबहिस्थितो वह्निर्यावदंतरं न विशेत् तावत् अंतःस्थितोऽप्येषः दारुदहने न क्षमः । एवमन्तर्यामितया सर्वगतो विष्णुर्मोक्षं न कुर्यात् । किंतु कर्मफलं ददाति । प्रत्यक्षहरिः प्राप्तश्चेत्तदा मोक्षो न दुर्लभः । इति तेन मुक्तानन्दमुनिनोक्तः सः शास्त्री नष्टसंशयः सद्योऽभूत् । अन्ये त्रयोऽपि अत्र कलौ हरिर्भवेदितिनिश्चक्युः । तदा चिन्मयरावः प्रमाणबलवत्तरात् कलावपि हरिर्भूमौ भवेदिति वेत्ति स्म । किंतु विष्णोरवतारत्वे तद्गुरोः संशयं प्राप्य तं मुनिवरं पप्रच्छ ।

શોભારામ કહે છે કે- હે મુનિરાજ! તમોએ બહુ સારું કહ્યું. તેથી ઘણા કાળનો મને ત્રિયુગ શબ્દથી થયેલો સંશય તે નાશ થયો. હવે બીજો સંશય તમોને પૂછું છું. ભગવાનના દશ જ અવતાર છે, એમ સર્વ જનો કહે છે. તેમાં પણ કેવળ મૂર્ખ માણસો નથી કહેતા, પરંતુ વિદ્વાન પુરુષો પણ કહે છે જે સહજાનંદ સ્વામી તમારા ગુરુ તે હાલ પૃથ્વી ઉપર ભગવાનના અવતાર છે એમ તમોએ કહ્યું. તે આ કયા નામના ભગવાન છે? ભગવાનને પ્રિય એવા હે મુને! એ પ્રકારનો મારો પ્રશ્ન છે તેનો યથાર્થ ઉત્તર કહો. એ પ્રકારે શાસ્ત્રને જાણનાર તે શોભારામ શાસ્ત્રીએ પૂછેલા મુનિ શાંતિ પામ્યો છે વાદનો વેગ જેને એવા તે શાસ્ત્રીને શાસ્ત્રસંમત વચન કહેવા લાગ્યા. હે માનદ! અવતારો દશ જ છે એવો નિયમ નથી. કારણ કે સર્વનિયંતા જગતના પ્રભુ સ્વતંત્ર છે. દશ જ અવતારો છે એમ કહેનારાના મતમાં મોટો વિરોધ આવે છે. કોઈ પણ સદ્‌ગ્રંથમાં ભગવાનના જન્મની સંખ્યા છે જ નહિ. અવતારોનું અસંખ્યપણું જન્મેજય રાજા પ્રત્યે વૈશંપાય મુનિએ હરિવંશમાં કહ્યું છે, દેવોના ઈશ્વર એવા વિષ્ણુ તેમના હજારો જન્મ વીતી ગયા છે અને હજારો જન્મ ફરીથી થશે. દેવ-મનુષ્યોના હિતને માટે, લોકની વૃદ્ધિને માટે, સર્વ પ્રાણીના કાર્ય માટે અંતર્યામી ભગવાન બહુ પ્રગટ થાય છે. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે ત્યારે ધર્મસ્થાપન કરવા

માટે ભગવાન પ્રગટ થાય છે. શ્રીમદ્ ભાગવતમાં કેટલાક ભગવાનના અવતાર પ્રથમ કહીને પછી તે ભગવાનના અવતારનું અસંખ્યપણું કહ્યું છે કે 'હે દ્વિજો! સત્યનિધિ એવા ભગવાનના અવતારો અસંખ્ય થાય છે. જે પ્રકારે મોટા સરોવરમાંથી હજારો નીરઝરણાં નીકળે છે તેમ,' આ પ્રમાણે પ્રથમ સ્કંધમાં કહ્યું છે. દ્વિતીય સ્કંધમાં પણ બ્રહ્માએ અવતારો કહીને પછી આ વચન કહેલું છે: 'માયાથી બળવાન પુરુષ તમો તે તમારા અંતને હું નથી જાણતો, પ્રથમ ઉત્પન્ન થયેલા મુનિઓ પણ નથી જાણતા તો પછી બીજા ન જાણે તેમાં શું! હજાર મુખવાળા શેષજી પણ ગુણને ગાયન કરતા થકા તે ભગવાનનો પાર નથી પામતા.' દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા બ્રહ્માએ તે શ્રીકૃષ્ણના અવતાર હેતુ કહીને કહેલું છે કે, 'યોગીઓના ઈશ્વર હે ભગવન્! જે તમો અવતાર ધારણ કરવામાં ઉપાયભૂત માયાને વિસ્તારતા થકા ક્રીડા કરો છો, દેવાદિકમાં અવતારો ધારણ કરી તેમની સાથે વિહાર કરો છો. આ પ્રકારના ભગવાન તમો તે તમારી આશ્ચર્યરૂપ લીલાઓ જે ચરિત્રો તેમને ત્રિલોકીમાં કયો પુરુષ જાણી શકે! કોઈ જાણતો નથી.' તે મુચકુંદ રાજા પ્રત્યે શ્રીકૃષ્ણે પોતાના અવતારનું અનંતપણું કહ્યું છે, 'હે રાજન્! મારા જન્મ, કર્મ ને નામ તે હજારો છે, અનંતપણાને લીધે હું પણ તેની સંખ્યા કરવા સમર્થ નથી. કોઈ પુરુષ ઘણા જન્મે ક્યારેક પૃથ્વીના

રજકણને ગણી શકે પરંતુ મારા ગુણ કર્મ નામ અને જન્મ તેને ક્યારેય પણ ન ગણી શકે. ત્રણ કાળથી યુક્ત એવા મારા જન્મ અને કર્મ તેમની સંખ્યાને કરનારા મોટા ઋષિઓ પણ પાર નથી પામતા.' ગીતામાં પણ તે ભગવાને કહ્યું છે કે, "હે અર્જુન! મારા જન્મ અને તારા જન્મ બહુ વીતી ગયા છે. તેમને હું જાણું છું. તું નથી જાણતો. હું પ્રથમ ન હતો એમ નહિ, પરંતુ હતો જ. અને તું અને આ સર્વ ક્ષત્રિયો તે પણ હતા જ. અને આથી આગળ પણ આપણે સર્વ હશું જ.' ઇત્યાદિક મહાબળવાન સેંકડો વચનથી ભગવાનના અવતારોની સંખ્યા આક્ષેપ સહિત નિષેધ કરેલી છે. માટે દશ સંખ્યાનો ભ્રમ ત્યાગ કરી સ્વસ્થ ચિત્તેથી મુમુક્ષુએ ધારણ કરેલ છે અવતાર જેમણે એવા ભગવાનનો આશરો કરવો. પ્રત્યક્ષ ભગવાન વિના જન્મ મૃત્યુ, મહામોહ તે નાશ ન થાય. માટે તે ભગવાનનું સેવન કરવું. પ્રત્યક્ષ ભગવાન વિના બ્રહ્મજ્ઞાનથી પણ મોક્ષ થતો નથી. એ જ હેતુ માટે શ્રી વલ્લભાચાર્યે સુબોધિની ટીકામાં કહ્યું છે કે શ્રીકૃષ્ણે પોતાના ભક્તનો જ સંસૃતિ થકી ઉદ્ધાર કર્યો છે, પ્રગટ બહાર રહેલો અગ્નિ જ્યાં સુધી અંદર ન પ્રવેશ કરે ત્યાં સુધી અંદર રહેલો અગ્નિ કાષ્ઠને બાળવા સમર્થ નથી થતો, એ જ પ્રકારે અંતર્યામીપણે સર્વમાં રહેલા ભગવાન તે મોક્ષ નથી કરતાં, પરંતુ કર્મફળ આપે છે. જો પ્રત્યક્ષ ભગવાન મળે તો મોક્ષ

દુર્લભ નથી. એ પ્રકારે મુક્તાનંદ મુનિએ કહેતા તે શાસ્ત્રીનો તત્કાળ સંશય નાશ પામ્યો. બીજા ત્રણ વિદ્વાનોએ પણ આ કળિયુગમાં પણ ભગવાન પ્રકટ થાય છે તેમ નિશ્ચય કર્યો. તે સમયમાં ચિમનરાવે પણ પ્રમાણના બળવાનપણાથી કળિયુગમાં ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થાય છે એમ નિશ્ચય કર્યો, પરંતુ ભગવાનના અવતારપણામાં તે મુનિના ગુરુ સંબંધે સંશય પામીને તે મુનિને પૂછ્યું.

हे मुने! कलावपि भगवतोऽवतारा भूतले स्युः तत् सत्यं मन्यामहे! नराकृतिः स भगवान् भुवि कैरसाधरणलक्षणैर्विज्ञायते!। तन्नो ब्रूहि । येन पर्वतो न धृतोऽसुराश्चऽपि न हताः ताद्रशो य ईश्वरः सकथं ज्ञेयः? तद्वद । एतत्श्रुत्वा मुक्तानन्देनोक्तम् । नराकृतिरपि सः स्वामिनारायणोऽतिमानुषैश्चरित्रैस्तद्भक्तलक्षणैश्च मुमुक्षुभि र्ज्ञातुं शक्यते । तस्य लक्षणानि पुरा पृथिव्या धर्मं प्रत्युक्तानि । तैः सत्यशौचादिलक्षणैः स ज्ञातव्यः । यस्य कृपया प्राकृतोऽपि जनो भुवि जाग्रतादिभ्यः परंस्थानमवाप्नुयात् । अतंद्रितैः ब्रह्मादिभिरपि यद्वशीकर्तुमशक्यं तन्मनः स्वाश्रितानां यः वशे कुर्यात् स एव प्रभुः अष्टांगयोगाभ्यसनं विनाऽपि यत्कृपया नृणां स्वस्वरूपेऽचला स्थितिः सद्यः स्यात् यन्मूर्तिदर्शनं गोलोकादिधामसु भवेत् सोऽत्र मनुषाकृतिर्भगवान् विज्ञेयः। यस्य भक्ता अपि जितक्रोधकामाः निःस्पृहा जितस्वादा

निर्लोभनिर्मानाश्चस्युः स वै हरिः । एतद् संक्षेपतः असाधारणलक्षणं नारायणस्य सर्वावतारेषु समं मया प्रोक्तम् । अन्यत्तस्य चरितं तु कार्यवशात् भक्तानां गायनार्थमस्ति नत्वीशत्वसूचकम्। पर्वतधारणादि तच्चरितं तु इंद्रा-दिदर्पनाशाय नत्वीशत्व सूचकम् । यतः हिरण्याक्षादयो दैत्याःसकलैरपि पर्वतैः समं समग्रां पृथ्वीं दधुः । तावता ते किं ईश्वराः?। तस्मात् ईशस्य लक्षणं तु अज्ञानाज्जीवमोक्षणं सद्धर्मद्रोहिदैत्यानां वधश्चेत्येव निश्चितम् । असुरा अपि द्विविधा ज्ञेयास्तत्रैकेशस्त्रपाणयोऽन्ये तु साधुवेषा दुष्क्रिया भीषणाकृतयश्च। तेषां वधोऽपि द्विविधःशस्त्रेणाशस्त्रतश्च शिरच्छेदः शस्त्रवधः तज्जीविकाहृतिश्चापरः। मनीषि-भिर्दैवीसंपत्देवानां जीविका प्रोक्ता । आसुरीसंपदसुराणां जीविका प्रोक्ता । अभयसत्वसंशुद्धिज्ञानयोगव्यव स्थिति-दानदमयज्ञ स्वाध्यायतप आर्जवाऽहिंसासत्याऽक्रोधत्याग शान्त्यपैशुनदयादयः । भूतेष्वलोलुप्तमार्दवचापलतेजः क्षमाधृति-शौचाऽद्रोहनातिमानितादयो दैवीसंपदः भवन्ति । दम्भ-दर्पाऽतिमानक्रोधपारुष्याऽज्ञानादयः आसुरीसंपदः भवन्ति । दैवीसंपद्विमोक्षाय । आसुरी निबंधाय मताऽस्ति । अस्मिंल्लोके दैवआसुरश्चेति द्वौभूतसर्गौस्तः । दैवोविस्तरशोऽस्ति आसुरस्तूच्यते । आसुरजनाः प्रवृत्तिं निवृत्तिं च न विदुः। तेषु सत्यं शौचमाचारश्च न विद्यते । ते

जगदनीश्वरमसत्यमाहुः । अनेकचित्तविभ्रांताऽज्ञानविमोहिता मोहजालसमावृताः कामभोगेषु प्रसक्तास्तेऽशुचौ नरके पतन्ति । इत्थं दैव्यासुरीच संपदविज्ञेया तत्फलं च । यदाशस्त्रभृतो दैत्या भुवि जायन्ते तदा भगवाना विर्भूय शस्त्रपाणिःसंस्तान् निहंति । यदा ते साधुवेषा दुराचाराःस्युः तदा तेषां कामक्रोधादिजीविकां हृत्वा शस्त्रं विनाऽपि तान् हंति । तेषामासुरीसंपदि हरिशक्तितः नष्टायां सत्यां आसुरत्वमपि नश्यत्येव देवत्वं च समुदेति । येन केनाऽप्युपायेन भगवान् भुवि सद्धर्मं स्थापयन् स्वाश्रितान् बंधनात् सद्यो मोचयति । तदाश्रयेण महापातकिनामपि जीवानां कल्याणं स्यात् । अतो मनुष्यैः भक्त्या स एव आश्रितव्यः । अस्मद्गुरुः सकलेश्वरलक्षणैः संपन्नोऽस्ति । इति तं भगवन्तं वच्मि नतु गुरुत्वात् । सहस्रशो दुराचाराःपुंमासोऽपि तदाश्रयादासुरक्रियास्त्यक्त्वा भूतले ग्रहीतसत्क्रियाः भवन्ति । सहस्रशो जनाः योगाभ्यासं विनैवाऽत्र समाधिं यान्तीति सर्वजनैः प्रत्यक्ष द्रश्यते । अंतकाले च तापार्षदोः तद्भक्तान् नेतुमपि आयान्तीतिक्वचित्क्वचिद्भक्तैरभक्तैश्चद्रश्यते । अतः स एव ईश्वर इति सुज्ञजनैर्निश्चियते । अत्र कश्चित् संशय श्चेत्प्रच्छत । तदुत्तरं दास्येहम् । इत्थं तद्वाक्यं निशम्य गलिताऽभ्यंतरसर्वसंशयास्ते स्वमतं परिहाय श्रुतपूर्वं तं हरिं भगवन्तं विविदुः प्रणेमुश्च । ततो बद्धाञ्जलिपुटास्ते तं मुनिं प्रत्यूचुः । हे मुनिपुङ्गव! अस्माकं सर्वे संशयाः विनष्टाः ।

निजाऽनुभवसिद्धा यथाशास्त्रार्थबोधकास्त्वादृशाः साधवोऽस्माभिर्भूतले नैवद्रष्टाः । स्वामिनारायणस्तत्संतश्चाऽस्माभिः श्रुताः सन्तस्तु गुणेषु दोषानारोप्य तं भगवन्तं मायिकमाहुः । न तु कोऽपि मायापाशविमोचकमाह । वयं महान्तो धूर्तास्मः । संसदिविद्वांसमपि क्षणात्परास्तं कुर्महे । कंचनमपि न प्रणमामः । गुरुप्रसादात् त्वया अद्यैव मूकाकृताः वयम् । अतः स इशो विज्ञातोऽन्यथाऽस्मान् कः पराजयेत्!। अद्यप्रभृति तदाश्रिताःस्म इतिनिश्चितं जानीहि । अतो मुमुक्षूनस्मांस्त्वं तत्पार्श्वं नेतुमर्हसि ।

હે મુને! કળિયુગમાં પણ ભગવાનના અવતારો પૃથ્વી ઉપર હોય છે, તે વચન અમે સત્ય માનીએ છીએ, મનુષ્યાકાર તે ભગવાન અસાધારણ એવા ક્યાં લક્ષણોથી જાણી શકાય? તે અમને કહો. જેણે પર્વત ન ધારણ કર્યો હોય, અસુરો પણ ન માર્યા હોય, એવા જે હોય તેને ભગવાન કેવી રીતે જાણી શકાય? તે કહો. તે વચન સાંભળી મુક્તાનંદ મુનિએ કહ્યું કે મનુષ્યાકાર છે તો પણ તે સ્વામિનારાયણ મનુષ્યથી ન બને એવાં ચરિત્રો વડે તથા તેમના ભક્તનાં લક્ષણો વડે મુમુક્ષુજનોએ જાણી શકાય તેમ છે. તે ભગવાનનાં અસાધારણ લક્ષણો પૃથ્વીએ ધર્મને કહ્યાં છે, સત્ય, શૌચાદિક એવાં તે લક્ષણોથી તે ભગવાન જાણવા જે ભગવાનની કૃપાથી પ્રાકૃત એવો મનુષ્ય પણ પૃથ્વી ઉપર જાગૃતાદિક

અવસ્થાઓથી પર સ્થાનને પામે છે. સાવધાન એવા બ્રહ્માદિકે પણ જે વશ કરવાને અશક્ય એવું પોતાના આશ્રિતોનું મન તેને જે વશ કરે છે, તે ભગવાન કહેવાય. જે ભગવાનની કૃપાથી અષ્ટાંગ યોગના અભ્યાસ વિના પણ મનુષ્યોને પોતાના સ્વરૂપમાં અચળ સ્થિતિ તત્કાળ થાય, અને જેની મૂર્તિનાં દર્શન ગોલોકાદિક ધામને વિષે થાય છે, તે આ લોકમાં મનુષ્યાકાર એવા ભગવાન જાણવા, જેના ભક્તોએ પણ કામ ક્રોધ જીતેલા હોય, તથા સ્પૃહારહિત હોય, જેમણે સ્વાદ જીત્યો હોય, લોભ રહિત હોય, માન રહિત હોય તે નિશ્ચય ભગવાન જાણવા. ભગવાનના અવતારોમાં સરખું અસાધારણ લક્ષણ સંક્ષેપથી મેં કહ્યું, અને બીજું તે ભગવાનનું ચરિત્ર તે તો કાર્યના વશપણાથી ભક્તોને ગાન કરવાને માટે છે, પણ ભગવાનપણું સૂચવનાર નથી, પર્વત ધારણ કરવાપણું આદિક ચરિત્ર તો ઇંદ્રાદિકના ગર્વનો નાશ કરવા માટે છે, પણ ભગવાનપણું સૂચવવા માટે નથી. કારણ કે હિરણ્યાક્ષ આદિ દૈત્યો પણ સમગ્ર પર્વતો સહિત સમગ્ર પૃથ્વીને ધારણ કરતા હતા, તેથી તે શું ઈશ્વરો કહેવાય? તે હેતુ માટે અજ્ઞાનથી જીવને મુકાવવા, સદ્ધર્મના દ્રોહી દૈત્યોનો નાશ કરવો, તે જ નક્કી ઈશ્વરપણાનું લક્ષણ છે, અસુરો પણ બે પ્રકારના જાણવા. તેમાં એક તો શસ્ત્ર ધારણ કરનારા, અને બીજા સાધુના સરખા વેશવાળા, દુષ્ટ ક્રિયાવાળા, ભયંકર

આકારવાળા એ રીતે બે પ્રકારના છે, તેમનો વધ પણ બે પ્રકારે જાણવો. શસ્ત્રથી મસ્તક છેદી નાખવું તે શસ્ત્ર વધ કહેવાય. અને તેની આજીવિકા હરી લેવી તે બીજો વધ જાણવો. સુજ્ઞ પુરુષોએ દેવની આજીવિકા તે દૈવી સંપત કહેલી છે, આસુરી સંપત તે અસુરોની આજીવિકા કહેલી છે, અભય, અંતઃકરણ શુદ્ધિ, જ્ઞાન, યોગમાં સ્થિતિ, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, કોમળપણું, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન, દયા, પ્રાણીમાત્રમાં અલોલુપતા, મૃદુપણું, અચપળતા, તેજ, ધૈર્ય, શૌચ, અદ્રોહ, અતિમાન રહિતપણું, ક્ષમા એ આદિક દૈવી સંપદાઓ છે, અને દંભ, ગર્વ, અતિમાન, ક્રોધ, કઠોરતા, અજ્ઞાન, આદિક આસુરી સંપદાઓ છે. દૈવી સંપદ મોક્ષને માટે છે, આસુરી સંપદ બંધન કરનારી છે. આ લોકમાં દૈવ અને આસુર બે પ્રકારના સર્ગ છે. તેમાં દૈવ સર્ગ વિસ્તારવાળો છે. આસુર સર્ગને કહીએ છીએ કે અસુરજનો પ્રવૃત્તિ અને નિવૃત્તિ નથી જાણતા, તે અસુરોને વિષે સત્ય, શૌચ, આચાર નથી હોતા. તે અસુરો જગતને ઈશ્વર રહિત અને અસત્ય કહે છે, અનેક પ્રકારે ચિત્તમાં ભ્રાંતિવાળા અજ્ઞાનથી મોહિત, મોહજાળમાં ગુંચાયેલા અને ઇચ્છિત ભોગમાં આસક્ત એવા તે અસુરો અશુદ્ધ નર્કમાં પડે છે, આ પ્રકારે દૈવી અને આસુરી સંપદા તથા તેનાં ફળ જાણવાં. જ્યારે પૃથ્વી ઉપર શસ્ત્રધારી દૈત્યો

પ્રગટ થાય છે, ત્યારે ભગવાન પ્રગટ થઈને શસ્ત્ર ધારણ કરી તે દૈત્યોનો નાશ કરે છે, જ્યારે સાધુના સરખા વેષવાળા, દુષ્ટ આચારવાળા, તે અસુરો હોય છે, ત્યારે તેમની કામ ક્રોધાદિક આજીવિકાને હરી લઈને શસ્ત્ર વિના પણ તેમને મારે છે. તેમની આસુરી સંપત ભગવાનની શક્તિએ કરી નાશ પામે છે ત્યારે તેમનું અસુરપણું પણ નાશ પામે છે અને દેવપણું ઉદય થાય છે, ભગવાન જે કોઈ ઉપાયવડે કરીને પૃથ્વી પર ધર્મસ્થાપન કરતા થકા પોતાના આશ્રિતજનોને બંધનથી તત્કાળ મુકાવે છે. તે ભગવાનના આશ્રયથી મહાપાપી જીવોનું પણ કલ્યાણ થાય છે. માટે સર્વ મનુષ્યોએ ભક્તિ વડે ભગવાનનો આશ્રય કરવો. અમારા ગુરુ સમગ્ર ઈશ્વર લક્ષણથી સંપન્ન છે. એ હેતુથી તેમને હું ભગવાન કહું છું પણ ગુરુ હોવાથી ભગવાન કહેતો નથી. હજારો દુરાચારવાળા પુરુષો પણ તેમના આશ્રયથી આસુરી ક્રિયાનો ત્યાગ કરીને પૃથ્વી ઉપર સત્ ક્રિયાઓના ગ્રહણ કરનારા થાય છે. હજારો જનો યોગાભ્યાસ વિના પણ સમાધિને પામે છે. તે સર્વ જનો પ્રત્યક્ષ દેખે છે અને અંત સમયે તેમના પાર્ષદો તે ભગવાનના ભક્તને લેવાને આવે છે. તે ક્યારેક ભક્ત તથા અભક્ત જનો પણ દેખે છે, માટે તે જ ઈશ્વર છે. એ પ્રકારે સૂજ્ઞ જનોએ નિશ્ચય કરવો. આમાં કાંઈ સંશય હોય તો પૂછો તેનો હું ઉત્તર આપીશ. આવી રીતનું તે મુક્તાનંદ મુનિનું વચન

સાંભળીને નાશ પામ્યા છે અંતરના સર્વ સંશય જેમના એવા તે સર્વ વિદ્વાનોએ પોતાનો મત ત્યાગ કરીને પ્રથમ સાંભળેલા એવા તે શ્રીહરિને ભગવાન જાણ્યા, અને નમસ્કાર કર્યા. ત્યાર પછી તે વિદ્વાનો બે હાથ જોડીને તે મુક્તાનંદ મુનિને કહેવા લાગ્યા કે મુનિઓમાં શ્રેષ્ઠ એવા હે મુક્તાનંદ મુનિ! અમારા સર્વ સંશયો નાશ પામ્યા. અને પોતાના અનુભવથી સિદ્ધ શાસ્ત્ર પ્રમાણે ઉપદેશ આપનારા તમારા સરખા સંતો અમોએ પૃથ્વી ઉપર દેખ્યા જ નથી. સ્વામિનારાયણ અને તેમના સંતો તે અમોએ સાંભળ્યા હતા, પણ તે સ્વામિનારાયણનું આ પ્રકારનું ચોખ્ખું મહાત્મ્ય કોઈએ કહ્યું ન હતું. આ વડોદરામાં રહેલા જે સાધુઓ તે તો ગુણો વિષે દોષને આરોપણ કરીને તે ભગવાનને માયિક કહે છે, પણ કોઈ સાધુ ભગવાન માયાપાશથી મુકાવનારા છે એમ કહેતા નથી. અમે તો મહાઠગ છીએ, અને સભામાં વિદ્વાનને ક્ષણ માત્રમાં પરાજય પમાડીએ છીએ. પણ કોઈને નમસ્કાર કરતા નથી. હાલમાં જ તમોએ તમારા ગુરુ પ્રતાપથી મૂંગા કરી મૂકેલા છીએ એ હેતુથી તમારા ગુરુ સ્વામિનારાયણને અમોએ ઈશ્વર જાણ્યા છે. અને જો એમ ન હોય તો અમને કોણ પરાજય કરે એવો છે. માટે આજથી આરંભીને અમો તેમના આશ્રિતો છીએ, એમ તમો નિશ્ચય જાણો. એ હેતુ માટે મુમુક્ષુ એવા અમોને તમો તેમની

સમીપે લઈ જવાને યોગ્ય છો.

एवं प्रासंगिकाऽख्यानमुकत्वा प्रकृतप्रसंग उच्यते । इत्थं श्रीस्वामिनारायणो भगवान् सर्वाऽवताराणां निदानमस्ति । ननु सर्वाऽवतारो तु वसुदेवाऽपत्यश्रीकृष्ण एवोक्तः । यतः तेनाऽनंतकंस शिशुपालजरासंधादिकदैत्यहननादिकान्यनेकानि कार्याणि कृतानि । तेन स्वामिनारायणेनाऽत्र किं कृतमिति चेत्तत्रोच्यते । तेन श्रीस्वामिनारायणेन वक्ष्यमाणकार्याणि कृतानि । बदरिकाश्रमाख्यस्थाने जातं श्रीनरनारायण-धर्मभक्तिऋषिभ्यः आत्रेयशापं निमित्तीकृत्य नरनारायणाऽपदेशेनाऽत्र भूतले छुप्पयाख्यपुरे धर्माद्भक्त्यामाविर्भूय तदैव स्वेश्वरभावं ज्ञापयितुं स्वपित्रोस्तेजोमंडलमध्ये दिव्यरुपेण स्वदर्शनं दत्तम् । ततः कृत्याः कालिदत्तादीन् द्रष्टिमात्रतो दग्ध्वा हत्वा च स्वपितुर्विद्यामधिगम्य दशमाऽब्दान्ते स्वपित्रोर्दिव्यगतिं दत्वा ततः स्वगृहं संबंधिजनांश्च विहाय प्राव्रजत् । ब्रह्मचारिवेषं धृत्वा सरयूं समूत्तीर्य उत्तरां दिशमगच्छत् । ततश्चंदनाख्यपुरं प्राप्य कासारतटमास्थितः । तत्र जलं भर्तुं पुरस्त्रियः समाजग्मुः । ताः तत्रस्थं श्रीहरिं वीक्ष्य भुरि हर्षमापुः । तासां मध्ये एका स्त्री तं हरिं संप्रार्थ्य निजालयं निन्ये । सा स्वादुभोजनं विधाय मुदान्विता वर्णिनं भोजयामास । मनोहरमूर्तिं तं श्रीहरिं विलोक्य चिरकालसंगता दंपती तत्संबन्धिवार्तालापं कुर्वतः ।

तदैव राजदूतस्तत्राऽगत्य विप्रं जगाद । हे विप्र! राक्षस संन्निधौ गच्छ । तद्वाक्यं श्रुत्वा विप्रः शोकाऽकुलितमानसोऽभूत् । तदा तं प्रति श्रीहरिणोक्तम् । हे विप्र! अहं गच्छामि त्वं माशुचः एवमुक्त्वा श्रीहरिः राक्षस संन्निधाऽवगमत् । स्वाऽमृतदृष्ट्या तं राक्षसं देहात्मोचयित्वा दिव्यगतिं प्रापयित्वा ततो गोरखाभिधपुरमगच्छत् । ततो चाटक्षेत्रं गत्वा दंपतीभ्यां दिव्यगतिं प्रापयित्वा ततो दीर्घाघाटाख्यनदं प्राप्तवान् । तत्र दिनत्रयं स्नात्वा जनकपुरीमव्रजत् । तत्राऽपि दिनत्रयं स्थित्वा ततः नैमिषारण्यं गतःतत्रस्थमुनिभ्यः स्वस्वरुपज्ञानं दत्वा ततः श्रीपुरं गतः । तदभ्यासस्थितरम्यमठाद्बहिरुपाविशत् । तत्रस्थो मठाधिपः तं वर्णिनं विलोक्य रात्रौ व्याघ्रोऽत्रागम्याऽमुं भक्षयेदितिचिन्तयन् तमुवाच हे वर्णीन्द्र! त्वं मठाभ्यंतरमागच्छ! बहिर्मावस नोचेत् त्वां व्याघ्रो भक्षयेत् । तं प्रति हरिरुवाच । नास्ति मे भयं कस्मात् कुतः अहं तु जगत्कर्ता सर्वेश्वरोऽस्मि । इत्थं श्रीहरिणोक्तं वचः श्रुत्वा मठाधिपोंऽतर्गतः रात्रौ व्याघ्र आगत्य तं हरिं विलोक्य स्थिरोऽभवत् । तमचलं द्रष्टवा लोका ऊचुः । अयं साक्षादीश्वरः यदि सौराष्ट्रदेशं गच्छेत्तर्हि तत्रस्थान् क्रूर कंकादीन् वशीकुर्यात् । तन्निशम्य मठाधिपेन तत्र श्रीहरिं रक्षितुमत्यन्तप्रार्थितोऽ नाऽस्थात् । ततः हरद्वारमगच्छत् । ततः गुप्तगंगां ततो ज्योतिषमठं ततो बदरिकेदारमगच्छत् । जाह्न्वीगंगायां स्नात्वा तस्यै मोक्षवरं दत्त्वा

बदरिनारायणमगच्छत् । तं श्रीहरिं विलोक्य बदरिनारायण उवाच । हे वर्णीन्द्र हे भगवन् । श्रीनगरे विधानतः मन्मूर्तिं स्थापयित्वा सत्संगे प्रसिद्ध्यर्थं भक्तद्वारेण मां प्रपूजय । इति वदते तस्मै तथास्तु इत्युवाच । तदैव एको विप्रः समागमत् । स च तं श्रीहरिं दीनो भूत्वा प्रार्थयामास । हे भगवन्! अत्र भूतले मद्धर्मं कोऽपि न जानाति। अतो मां परिपालय सत्ययुगं मामवेहि । इति तत्प्रार्थनां श्रुत्वा त्वद्धर्ममत्र स्थापयिष्ये इति तं उवाच । ततः स जगाम । तदैव एको राजन्यः आगच्छत् । सोऽपि तं श्रीहरि संप्राथ्योवाच । हे हरे । त्रेतायुगं मां विद्धि मद्धर्ममत्रकोऽपि न जानाति । अतः तं संस्थाप्य मां परिपालयेत्युक्त्वा व्यरमत् । तद्वाक्यं श्रुत्वा तद्धर्मस्थापनाय तस्मायपि श्रीहरिः प्रतिजज्ञे । ततः सोऽगमत् । तदैवैको वैश्य आगच्छत् । सोऽपि श्रीहरिं दीन वचनैः संप्रार्थ्योवाच । हे हरे! हे शरणागतवत्सल! मद्धधर्म स्थापनेन मां कृतार्थं कृर्तुमर्हसि । इति द्वापरवाक्यं श्रुत्वा तद्धर्मस्थापनाय प्रतिज्ञां चकार । तता श्रीहरिं प्रणभ्य द्वापरो गतः । तदैवैकः शूद्र आगमत् । सोऽपि तस्य श्रीहरेः प्रार्थनां चक्र । हे भगवनरि! अत्र कलौ मयि कीर्तनभक्तिरूपं मद्धर्मं स्थापयित्वा मां पूवित्रोकुरु । ततः तद्वाक्यं निशम्य तं प्रसाद्य तद्धर्मस्थापनाय प्रतिज्ञातवान् । ततःसोऽपि तं श्रीहरिं नत्वा जगाम । इति चतुर्युगेभ्यः तेषां धर्मस्थापनाय वरदानं दत्वा ततः वने विचरन् तीर्थस्थानानि

पवित्राणि कुर्वन् सन् कतिपयैर्दिनैआदिवाराहनामकं तीर्थं जगाम ।

ततः बंगालदेशस्थं सीरपुरनामकं पत्तनं प्राप्तवान् । तत्पत्तनस्य सिद्धवल्लभनामको राजा महाधार्मीक आसीत् । तेन राज्ञा प्रार्थितः श्रीनीलकंठवर्णीन्द्रश्चातुर्मास्यं तत्रैवाऽस्थात् । तत्रपुरे कालीभैरवोपासकाः सिद्धाभिमानिनोऽसुराश्चाऽसन् । तेषां दुष्टमदं हृत्वा गोपालदासाख्यस्वसेवकं तत्कृताभिचारात् स्वसामर्थ्येन रक्षितवान् ।। किंच तत्रपुरे वेदशास्त्रज्ञः तैलंगिविप्रः तस्माद्राज्ञः हस्त्यादिकं महादानं गृहीत्वा गौरवर्णोऽपि श्यामवर्णको बभूव । ततः स ब्राह्मणः निजपापशांतिं कर्तुं श्रीनीलकंठं शरणं प्राप्तः । तं स च वर्णीन्द्रः तत्पापात् मुक्तं कृत्वा गौरवर्णं चकार ।। ततः सः नीलकंठवर्णीन्द्रः कामाक्षीदेवीसमीपे स्थितं ग्रामं प्राप्तः ।। तत्र महाकाल्युपासको ब्राह्मणः एकश्चासीत् । स च तत्राऽगतं श्रीनीलकंठवर्णिनं श्रुत्वा तत्समीपं प्राप्य तदुपरि जंत्रमंत्राद्यभिचारं कृतवान् । तथापि श्रीनीलकंठवर्णीन्द्रः कंचिदपि भयं न प्राप्य स्वसामर्थ्येन तत्पराभवं कृत्वा तस्य समग्र मदमुत्तार्य च तं स्वाश्रितं कृत्वा नवलखाख्यपर्वतप्राप्तवान् । तत्रस्थितानां नवलक्षसिद्धानां स्थानानि संप्राप्य तेभ्यः स्वस्वरुपज्ञानं दत्वा तत्पर्वतादुत्तीर्य बालवाकुंडाख्यतीर्थं प्राप्तवान् । ततः गंगासागरसंगमं प्राप्य तत्र

स्नानं कृत्वा ततः नावा समुद्रखाडीमुत्तीर्य कपिलाश्रमं जगाम । तत्र मासमेकं स्थित्वा तस्मै दर्शनं दत्वा । ततः जगन्नाथपुरीमगात् । तत्र कतिचिन्मासान्न्यवसत् । तत्रस्थान् मेदिनीभारभूतान् अगणिताऽसुरान् विलोक्य तेषां परस्परवैरं कारयित्वा दशसहस्त्रसंख्याकान् तान् स्वद्रष्टिमात्रतः विनाश्य ततः आदिकूर्माख्यं तीर्थमगमत् । ततः महावने विचरन् मानसपुराख्यपत्तनं प्राप्तवान् तत्पुरस्य सत्रधर्माख्यो राजा आसीत् । स्वप्रतापेन तं राजानं स्वाश्रितं कृत्वा तद्द्वारेणाऽसंख्याऽसुराणां पराभवं कृत्वा ततः वने विचरन् वेंकटाद्रिं प्राप्तः । ततःशिवकांचीं विष्णुकांचीं च गत्वा ततः श्रीरंगं प्राप्य तत्र मासद्धयं तस्थौ । वैष्णवैः सह संवादं कृत्वा तेषां दुराचारं स्वप्रतापेन जहार । ततः सेतुबंधकनामकं तीर्थं गत्वा समुद्रे स्नानं कृत्वा रामेश्वरदर्शनं नित्यं कुर्वन्सन् मासद्धयं न्यवसत् । ततः सुंदरराजनामकविष्णुदर्शनं कृत्वा ततः वने विचरन् सन् भूरतपूरीं प्राप्तः । तत्रस्थरामानुजमूर्तिं द्रष्टवा ततः कुमारिकाक्षेत्रं पद्मनाभं, आदि केशवं साक्षीगोपालं च गत्वा तद्दर्शनं कृत्वा पंढरपुरं प्राप्तः । तत्र चंद्रभागानद्यां स्नात्वा विठ्ठलनाथाऽख्यविष्णुदर्शनं कुर्वन् मासद्धयमवसत् । ततः नासिकपुरं संप्राप्य त्र्यंबकेश्वरदर्शनं कृत्वा ततः तापीं नर्मदां चोत्तीर्य ततः महीं साभ्रमतिमुत्तीर्य भालदेशं चोल्लंध्य भीमनाथं प्राप्तः । तस्मै दर्शनं दत्वा पंचतीर्थीं कुर्वन् मांगरोलाख्यबंदरं

प्राप्तवान् । एवं तीर्थयात्रां कुर्वन् तत्तत्तीर्थाणि पवित्राणि कुर्वन् तत्तत्तीर्थस्थितानां तीर्थाऽधिपानां सर्वेषां मोक्षं कृत्वा तत्र तत्र सद्धर्मं संस्थाप्य चाऽधर्मोच्छेदन कुर्वन् सन् लोजाख्यपुरं प्राप्तवान् । इत्थमसौ वने विचरन् सन् स्वद्रष्टिमात्रेण शस्त्रं विनापि स्वसामर्थ्यतः जगन्नाथपुरीसीरपुरमानसपुरादिस्थानेषु वेषांतरेण निवसतः बहूनसुरान् निहतवान् । नितातं क्रूरान् कंककौलीकादीन् वशीचकार । यैः कामादिशत्रुभिः महतां मुनिदेवराजादिकानां पराजयो कृतः । स्वाश्रितानां तान् कामादीनंतरशत्रून् विनाश्य तान् निजाश्रितान् स्वाऽक्षरब्रह्मधामसुखं प्रापयामास। अतोऽस्मादन्यः कः सर्वावतारी? न कश्चित् । किंतु सर्वाऽविर्भावकारणं पुरुषोत्तमश्रीस्वामिनारायण एवाऽस्तीति निश्चितम् ।

અર્થ– એ પ્રકારે પ્રાસંગિક આખ્યાન કહીને ચાલતો પ્રસંગ કહેવાય છે. આ પ્રકારે સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના કારણ છે. કોઈ શંકા કરે કે સર્વ અવતારના અવતારી તો વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને જ કહેલ છે. કારણ કે તે શ્રીકૃષ્ણે કંસ, શિશુપાળ, જરાસંધ આદિક અનંત દૈત્યોને મારવા રૂપી કાર્યો કરેલાં છે. (તેથી તે સર્વ અવતારી કહેવાય છે.) પણ સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર શું કાર્ય કર્યું છે. તેના ઉત્તરમાં કહે છે કે સ્વામિનારાયણ ભગવાને જે જે કાર્યો કર્યાં છે તે કહીએ છીએ. શ્રી સ્વામિનારાયણ ભગવાન

બદરિકાશ્રમ નામના સ્થાનમાં નરનારાયણ ધર્મભક્તિ ઋષિઓને થયેલો દુર્વાસાનો જે શાપ તેનું નિમિત્ત કરીને નરનારાયણને મિષેથી આ પૃથ્વી ઉપર છપૈયા નામના પુરમાં ધર્મ થકી ભક્તિને વિષે પ્રગટ થઈને તે જ સમયમાં પોતાના માતાપિતાને પોતાનું ઈશ્વરપણું જણાવવા માટે તેજ મંડળમાં દિવ્ય સ્વરૂપે પોતાનું દર્શન આપ્યું. તે વાર પછી કાળીદત્ત આદિક અસુરોને નાશ કરીને, અને દષ્ટિમાત્રથી કૃત્યાઓને દાહ ઉત્પન્ન કરી ભગાડી મૂકી. ત્યાર પછી પોતાના પિતા થકી વેદાદિ શાસ્ત્રનું અધ્યયન કરીને દશ વર્ષ વિત્યા પછી પોતાના માતાપિતાને દિવ્ય ગતિ પમાડીને પોતાનું ગૃહ તથા સંબંધી જનોનો ત્યાગ કરી, બ્રહ્મચારીનો વેષ ધારણ કરી ચાલી નીકળ્યા. દુઃખે કરીને પણ ન તરી શકાય એવી સરયુ નદીને ઊતરી ઉત્તર દિશા તરફ (હિમાલય તરફ) ચાલ્યા પછી ચંદન નગરને પામીને ત્યાં સરોવરના કાંઠા ઉપર બેઠા. ત્યાં જળ ભરવા માટે નગરની સ્ત્રીઓ આવી. તે સ્ત્રીઓએ ત્યાં બેઠેલા શ્રીહરિને જોઈને ઘણો હર્ષ પામી. તેમાંથી એક સ્ત્રી શ્રીહરિની પ્રાર્થના કરી, શ્રીહરિને પોતાને ઘેર જમાડવા લઈ ગઈ, અને હર્ષયુક્ત થઈ સ્વાદુ ભોજન કરી શ્રીહરિને જમાડવા લાગી. મનોહર મૂર્તિ એવા શ્રીહરિને જોઈ ઘણા કાળે ભેગાં થયેલાં તે સ્ત્રી તથા તેનો પતિ બંને તે શ્રીહરિ સંબંધી વાર્તાઓ કરે છે, એટલાકમાં રાજાનો દૂત આવીને બ્રાહ્મણ પ્રત્યે બોલ્યો, હે

વિપ્ર! (આજ તમારે મરવાનો વારો છે, માટે) રાક્ષસ પાસે જા, તે રાજદૂતનું વચન સાંભળીને વિપ્રનું મન શોકાયમાન થયું, ત્યારે (જમીને તૃપ્ત થયેલા) શ્રીહરિએ કહ્યું કે હે વિપ્ર! રાક્ષસ પાસે હું જાઉં છું, તું શોક ન કરીશ. એમ કહી શ્રીહરિ રાક્ષસ પાસે ગયા, અને રાક્ષસને પોતાની અમૃતમય દૃષ્ટિએ કરી દેહ મુકાવી દિવ્ય ગતિ પમાડીને ત્યાંથી ગોરખપુર ગયા. ત્યાંથી ભાટ ખેતરમાં જઈને તે ખેતરના માલિક સ્ત્રી પુરુષને દિવ્ય ગતિ પમાડી ત્યાંથી દીર્ઘાઘાટ નામના નદને પામ્યા. તેમાં સ્નાન કરી ત્રણ દિવસ રહી જનકપુરી ગયા. ત્યાં પણ ત્રણ દિવસ રહી, ત્યાંથી નૈમિષારણ્ય ગયા. ત્યાં રહેલા મુનિઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી ત્યાંથી શ્રીપુર ગયા, તેના સમીપે રહેલા મનોહર મઠની બહાર બેઠા. તે મઠમાં રહેનાર તે મઠનો માલિક તે નીલકંઠ વર્ણીને જોઈ રાત્રિએ વાઘ આવીને આ બ્રહ્મચારીને ખાઈ જશે એમ ચિંતવન કરતો થકો બ્રહ્મચારીને કહેવા લાગ્યો કે હે વર્ણીન્દ્ર! તમે આ મઠની અંદર આવો, બહાર ન રહેશો, અને જો બહાર રહેશો તો વાઘ તમોને ખાઈ જશે. આ પ્રકારે બોલનાર જે મઠનો અધિપતિ તેને શ્રીહરિ કહે છે કે મારે કોઈ થકી ભય નથી, કેમ કે હું જગત કર્તા સર્વનો ઈશ્વર છું. આ પ્રકારનું શ્રીહરિનું વચન સાંભળી મઠનો અધિપતિ અંદર ગયો. રાત્રિએ વાઘ આવીને શ્રીહરિનાં દર્શન કરીને સ્થિર થઈ ગયો. (સવારે) સ્થિર થઈ ગયેલા વાઘને

જોઈ ત્યાં રહેલા શ્રીહરિને જોઈ લોકો બોલવા લાગ્યા કે આ બ્રહ્મચારી સાક્ષાત્ ઈશ્વર છે. જો આ બ્રહ્મચારી સોરઠ દેશમાં જાય તો ત્યાં રહેલા અતિ ક્રૂર કાઠી કોળી આદિકને વશ કરે તે લોકવાણી સાંભળી મઠાધિપતિએ શ્રીહરિને ત્યાં રાખવા માટે બહુ પ્રાર્થના કરી, તો પણ ત્યાં રહ્યા નહિ. ત્યાંથી હરદ્વાર, ગુપ્તગંગા, જ્યોતિષમઠ, ત્યાંથી બદરીકેદાર ગયા. ત્યાંથી જાહ્નવી ગંગામાં સ્નાન કરી તેને મોક્ષનો વર આપી બદરીનારાયણ ગયા, તે શ્રીહરિને જોઈ બદરીનારાયણ બોલ્યા કે હે વર્ણીન્દ્ર! હે ભગવન્! શ્રીનગરમાં વિધિથી મારી મૂર્તિ સ્થાપન કરીને સત્સંગમાં પ્રસિદ્ધિને માટે સત્સંગીઓ દ્વારા મારું પૂજન કરાવો. આ પ્રકારે બોલતા એવા બદરીનારાયણને તે પ્રકારે ભલે હો! એમ શ્રીહરિ ભગવાન બોલ્યા. તે જ સમયમાં એક બ્રાહ્મણ આવ્યો. તે દીન થઈ શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યો, કે હે ભગવન્! આ પૃથ્વી ઉપર મારો ધર્મ કોઈ પણ જાણતું નથી. એ હેતુ માટે મને પાલન કરો. અને હું સત્યયુગ છું એમ મને જાણો. આ પ્રકારની તે સત્યયુગની પ્રાર્થના સાંભળીને શ્રીહરિ ભગવાન બોલ્યા કે, આ પૃથ્વી ઉપર તારો ધર્મ (ધ્યાન કરવારૂપી) તેને હું સ્થાપન કરીશ. ત્યારે તે સત્યયુગ ગયો કે તરત જ એક ક્ષત્રિય આવ્યો તે પણ શ્રીહરિની પ્રાર્થના કરી બોલવા લાગ્યો કે હે હરે! મને ત્રેતાયુગ જાણો. આ પૃથ્વી ઉપર મારો ધર્મ કોઈ જાણતું

નથી, માટે તે મારો ધર્મ (યજ્ઞ કરવારૂપી) તેને સ્થાપન કરી મારું રક્ષણ કરો, એમ કહીને તે વિરામ પામ્યો. તેનું વાક્ય સાંભળીને શ્રીહરિએ તેનો ધર્મ (યજ્ઞ કરવારૂપી) સ્થાપન કરવાની તેને પ્રતિજ્ઞા કરી, ત્યારે તે પણ ગયો. તે જ વખતે એક વૈશ્ય આવ્યો, તે પણ શ્રીહરિને દીન વચનથી પ્રાર્થના કરવા લાગ્યો કે, હે હરે શરણાગત વત્સલ! મારો ધર્મ (સેવા કરવારૂપી) સ્થાપન કરવા વડે કરી મને કૃતાર્થ કરવા યોગ્ય છો એ પ્રકારનું દ્વાપરનું વચન સાંભળી શ્રીહરિએ તેનો ધર્મ સ્થાપન કરવાની પ્રતિજ્ઞા કરી એટલે શ્રીહરિને નમસ્કાર કરી દ્વાપર ગયો. તે જ સમયમાં એક શૂદ્ર આવ્યો. તે પણ તે શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યો કે, હે ભગવન્, આ કળિરૂપ મારે વિષે કીર્તન ભક્તિરૂપ મારો ધર્મ પૃથ્વી ઉપર સ્થાપન કરીને મને પવિત્ર કરો, ત્યારે તેનું વાકય સાંભળી તેને પ્રસન્ન કરી તેનો ધર્મ સ્થાપન કરવાની શ્રીહરિએ પ્રતિજ્ઞા કરી. પછી તે પણ શ્રીહરિને નમસ્કાર કરીને ગયો. એ પ્રકારે ચાર યુગોને તેમના ધર્મ સ્થાપન કરવાનું વરદાન આપી ત્યાંથી વનમાં વિચરતા તીર્થસ્થાનોને પવિત્ર કરતા કેટલાક દિવસે આદિવારાહ તીર્થને પામ્યા. ત્યાંથી બંગાળ દેશમાં રહેલ સીરપુર નામના નગરને પામ્યા. તે નગરના મહાધર્મિષ્ઠ સિદ્ધવલ્લભ નામના રાજા હતા. તે રાજાએ શ્રી નીલકંઠવર્ણીને રાખવા માટે પ્રાર્થના કરી. તેથી ચાતુર્માસ સુધી

તે નગરમાં રહ્યા. તે નગરમાં કાળી ભૈરવના ઉપાસક, સિદ્ધપણાના અભિમાનવાળા ઘણા અસુરો હતા. શ્રીહરિએ તેમનો દુષ્ટમદ નાશ કરીને ગોપાળદાસ નામના પોતાના સેવકની તે અસુરોએ કરેલા મારવાના ઉપાયોથી પોતાનું સામર્થ્ય જણાવી રક્ષા કરી. વળી તે પુરમાં વેદશાસ્ત્રનો જાણનાર તૈલંગ દેશનો બ્રાહ્મણ, રાજા પાસેથી હસ્તિ આદિક મહાદાન ગ્રહણ કરવાથી ગૌર વર્ણ હતો પણ શ્યામ વર્ણ થઈ ગયો. ત્યાર પછી તે બ્રાહ્મણ પોતાના પાપની શાંતિ કરવા માટે શ્રી નીલકંઠવર્ણીને શરણે આવ્યો. તે વર્ણીએ તેને તે પાપથી મુક્ત કરી ગૌર વર્ણ કર્યો. ત્યાર પછી નીલકંઠવર્ણી કામાક્ષી દેવીને સમીપે રહેલું કોઈક ગામ તે પ્રત્યે ગયા. તે ગામમાં મહાકાળીનો ઉપાસક એક બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણ ત્યાં આવેલા નીકલંઠવર્ણીને સાંભળી તેમની સમીપે જઈ તેમના ઉપર જંત્રમંત્રાદિક મારવાના ઉપાયો કરવા લાગ્યો તો પણ નીલકંઠવર્ણી કાંઈ પણ ભય ન પામ્યા, અને પોતાના સામર્થ્યે તેનો પરાભવ કરી તેનો સમગ્ર મદ ઉતારી તેને પોતાનો આશ્રિત કરી ત્યાંથી નવલખા પર્વતે ગયા. તે પર્વત ઉપર રહેલા નવલાખ સિદ્ધોના સ્થાનને પામીને તે સિદ્ધોને'પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી તે પર્વતથી ઊતરી બાળવા કુંડ તીર્થને પામ્યા. ત્યાંથી ગંગા સાગર સંગમને પામી ત્યાં સ્નાન કરી ત્યાંથી નાવમાં બેસી સમુદ્ર ખાડી ઊતરી કપીલાશ્રમે ગયા.

ત્યાં એક માસ રહી, તેમને (કપીલજીને) દર્શન દઈને ત્યાંથી જગન્નાથપુરી ગયા. ત્યાં કેટલાક માસ સુધી રહ્યા. ત્યાં રહેલા અને પૃથ્વીના ભારરૂપ અસંખ્ય અસુરોને જોઈ તેમને પરસ્પર વેર કરાવી દસ હજાર અસુરોને પોતાની દષ્ટિમાત્રથી મોહ ઉપજાવી નાશ કર્યા. ત્યાંથી આદિકૂર્મ તીર્થને પામ્યા. ત્યાંથી મહાવનમાં વિચરતા માનસપુર નગરને પામ્યા. તે પુરનો સત્રધર્મા નામનો રાજા હતો. તેને પોતાના પ્રતાપથી પોતાનો આશ્રિત કરીને તે રાજા દ્વારે અસંખ્ય અસુરોનો પરાભવ કરી ત્યાંથી વનમાં વિચરતા વેંકટાદ્રિને પામ્યા. ત્યાંથી શિવકાંચી, વિષ્ણુકાંચી જઈને શ્રીનગરને પામ્યા. ત્યાં બે માસ રહ્યા. વૈષ્ણવો સાથે સંવાદ કરી પોતાના પ્રતાપે કરી તેમનો દુરાચાર નાશ કર્યો. ત્યાંથી સેતુબંધ રામેશ્વર જઈને સમુદ્રમાં સ્નાન કરીને રામેશ્વરનાં દર્શન કરતા થકા તથા પોતાના દર્શનથી હજારો જનોને કૃતાર્થ કર્તા થકા બે માસ રહ્યા. ત્યાંથી સુંદરરાજ નામના વિષ્ણુનું દર્શન કરી વનમાં વિચરતા થકા ભૂતપુરીને પામ્યા. ત્યાં રામાનુજાચાર્યની મૂર્તિનાં દર્શન કરી કુમારિકા ક્ષેત્ર, પદ્મનાભ, આદિ કેશવ, સાક્ષી ગોપાળ, ઇત્યાદિ સ્થાનોમાં જઈ તેમનાં દર્શન કરી પંઢરપુરને પામ્યા. ત્યાં ચંદ્રભાગા નદીમાં સ્નાન કરીને વિઠ્ઠલનાથના દર્શન કરતા થકા બે માસ રહ્યા, ત્યાંથી નાશિકપુરને પામી ત્ર્યંબકેશ્વરનાં દર્શન કરી તાપી તથા નર્મદાને ઊતરી મહી નદી તથા

સાબરમતીને ઊતરી ભાલ દેશને ઓળંગી ભીમનાથને પામ્યા. તેમને દર્શન આપી પંચ તીર્થ કરતા થકા માંગરોળ બંદર ગયા. આ પ્રકારે તીર્થયાત્રાઓ કરતા તે તે તીર્થોને પવિત્ર કરતા શ્રીહરિ તે તે સ્થાનોમાં રહેલા તીર્થના અધિપતિઓનો મોક્ષ કરી તે તે તીર્થમાં સદ્ધર્મ સ્થાપન કરી અધર્મનું ઉચ્છેદન કરતા લોજપુરને પામ્યા. આ પ્રકારે આ સ્વામિનારાયણ ભગવાને વનમાં વિચરતા થકા પોતાની દષ્ટિ માત્રથી શસ્ત્ર વિના પણ પોતાના સામર્થ્યથી જગન્નાથપુરી, સીરપુર, માનસપુર આદિક સ્થાનોમાં બીજા વેશે વસતા ઘણા અસુરોને નાશ કર્યા. અને અત્યંત ક્રૂર એવા કાઠી કોળી આદિકને વશ કર્યા. જે કામાદિક શત્રુઓએ મોટા મોટા મુનિ, દેવ, રાજા આદિકનો પરાભવ કર્યો હતો તે મહા બળવાન એવા પોતાના આશ્રિતના કામાદિ શત્રુઓને નાશ કરી તે પોતાના આશ્રિતોને પોતાનું અક્ષરબ્રહ્મધામનું સુખ પમાડ્યું. માટે આવા જે શ્રી સ્વામિનારાયણ તે વિના બીજો કોણ અવતારી છે? કોઈ પણ નથી. કેમ તો સર્વ અવતારનું કારણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે. એ નિશ્ચિત વાત છે.

ननु रामनृसिंहदत्तकपिलादयोऽवतारा: प्रधानपति-पुरुषात्मकमहाविष्णो: सकाशादाविर्भवन्ति । तेभ्य: प्रधानपुरुषेभ्य: परा मूलमायाख्या प्रकृति: तस्या: परस्तत्पति: पुरुष: 'पुरुषान्नपरं किंचित्सा काष्टा सा परागति:'

इत्युक्तत्वात् । सः श्रीकृष्ण एव सर्वाऽवतारी न तु स्वामिनारायण इति चेन्न । तस्मात्पुरुषात्परो वासुदेवाख्यब्रह्माऽस्ति । तस्मात्परश्चतुर्थभेदात्मकसाकाराऽक्षर-ब्रह्माऽस्ति । तस्मात्परं निजधामरुपाक्षरब्रह्म । तत्कारणत्वात्त-न्नियामकत्वात्तत्परतयोक्तः पुरुषोत्तम श्रीस्वामिनारायणः सदैव दिव्याऽकाराऽसंख्य मुक्तैर्वेष्टितो दिव्याकारतया तेजःपुञ्जात्मके निजब्रह्मधाम्नि सदैव विराजमानोऽस्ति । तस्मात्स एव श्रीकृष्णस्य सर्वाऽवताराणां च कारणमवतारो चाप्यऽस्ति । ननु द्वारिकाधीशः श्रीकृष्णस्तु पुरुषोत्तम इति सर्वत्रोच्यते । पुरुष एव सोऽस्तीति कथमुच्यते इतिचेन्न । पुरुष एव साक्षात्श्रीकृष्णोऽस्ति तदुक्तं भागवतदशमस्कन्धे अ. ६०- क्वस्वे महिम्न्यभिरतो भगवांस्त्र्यधीशः क्वाहं गुणप्रकृतिरज्ञगृहितपादा ।। ३४ ।। तथा. अस्त्वम्बुजाक्ष मम ते चरणानुराग आत्मन्त्रस्य मयि चानतिरिक्तद्रष्टिः ।।

यर्ह्यस्य वृद्धय उपात्तरजोऽतिमात्रो
मामीक्षते तदुहनः परमानुकम्पा ।। १४६ ।।

अत्र श्श्लोकद्वये भगवतो श्रीकृष्णस्य प्रकृतिपतिपुरुषत्वं रुक्मिण्याः मूलमायाख्याप्रकृतित्वं चोक्तं रुक्मिण्याः

तथा भा. स्कं. १ अ. ३:-

एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान्स्वयम् ।।
इन्द्रारिव्याकुलं लोकं मृडयन्ति युगे युगे ।। २८ ।।

तस्य पुरुषस्य ब्रह्मत्वं ताद्रशपुरुषाऽसंख्येयत्वं चोक्तं मध्यप्रकरणस्थैकत्रिंशे वचोमृते । अतो वै स्वामिनारायणः श्रीकृष्णस्यांऽतर्याम्यवतारी चाप्यस्ति । तदुक्तं सर्वमंगल्यस्तोत्रेः-

सत्राताद्वारिकेशात्मा भक्तापद्दर्शनाक्षमः ।। १६६ ।।

यो वै सर्वाऽवतारी स्यात्सतु तत्तदैश्वर्यशक्तिसहितान् सर्वनिजाऽवतारान् स्वस्मिन्नेव विलीनान् कुर्यात् । तदुक्तं गर्गसंहितायाम्:-

यस्मिन्सर्वाणि तेजांसि विलीयन्ति स्वतेजसि ।

तं वदन्ति परे साक्षात्परिपूर्णतमः स्वयम् ।।

एवमनेन श्रीस्वामिनारायणेन सच्चिदानंदस्वामि-स्वरुपानंदस्वामिपर्वतादिनिजाऽनेकभक्तेभ्यः चतुर्विंशत्यव-तारान्दर्शनयित्वा पुनस्ते स्वस्मिन् विलीनीकृता दर्शिताः । तथैवाऽभयाख्यभूपतेः चतुर्विंशतिस्वाऽवताररुपाणि दर्शयित्वाऽन्यावतारान् स्वस्मिन् विलाप्य तं श्रीकृष्णं चाऽपि स्वस्मिन् लीनं कृतवान् ।

तदुक्तं स. भू. अं. २ अ. ५ :-

तद्राज्ञा पूजितस्तस्यां नानापूजोपचारतः ।।

मीनाद्यान्स्वावतारांस्तं स्वमूर्त्याऽविष्कृतान् हरिः ।। २४ ।।

चंद्रिकाविशदस्मेरान्कोटिकोटयर्कभाधिमान्

सेव्यमानान्निजैभृत्यैर्भूरिणो दर्शयन्मुदा ।। २८ ।।

एते निजावताराश्च राजर्षेस्तस्य पश्यतः ।।

यथावह्नौ शिखा लीनास्तस्मिन्नासंस्तथा नृप ।। २९ ।।
तत्क्षणेदर्शितद्राग्ज्ञा स्वयंतदिच्छर्येवसः।।
श्रीकृष्णोवादयन्द्वाभ्यां वेणुंदोर्भ्यां मनोहरम् ।। ३० ।।
पीतांबरधरो हारी नीलमेघसमद्युतिः ।।
रूपलावण्यशोभानां राधावक्त्रेन्दुदग्निधिः ।। ३१ ।।
सोप्यपाद्यंगतन्मूर्तौ लयं तदाऽभयो नृपः ।।
द्रष्टवा तत्कारणं तं स्वं पूर्णकाममन्यत ।। ३२ ।।

इत्थं पूर्वोक्तरित्या स्वामिनारायणो भगवान् वसुदेवाऽपत्यश्रीकृष्णस्यांतर्यामी । किंच तत्कारणं अवतारी चेति सिद्धयति । तथा आद्यप्रकरणस्थसप्तविंशरप्त त्रिंशषट्पञ्चाशत्तमम् एकसप्ततितम, अष्टसप्ततितमादिषु । किंच सारंगपुरप्रकरणस्थैकादशलोयाप्रकरणस्थचतुर्दशमध्य-प्रकरणस्थत्रयोदशवृत्तालयप्रकरणस्थद्वादशादिषु ।

श्रीनगरप्रकरणस्थपञ्चमषष्ठसप्तमजयतल्पप्रकरणस्थपञ्च-मांतिमप्रकरणस्थैकत्रिंशदष्टत्रिंशत्तमादिषु वचनामृतेषु च । सविस्तरं स्वामिनारायणो भगवान् सर्वाऽवताराणां निदानमस्तीति तद्वाक्यैरेव सिद्धयति । न चाऽत्राऽन्यप्रमाणाऽपेक्षा ।।

અર્થ– હવે કોઈ શંકા કરી કહે કે રામચંદ્રજી, નૃસિંહજી, દત્તાત્રેય, કપીલદેવ આદિ અવતારો પ્રધાનના પતિ પુરુષરૂપ મહાવિષ્ણુ થકી પ્રગટ થાય છે અને તે પ્રધાન પુરુષ

થકી પર મૂળ-માયા નામની પ્રકૃતિ છે. તે પ્રકૃતિથી પર પ્રકૃતિના પતિ પુરુષ છે. પુરુષ થકી કાંઈ પણ પર નથી. તે જ છેલ્લી સ્થિતિ અને છેલ્લી પ્રાપ્તિ છે. આ પ્રકારે કહેલ છે, માટે તે શ્રીકૃષ્ણ જ સર્વ અવતારના અવતારી છે. પણ સ્વામિનારાયણ અવતારી નથી તો એમ કહેવું નહિ, કેમ કે તે પુરુષથી પર વાસુદેવ નામના બ્રહ્મ છે. અને તે વાસુદેવબ્રહ્મથી પર ચોથા ભેદ રૂપ સાકાર અક્ષરબ્રહ્મ છે. તે અક્ષરથી પર પોતાંના ધામરૂપ અક્ષરબ્રહ્મ છે. અને પોતે તો ધામના કારણ તથા નિયામક હોવાથી તે ધામરૂપ અક્ષરબ્રહ્મથી પરપણે કહેલા પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તે સદા દિવ્યાકારવાળા અસંખ્ય મુક્તોથી વિંટાયેલા અને દિવ્યાકારપણે તેજના સમૂહરૂપ પોતાના બ્રહ્મધામમાં સદા વિરાજમાન છે. માટે તે જ ભગવાન શ્રીકૃષ્ણના તથા બીજા અવતારોના કારણ અને અવતારી પણ છે.

વળી કોઈ શંકા કરે કે દ્વારિકાના અધિપતિ શ્રીકૃષ્ણ તો પુરુષોત્તમ છે. એમ સર્વે ઠેકાણે કહેવાય છે તો તે શ્રીકૃષ્ણ પુરુષ જ છે એમ કેમ કહો છો? એવી શંકા કરવી તે યોગ્ય નથી. કેમ કે પુરુષ જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે. એમ ભા. સ્કં. ૧૦ અ. ૬૦માં રૂક્મણિજીએ કહ્યું છે, 'હે ભગવન્! બ્રહ્માદિક દેવોના અધિપતિ પોતાના સ્વરૂપમાં રહેનાર એવા તમે ક્યાં અને અજ્ઞાનીજનોએ સેવ્યાં છે ચરણ જેનાં એવી

ત્રણ ગુણાત્મક પ્રકૃતિ એવી હું ક્યાં.' વળી આગળ જતાં કહે છે, "હે અમ્બુજાક્ષ! મારી ઉપર જેમની દૃષ્ટિ પૃથક નથી એવા અને પોતાના સ્વરૂપમાં પ્રીતિવાળા તમો તે તમારા ચરણમાં મને પ્રીતિ થાઓ. અને જ્યારે આ જગતની વૃદ્ધિને માટે ગ્રહણ કર્યો છે રજોગુણ જેણે એવા તમો તે મારા સામી દૃષ્ટિ કરો છો તે કેવળ મારા ઉપર તમારી દયા છે." આ બે શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રકૃતિના પતિ પુરુષ છે. અને રૂક્મણિ તે મૂળ માયા નામની પ્રકૃતિ છે એ અભિપ્રાય કહેલો છે. તે જ પ્રકારે ભા. સ્ક. ૧ અ. ૩માં, "પૂર્વે કહેલા તે પુરુષના અંશ તથા કલા અવતારો છે અને કૃષ્ણ તો પોતે છ ઐશ્વર્યયુક્ત પુરુષ છે. તે ઇંદ્રના શત્રુઓથી વ્યાકુળ એવા લોકને યુગયુગમાં રક્ષણ કરે છે." તે પુરુષ બ્રહ્મ છે, અને એવા પુરુષો અસંખ્ય છે, એમ મ. ૩૧માં કહ્યું છે, ત્યારે શુક મુનિએ પૂછ્યું જે, પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષ રૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે. માટે પુરુષ રૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે. ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે જેમ આ જીવને વિષે ને વૈરાજ પુરુષ ઈશ્વરને વિષે ભેદ છે ને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે, ને પુરુષોત્તમ વાસુદેવ

તો સર્વના સ્વામી છે. અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે તે જે તે વાસુદેવના ચરણાર્વિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે. એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, ઈશ્વર અને જીવ એ ચાર ભેદ અનાદિ છે.' માટે શ્રી સ્વામિનારાયણ શ્રીકૃષ્ણના અંતર્યામી અને અવતારી છે. તે સર્વમંગળ સ્તોત્ર શ્લોક ૧૫૬માં કહ્યું છે, "સત્પુરુષનું રક્ષણ કરનારા દ્વારિકાના ઈશ્વર જે શ્રીકૃષ્ણ તેમના આત્મા (અંતર્યામી) ભક્તજનોની આપદાને જોવાને નહિ સમર્થ." જે સર્વ અવતારના અવતારી હોય તે તો તે તેના ઐશ્વર્યશક્તિ સહિત સર્વ પોતાના અવતારોને પોતામાં જ લીન કરે તે ગર્ગ સંહિતામાં કહ્યું છે, 'જેના તેજમાં સર્વ અવતારોનાં તેજ લીન થઈ જાય તેને સાક્ષાત્ પરિપૂર્ણતમ એ પ્રકારે કવિઓ કહે છે.' એવી રીતે આ સ્વામિનારાયણે સચ્ચિદાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, પર્વતભાઈ આદિક અનેક પોતાના ભક્તોને ચોવીશ અવતાર બતાવીને ફરીથી તે અવતારોને પોતામાં લીન કરી બતાવ્યા છે. તે જ પ્રકારે અભય રાજાને ચોવીશ અવતારનાં સ્વરૂપો બતાવીને બીજા અવતારોને પ્રથમ પોતામાં લીન કરીને પછી શ્રીકૃષ્ણને પણ પોતામાં લીન કર્યા એમ સ. ભૂ. અં. ૨ અ. ૫માં કહ્યું છે, 'તે વેદીને વિષે અભય રાજાએ નાના પ્રકારના ઉપચારોથી પૂજેલા એવા શ્રીહરિ તે પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરેલા એવા મત્સ્યાદિક પોતાના

અવતારો તે અભય રાજાને બતાવતા હવા. તે અવતારો કેવા તો ચંદ્રકાન્તિના તુલ્ય મંદ હાસ્યયુક્ત કરોડે કરોડ સૂર્યના સરખી કાંતિવાળા પોત પોતાના સેવકોએ સેવેલા એવા ઘણા અવતારોને હર્ષથી બતાવતા હતા. તે સર્વ પોતાંના અવતારો રાજર્ષી એવા અભય રાજા જોતે સતે અગ્નિમાં જેમ જ્વાળાઓ લીન થઈ જાય તેમ તે શ્રી સ્વામિનારાયણને વિષે લીન થઈ ગયા. તે જ સમયે શ્રી સ્વામિનારાયણની ઇચ્છાથી તે અભય રાજાએ શ્રીકૃષ્ણને જોયા. તે શ્રીકૃષ્ણ કેવા છે તો બે હસ્તથી ગ્રહણ કરેલી મનોહર વેણુને વજાડતા, પીળા પિતાંબર ધારણ કરતા, શ્યામ મેઘના સરખી કાંતિવાળા, રૂપ લાવણ્યતા અને શોભાના નિધિ, રાધિકાના મુખરૂપી ચંદ્રમાને જોતા, એવા શ્રીકૃષ્ણ તે પણ તે સ્વામિનારાયણની મૂર્તિમાં લીન થયા. એ પ્રકારે જોઈને તે અભય રાજાએ શ્રી સ્વામિનારાયણ શ્રીકૃષ્ણના કારણ છે એમ માન્યા અને તેથી પોતાને પણ પૂર્ણકામ માન્યા.' આ ઉપર કહેલી રીતિ પ્રમાણે સ્વામિનારાયણ ભગવાન તે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણના અંતર્યામી અને કારણ તથા અવતારી છે એમ સિદ્ધ થાય છે. તે જ પ્રકારે શ્રીમુખે પ્ર. ૨૭માં કહ્યું છે, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પરમેશ્વરને ભજવાની તો સર્વેને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેને આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વે પ્રકારે નિવાસ

કરીને રહે છે. તેની વિગત જે એમ સમજતો હોય જે, આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે, તથા આ તારા મંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વરસે છે, તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય, ચંદ્ર ઉદય અસ્તપણાને પામે છે, તથા ચંદ્રમાની કળા વધે ઘટે છે, તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળનાં બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે ને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઇંદ્રિયો થઈ આવે છે. તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે, ને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મુને મળ્યા એવા જે ભગવાન તેના કર્યાં જ થાય છે એમ સમજે પણ પ્રગટ પ્રમાણ જે આ ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મુને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે.' તથા પ્ર. ૩૭માં, 'અને જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય ને  એમ સમજતો હોય જે જેવા પ્રકટ ભગવાન પૃથ્વી ઉપર બિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે બિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે એમ

સમજતો હોય ને ગમે તેવા વેદાંતના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ અને એમ જાણે જે આ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ અને એમ જાણે જે આ ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી.' તથા પ્ર. ૫૬માં, 'અને જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એક રહે છે ને પછી સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિ પુરુષદ્વારે કરીને અનંત કોટિ બ્રહ્માંડોને એ જ ભગવાન ઉપજાવે છે માટે બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમોહલને વિષે નિવાસ કરે તો જે એ ભગવાનનો આશ્રિત હોય ને તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે.' તથા પ્ર. ૭૧માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ પણ તેમાં તમને એક પ્રશ્ન પૂછીએ છીએ જે, નિરાકાર એવું જે અક્ષર બ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રગટ મળ્યા તે કેડે બ્રહ્મપુર તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, એ આદિક જે ભગવાનના ધામ તેને દેખવાની જેને લાલચ રહે ત્યારે એને

નિશ્ચય છે કે નથી?' તથા પ્ર. ૭૮માં, 'પછી નિર્મળાનંદ સ્વામીએ પૂછ્યું જે, કેમ સમજીએ ત્યારે પ્રભુના સંતનો મહિમા અતિશે જણાય? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'મચ્છ, કચ્છ, વરાહ, વામન, પરશુરામ અને રામકૃષ્ણાદિક એ જે ભગવાનના અનંત અવતાર તેનો મહિમા વિચારે જે, જે ભગવાને રામકૃષ્ણાદિક અવતારે કરીને અનંત જીવનો ઉદ્ધાર કર્યો છે, તે ભગવાનના આ સંત છે, તેનો મારે સમાગમ મળ્યો છે માટે હું પણ અતિ બડભાગી છું એમ સમજે તો દિવસે દિવસે સંતનો મહિમા અતિશે જણાતો જાય.' સા. ૧૧માં, 'અને ભગવાનનો મહિમા એમ વિચારે જે, હું આત્મા છું, અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંત કોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વના સ્વામી જે પુરુષોત્તમ તે મુને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે.' તથા લો. ૧૪માં, 'તથા ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે, એ સર્વે અવતાર નારાયણના છે તો પણ તે અવતારમાં ઋષભદેવજી બહુ ગમે તથા તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બેય સરખા જણાય છે. અને એ ત્રણે અવતાર કરતાં કોટિગણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે ને એમ જાણીએ છીએ જે બીજા સર્વે અવતાર કરતાં આ

અવતાર બહુ મોટો થયો ને બહુ સમર્થ છે અને આમાં અવતાર અવતારી એવો ભેદ નથી જણાતો.' તથા મ. ૧૩માં, 'અને જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ, તથા બ્રહ્મ કહીએ, ને અક્ષરધામ કહીએ. અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે, તેને આત્માનું તત્ત્વ કહીએ, તથા પરબ્રહ્મ કહીએ, તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિકરૂપે કરીને પોતાની ઇચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે... માટે આ વાર્તા છે તે સર્વ દૃઢ કરીને રાખજો. અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો,' તથા વ. ૧૨માં, 'પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે હરિભક્તની સભા સામું કરૂણા કટાક્ષે કરી જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે આજ તો સર્વને નિશ્ચયની વાત કરવી છે તે સર્વે સાવધાન થઈને સાંભળો. જે અનંત કોટિ સૂર્ય, ચંદ્રમા ને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે પુરુષોત્તમ ભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામકૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સંત સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે.' તથા અ. ૫માં, 'વળી કુબેરસિંહે બીજો પ્રશ્ન કર્યો જે હે

મહારાજ! અસંખ્ય કોટિ બ્રહ્માંડ છે ને ભગવાનનો અવતાર તો આ જ બ્રહ્માંડમાં ને જંબુ દ્વિપના ભરતખંડને વિષે છે અને બીજા બ્રહ્માંડમાં અસંખ્ય જીવ છે તે જીવોનો ઉદ્ધાર ભગવાન શી રીતે કરતા હશે? તે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાન આ બ્રહ્માંડને વિષે વિરાજે છે તે જ ભગવાન સર્વના સ્વામી છે. ને અનંત કોટિ બ્રહ્માંડને વિષે અસંખ્ય જીવોનાં કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ભગવાન પોતે દેહને ધારણ કરે છે તેને શરણે અસંખ્ય જીવ થાય છે તેણે કરીને અક્ષરધામમાં શ્રી પુરુષોત્તમના ચરણાર્વિંદને ઘણાક જીવ પામે છે.' તથા અ. ૬માં, 'પછી સંધ્યા આરતી થઈ રહી છે તે કેડે કુબેરસિંહે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે હે મહારાજ! જે ભગવાનને ભગવાન જાણ્યા તેને સર્વે અંગે ભગવાનનો નિશ્ચય ડગે નહિ તે અંગ કહો? પછી શ્રીજી બોલ્યા જે આ વાત તો સહુને સાંભળવા યોગ્ય છે તે માટે સર્વે સાંભળો, જે આ સત્સંગને વિષે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી ચોવીશ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે, ને એ જ સર્વે જીવોના અંતર્યામીરૂપ છે ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે, ને એ જ રાજાધિરાજ અનંત બ્રહ્માંડના છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે.' તથા અ. ૭માં, 'પછી અમે અંતર્દૃષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે જોતાં

જોતાં નંદીશ્વર પોઠિયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં ગયા ને ત્યાંથી ગરુડ ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મમહોલને વિષે જાતા હવા ત્યાં ગરૂડ પણ ઊડી શક્યો નહિ, એટલે અમે એકલા ઊડ્યા તે સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા ને પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અંતરમાં જોયું ત્યારે એમ જણાણું જે સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે ને વળી હું કેવો છું તો મારા પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય ચંદ્રમા તારા આદિક સર્વે તેજાયમાન છે એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.' તથા જે. ૫માં, 'અને તે શ્રી નરનારાયણ ઋષિ આ કળિયુગને વિષે પાખંડી મતનું ખંડન કરવા અને અધર્મના વંશનો નાશ કરવા અને ધર્મના વંશને પુષ્ટ કરવા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત જે ભક્તિ તેને પૃથ્વીને વિષે વિસ્તારવા સારુ શ્રી ધર્મદેવ થકી

ભક્તિને વિષે નારાયણ મુનિ રૂપે પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજે છે તે જાણજો. એમ કહીને પોતાના જનને અતિ મગ્ન કરતા હવા. અને વળી બોલ્યા જે અમે વારે વારે શ્રી નરનારાયણ દેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એ જ હાર્દ છે. જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય વિરાજે છે તે સારુ મુખ્યપણું લાવીએ છીએ.' તથા છે. ૩૧માં, 'ત્યારે એવા સમયમાં શ્રીજીમહારાજ બહુ વાર વિચારી રહ્યા ને પછી બોલ્યા જે હવે કીર્તન રાખો અમે આ એક વાર્તા કરીએ છીએ, તે છે તો થોડીક પણ ધ્યાનના કરનારને બહુ ઠીક આવે એવી છે, ને એ વાત અમે કોઈ દિવસ કરી નથી. પછી વળી નેત્રકમળને મિંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, કોટિ કોટિ ચંદ્રમા, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે, એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે આ પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે તે આકૃતિમાંથી પોતે ભગવાન અવતાર ધારે છે અને આ ભગવાન કેવા છે તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યા છે ચરણકમળ જેમનાં એવા છે અને એવા જે ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવોના પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી

સર્વની દૃષ્ટિને ગોચર સાક્ષાતપણે વર્તે છે માટે જે ધામમાં રહી મૂર્તિ ને આ પ્રગટ શ્રીકૃષ્ણની મૂર્તિ તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે.' તથા છે. ૩૮માં, 'અને ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશે પ્રકાશે યુક્ત છે અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે અને તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે મુક્તપુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થકા સર્વજનના નયન ગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે ને એવા જે પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે ને ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિક ભાવે

કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના પૂર્વે ઘણાક અવતાર થયા છે તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે.' એ ઉપર કહેલાં આદિ વચનામૃતોમાં સ્વામિનારાયણ ભગવાન છે અને સર્વ અવતારોના કારણ છે, એ પ્રકારે સવિસ્તર પ્રતિપાદન કરેલું છે, ને શ્રી સ્વામિનારાયણના વચનથી જ સિદ્ધ થાય છે એમાં બીજા કોઈ પ્રમાણની જરૂર છે જ નહિ.

अथ स्वरूपावताराः मुक्तावतारापरपर्यायाः अपि भवन्ति । ये परब्रह्मणा साकमेकत्वभावमापन्ना तत्परमकान्तिकाः अनादिसंज्ञकाश्च सत्पुरुषास्ते स्वरूपाऽवताराः । 'स्वरूपेति' श्रीपुरुषोत्तमसंकल्पेन तत्स्वरूपात् (मूर्तेः सकाशात्) अवतरन्त्याविर्भवन्ति पुनः तस्यैव संकल्पात्तत्रैव पुरुषोत्तमे विलीयंते । इति स्वरूपाऽवताराः । तदुक्तं मध्यप्रकरणस्थ त्रयोदशवचनामृते । तथाहि श्रीरामप्रतापजीच्छाराम-ज्याद्याचार्यश्श्रयोध्याप्रसादजीश्रीरघुवीरजीमहाराजादयः । तथा अनादिमुक्तराजश्रीरामानंदस्वामिशतानंदस्वामिगोपालानंद-स्वामी गुणातीतानंदस्वामी मुक्तानंदस्वामिवासुदेवानंदस्वामि ब्रह्मानंदस्वामिनित्यानंदस्वामिमहानुभावानंदस्वामित्यादयोऽनेकाः सन्ति वै इति सिद्धान्तः । अवताराणामवतरणे पुरुषोत्तमेच्छैव हेतुर्नत्वन्यत् । इति विभवाऽर्थः ।

હવે મુક્તાવતાર છે પર્યાય જેમનો એવા સ્વરૂપાવતારો પણ થાય છે. જે પરબ્રહ્મની સાથે એકાત્મભાવને પામેલા

એવા પરબ્રહ્મના પરમ અકાંતિક અને અનાદિ સંજ્ઞાવાળા સત્પુરુષો છે, તે સ્વરૂપાવતારો છે. 'સ્વરુપેતિ' શ્રી પુરુષોત્તમ ભગવાનના સંકલ્પે કરીને પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપમાંથી (પુરુષોત્તમની મૂર્તિમાંથી) પ્રગટ થાય છે, અને પાછા તે જ પુરુષોત્તમના સંકલ્પથી તે જ પુરુષોત્તમ ભગવાનમાં લીન થાય છે. તે સ્વરૂપ અવતાર જાણવા તે મ. ૧૩માં કહ્યું છે, 'અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે.' તે બતાવે છે - શ્રી રામપ્રતાપજી મહારાજ, શ્રી ઈચ્છારામજી મહારાજ આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા અનાદિ મુક્તરાજ શ્રી રામાનંદ સ્વામી, શતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુકુંદાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી એ આદિક અનેક છે એ નિશ્ચય છે. મુક્તરૂપે અવતાર થાય છે તે પ્ર. ૩૩માં કહ્યું છે, 'તથા જીવના કલ્યાણને અર્થે નારદ સનકાદિક રૂપે વર્તે છે. એ સર્વે રીતને સમજી જાણે.' અને નારદ સનકાદિક તે અનાદિ મુક્ત છે એમ પ્ર. ૩૨માં કહ્યું છે, 'અને એવી રીતના વિષય વિના તો હરિભક્તે પણ રહેવાતું નથી, નારદ સનકાદિક જેવા અનાદિ મુક્ત છે તેણે પણ

એવા પંચ વિષય વિના રહેવાતું નથી, તે સમાધિમાં ઘણા કાળ રહે છે પણ તે સમાધિમાંથી નીકળીને ભગવાનની કથા કીર્તન શ્રવણાદિક વિષયને ભોગવે છે.' એ સિદ્ધાંત છે. અવતારોને જે પ્રગટ થવું તેમાં પુરુષોત્તમની ઇચ્છા તે જ કારણ છે, પણ બીજું કારણ નથી એ પ્રમાણે વિભવનો અર્થ જાણવો.

अथान्तर्यामीत्यर्थस्य विवेचनम् । मूलाक्षरमारभ्य वासुदेवब्रह्मकालपुरुषमहाविष्णुमहत्तत्ववैराजपुरुषब्रह्मादीनां ततोऽवरसर्वप्रजापतीन्द्रादिदेवमनुष्यादिजीवानां चांतर्यामी । अन्तः स्थित्वा अन्तर्हृदये स्वप्रकाशरूपेण स्थित्वा यमयति नियमयतीत्यन्तर्यामी । स एव परब्रह्मपुरुषोत्तमः श्रीस्वामिनारायणो भगवान् दिव्यावयवीदिव्यमनोहर-मंगलमूर्तिः सदैव चिदाकाशरूपे दिव्ये स्वब्रह्मधाम्नि दिव्याऽकाराऽसंख्यमुक्तमंडलैः साकं विराजमानोऽनंतैश्वर्यादि-भिश्चसेव्यमानः । स एवास्य जगतः निमित्तकारणम् । स्वप्रकाशरूपांतर्यामिशक्तिरूपेण सर्वजीवानां कर्मफल-प्रदापकोऽस्य जगत उपादानकारणं चाऽस्ति । ननु अंतःस्थित्वा यमयति नियमयतीत्यंतर्यामीति व्युत्पत्यांऽतर्यामी साक्षादंतः स्थित्वा यमयतिनियमयतीति कर्मफलं प्रदातुं स्वयं साक्षात् स्थितः । नतु स्वशक्त्या इति चेन्न । चिदचिदात्मकसर्व वस्तुष्वक्षरादिषुच स्वप्रकाशरूपांतर्यामिशक्त्या व्याप्याऽन्वयत्वेन कर्मफलं दातुं स्थितः स्वोपासकनिष्कामभक्तेषु तु तेभ्यो मोक्षं

प्रदातुं स्वयं साक्षात् स्थितश्च ।' तदुक्तं गीतायाम्:– अ. १५ श्लो. ५ ।।

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामा: ।।

द्वंद्वैर्विमुक्ता: सुखदु:खसञ्ज्ञैर्गच्छंत्यमूढा:पदमव्ययं तत् ।। तथा अ. १८ श्लो. ५४ ।।

ब्रह्मभूत: प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।

एवं च ये स्वनिष्काम भक्ता: परमपात्रभूतास्तेषामेव दिव्याऽवयविपरब्रह्मणा साक्षात्संबंधोऽस्ति । नत्वन्येषां केषांचिदपि । अन्येषां तु तदंतर्यामिशक्त्या सह संबंधोऽस्ति । ततो आत्यन्तिकमोक्षाऽभाव: । तदुक्तं मुक्तानंदस्वामिकृतब्रह्मसूत्र भाष्य रत्ने. अ. १ पा. १ सू. २ तथा अ. ३ पा. २ सू. ९

तथा प्रथमप्रकरणस्य सप्त सप्तविंश पञ्चचत्वारिंशत् वचनामृतेषु च 'अत्र सूत्रे दिव्यविग्रहं ब्रह्मपुरे निमित्तकारणतया सदा वर्तमानं सत्स्वेच्छया प्रलये स्वप्रकाशरूपया संकुचितांतर्यामिशक्त्या सूक्ष्मचिदचिद्वस्तु विशिष्टं ब्रह्म उपादानकारणं सृष्टिस्थित्यवस्थयो: स्वप्रकाशरूपया विकसितांतर्यामिशक्त्या स्थूलचिदचिद्वस्तु विशिष्टं तत्कार्यं भवति । अतो जगज्जन्मादिलक्षणं ब्रह्मेति सिद्धान्तोऽस्ति । ननु

दिव्य मनोहरमूर्तेर्हरेरंतर्यामिशक्त्या सह सर्वावस्थावस्थित-चेतनाचेतनानां शरीरशरीरिभावेन विशिष्टत्वमुक्तं दिव्यावयवीपरब्रह्मणा सह कुतो नोक्तमिति चेत्तत्रोच्यते-दिव्यावयविहरिसंबन्धेन तु बद्धचेतनानां शास्त्रेषु माया कर्मनिवर्तनरुपमोक्षोक्तेस्तेषां तदंतर्यामिशक्तिसंबंधेन मोक्षा-भावोक्तेश्च तया सह संयोग उक्तः । तथा अ. १ पा. १ सू. ५ ।। एवं नारायणस्यैकत्वे आत्माधारत्वे च सत्यप्यखिलाश्रयत्वोक्त्या बहवात्मनामात्मत्वोक्त्या च सः स्थूलसूक्ष्मभावस्थचिदचित्प्रपंचरुपे वस्तुनि स्वप्रकाशरुपांतर्यामिशक्त्या विशिष्ट एव कार्यकारणरूपः सत्पदविषय इति निर्णयः । अंतर्यामिशक्तिविवेचनमाह - सदा दिव्य पुरुषाकारेण स्वस्थानस्थो हरिः सततं चिदचिद्वस्तुव्याप्तां स्वांतर्यामिशक्तिं यदा स्वेच्छया संकोचयति तदा प्रलयः, यदा च तां बहु स्यामि त्यभिहितप्रकारेण विकासयति तदा उत्पत्तिस्थितिकालौस्त इति ।

तथा अ. १ पा. ४ सू. ९ ।। 'सप्रकृतिपुरुषस्य समस्तचेतनाचेतनविशिष्टस्य नारायणप्रकाशरुपसंकुचि-तांतर्यामिशक्तौ तिरोभूतस्य प्रपंचस्य ततः पुनरुत्पत्तौ सत्यां तस्य विकसितांतर्यामिशक्तिरुप-ब्रह्मात्मकत्व प्रतिपादन समये तां ह्यजामिति पठंति, ।' तथा अ..१ पा. ४ सु. १० ।। 'तथाहि-प्रलयकाले नामरुपे विहायाचिद्वस्तुरूपा प्रकृतिसंज्ञा

मायाऽपि स्वधामस्थस्य दिव्यविग्रहस्य नारायणस्य संकुचितांतर्यामिशक्तिरुपप्रकाशे सूक्ष्मरुपेण संलग्नाऽभवत् ।' तथा अ. १ पा. ४ सू. २३ ।।

'एवं च सति ब्रह्मणो जगतो निमित्तत्वोपादानत्वप्रकार: स्पष्टतया वर्ण्यते । स्वधामस्थो दिव्यमनोहरमंगलमूर्ति: परमात्मा चिदचिद्व्यतिरिक्त: सन् स्वेच्छया संकुचितांतर्यामिशक्तिरुपस्वप्रकाशे सूक्ष्मभावेन संलग्नमंतर्यामिशक्तिविशिष्टत्वात्तच्छरीरभूतं नामरुपविभागानर्हं प्रकृतिपुरुषादि सकलचेतनाचेतनरुपविश्वं प्रलयकाले यदस्ति तत् सर्वं सृष्टिसमये विकसितांतर्यामिशक्तिविशिष्टतया स्थूलभावार्हं विभक्तनामरुपं करोतीति तस्य जगन्निमित्तकारणत्वं विज्ञायते; प्रलयकाले सूक्ष्मभावापन्नाविभक्तनामरुपकसकलचेतना चेतनशरीरिचेतनाचेतनविशिष्ट संकुचितांतर्यामिरुपकारणावस्थं मृत्पिंडसुवर्णादिस्थानीयं परब्रह्मणो यत् स्वरुपं तज्जगत उपादानकारणम् । 'यदा च माया पुरुषौकालोऽत्यक्षरतेजसि ।। तदिच्छयातिरोयांति सत्वेको वर्त्तते प्रभु:' इति, सिसृक्षाथाभवत्तस्य ब्रह्मांडानां यदा तदा । सकालाविर्बभूवादौ महामाया ततो हि सा ।। तां काल शक्तिमादाय वासुदेवोऽक्षरात्मना । सिसृक्षयैक्षत यदा सा चुक्षोभ तदैव हि ।। तस्या: प्रधानपुरुषकोटयो जज्ञिरे मुने' इति । तथा अ. १ पा. ४ सु. २७ ।। नित्यशुद्धानन्दस्य

निरतिशयमंगलस्वभावस्य दिव्यमूर्त्या स्वधामस्थस्य जगन्निमित्तकारणभूतस्य परब्रह्मणः संकुचितांतर्यामिशक्ति विशिष्टमविभक्त नामरुपातिसूक्ष्मचिदचिद्वस्तुरुपं शरीर-मुपा दान कारणभूतम् आत्यंतिकप्रलये सति स्वप्रकाशे सूक्ष्मत्वेनाद्रश्यमभूत् तद्रूपेण तस्यापि जगदाकारत्वं युक्तमेव तच्छरीरकस्य परब्रह्मणः स्वसंकल्पेन विकसितान्तर्यामिशक्तिविशिष्टविभक्तनामरुपस्थुलचिदचिद्वस्तुरुपशरीरत्वेन परिणामात् सर्वमविशुद्धम् । ननु कारणविकृतिरुपो हि परिणामः, पूर्वावस्थापरित्यागेनावस्थांतरापत्तिः परिणाम उच्यते, एवं सति परब्रह्म निर्विकारादेः स्वधर्मात्कथं न चलेदिति चेत् यथा तस्य निमित्तस्योपादानत्वेऽपि । विकारादिस्पर्शो न स्यात्तथांतस्य परिणामोऽपि न संभवति । ननु कोऽयमपूर्वः परिणामः? तच्छ्रवणे वयंकुतूहलिनःस्मः अतःकथ्यतामिति चेच्छ्रुणु, वयंब्रूमः- 'पृथिव्यप्सु लीयते आपस्तेजसि लीयते तेजो वायौ लीयते वायुराकाशे लीयते आकाशमिंद्रियेषु इंद्रियाणि तन्मात्रेषु तन्मात्राणि भूतादौ लीयते भूतादिर्महति लीयंते महानव्यक्ते लीयते अव्यक्तमक्षरे लीयतेऽक्षरं तमसि लीयते तमः परे देवे एकीभवति' इति, — 'सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयमिति,' 'प्रकृतिर्या मयाख्याता व्यक्ताव्यक्तस्वरुपिणी, पुरुषश्चाप्युभावेतौ लीयेते परमात्मनि ।। परमात्मा च सर्वेषामाधारः पुरुषोत्तम'

इति - 'कारणावस्थं सूक्ष्मं प्रकृतिपुरुषादिसकल-चेतनाचेतन वस्तु परमात्मनोऽक्षररूपप्रकाशेऽव्यक्तभावेन संलग्नमभूदित्युक्तम्; अतः परमात्मानमेकमद्धितीयं वदंति बुधाः । नन्वेकत्राक्षरतेजसि लीनमित्युक्तमन्यत्र परमात्मनि लीनमिति च पृथक् पृथक् कथं लीनतेति चेत्तत्रोच्यते- अक्षररूपतेजःपरब्रह्मणोः प्रभाप्रभाव-तोरिवाऽभेदविवक्षयाऽक्षरतेजसि लीनमपि तत् परमात्मनि लीनमिति वदंति; परमात्मन्येव तत्संलग्नमित्युक्तौ तु सकलदोषगंधवर्जितस्यातिशुद्धस्य परमात्मनः समस्तचेतनाचेतनगतदोषसंबंधापत्तिर्भवेदतो नैवं वाच्यम्; यतस्तस्य संकुचितांतर्यामिशक्तिविशिष्टं यत्सूक्ष्मचिदचिद्वस्तु भवति अतस्तत्परमात्मशरीरभूतं वदंति । यदा दिव्यमूर्तिपरमात्मनश्चिदचिद्विशिष्टया अंतर्यामिशक्तेरेव संकोचो न तु निमित्तभूतस्य स्वस्य; उत्पत्तिकाले च विभक्तनामरूपकस्थूलचिदचिद्वस्तु शरीरे आत्मतया स्थितायास्तस्यांतर्यामिशक्तेरेव विकाशरूपपरिणामो नतु स्वस्य; एवं तस्मिन् निर्विकारत्वादि धर्मक्षतिर्नस्यात् ।' तथा प्रथम प्रकरणस्थत्रिषष्ठितमद्विसप्ततितमादिवचनामृतेषु चोक्तम् ।

અર્થ– હવે અંતર્યામી શબ્દાર્થનું વિવેચન કરાય છે. મૂળ અક્ષરને આરંભીને વાસુદેવ બ્રહ્મ, કાળ, પુરુષ, મહાવિષ્ણુ, મહત્તત્ત્વ, વૈરાજપુરુષ, બ્રહ્મા આદિકના અને તેથી ઓરા સર્વ

પ્રજાપતિ, ઇંદ્રાદિક દેવ મનુષ્યાદિક સર્વ જીવોના 'અંતર્યામી' એટલે અંતઃસ્થિત્વા એટલે અંતર્હૃદયે સ્વપ્રકાશરુપેણ સ્થિત્વા યમયતિ નિયમયતીતિ અંતર્યામી- પોતાના પ્રકાશરૂપે સર્વના હૃદયને વિષે અંતર્યામીરૂપે રહીને નિયમમાં કરનાર તે અંતર્યામી કહેવાય. એ પ્રકારે તે જ પરબ્રહ્મ, પુરુષોત્તમ, દિવ્ય અવયવોવાળા, દિવ્ય મનોહર મંગળકારી છે મૂર્તિ જેમની એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન નિરંતર ચિદાકાશરૂપ, દિવ્ય પોતાના બ્રહ્મધામમાં દિવ્યાકારવાળા અસંખ્ય મુક્તમંડળે સહિત વિરાજમાન છે, અને અનંત ઐશ્વર્ય આદિક શક્તિઓ તેમણે સેવન કરાયેલા છે તે જ પરબ્રહ્મ આ જગતના નિમિત્ત કારણ છે. પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિરૂપે કરીને સર્વ જીવના કર્મફળ આપનારા છે અને આ જગતના ઉપાદાન કારણ પણ છે. હવે કોઈ શંકા કરે કે 'અંતઃ સ્થિત્વા' અંદર રહીને નિયમમાં કરે એ પ્રકારની વ્યુત્પત્તિથી અંતર્યામી એટલે સાક્ષાત્ અંદર રહીને નિયમમાં કરે એ પ્રકારે કર્મફળ આપવાને માટે પોતે સાક્ષાત્ રહેલા છે, પરંતુ પોતાની શક્તિએ કરીને રહ્યા છે એમ નહિ. આવી શંકા કરવી નહિ. કારણ કે જડ, ચૈતન્યરૂપ સર્વ વસ્તુને વિષે અને અક્ષરાદિકને વિષે પોતાની પ્રકાશરૂપ અંતર્યામી શક્તિ વડે કરીને વ્યાપીને અન્વયપણે કરીને કર્મફળ આપવાને માટે રહેલા છે. અને પોતાના ઉપાસક નિષ્કામ ભક્તોને વિષે તો તેમને મોક્ષ

આપવાને પોતે સાક્ષાત્ રહેલા છે. તે ગીતામાં કહ્યું છે અ. ૧૧ શ્લો. ૫, 'માન મોહ રહિત જેમણે સંગદોષ જીતેલા છે, અધ્યાત્મ જ્ઞાનવાળા, જેમની કામવાસનાઓ નિવૃત્તિ પામેલી છે, સુખ દુ:ખ વિગેરે જોડલાંથી મુક્ત થયેલા એવા જ્ઞાની પુરુષો ભગવાનનું જે અખંડિત પદ તેને પામે છે.' તથા અ. ૧૮ શ્લોક ૫૪, 'બ્રહ્મરૂપ, પ્રસન્ન છે આત્મા જેનો, સર્વ જીવ પ્રાણીમાત્રને સમાન દૃષ્ટિવાળો પુરુષ શોક કરતો નથી અને કોઈ પ્રકારની ઇચ્છા રાખતો નથી. તે (પુરુષ) ઉત્કૃષ્ટ મારી ભક્તિને પામે છે.' એ પ્રમાણે જે પરમ પાત્રરૂપ પોતાના નિષ્કામ ભક્તો છે તે ભક્તજનોને જ દિવ્યાકારવાળા પરબ્રહ્મની સાથે સાક્ષાત્ સંબંધ છે. બીજા કોઈને પણ વ્યતિરેક મૂર્તિનો સંબંધ નથી. બીજાઓને તો તે ભગવાનની અંતર્યામી શક્તિ સાથે સંબંધ છે. તેથી તેમનો આત્યંતિક મોક્ષ થતો નથી. તે શ્રી મુક્તાનંદ સ્વામી કૃત બ્રહ્મસૂત્ર ભાષ્યરત્નમાં કહેલું છે, અ. ૧ પા. ૧ સુ. ૨, 'બ્રહ્મપુર વિષે દિવ્ય શરીરે રહેલા અને નિમિત્ત કારણે સદા વર્તતા હોઈને પ્રલયકાળે પોતાની ઇચ્છાથી સંકુચિત કરેલી સ્વપ્રકાશરૂપ પોતાની અંતર્યામી શક્તિ વડે સૂક્ષ્મ જડ-ચૈતન્ય વસ્તુઓથી યુક્ત એવા પરબ્રહ્મ, ઉપાદાન કારણ છે, અને જગતની ઉત્પત્તિ તથા સ્થિતિની અવસ્થામાં વિકસિત કરેલી સ્વપ્રકાશરૂપ અંતર્યામી શક્તિને લીધે સ્થૂળ એવી જડ-ચેતન વસ્તુઓથી

યુક્ત એવા તે પરબ્રહ્મ કાર્યરૂપ થાય છે, એમ આ સૂત્રમાં કહ્યું છે; માટે જગતના જન્મ આદિ લક્ષણોવાળા પરબ્રહ્મ છે, એવો સિદ્ધાંત છે. હવે અહીં કોઈને શંકા થાય કે દિવ્ય મનોહર મૂર્તિવાળા શ્રીહરિની અંતર્યામી શક્તિની સાથે સર્વ અવસ્થાઓમાં રહેલા ચેતન-અચેતન પદાર્થોનું શરીર-શરીરી ભાવે યુક્તપણું કહ્યું; પણ દિવ્ય અવયવોવાળા પરબ્રહ્મની સાથે તે તે પદાર્થોનું યુક્તપણું કેમ ન કહ્યું? આનું સમાધાન કહેવાનું કે દિવ્ય અવયવોવાળા શ્રીહરિના સંબંધથી તો બદ્ધ જીવોને માયા-કર્મની નિવૃત્તિ થતાં મોક્ષ પ્રાપ્ત થાય છે, અને તેમની અંતર્યામી શક્તિનો સંબંધ થતાં મોક્ષનો અભાવ એટલે સંસાર રહે છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે. માટે અહીં તેમની અંતર્યામી શક્તિની સાથે સર્વ ચેતન-અચેતનનો સંયોગ કહ્યો છે.' તથા પ્ર. ૭માં, 'તથા અક્ષરબ્રહ્મ ને ઈશ્વર ને જીવ ને માયા ને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કહેવા ને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે અને એ સર્વથી પૃથકપણે કરીને પોતાના ગોલોક ધામને વિષે જે બ્રહ્મ જ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે એ ભગવાનનું વ્યતિરેકપણું છે.' તથા પ્ર. ૨૭માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પરમેશ્વરને ભજવાની તો સર્વેને ઇચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વે

પ્રકારે નિવાસ કરીને રહે છે તેની વિગત જે એમ સમજતો હોય જે, આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વર્ષાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરી સૂર્ય, ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે. તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળનાં બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે ને તેને હાથ, પગ, કાન, નાક એ આદિક દશ ઇંદ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે ને તેમાં ગાજવીજ થાય છે. એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મુને મળ્યાં એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે એમ સમજે પણ પ્રગટ પ્રમાણ જે આ ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે, તથા હમણાં જે થાય છે તથા આગળ થાશે તે સર્વે મુને મળ્યાં છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે.' તથા પ્ર. ૪૫માં 'અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે. સૂર્ય સાકાર છે અને તડકો નિરાકાર છે, અગ્નિ સાકાર છે ને જ્વાળા નિરાકાર છે, વરુણ સાકાર છે ને જળ નિરાકાર છે, તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ ભગવાન તે સાકાર છે, ને

સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ ભગવાન તે સાકાર છે, ને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે તો પુરુષોત્તમ ભગવાનનું તેજ છે. અને અંતર્યામીપણે કરીને જીવ ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું સ્વરૂપ જે તેજ નિરાકાર છે.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૧ પા. ૧ સૂ. ૫, 'એ રીતે શ્રી નારાયણ એક જ છે અને સર્વ આત્માઓના આધાર છે તો પણ તેમને સર્વના આશ્રય કહેવાથી તથા અનેક આત્માઓના આત્મા કહેવાથી તે ભગવાન, સ્થૂળ-સૂક્ષ્મપણાએ રહેલા જડ ચેતન પ્રપંચરૂપ વસ્તુમાં પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિથી યુક્ત જ જગતરૂપ કાર્યમાં કારણરૂપે રહેલા છે અને એ રીતે 'सत्' પદના વિષય છે, એમ નિર્ણય કરવામાં આવ્યો છે. અંતર્યામી શક્તિનું વિવેચન આ પ્રમાણે છે -સદા દિવ્ય પુરુષાકારે પોતાના સ્થાનમાં બિરાજતા શ્રીહરિ નિરંતર જડ-ચેતન વસ્તુઓમાં વ્યાપ્ત એવી પોતાની અંતર્યામી શક્તિને પોતાની ઇચ્છાથી જ્યારે સંકુચિત કરે છે ત્યારે પ્રલય થાય છે અને જ્યારે તે શક્તિને 'बहुस्याम्'- 'હું અનેક રૂપે થાઉં' એ શ્રુતિમાં કહેલા પ્રકારે વિકસિત કરે છે ત્યારે ઉત્પત્તિ કાળ તથા સ્થિતિ કાળ થાય છે.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૧ પા. ૪ સૂ. ૯, 'પ્રકૃતિ અને પુરુષ સહિત સમસ્ત ચેતન-અચેતનયુક્ત અને નારાયણના પ્રકાશરૂપ એવી સંકુચિત અંતર્યામી શક્તિમાં અદૃશ્ય થયેલા પ્રપંચની ફરી તે

પરબ્રહ્મથી ઉત્પત્તિ થાય છે, ત્યારે તે પરમાત્માની વિકસિત થયેલી અંતર્યામી શક્તિને બ્રહ્મસ્વરૂપતા પ્રતિપાદન કરતી વેળાએ તે શક્તિને 'अजाम्' એમ કહે છે.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૧ પા. ૪. સૂ ૧૦, 'જેમ કે પ્રલયકાળે નામ તથા રૂપનો ત્યાગ કરી અચિદ્ વસ્તુરૂપ એવી પ્રકૃતિ નામની માયા પણ પોતાના ધામમાં બિરાજેલા દિવ્ય શરીરધારી શ્રી નારાયણના સંકુચિત થયેલા અંતર્યામી શક્તિરૂપ પ્રકાશમાં સૂક્ષ્મ સ્વરૂપે સંલગ્ન થઈ ગઈ હતી.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૧ પા. ૪ સૂ. ૨૩, 'આમ છે તેથી પરબ્રહ્મને જગતનું નિમિત્ત કારણપણું તથા ઉપાદાન કરવાપણું સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવે છે. પોતાના ધામમાં બિરાજતા અને દિવ્ય-મનોહર-મંગળ મૂર્તિવાળા પરમાત્મા, જડ-ચેતનથી અલગ રહ્યા થકા પોતાની ઇચ્છાથી સંકુચિત થયેલી અંતર્યામી શક્તિથી યુક્ત હોવાથી તેમના પોતાના જ શરીર રૂપ અને નામ તથા રૂપના વિભાગને અયોગ્ય એવું પ્રકૃતિ પુરુષ આદિ સમગ્ર ચેતન-અચેતનરૂપ જગત, જે પ્રલયકાળે રહ્યું હોય છે તે સર્વ જગતને સૃષ્ટિ સમયે વિકાસ પામેલી અંતર્યામી શક્તિથી યુક્ત હોવાને લીધે સ્થૂલપણાને યોગ્ય તથા વિભાગ પામેલા નામરૂપોવાળું કરે છે. આ રીતે પરમાત્મામાં જગતનું નિમિત્ત કારણપણું જણાય છે, તેમ જ પ્રલયકાળે સૂક્ષ્મભાવને પામેલું, અવિભક્ત, નામરૂપવાળું, સમગ્ર ચેતન-

અચેતન શરીરવાળું અને તેથી જ ચેતન-અચેતનનું શરીરી, ચેતન-અચેતનોથી યુક્ત, સંકુચિત થયેલી અંતર્યામી શક્તિરૂપ કારણાવસ્થાવાળું અને માટીનો પીંડો તથા સુવર્ણ આદિના ઠેકાણે જણાતું પરબ્રહ્મનું જે સ્વરૂપ તે જગતનું ઉપાદાન કારણ છે... જ્યારે માયા અને પુરુષ, પરમાત્માના તેજમાં તેમની ઇચ્છાથી અદશ્ય થાય છે ત્યારે એકલા પરમાત્મા જ વર્તે છે. પછી જ્યારે એ પરમાત્માને બ્રહ્માંડો સર્જવાની ઇચ્છા થઈ ત્યારે પ્રથમ કાળની સાથે તે મહામાયા પ્રગટ થઈ. પછી તે કાળ સહિત પોતાની માયા શક્તિને અક્ષર સ્વરૂપે ગ્રહણ કરીને તે વાસુદેવ પરમાત્માએ સૃષ્ટિ રચવાની ઇચ્છાથી તે મહામાયાને જ્યારે જોઈ ત્યારે તે જ વખતે તે ક્ષોભ પામી; અને હે મુનિ! તે માયામાંથી કરોડો પ્રકૃતિઓ તથા પુરુષો ઉત્પન્ન થયા.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૧ પા. ૪ સૂ. ૨૭, 'નિત્ય શુદ્ધ આનંદ સ્વરૂપ, નિરતિશય મંગળ સ્વભાવવાળા, દિવ્ય મૂર્તિમાંથી પોતાના ધામમાં રહેલા અને જગતના નિમિત્ત કારણભૂત એવા પરબ્રહ્મનું સંકુચિત થયેલી અંતર્યામી શક્તિથી યુક્ત એવું અને વિભાગને નહિ પામેલાં નામરૂપવાળી અતિ સૂક્ષ્મ જડ-ચેતન વસ્તુરૂપ એવું શરીર ઉપાદાનના કારણભૂત હોઈને આત્યંતિક પ્રલય થાય ત્યારે પોતાના પ્રકાશમાં સૂક્ષ્મસ્વરૂપે અદશ્ય થાય છે, જેથી તે સૂક્ષ્મ સ્વરૂપે તે પરમાત્માને પણ જગતના આકારરૂપે હોવું જ ઘટે

છે; તેમ જ તે જડ-ચેતન વસ્તુરૂપી શરીરવાળા, પરબ્રહ્મનો જ પોતાના સંકલ્પથી વિકાસ પામેલી અંતર્યામી શક્તિયુક્ત વિભાગ પામેલા નામ-રૂપવાળી સ્થૂલ જડ-ચેતન વસ્તુરૂપ શરીરપણે પરિણામ થાય છે, માટે સર્વ અવિરુદ્ધ છે. શંકાવાદી કહે છે કે હરકોઈ કારણમાં કોઈ વિકાર થાય છે તે જ તેનું પરિણામ કહેવાય છે; એટલે કે પોતાની પૂર્વ અવસ્થાનો ત્યાગ કરી બીજી અવસ્થાને પામવું તે પરિણામ કહેવાય છે, જો એમ છે તો પરબ્રહ્મ, પોતાના નિર્વિકાર આદિ સ્વધર્મથી ચલિત કેમ નથી થતા?

આના સમાધાનમાં કહેવાનું કે જેમ તે પરમાત્મા નિમિત્ત કારણ હોઈને ઉપાદાન કારણ પણ છે, છતાં તેમનો વિકાર વિગેરેનો સ્પર્શ નથી, તેમ તેમનું પરિણામ પણ સંભવતું નથી. શંકાવાદી કહે કે આ વળી નવીન પરિણામ કેવું? તે સાંભળવાને અમને કુતૂહલ થાય છે, માટે તે કહો; તો અમે કહીએ છીએ, સાંભળો, 'પૃથ્વી જળમાં લય પામે છે, તે જળ તેજમાં લય પામે છે, તેજ વાયુમાં લય પામે છે, વાયુ આકાશમાં લય પામે છે, આકાશ ઇંદ્રિયોમાં લય પામે છે, ઇંદ્રિયો તન્માત્રાઓમાં લય પામે છે, તન્માત્રાઓ અહંકારમાં લય પામે છે, અહંકાર મહત્તત્ત્વમાં લય પામે છે, મહત્તત્ત્વ અવ્યક્તમાં લય પામે છે, અવ્યક્ત અક્ષરમાં એટલે પ્રધાનના પતિ પુરુષમાં લય પામે છે, અક્ષર તમસ એટલે મૂળ પ્રકૃતિમાં

લય પામે છે, અને પ્રકૃતિ પોતાનાથી પર અને પોતાના પતિ એવા પુરુષમાં લય પામે છે અને તે પુરુષ પરમાત્મામાં લય પામે છે. હે સૌમ્ય! સૃષ્ટિની પહેલાં આ સત્સ્વરૂપ એક અને અદ્વિતીય એવા પરબ્રહ્મ જ હતા. વ્યક્ત તથા અવ્યક્ત સ્વરૂપવાળી જે પ્રકૃતિ મેં કહી અને પુરુષ તે બંને પરમાત્મોમાં લય પામે છે; અને પરમાત્મા તો સર્વના આધાર તથા પુરુષોત્તમ છે. કારણાવસ્થાવાળી અને સૂક્ષ્મ એવી પ્રકૃતિ પુરુષાદિ સમગ્ર ચેતન-અચેતન વસ્તુ, પરમાત્માના અક્ષરરૂપ પ્રકાશમાં અવ્યક્તપણે સંલગ્ન હતી, એમ કહ્યું છે. માટે જ વિદ્વાનો પરમાત્માને એક તથા અદ્વિતીય કહે છે. અહીં કોઈ કહે છે કે, તમે એક સ્થળે કહો છો કે સમગ્ર વસ્તુ અક્ષરતેજમાં લય પામેલી હોય છે, અને બીજે સ્થળે વળી કહો છો કે સર્વ વસ્તુ પરમાત્મામાં લય પામેલી હોય છે તો આમ જુદી જુદી લીનતા કેવી રીતે ઘટે છે? આના ઉત્તરમાં અમે કહીએ છીએ કે અક્ષરરૂપ તેજ અને પરબ્રહ્મ -એ બંનેનું કાન્તિ તથા કાન્તિમાનની પેઠે અભેદપણું છે, એવી વિવક્ષાથી જ અક્ષરરૂપ તેજમાં લય પામેલી તે વસ્તુ પરમાત્મામાં જ લય પામેલી કહેવાય છે; જો એમ જ કહેવામાં આવે કે પરમાત્મામાં જ તે સર્વ વસ્તુઓ લય પામે છે તો સમગ્ર દોષોની ગંધથી પણ રહિત અને અત્યંત શુદ્ધ એવા પરમાત્માને સમસ્ત ચેતન-અચેતનમાં રહેલા દોષોનો સંબંધ

આવી પડે, માટે એમ ન કહેવું. સમગ્ર સૂક્ષ્મ જડ-ચેતન વસ્તુ, તે પરમાત્માની સંકુચિત થયેલી અંતર્યામી શક્તિથી યુક્ત હોય છે, માટે જ તેને પરમાત્માના શરીરભૂત કહે છે. તે પ્રલયકાળે દિવ્ય મૂર્તિ એવા પરમાત્માની જડ-ચેતનયુક્ત એવી અંતર્યામી શક્તિનો જ સંકોચ થાય છે, પણ નિમિત્ત કારણભૂત એવા તે પરમાત્માનો પોતાનો સંકોચ થતો નથી; તેમ જ ઉત્પત્તિ કાળે વિભાગ પામેલાં નામરૂપવાળી સ્થૂળ જડ-ચેતન વસ્તુરૂપ શરીરમાં આત્મારૂપે રહેલી તે પરમાત્માની અંતર્યામી શક્તિનો જ વિકાસરૂપ પરિણામ થાય છે, પરમાત્માનું પોતાનું પરિણામ થતું નથી. આવી રીતે માનવાથી તે પરમાત્મામાં રહેલા નિર્વિકારપણું વગેરે ધર્મોની હાનિ થતી નથી.' તથા પ્ર. ૬૩માં કહ્યું છે, 'અને પોતાના કાન્તિએ કરીને અક્ષરધામ અને અનંતકોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે.' તથા પ્ર. ૭૨માં કહ્યું છે, 'અને એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમ જ પ્રકૃતિ પુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે. અને ક્ષર, અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે.'

तथा अ. २ पा. १ सू. १८ :- 'अत्रायमभिप्राय:- पूर्वं दिव्यमनोहरपरममंगलमूर्त्या स्वधामस्थस्य सूक्ष्मचिदचिद्वस्तु-व्यतिरिक्तस्य जगन्निमित्तभूतस्यांतर्यामिशक्तिमतोऽद्वितीयस्य

नारायणस्य प्रकाशभूतांतर्यामिशक्तिविशिष्टनामरूपविभागानर्हसूक्ष्मचिदचिद्वस्तु शरीरकं ।। शरीरशरीरिणोरभेदविवक्षयाऽद्वि तीयमुपादानकारणभूतमंतर्यामि शक्तिरूपपरमात्मस्वरूपं शक्तिशक्तिमतोर भेदेनैकमेवासीत् पुनः स्वेच्छया तद्रूपः परमात्मा सूक्ष्मतया स्वस्थं चिदचिद्वस्तुवृंदं तत्पूर्वदशा विरोधिस्थूलत्वयुक्तनामरूपविभागार्हं यथा स्यात्तथा बहिर्विस्तारयति । अंतर्यामिशक्तिमतो नारायणस्य चिदचिद्वस्तुष्वंतर्यामिशक्तेः संकोचावस्थाप्रलयः विकाशावस्थासृष्टिरिति एवं कारणात् परब्रह्मणः शरीरशरीरिभावेन भिन्नमेव जगत्कार्यमिति विज्ञायते ।' तथा प्रथमप्रकरणस्थत्रयोदशे चोक्तम् । तथा अ. २ पा. १ सू. २२:– 'ब्रह्मणश्चिदात्मकप्रपंचाद्व्यतिरिक्ततया दिव्याप्राकृतमूर्तिमत्त यानिमित्तया निमित्तकारणतया सपार्षदत्तया च ब्रह्मपुरेऽवस्थितिमंतर्यामिशक्त्या सर्वावस्थावस्थितचिदचिदात्मकप्रपंचानुप्रवेशं च वदंति; कथमिव यथा वह्न्यादयो देवा मूर्तिमंतः सानुचराः संतः स्वस्वलोके स्थित्वास्वस्वांशेन प्रपंचेऽनुप्रविष्टास्तथा तस्याप्युभयथावस्थानं वदंति ।... अथ विशिष्टाद्वैतशब्दसमासोक्तिपूर्वं भेदोपपादकश्रुतिसंगृहीतं तदर्थं प्रपंचयति । सर्वकारणकारणस्याचिंत्यविचित्रानंतशक्तेर्नित्यविशुद्धनिरतिशयानंदमयस्य परममंगलास्पदस्य... निमित्तकारणस्य परस्य ब्रह्मणः

श्रीवासुदेवस्यांऽसंजिहीर्षावशाद्यदा प्रलयस्तदाऽतिसूक्ष्मदशापन्नामरूपविभागानर्हकारणावस्थशरीरभूतसकलचिदचिद्वस्तुविशिष्टं शक्तिशक्तिमतोरभेदावगमात्परब्रह्मशब्दवाच्यांन्तर्यामिशक्तिरूपं कारणावस्थंशरीरिभूतं परंब्रह्माद्यविशिष्टशब्देनोच्यते; यदा च तस्यैवांडसिसृक्षा वशात् सर्गस्तदाऽस्तिस्थूलदशापन्नामरूपविभागार्ह कार्यावस्थशरीरभूतसकलचिदचिद्वस्तुविशिष्टमुक्तविधांतर्यामिशक्तिरूपं कार्यावस्थं शरीरभूतं परंब्रह्म द्वितीयविशिष्टशब्देनोच्यते ।' तथा अ. २ पा. १ सू. २७ 'प्रपंचाद्व्यतिरिक्तस्य निमित्तभूतस्य दिव्यमनोहरमूर्तेर्नारायणस्य संकुचितांतर्यामिशक्तिविशिष्टं यत् सूक्ष्मचेतनाचेतनवृंदं सूक्ष्मत्वाददृश्यमंतर्यामिशक्तिविशिष्टत्वात्तच्छरीरभूतं च भवति; तस्य विकसितांतर्यामिशक्तिविशिष्टस्थूलचिद चिद्भवस्तुरूपेण परिणामे वाच्ये सति बह्मणः कृत्स्नप्रसक्त्यभावः ।' तथा लोया प्रकरणस्थचतुर्थवचोमृते चोक्तम् । तथा अ. २ पा. ३ सू. १६ :- 'अतः पुरुषप्रकृतिप्रभृतीनामाकाशप्रभृतीनां च प्राणप्रभृतीनां च तेजः प्रभृतीनां च सर्वेषां नारायण एव कारणम्; तत्र तत्रांतर्यामिशक्त्या तस्य प्रवेशात् ।' तथा अ. ३ पा. २ सू. ७:- 'अतो नाडीभिरुपसृप्यपुरीतति हृदयांतरवर्त्ति स्थानविशेषे च आत्मनि कारणशरीरव्याप्तेंऽतर्यामिरूपे ब्रह्मणि च जीवः शेत इति ।' तथा लोयाप्रकरणस्थसप्तमवचोमृते चोक्तम् ।

तथा अ. ३ पा. २ सू. १८:– 'यथैकमेवाकाशं घटादिषु पृथक् पृथगेव व्याप्य स्थितं तथैक-एवात्मा-परमात्मा एक देशस्थश्चेतनाचेतनेष्वंतर्यामितया पृथक् पृथग्व्याप्य स्थित इति नारायणस्यैकस्य बहुषु स्थित्या नभउपमानम्; जलाधारेषु वस्तुतोऽनवस्थितस्य सूर्यस्य यथा न तद्विकारादिदोषस्पर्शः तथा पृथिव्यादिषु वस्तुतोंऽतर्यामिशक्त्या स्थितस्यापि न तदिकारादिदोषस्पर्श इति सर्वांतर्यामिणो नारायणस्य निर्दोषत्वं स्वरूपगुणाहानिश्चेति सूर्योपमानं दिव्यपुरुषाकारस्य तस्यैकदेशस्थित्यांतर्यामिशक्त्या सर्वत्र व्याप्त्या चापि तदुपमानम् ।' तथा कारियाणी प्रकरणस्थाऽष्टम वचोमृते चोक्तम् । तथा अ. ३ पा. २ सू. १९:- 'अंबुनि यथा भानुरवस्तुतया गृह्यते तथा चेतनाचेतनेषु नारायणोऽवस्तुतया न गृह्यते, किंतु परमार्थतोंऽतर्यामिशक्त्या तत्र स्थित एव गृह्यते, स्वैकान्तिकभक्तेषुतु स्वयमेव स्थितश्च' । तथा अ. ३ पा. २ सू. २६ 'आयामो व्याप्तिः, अनेन दिव्यविग्रहपुरुषोत्तमस्य प्रकाशात्मकांतर्यामिरूपेण सर्वगतत्वम्' । तथा अंतिमप्रकरणस्थसप्तविंशपञ्चत्रिंशत्मध्यप्रकरणस्थ दशमादिषु वचोमृतेषु चोक्तम् ।

तथा स. जी. प्र. ३ अ. २९:-

एकदेशस्थितस्यापि पूर्णत्वं तस्य तेजसा ।।
सर्वत्रास्ति यथार्कस्य शृण्वत्र वचनं विधेः।। २६।।

तथा शिक्षापत्री श्लो. २९ तस्यार्थदीपिकायां चोक्तम्। "न च साकारस्य परिछिन्नत्वाद्वयापकत्वमसंगतमिति वाच्यं। साकारस्यापि सूर्यस्य स्वस्वरुपभूततेजोभिर्ब्रह्मांडव्यापकत्वमिव तस्यापि स्वस्वरुपभूतसच्चिदानंदादिशक्तिभिरेवमाया-तत्कार्यव्यापकत्वसंभवान्न परिछिन्नत्वम्" ।

तथा ह. वा. त. ५१ :-

सर्वत्र कारणत्वेनाऽन्वितोऽस्ति निजतेजसा ।।
व्यतिरिक्तश्च धाम्नि स्वे राजतेऽनेकशक्तिभिः ।। २२ ।।

तथा ह. वा. त. ६३ :-

उपासकानां कृष्णस्य तेषामेकान्तिनामपि ।।
एकैकरोम्णितेजोऽस्ति कोटिकोट्यर्कसन्निभम् ।। ५१ ।।
तदा वर्णयितुं शक्यं केन कृष्णांगजं महः ।।
स कृष्णो महसा स्वेनाऽन्वितोऽस्तिपुरुषादिषु ।। ५२ ।।

तथा ह. वा. त. ६६ :-

मूर्त्तः सूर्यः स्वतेजोभिर्जगद्वयाप्यास्ति तत्पृथक् ।।
यथा तथा सोऽपि मूर्त्तः कान्त्या व्याप्यास्ति तत्पृथक् ।। ११ ।।

(तट्टीका) 'कान्त्या' अंतर्यामिसंज्ञस्वशरीरतेजसा व्याप्याक्षरादिसर्वेष्वन्वीयअक्षरादि सर्वेभ्यः पृथगस्ति ।

तथा ह. वा. त. ११७ :-

ब्रह्मधाम्नि हरिः साक्षात् महाराजाधिराजवत् ।।
वर्तते पूज्यमानाङ्घिर्नैकब्रह्मांडनायकैः ।। १४ ।।

तत्रस्थ एव व्याप्नोति ब्रह्मांडानि स्वशक्तिभिः ।।

गगनस्थो यथा भास्वान् देशान् सर्वान् मरिचिभिः ।। १६ ।।

तथा ह. वा. त. २१३ :-

ब्रह्म तत्कृष्ण एवोक्त एकदेशगतोऽपि सः ।।

सर्वत्र व्यापकोऽस्त्येव स्वशक्त्या तेजसाऽर्कवत् ।। १९ ।।

तथा ह. वा. त. ६६

मायागुणविहीनत्वान्निर्गुणः परमेश्वरः ।।

निजधामस्थ एवाऽसौ सर्वत्र व्यापकोऽस्ति च ।। १० ।।

(तट्टीका) 'सर्वत्र व्यापकः' - सर्वत्राऽक्षरब्रह्म तत्स्थमुक्तकोटीसकार्यमहापुरुषमहामायादिषु सर्वेषु व्यापकोऽन्तर्यामिशक्तिसंज्ञस्वतेजसा व्याप्य स्थितः । इत्यंतर्याम्यर्थो ज्ञेयः ।

તથા બ્ર. સૂ. ભા. ૨. -અ. ૨ પા. ૧ સૂ. ૧૮, 'અહીં આવો અભિપ્રાય છે– પૂર્વે દિવ્ય, મનોહર અને પરમ મંગળ મૂર્તિથી પોતાના ધામમાં બિરાજતા, સૂક્ષ્મ ચેતન-અચેતન વસ્તુથી ભિન્ન જગતના નિમિત્ત કારણરૂપ અને અંતર્યામી શક્તિવાળા એવા અદ્વિતીય શ્રી નારાયણનું સ્વરૂપ પ્રકાશરૂપ એવી અંતર્યામી શક્તિથી યુક્ત હોઈને વિભાગને માટે અયોગ્ય એવી સૂક્ષ્મ ચેતન-અચેતન વસ્તુરૂપ શરીરવાળું શરીર-શરીરીની એકતા કહેવાની ઇચ્છાથી અદ્વિતીય હતું, એટલે ઉપાદાન કારણભૂત એવું અંતર્યામી શક્તિરૂપ

પરમાત્માનું સ્વરૂપ તે શક્તિ અને શક્તિમાનના અભેદથી એક જ હતું. પછી પોતાની ઇચ્છાથી તે રૂપ પરમાત્મા, પોતાને વિષે સૂક્ષ્મપણે રહેલા જડ-ચેતન વસ્તુ સમુદાયને તેની પૂર્વ દિશાથી વિરુદ્ધ એવી સ્થૂળ દશાવાળું કરીને નામરૂપના વિભાગને યોગ્ય થાય એ રીતે બહાર વિસ્તાર છે. કહેવાનો ભાવ એ છે કે અંતર્યામી શક્તિવાળા નારાયણની અંતર્યામી શક્તિની ચેતન-અચેતન વસ્તુઓમાં જે સંકોચાવસ્થા તે પ્રલય છે અને વિકાસાવસ્થા તે સૃષ્ટિ છે. આ પ્રમાણે કારણરૂપ એવા પરબ્રહ્મથી શરીર-શરીરી ભાવે કરીને જગતરૂપી કાર્ય અભિન્ન જ છે, એમ જણાય છે.' તથા પ્ર. ૧૩માં કહ્યું છે, 'એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે પુરુષ પ્રકૃતિરૂપ જે પોતાની શક્તિ તેણે સહિત થકા જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છે, અને જે જીવે જેવાં કર્મ કર્યાં છે તે જીવને તેવા દેહને પમાડે છે.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૨ પા. ૧ સૂ. ૨૨, 'તેમ જ પરબ્રહ્મ ચેતન-અચેતનરૂપ એવા પ્રપંચથી ભિન્નપણાએ કરીને દિવ્ય તથા અપ્રાકૃત એવી મૂર્તિયુક્તપણાથી નિમિત્તકારણપણે પાર્ષદોની સાથે બ્રહ્મપુરમાં સ્થિતિ કરી રહ્યા છે. અને સર્વ અવસ્થાઓમાં રહેલા ચેતન-અચેતનરૂપ આ પ્રપંચમાં અંતર્યામી શક્તિથી તેમનો પ્રવેશ છે, એમ પણ તે (ભેદવાદી) શ્રુતિઓ કહે છે કોની પેઠે, તો જેમ અગ્નિ વગેરે દેવો મૂર્તિમાન હોઈને અનુચરોની સાથે લોકમાં

સ્થિતિ કરીને પોતપોતાના અંશથી પ્રપંચમાં પણ પ્રવેશેલા છે તેમ, પરબ્રહ્મનું પણ બે પ્રકારે રહેવું (તે ભેદવાદી શ્રુતિઓ) કહે છે. હવે વિશિષ્ટાદ્વૈત શબ્દનો સમાસ કહેવા પૂર્વક ભેદ પ્રતિપાદન કરતી શ્રુતિઓમાં ગ્રહણ કરવામાં આવેલો અર્થ વિસ્તારથી કહેવામાં આવે છે: સર્વ કારણના પણ કારણ; અચિંત્ય અને વિચિત્ર અનંત શક્તિવાળા, નિત્ય અને વિશુદ્ધ એવા નિરતિશય આનંદમય, પરમમંગળના સ્થાનરૂપ નિમિત્ત કારણરૂપ એવા શ્રી પરબ્રહ્મ વાસુદેવ ભગવાનને જ્યારે બ્રહ્માંડનો સંહાર કરવાની ઇચ્છા થાય છે ત્યારે પ્રલય થાય છે; તે વખતે અતિ સૂક્ષ્મ દશાને પામેલા અને નામરૂપના વિભાગને અયોગ્ય હોઈ કારણાવસ્થાવાળા શરીરભૂત સમગ્ર ચેતન-અચેતન વસ્તુથી યુક્ત અને શક્તિ તથા શક્તિમાનનો ભેદ જણાતો હોવાથી પરબ્રહ્મ શબ્દથી કહેવાતી અંતર્યામી શક્તિરૂપ એવા કારણાવસ્થાવાળા શરીરીરૂપ પરબ્રહ્મ તે પ્રથમના 'विशिष्ट' શબ્દથી કહેવાય છે; પછી જ્યારે તે જ પરમાત્માને બ્રહ્માંડ સર્જવાની ઇચ્છા થાય છે ત્યારે સૃષ્ટિ થાય છે, અને તે વખતે અતિ સ્થૂળ દશાને પામેલા અને નામરૂપના વિભાગને યોગ્ય બનેલા એવા કાર્યાવસ્થાવાળા શરીરી ભૂત સમગ્ર ચેતન-અચેતન વસ્તુઓથી યુક્ત એવા પૂર્વોક્ત પ્રકારની અંતર્યામી શક્તિરૂપ કાર્યાવસ્થાવાળા અને શરીરીરૂપ પરબ્રહ્મ તે બીજા 'विशिष्ट' શબ્દથી કહેવાય છે.'

તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૨ પા. ૧ સૂ. ૨૭, 'પ્રપંચથી જુદા, નિમિત્તકારણરૂપ, દિવ્ય મનોહરમૂર્તિવાળા નારાયણની સંકોચ પામેલી અંતર્યામી શક્તિએ યુક્ત જે સૂક્ષ્મ ચેતન-અચેતન સમૂહ તે સૂક્ષ્મપણાથી અદશ્ય અને અંતર્યામી શક્તિ વિશિષ્ટ હોવાથી પરબ્રહ્મના શરીરરૂપ થાય છે. તે પરબ્રહ્મની વિકાસ પામેલી અંતર્યામી શક્તિ વિશિષ્ટ સ્થૂળ જડ-ચેતન વસ્તુ રૂપે કરીને પરિણામ કહે સતે પરબ્રહ્મનું સમગ્ર પરિણામ થતું નથી.' તથા, લો. ૪માં કહ્યું છે, 'અને વળી એક ઠેકાણે રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડને વિષે અંતર્યામીરૂપે વ્યાપીને રહે છે.' તથા બ્ર. સૂ. ભા. ૨. અ. ૨ પા. ૩ સૂ. ૧૬, 'એ હેતુ માટે પુરુષ પ્રકૃતિ આદિ અને કાળાદિક અને પ્રાણાદિક, અને તેજ આદિક એ સર્વના કારણ નારાયણ જ છે. કારણ કે તે તેને વિષે નારાયણનો અંતર્યામી શક્તિથી પ્રવેશ છે માટે.' તથા અ. ૩ પા. ૨ સૂ. ૭ 'એ હેતુથી નાડી વડે ગતિ કરીને પુરીતત્ નામનું હૃદયના અંદર રહેલું સ્થાન વિશેષમાં અને 'आत्मनि' એટલે કારણ શરીરમાં વ્યાપ્ત અંતર્યામીરૂપ જે બ્રહ્મ તેમાં જીવ શયન કરે છે.' તથા લો. ૭માં કહ્યું છે, 'અને એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે અને તે જ ભગવાન આ પ્રત્યક્ષ પ્રમાણ છે, એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને પરિપૂર્ણ જ્ઞાન કહીએ' તથા અ. ૩ પા. ૨ સૂ. ૧૮ 'જેમ

એક જ આકાશ ઘટાદિકમાં જુદો જુદો વ્યાપીને રહેલ છે તે જ પ્રકારે એક એવા પરમાત્મા એક સ્થાનમાં રહ્યા થકા ચેતન-અચેતનમાં અંતર્યામી શક્તિથી જુદા જુદા વ્યાપીને રહ્યા છે, એ પ્રકારે એક એવા નારાયણની બહુમાં સ્થિતિથી આકાશની ઉપમા આપેલ છે. જળાધારમાં વસ્તુતાએ નહિ રહેલ સૂર્યને જેમ તેના વિકારાદિ દોષનો સ્પર્શ નથી તેમ પૃથ્વી આદિને વિષે વસ્તુતાએ અંતર્યામી શક્તિથી રહેલા એવા પણ નારાયણને તેમના વિકારાદિ દોષનો સ્પર્શ નથી; એ પ્રકારે સર્વના અંતર્યામી નારાયણનું નિર્દોષપણું અને સ્વરૂપ ગુણની હાનિ રહિતપણું છે તેથી સૂર્યની ઉપમા છે. અને દિવ્ય પુરુષાકાર તે નારાયણને એકદેશમાં રહેવાથી અને અંતર્યામી શક્તિવડે સર્વમાં વ્યાપવાથી પણ સૂર્યની ઉપમા છે.' તથા કા. ૮ માં કહ્યું છે, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા, જે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે. અને પૃથ્વી આદિક જે સર્વ તત્ત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાન પુરુષ તેનું આત્મા છે. અને તે પ્રધાન પુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે અને એ સર્વે ભગવાનનું શરીર છે, અને જેમ દેહ થકી જીવ છે તે સૂક્ષ્મ છે ને શુદ્ધ છે અને અતિશે નિર્લેપ છે અને અતિ પ્રકાશેયુક્ત છે અને જેમ આકાશ તે પૃથ્વી આદિક ચાર ભૂતમાં વ્યાપક છે ને પૃથ્વી

આદિક ચાર ભૂત થકી અસંગી છે અને એ ચાર ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી. આકાશ તો અતિશે નિર્લેપ થકો એ ચાર ભૂતને વિષે રહ્યો છે, તેમ પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે રહ્યા છે તો પણ અતિશે નિર્વિકાર છે અને અસંગી છે ને પોતે પોતાને સ્વભાવે યુક્ત છે અને તે સરખો થાવાને કોઈ સમર્થ નથી થાતો,' તથા અ. ૩ પા. ૨ સૂ. ૧૯, 'જેમ જળને વિષે સૂર્ય અવસ્તુપણે ગ્રહણ થાય છે તેમ ચેતન-અચેતનને વિષે નારાયણ અવસ્તુપણે ગ્રહણ થતા નથી. પરંતુ પરમાર્થપણે કરીને અંતર્યામી શક્તિથી તેમાં રહેલા ગ્રહણ થાય છે, અને પોતાના એકાંતિક ભક્તમાં તો પોતે જ રહેલા છે.' તથા અ. ૩ પા. ૨ સૂ. ૩૬, 'આયામ એટલે વ્યાંપ્તિ. આ વ્યાપ્તિપણે કરીને દિવ્ય શરીરવાળા પુરુષોત્તમ ભગવાનના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિરૂપે કરીને સર્વગતપણું છે.' તથા છે. ૨૭ માં કહ્યું છે તેમ, 'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો.' તથા છે. ૩૫માં કહ્યું છે, 'આવે છો લક્ષણેયુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે એમ જાણવું, અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા

બરાબર પાપ લાગે, અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.'

તથા મ. ૧૦ માં કહ્યું છે, 'અને જેમ અગ્નિ છે તે પ્રકાશ સ્વરૂપે તો અરુપ છે અને અગ્નિ પોતે તે મૂર્તિમાન છે તે જ્યારે અગ્નિને અજીરણ થયું હતું, ત્યારે મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ ભગવાનને અર્જુન પાસે આવ્યો હતો. પછી જ્યારે ઇંદ્રનું ખાંડવ વન બાળવા ગયો ત્યારે તે જ અગ્નિ જ્વાળારૂપ થઈને સમગ્ર વનમાં વ્યાપ્યો તેમ જ પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ છે.' તથા સ. જી. પ્ર. ૩ અ. ૨૯માં શ્લો. ૨૬, 'એક સ્થાનમાં રહેલા એવા પરમાત્મા તેમનું પણ તેજ વડે કરીને સર્વત્ર પૂર્ણપણું (વ્યાપકપણું) છે, કોની પેઠે તો જેમ એક સ્થાનમાં રહેલા સૂર્યનું પ્રકાશ વડે કરીને સર્વત્ર વ્યાપકપણું છે તેમ આ પ્રસંગમાં બ્રહ્માનું વચન છે.' તથા શિક્ષાપત્રી શ્લોક ૨૯, તેની અર્થ દીપિકા ટીકામાં કહ્યું છે: 'સાકારને એક દેશમાં રહેવાપણું છે માટે બ્રહ્માંડમાં વ્યાપકપણું નહિ સંભવે તેમ કહેવું? તો કહે છે કે ન કહેવું. જેમ સાકાર સૂર્યનું પોતાના સ્વરૂપરૂપ તેજે કરીને બ્રહ્માંડમાં વ્યાપકપણું છે, તેમ ભગવાન પણ પોતાના ધામમાં રહ્યા થકા

પોતાના સ્વરૂપરૂપ સચ્ચિદાનંદાદિ શક્તિ દ્વારે માયાને તેના કાર્યભૂત બ્રહ્માંડમાં વ્યાપક છે, માટે પરિછિન્નપણું નથી.' તથા હ. વા. ત. ૫૧માં, 'સર્વત્ર (અક્ષરાદિક સર્વને વિષે) કારણપણે પોતાના તેજરૂપે અન્વય રહેલા છે, અને પોતાના ધામમાં અનેક શક્તિઓ સહિત જુદા રહેલા છે.' તથા હ. વા. ત. ૬૩માં, 'તે ભગવાનના એકાંતિક એવા તે ઉપાસકોના પણ એક એક રોમને વિષે કરોડો સૂર્યના તેજ સરખું તેજ છે તો તે ભગવાનના અંગનું તેજ તે કેમ વર્ણન કરી શકાય તે ભગવાન પોતાના તેજ વડે પુરુષાદિકને વિષે (મૂર્ત અક્ષરાદિકને વિષે) અન્વયપણે રહ્યા છે.' તથા હ. વા. ત. ૬૬માં, 'જે પ્રકારે મૂર્તિમાન સૂર્ય પોતાના તેજ વડે જગતમાં વ્યાપીને પોતે જુદો રહેલ છે તે જ પ્રકારે તે ભગવાન પણ પોતાની કાંતિ વડે કરીને સર્વમાં વ્યાપીને મૂર્તિમાન સર્વથી જુદા (પોતાના ધામમાં) રહેલા છે. (ટીકા) 'कान्ति' અંતર્યામી નામવાળું પોતાના શરીરનું તેજ તેણે કરીને અક્ષરાદિક સર્વ ને અન્વયપણે વ્યાપીને અક્ષરાદિક સર્વ થકી પોતાના ધામમાં જુદા રહેલા છે. તથા હ. વા. ત. ૧૯૭માં, 'અનેક બ્રહ્માંડના અધિપતિઓએ જેમનાં ચરણકમળ પૂજેલાં છે એવા સાક્ષાત્ ભગવાન મહારાજાધિરાજની પેઠે પોતાના બ્રહ્મધામમાં રહ્યા છે, અને ત્યાં રહ્યા થકા જ પોતાની શક્તિઓ વડે કરીને બ્રહ્માંડમાં વ્યાપી રહેલા છે, જેમ આકાશમાં રહેલો સૂર્ય

પોતાનાં કિરણો વડે કરીને સર્વ દેશો પ્રત્યે વ્યાપી રહ્યો છે તેમ.' તથા હ. વા. ત. ૨૧૩માં, 'બ્રહ્મ તે સાક્ષાત્ ભગવાન કહેલા છે. તે એક દેશમાં રહ્યા થકા તેજરૂપ પોતાની શક્તિ વડે કરીને સર્વત્ર વ્યાપક છે. સૂર્ય જેમ એક સ્થાનમાં રહ્યો સતો પ્રકાશ વડે સર્વમાં વ્યાપક છે તેમ.' તથા હ. વા. ત. ૬૬માં, 'માયાના ગુણથી રહિત છે માટે પરમેશ્વરને નિર્ગુણ કહેલા છે. તે જ ભગવાન પોતાના ધામમાં રહ્યા થકા સર્વત્ર વ્યાપક છે.' (ટીકા) 'सर्वत्र व्यापक' સર્વત્ર એટલે અક્ષરબ્રહ્મ તેમાં રહેલા મુક્ત કોટિ કાર્યે સહિત મહાપુરુષ અને માહામાયા આદિક સર્વને વિષે વ્યાપક એટલે અંતર્યામી શક્તિ છે નામ જેનું એવા પોતાના તેજ વડે વ્યાપીને રહ્યા છે.'

તથા ભક્તચિંતામણી પ્ર. ૩૯માં કહ્યું છે : 'वली कैये अव्यय भगवान ।। अक्षर मायाकाल जे नेदान ।। तेमां शक्तिये अन्वय थया ।। वली मूर्तिमान जुदा रह्या ।। ४० ।।

તે પ્રકારે અંતર્યામીનો અર્થ જાણવો.

## ।। अथाऽर्चावतारस्वरुपं निरूप्यते ।।

अर्चाप्रतिकृतिः प्रतिमामूर्तिरिरितियावत् । तत्स्वरुपं चोक्तं यजुर्वेदस्य सप्तत्रिंशत्तमाऽध्यायेऽष्टमे मंत्रेः-प्रैतु ब्रह्मणस्पतिः प्रदेव्येतु सूनृता। अच्छाविरन्नर्यम्पङ्क्तिराधसं देवा यज्ञन्नयन्तुनः।। ब्रह्मणस्पतिः (वेदस्य पालकः) (महानारायणः) अच्छ (अभिमुखं) प्रैतु सूनृता (सत्य स्वरुपा) देवी (महालक्ष्मीः) प्रैतु देवाः नः (अस्माकं) पङ्क्तिराधसं (इन्द्रियपंक्तिभिःसमृद्धं) नर्य्यम् (नरस्य परमेश्वरस्य मूर्तिरुपं) (यज्ञपुरुषं) नयन्तु (प्रापयन्तु) साचाऽष्टविधा प्रोक्ता भा. स्कं. ११ अ. २७ :–

शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती ।।
मनोमयी मणिमयी प्रतिमाष्टविधा स्मृता ।। ९२ ।।

तत्र देशकालानुसारेण निजाऽनन्यभक्ताऽभिमतसुवर्ण-रजतादिधातुदारुपाषाणादिविकाररुपायां शिल्पशास्त्रविद्धि-चक्षणपुरुषैर्विरचितायां तत्र प्रतिमाया यथागमं वेदशास्त्रज्ञप्रतिष्ठाविधिकुशलविप्रैर्वेदागममंत्रैः सशृंगमन्दिरेषु हरिमन्दिरेषु च प्रतिष्ठापितः प्रत्यक्षपरमात्मना तस्य सिद्धसत्पुरुषैश्च स्वहस्तैः संस्थापितो वा । तत्प्रतिमारुपेण प्रत्यक्षतयां वर्तमानः स्वप्रेमिभक्तजनैर्गंधपुष्पधूपदीपाऽन्नवस्त्र-फलादिभिः कायवाङ्मनोभिः श्रद्धया कृतां

स्वसेवामंगीकुर्वन्तस्तद्‌भक्तभावनाऽनुकुलतत्तद्‌भक्तमनोरथान प्रपूरयन कृष्णहरिहरिकृष्णसहजानंदनीलकंठवर्णींद्रनारायण मुनिपुरुषोत्तम घनश्याममहाराजस्वामिनारायणादिकनाम-भिरुपलक्षितः। श्री नगरवृत्तालयछुप्पयपुरदुर्गपुरमूलीपुर-भुजङ्‌गनगरजीर्णदुर्गधवलपुरधौरेयबंदरनारायणक्षेत्रवटपत्तनादिषु मूर्तिरुपेण प्रत्यक्षतया वर्तमानः। स्वसेवादर्शनादिकर्तृभ्यः सहस्रशो जनेभ्य ऐहिकपारलौकिकमोक्षादिकसुखं ददाति । ननु प्रतिमातूरुकालेन मोक्षं करोति सत्पुरुषास्तु सद्यएव तदुक्तं भाग. स्कं. १० अ. ४८ :–

नह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः ।।
ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः।। ३१।।

किंच वृत्तालयप्रकरणस्थदशमवचोमृतेऽपिचोत्कम् :–

एवं भागवतश्रीजीवाक्यप्रतिपादितत्वात् प्रतिमातः सत्पुरुषाणां जीवमोक्षकर्तृत्वे विशेषत्वं ज्ञायतेऽतो भगवतः प्रत्यक्षाऽभावे त एवोपासनीयाः स्वकल्याणार्थं न तु प्रतिमा इति चेन्न । प्रतिमा तु स्वयं परमात्माऽस्ति, सत्पुरुषास्तु तदुपासनेन लब्धसामर्थ्याः । यच्चप्रतिमातः सत्पुरुषाधिकत्वप्रतिपादकवाक्यमस्ति । तत्तु सर्वजनेभ्यः उपदेश्कर्तृत्वेन परब्रह्मपरमात्मस्वरुपज्ञानदातृतया च । सत्पुरुषोपदेशद्धारेणापि जीवमोक्षकर्तृत्वं तु परमात्मानि तत्प्रतिमायामेवाऽस्ति । नहि सत्पुरुषेषु

तेषामकर्तृकत्वादतोनोपासनीयास्ते स्वातंत्र्येण किंतु इमे तदीयमुक्ता आश्रितावेतिज्ञात्वा आश्रितावेति ज्ञात्वा सेवनीया नतु ध्येयाः। तदुक्तं शिक्षापत्र्याम् :–

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।।
नतु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ।। ११४ ।।

किञ्च प्रतिमा पूजनीयेत्युक्तं तत्रैवः-

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्यएव तैः ।।
द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ।। ५६ ।।

तथैव प्रतिमा साक्षादभगवानिति ज्ञात्वा सेवनीयेति आद्यप्रकरणस्थाऽष्टचत्वारिंशत्तमे ऽष्टषष्ठीतमे वचोमृते चोक्तम् ।।

इत्यर्चाऽवतारार्थोज्ञेयः ।।

(અર્થ) હવે અર્ચાવતારનું સ્વરૂપ નિરૂપણ કરાય છે. અર્ચા, પ્રતિકૃતિ, પ્રતિમા અને મૂર્તિ એ એકબીજાના અપર પર્યાય છે. તે અર્ચાનું સ્વરૂપ યજુર્વેદના સાડત્રીસમા અધ્યાયના આઠમા મંત્રમાં કહ્યું છે, 'વેદના પાલક મહાનારાયણ અમને સન્મુખ પ્રાપ્ત થાઓ અને સત્યરૂપ એવાં દેવી મહાલક્ષ્મી તે અમને સન્મુખ પ્રાપ્ત થાઓ. અને દેવો (મુક્તો) તે અમને ઇંદ્રિય પંક્તિથી સમૃદ્ધિયુક્ત એવા ને નર જે પરમેશ્વર તેની મૂર્તિરૂપ એવા યજ્ઞ પુરુષ પરમાત્માને પમાડો.' તે પ્રતિમા આઠ પ્રકારની છે, તે ભા. સ્કં. ૧૧. અ. ૨૭માં કહ્યું છે, 'શીલા (પથ્થરની), કાષ્ઠ, લોહ, લેપ્યા

(છાપની), લેખ્યા (ચિત્રની), સૈકતી (મૃત્તિકાની), મનોમયી, મણીમયી (શાલગ્રામાદિક); આ આઠ પ્રકારની પ્રતિમા કહેલી છે. તેમાં દેશકાળને અનુસારે પોતાના અનન્ય ભક્તોએ માનેલ, સુવર્ણ, રૂપું આદિક ધાતુ, દારુ જે કાષ્ઠ, તથા પાષાણાદિકના વિકારરૂપ, શિલ્પ શાસ્ત્રને જાણનારાઓમાં વિચક્ષણ પુરુષોએ રચેલી તે પ્રતિમામાં શાસ્ત્ર પ્રમાણે વેદ શાસ્ત્રને જાણનારા અને પ્રતિષ્ઠા વિધિમાં કુશળ એવા બ્રાહ્મણોએ વેદશાસ્ત્રના મંત્રો વડે શિખરબંધ મંદિરોમાં તથા હરિમંદિરોમાં સ્થાપન કરેલ, તથા પ્રત્યક્ષ પરમાત્માએ અથવા તે પરમાત્માના સત્પુરુષોએ પોતાના હસ્તથી સ્થાપન કરેલ એવા પરમાત્માના તે પ્રતિમારૂપે પ્રત્યક્ષપણે વર્તતા સતા પોતાના પ્રેમી ભક્તજનોએ ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અન્ન, વસ્ત્ર, ફળાદિ વડે મન, કર્મ, વચને શ્રદ્ધાથી કરેલી પોતાની સેવાને અંગીકાર કરતા થકા તે તે ભક્તની ભાવનાને અનુકૂળ તે તે ભક્તના મનોરથોને પૂર્ણ કરતા થકા, કૃષ્ણ, હરી, હરિકૃષ્ણ, સહજાનંદ, નીલકંઠ વર્ણીન્દ્ર, નારાયણ મુનિ, પુરુષોત્તમ, ઘનશ્યામ મહારાજ, સ્વામિનારાયણ આદિક નામથી જણાતા; શ્રીનગર, વૃત્તાલય, છપૈયાપુર, ગઢપુર, મૂળીપુર, ભૂજનગર, જૂનાગઢ, ધોળકા, ધોળેરાબંદર, નારાયણ ક્ષેત્ર (જેતલપુર), વટપત્તન (વડોદરા) આદિકમાં મૂર્તિરૂપે પ્રત્યક્ષપણે વર્તતા થકા પોતાની સેવા દર્શનાદિકને

કરતા હજારો જનોને આ લોક તથા પરલોકના મોક્ષાદિ સુખને આપે છે. હવે શંકાવાદી શંકા કરે છે કે પ્રતિમા તો ઘણે કાળે મોક્ષ કરે છે, અને સત્પુરુષો તો તત્કાળ મોક્ષ કરે છે. તે ભા. સ્કં. ૧૦ અ. ૪૮માં કહ્યું છે, 'જળમય આદિક તીર્થો અને મૃત્તિકા પાષાણમયાદિક દેવો તે ઘણે કાળે કરીને કલ્યાણ કરે છે, અને સત્પુરુષો તો દર્શનથી જ પવિત્ર કરે છે. વળી વૃત્તાલય પ્રકરણના ૧૦મામાં કહ્યું છે, 'માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેણે તે લક્ષણે કરીને તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થાવું. અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનના મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ એ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.' એ પ્રકારે ભાગવત તથા શ્રીજી વચનથી પ્રતિપાદન કરેલું છે. માટે પ્રતિમા થકી સત્પુરુષોનું જીવનો મોક્ષ કરવામાં વિશેષપણું જણાય છે. માટે ભગવાન જ્યારે પ્રત્યક્ષ ન હોય ત્યારે પોતાના કલ્યાણ માટે તે સત્પુરુષોની ઉપાસના કરવી, પણ પ્રતિમાની ન કરવી, એવી શંકા કરવી નહિ. કારણ કે પ્રતિમા તો પોતે જ પરમાત્મા છે, અને

સત્પુરુષો તો તે પરમાત્માની ઉપાસના વડે સામર્થ્યને પામેલા છે. પ્રતિમા કરતાં સત્પુરુષોનું અધિક પ્રતિપાદન કરનારું જે વાક્ય છે તે તો સર્વજનોને ઉપદેશ કરવાપણે કરીને અને પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન આપવાપણે કરીને છે. સત્પુરુષોના ઉપદેશ દ્વારા પણ જીવનો મોક્ષ કરવાપણું તો પરમાત્મામાં ને તેમની પ્રતિમામાં જ છે. પણ સત્પુરુષોમાં મોક્ષ કરવાપણું નથી, કારણ કે તે તો અકર્તા છે, માટે સ્વતંત્રપણે સત્પુરુષોની ઉપાસના કરવી નહિ. કેમ કે આ (સત્પુરુષો) તે ભગવાનના મુક્ત છે, અથવા આશ્રિત છે એમ જાણીને સત્પુરુષોને સેવવા પણ તેમનું ધ્યાન કરવું નહિ. તે શિક્ષાપત્રી શ્લોક ૧૧૫માં કહ્યું છે, 'ભગવાન તથા તેમના અવતાર તથા તેમની પ્રતિમાઓ તે ધ્યાન કરવા યોગ્ય છે, પણ મનુષ્ય અને દેવાદિક જીવો તે ધ્યાન કરવા યોગ્ય નથી, પરમાત્માના સ્વરૂપને જાણનાર એવા ભકતો પણ ધ્યાન ધરવા યોગ્ય નથી.' તેમ જ તે ભગવાનની પ્રતિમા પૂજવી એમ શિક્ષાપત્રી શ્લોક ૫૬માં કહ્યું છે, 'તે અમારા આત્મનિવેદી ભક્તોએ યથાયોગ્ય પ્રાપ્ત થયેલી ચંદનાદિક વસ્તુઓ વડે ધાતુ પાષાણાદિકમય મૂર્તિ તથા શાળંગરામ તે પૂજવા તથા તે ભગવાનના અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો.' તે જ પ્રકારે પ્રતિમા સાક્ષાત્ ભગવાન છે એમ જાણીને પ્રતિમાની સેવા કરવી, એમ પ્ર. ૪૮માં કહ્યું છે, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા

જે, એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દેશું તે પૂજજ્યો અને તે પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે, માટે ચિત્ર મૂર્તિ પણ અતિ પ્રમાણ છે અને અમારી આજ્ઞા પણ છે, માટે હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રી નરનારાયણની પૂજા કરવી.' તથા પ્ર. ૬૮મામાં કહ્યું છે, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવી ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમ પુરીને વિષે જઈને શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ ને તે મૂર્તિ તો કાષ્ટની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વે દેખતા માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને બિરાજમાન રહે છે, તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય, ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન બિરાજતા હોય ને તેની મર્યાદા રાખે, તેમ તે મૂર્તિની પણ રાખવી જોઈએ, અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખવી જોઈએ તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી. અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે. અને સંતને

બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.' એવી રીતે પ્રત્યક્ષ ભગવાન અથવા તે ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ ન હોય તો તે ભગવાનની પ્રતિમા તેમને વિષે દિવ્ય ભાવ રાખીને એટલે અક્ષરધામમાં તેજોમય જે દિવ્ય મૂર્તિ છે તે મૂર્તિમાં અને મનુષ્યરૂપે પૃથ્વી ઉપર વિચરતી જે મૂર્તિ અથવા પ્રતિમા તેમાં એક રોમ માત્રનો પણ ફેર નથી એમ જાણીને સેવન કરે તો મૂર્તિ જ કલ્યાણકારી છે, અને સત્પુરુષો તો તે મૂર્તિના પ્રતાપથી મહિમાપૂર્વક જ્ઞાન આપનાર છે આ શ્રીજીનો સિદ્ધાંત છે, આ પ્રકારે અર્ચાનો અર્થ જાણવો.

इतिश्रीमदेकान्तिकधर्मप्रवर्तकश्रीसहजानंदस्वामिचरण कमलमकरंदास्वादमदनादिमुक्तराजसद्गुरुश्रीमहाननु-भावानंदमुनेराशीरात्मकशिष्यसद्गुरु श्रीघनश्यामजीवनदासजी स्वामी तच्छिष्यशास्त्रिधर्मस्वरूपदास विरचितश्रीजीसंमत विशिष्टाद्वैतसिद्धांतसागरे परब्रह्मनिरुपणं समाप्तम्।।

## ।। शुद्धाऽक्षरब्रह्मनिरुपणम् ।।

अथ चतुर्थभेदात्मकाऽक्षरपूर्वकशुद्धाऽक्षरब्रह्मवर्णनम्:- कारणत्वेन नियंतृतया च चतुर्विंशतितत्वेभ्य: परस्त्रिविधाऽहंकार: तत: परममहत्तत्त्वं तस्मात्परं प्रधानं तत: परस्तत्पति: पुरुषस्तस्मात्परा मूलमायाख्या प्रकृति: तत: परस्तत्पति: पुरुषस्तस्मात्परो वासुदेवाख्यो ब्रह्माऽस्ति । तत: परश्चतुर्थभेदात्मकाऽक्षरब्रह्माऽस्ति । ननु श्वेतद्वीपपति-वासुदेवब्रह्मैव प्रकृत्यधिष्ठातृपुरुष: नाऽपि तयोर्भेद इति चेन्न तयोर्भेदस्तु पारमार्थिक: श्वेतद्वीपपतिवासुदेवोऽवतारी । प्रकृतिपतिपुरुषस्तु तस्य वासुदेवस्याऽतार: । अतएव लोयाप्रकरणस्थद्वादशवचोमृते प्रकृतिपतिपुरुषोपासकस्य कनिष्ठत्वं । वासुदेवोपासकस्य मध्यमत्वं च श्रीहरिणोक्तम् । किञ्च श्वेतद्वीपपतिवासुदेवस्य ब्रह्मणोऽवतार: श्रीकृष्ण इत्यपि पंचालाप्रकरणस्थषष्ठे वचोमृते भगवता श्रीस्वामिनारायणेन स्वमुखेनैवोक्तम् अतो वासुदेवाख्यब्रह्मप्रकृत्यधिष्ठातृपुरुषात् परोऽवतारीचेति सिद्धान्त: । नचैवं वासुदेवब्रह्मैव चतुर्थभेदात्मकाक्षरोऽस्तीति वाच्यम् । वासुदेवब्रह्मण: सकाशात्परोऽक्षरोऽस्ति । यदा च तयो: पृथक्त्वं न विवक्षितं तदा वासुदेवस्याऽक्षरेंऽतर्भावो ज्ञेय: तस्याप्यक्षर-शब्दवाच्यत्वात् । अपि तु वासुदेवाऽक्षरयोर्भेदस्तु सत्य

एवेति कारियाणीप्रकरणस्थदशमवचोमृते चोक्तम् । तस्माच्चतुर्थभेदात्मकाऽक्षरात्स्वरूपस्वभावगुणादिभिः श्रेष्ठत्वात् सर्वाधारकत्वात् सर्वनिवासभूतत्वाच्च परं अक्षरात्परतः पर इति श्रुत्यभिहितं पुरुषोत्तमश्रीस्वामिनारायणस्य धामरूपाऽक्षर-ब्रह्माऽस्ति । तत्रैव चिदाकाशाख्ये स्वब्रह्मधाम्नि पुरुषोत्तम-श्रीस्वामिनारायणो भगवान् सदैव दिव्याकारोऽशरूपांतर्यामि-शक्त्याऽक्षरादिसर्वेष्वन्वयतया स्थित्वा सर्वेभ्यो यथायोग्यं कर्मफलं प्रयच्छति । तदेव धाम ब्रह्मधामब्रह्मपुरचिदाकाशादि-पर्यायशब्दैरुच्यते । तदेव पुरुषोत्तमश्रीस्वामिनारायणस्य निवासस्थानम् । तत्रैव तेजोरूपे धाम्नि भगवान् श्रीस्वामिनारायणो दिव्याऽनंतैश्वर्यपार्षदैः सेव्यमानो वर्तते । किञ्च

'न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।।
यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम ।।

इति श्लोकेनापि तदेव धामोक्तम् । किञ्च । 'न तत्र सूर्यो भाति न चंद्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः। तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति।।' इति श्रुतावपि तदेव धाम वर्णितम् ।

અર્થ– હવે ચોથા ભેદરૂપ અક્ષરપૂર્વક શુદ્ધ અક્ષરબ્રહ્મ વર્ણન કરાય છે. કારણપણાથી તથા નિયંતા હોવાથી ચોવીશ તત્ત્વોથી પર ત્રણ પ્રકારનો અહંકાર છે, તેથી પર મહતત્ત્વ છે,

તેથી પર પ્રધાન પ્રકૃતિ છે, તેથી પર તેના પતિ પુરુષ છે, તેથી પર મૂળ માયા નામની પ્રકૃતિ છે, તેથી પર માયાના પતિ પુરુષ છે, તે પુરુષથી પર વાસુદેવ નામના બ્રહ્મ છે, તેથી પર ચોથા ભેદરૂપ અક્ષરબ્રહ્મ છે.

હવે કોઈ શંકા કરે કે શ્વેતદ્વીપપતિ વાસુદેવ બ્રહ્મ તે જ પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષ છે, પણ તે બેમાં ભેદ નથી. બે એક જ છે. તો એવી શંકા કરવી નહિ, કારણ કે તે બંને જુદા જ છે, શ્વેતદ્વીપપતિ વાસુદેવ અવતારી છે, અને પ્રકૃતિના પતિ પુરુષ તો તે વાસુદેવના અવતાર છે. એ હેતુ માટે પ્રકૃતિના પતિ પુરુષ (શ્રીકૃષ્ણ) તેમની ઉપાસના કરનારનું કનિષ્ઠપણું, અને વાસુદેવ બ્રહ્મની ઉપાસના કરનારનું મધ્યમપણું. શ્રીહરિએ લો. ૧૨મા વચનામૃતમાં કહ્યું છે, 'હવે નિર્વિકલ્પમાં કનિષ્ઠ ભક્ત કીયો તો ભગવાનને સર્વ શુભ, અશુભ ક્રિયા કરતાં દેખે તો પણ એમ સમજે જે સર્વ ક્રિયાને કરે છે તો પણ અકર્તા છે, કેમ જે તે ભગવાન તો બ્રહ્મરૂપ છે તે બ્રહ્મ કેવું છે તો આકાશની પેઠે સર્વને વિષે રહ્યું છે ને સર્વની ક્રિયાઓ તેને વિષે જ થાય છે એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિષે જાણે, જેમ રાસ પંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરિક્ષિત રાજાએ પ્રશ્ન પૂછયો જે, ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો? ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો જે શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે તે

જે જે શુભ અશુભ ક્રિયાને કરે છે તે સર્વ ભસ્મ થઈ જાય છે, એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે તેને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. અને શ્વેતદ્વીપને વિષે રહ્યા જે ષટ્ઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે તેને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' વળી શ્વેતદ્વીપપતિ વાસુદેવ બ્રહ્મના અવતાર શ્રીકૃષ્ણ છે, એમ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે પં. ૬માં કહ્યું છે, 'એવી રીતે પોતે પોતાનું પુરુષોત્તમપણું જણાવ્યું તથા ગોલોકવાસી જે રાધિકા સહિત શ્રીકૃષ્ણ તે તો પોતે જ હતા. અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે દર્શન કરાવ્યું. તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ તેણે તો પોતે જ એ અવતાર ધર્યો હતો, તથા નરનારાયણ તો સમગ્ર ભારતને વિષે તથા ભાગવતમાં એ શ્રીકૃષ્ણને જ કહ્યા છે.' માટે વાસુદેવ નામના બ્રહ્મ તે પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષથી પર છે અને તેના અવતારી છે આવો સિદ્ધાંત છે.

હવે કોઈ શંકા કરે કે વાસુદેવ બ્રહ્મ છે તે જ ચતુર્થ ભેદ રૂપ અક્ષરબ્રહ્મ છે, એમ કહેવું! તો કહે છે કે ના એવી શંકા કરવી નહિ. કારણ કે અક્ષર તો વાસુદેવબ્રહ્મથી પર છે. જ્યારે તે બંનેનું જુદાપણું ન કહેલું હોય ત્યારે વાસુદેવબ્રહ્મનો પણ અક્ષર શબ્દમાં સમાવેશ સમજવો, કેમ કે તેમને પણ

અક્ષર શબ્દથી કહેવાય છે પણ વાસુદેવબ્રહ્મ ને અક્ષર તે બંનેનો ભેદ (વર્ગ) સત્ય જ છે. એ પ્રમાણે કા. ૧૦માં કહ્યું છે, 'અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરી બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિ પુરુષ જેવા પણ થાય, અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમ નારાયણ જેવો થવાને કોઈ સમર્થ નથી.' માટે ચોથા ભેદરૂપ અક્ષર થકી સ્વરૂપ સ્વભાવ ગુણો વગેરેથી શ્રેષ્ઠ હોવાને લીધે સર્વના આધાર હોવાને લીધે સર્વનિવાસરૂપ હોવાથી પર રહેલ અને 'अक्षरात्परतः परः' એ શ્રુતિથી કહેલ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણનું ધામરૂપ અક્ષરબ્રહ્મ છે. તે જ ચિદાકાશરૂપ પોતાનું બ્રહ્મધામ તેમાં નિરંતર દિવ્યાકારવાળા પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અસંખ્ય દિવ્યાકાર મુક્તો સહિત વિરાજતા સતા પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિવડે અક્ષરાદિક સર્વેમાં અન્વયપણે રહીને સર્વને યથાયોગ્ય કર્મફળ આપે છે તે જ બ્રહ્મધામને બ્રહ્મપુર ચિદાકાશ આદિ પર્યાય શબ્દોથી કહેવાય છે, તે જ ધામ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણનું નિવાસસ્થાન છે. તે તેજરૂપ ધામમાં જ શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવ્ય અનંત ઐશ્વર્ય પાર્ષદાદિકે સેવ્યા થકા વર્તે છે, વળી ગીતામાં તે જ પ્રકારે કહ્યું છે, 'તે ધામને (મારા સ્વરૂપને) સૂર્ય પ્રકાશ કરતો નથી. ચંદ્રમા તથા અગ્નિ પ્રકાશ કરતા નથી. જેને

પામીને પાછા સંસારમાં આવતા નથી.' એ શ્લોક વડે કરીને પણ તે ભગવાનના તેજરૂપ ધામને જ કહેલ છે. તે જ પ્રમાણે મુંડક. ૨।૧૦માં, 'न तत्र सूर्यो भाति न चंद्रतारकम् नेमा विद्युतोभान्ति कुतोऽयमग्निः तमेवभान्तमनुभाति सर्वम् तस्यभासा सर्वमिदंविभाति ।' 'તે પરબ્રહ્મ સ્વરૂપમાં સૂર્ય પ્રકાશ કરતો નથી, ચંદ્ર, તારા અને વીજળીઓ તે કોઈ પ્રકાશ કરી શકતાં નથી તો પછી અગ્નિ તો પ્રકાશ કરે જ ક્યાંથી! અને તે પરમાત્માને લીધે સર્વે પ્રકાશમાન છે. કારણ કે તે પરબ્રહ્મની કાન્તિથી સર્વ પ્રકાશમાન થાય છે,' આ પ્રમાણે મંડકશ્રુતિમાં પણ તેજરૂપ ધામનું વર્ણન કરેલ છે.

तथा मुक्तानंदस्वामिकृतब्रह्मसूत्रभाष्यरत्न अ. १ पा. २ सू. २४:– 'सिद्धांतं ब्रूमः – प्रकृत्यधिष्ठातुः पुरुषस्य सप्रकृतिकस्य तु परमात्मतेजसि लीनत्वात् अनादि-सिद्धाप्राकृतदि व्याकृतिः पुरुषः परमात्मवासुदेवादिनामाभिधेयो नारायण एव न त्वन्यइति विज्ञायते ।' तथाहि.

'यदा च मायापुरुषौ कालोऽत्यक्षरतेजसि ।
तदिच्छया तिरोयांति स त्वेको वर्त्तते प्रभुः ।।' इति
'प्रकृतिर्या मायाख्याता व्यक्ताव्यक्तस्वरूपिणी ।
पुरुषश्चाप्युभावेतौ लीयेते परमात्मनि' ।।
'परमात्मा च सर्वेषामाधारः पुरुषोत्तम' ।। इति;

तथा अ. १ पा. ४ सू. १०:– 'तथाहि – प्रलयकाले

नामरूपे विहायाचिद्वस्तुरुपा प्रकृतिसंज्ञा मायापि स्वधामस्थस्य दिव्यविग्रहस्य नारायणस्य संकुचितांतर्यामिशक्तिरुपप्रकाशे सूक्ष्मरूपेण संलग्नाऽभवत् । अतः संकुचितांतर्यामिशक्तिरूपस्य नारायणस्य शरीरतया तदानीमवतिष्ठते ।' अत्र सूत्रद्वयभाष्ये परमात्मतेजसि प्रकृतिपुरुषादीनां लीनत्वमुक्तं न तु तदव्यतिरिक्ताऽक्षरे लीनत्वम् । किञ्च प्रथमप्रकरण सप्तमद्वादशैकविंशादिवचोमृतेषु चोक्तम् । तथा अ. १ पा. ४ सू. २७:– 'वयं ब्रूमः – पृथिव्यप्सुलीयते आपस्तेजसि लीयते तेजो वायौ लीयते वायुराकाशे लीयते आकाशमिंद्रियेषु इंद्रियाणि तन्मात्रेषु तन्मात्राणि भूतादौ लीयंते भूतादिर्महति लीयते महानव्यक्ते लीयते अव्यक्तमक्षरे लीयतेऽक्षरं तमसि लीयते तमः परे देवे एकीभवति' इति,

'प्रकृति र्या मयाख्याता व्यक्ताव्यक्तस्वरुपिणी ।<br>
पुरुषश्चाप्युभावेतौ लीयते परमात्मनि ।'<br>
परमात्माचसर्वेषामाधारः पुरुषोत्तम' । इति,<br>
'यदा च माया पुरुषौ कालोऽत्यक्षरतेजसि ।<br>
तदिच्छया तिरोयांति स त्वेको वर्त्तते प्रभुः ।।'

इति वक्ष्यमाणासूत्रे च कारणावस्थं सूक्ष्मं प्रकृतिपुरुषादिसकलचेतनाचेतनवस्तु परमात्मनोऽक्षररूप-प्रकाशेऽव्यक्तभावेन संलग्नमभूदित्युक्तम् ।....नन्वेकत्राऽक्षर तेजसि लीनमित्युक्तमन्यत्र परमात्मनि लीनमिति च पृथक्

पृथक् कथं लीनतेति चेत्तत्रोच्यते–अक्षररूपतेजः परब्रह्मणोः प्रभाप्रभावतीरिवाभेदविवक्षयाऽक्षरतेजसि लीनमपि तत् परमात्मनि लीनमिति वदन्ति ।' तथा अ. २ पा. १ सू. १८:- 'पुनः स्वेच्छया तद्रूपः परमात्मा सूक्ष्मतया स्वस्थं चिदचिद्वस्तुवृंदं तत्पूर्वदशाविरोधीस्थूलत्वयुक्तनाम रूपविभागार्हयथास्यात्तथा बहिर्विस्तारयति' तथा अ. ३ पा. २ सू. २६:- 'तद्वदचेतनशरीरकस्यांतर्यामिरूपस्य परमात्मनोऽपि सृष्टिप्रलयकालयोर्विकाशसंकोचाभ्यां मूर्त्तामूर्त्तत्वे वेदितव्ये; तत्र मूर्त्तत्वं नामरूप भाक्त्वम् । अमूर्त्तत्वं नामरूपविभागानर्ह भाक्त्वमिति विवेकः । किञ्च प्रथमप्रकरणस्थ चत्वारिशत्पञ्चचत्वारिंशदेकविंशादिवचोमृतेषु चोक्तम् ।

अर्थ – તથા મુક્તાનંદ સ્વામી કૃત બ્રહ્મસૂત્ર ભાષ્યરત્ન અ. ૧ પા. ૨ સૂ. ૨૪, 'હવે સિદ્ધાંત કહીએ છીએ. પ્રકૃતિ સહિત પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષનું પરમાત્માના તેજમાં લીન થવાપણું છે. માટે અનાદિસિદ્ધ અપ્રાકૃત દિવ્યાકારવાળા પુરુષ, પરમાત્મા, વાસુદેવાદિક નામથી કહેવાતા નારાયણ જ છે પણ બીજો કોઈ નથી એમ જણાય છે. તે બતાવે છે, 'જ્યારે માયા પુરુષ ને કાળ તે પરમાત્માની ઇચ્છાએ અક્ષરથી પર પરમાત્માના તેજરૂપ અક્ષરમાં લય પામે છે, ત્યારે તે ભગવાન એકલા જ રહે છે.' 'વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપવાળી પ્રકૃતિ જે મેં કહી તે પ્રકૃતિ ને પુરુષ એ

બંને પરમાત્માને વિષે લય પામે છે અને પરમાત્મા પુરુષોત્તમ તે સર્વના આધાર છે.' તથા અ. ૧ પા. ૪ સૂ. ૧૦, 'તે બતાવે છે- પ્રલય સમયમાં નામરૂપને ત્યાગ કરીને જડવસ્તુરૂપ પ્રકૃતિ નામની માયા પણ પોતાના ધામમાં રહેલા દિવ્ય શરીરવાળા નારાયણની સંકોચ પામેલી અંતર્યામી શક્તિરૂપ પ્રકાશમાં સૂક્ષ્મરૂપે લીન થઈ રહે છે, માટે સંકોચ પામેલ અંતર્યામી શક્તિરૂપ નારાયણના શરીરપણે તે સમયને વિષે રહે છે.' આ બંને સૂત્રના ભાષ્યમાં પ્રકૃતિ પુરુષાદિકનું પરમાત્માનાં તેજમાં લીન થવાપણું કહ્યું છે. પણ તેથી જુદા રહેલા અક્ષરમાં લીનપણું કહ્યું નથી. વળી પ્ર. ૭માં, 'અને એ સર્વથી પૃથક્પણે કરીને પોતાના ગોલોક ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે. એમ જે કહેવું તે એ ભગવાનનો લક્ષ્યાર્થ (વ્યતિરેકપણું) છે.' તેમ જ પ્ર. ૧૨માં, 'તે ભગવાનનું ધામ કેવું છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે ને અખંડ છે, તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે જેમ પર્વત અને વૃક્ષાદિકે સહિત ને મનુષ્ય પશુ પક્ષી આદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય ને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વે સૂર્ય હોય, પછી તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ

યુક્ત ભગવાનનું ધામ છે.' વળી પ્ર. ૨૧માં, 'એકાંતિક ભક્ત તો જેની પ્રથમ કહ્યું એવી સમજણ હોય તેને જ કહીએ અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને ને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિ માર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે.' તથા અ. ૧ પા. ૪ સૂ. ૨૭માં, 'અમે કહીએ છીએ- પૃથ્વી જળમાં લય પામે છે, જળ તેજમાં લીન થાય છે. તેજ વાયુમાં લય પામે છે. વાયુ આકાશમાં લય પામે છે, આકાશ ઇંદ્રિયોમાં લય પામે છે, ઇંદ્રિયો તન્માત્રામાં લય પામે છે, તન્માત્રાઓ અહંકારમાં લય પામે છે, અહંકાર મહત્તત્ત્વમાં લય પામે છે, મહત્તત્ત્વ પ્રધાનમાં લય પામે છે, પ્રધાન અક્ષરમાં (પોતાના પતિ પુરુષમાં) લય પામે છે, અક્ષર તમસી (મહામાયામાં) લય પામે છે, મહામાયા પોતાના પતિ પુરુષમાં લય પામે છે અને તે પુરુષ પર દેવ જે પરમાત્મા તેમાં લય પામે છે....' વ્યક્ત અવ્યક્ત સ્વરૂપવાળી પ્રકૃતિ જે મેં કહી તે પ્રકૃતિ ને પુરુષ બંને પરમાત્મામાં લય પામે છે તે પરમાત્મા પુરુષોત્તમ સર્વના આધાર છે... જ્યારે માયા, પુરુષ ને કાળ તે પરમાત્માની ઇચ્છાથી અક્ષરથી પર પરમાત્માના તેજમાં લય પામે છે, ત્યારે તે પુરુષોત્તમ એક જ રહે છે, એ પ્રકારે આગળ કહેવાશે. એ સૂત્રમાં પણ કહ્યું છે, કારણ અવસ્થાવાળું સૂક્ષ્મ પ્રકૃતિ પુરુષ આદિ સમગ્ર જડ ચૈતન્ય વસ્તુ પરમાત્માના અક્ષરરૂપ પ્રકાશમાં અવ્યક્ત ભાવે લીન

થાય છે એમ કહ્યું છે. હવે કોઈક શંકા કરે કે એક ઠેકાણે અક્ષરરૂપ તેજમાં લીનપણું કહ્યું, બીજે ઠેકાણે પરમાત્મામાં લીનપણું કહ્યું એમ જુદું જુદું લીનપણું કેમ સંભવે? તો તેના ઉત્તરમાં કહે છે કે અક્ષરરૂપ તેજ અને પરબ્રહ્મ બંનેનું પ્રભા પ્રભાવાનની પેઠે અભેદ વિવક્ષાથી અક્ષરરૂપ તેજમાં લીનપણું તે પણ પરમાત્મામાં જ લીનપણું છે એમ કહે છે.' તથા અ. ૨ પા. ૧ સૂ. ૧૮માં, 'ફરીથી પોતાની ઇચ્છાએ અંતર્યામી શક્તિરૂપ પરમાત્મા સૂક્ષ્મપણે પોતામાં રહેલો જડ ચૈતન્ય વસ્તુનો સમૂહ તેને પૂર્વ અવસ્થાથી વિરોધી સ્થૂળપણાયુક્ત નામરૂપ વિભાગને યોગ્ય જેમ થાય તેમ બહાર વિસ્તારે છે.' તથા અ. ૩ પા. ૨. સૂ. ૨૬માં, 'તેની પેઠે જ અચેતન શરીરવાળા અંતર્યામીરૂપ પરમાત્માના પણ સૃષ્ટિ અને પ્રલયકાળમાં વિકાસ અને સંકોચપણાથી મૂર્ત્ત અને અમૂર્ત્ત બે સ્વરૂપો જાણવાં તેમાં મૂર્ત્તપણું એટલે નામરૂપ યુક્તપણું અને અમૂર્ત્તપણું એટલે નામરૂપ વિભાગને અયોગ્યપણું આવો વિવેક સમજવો.' વળી પ્ર. ૪૦માં, 'અને જેને એવી રીતનો વિકલ્પ ન હોય ને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ.' વળી પ્ર. ૪૫માં, 'અને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે... અને વળી જેમ સમગ્ર

જળ છે, તેના જીવરૂપ જે વરૂણ તે પોતાના લોકને વિષે સાકાર છે ને જળ નિરાકાર છે ને જેમ અગ્નિની જે જ્વાળા છે તે નિરાકાર છે અને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિલોકને વિષે સાકાર છે. ને જેમ સમગ્ર તડકો તે નિરાકાર છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સાકાર છે. તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે અને એ સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે.' તથા સદ્‌ગુરુ પુરાણી શ્રી દેવચરણદાસજી સ્વામી કૃત ભાવાર્થમાં કહ્યું છે, 'સર્વત્ર નિરાકાર વ્યાપક ને પરિપૂર્ણ ને જેના શરીરી પુરુષોત્તમ છે એવું અક્ષરબ્રહ્મ રૂપ ભગવાનનું તેજ તેને વિષે સદા સાકાર (રહેલા છે)'. તથા પ્ર. ૨૧માં, 'અને એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને ને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને ને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરના બે સ્વરૂપ છે -એક તો નિરાકાર એકરસ  ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ, ને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.' અ. ૩ પા. ૨ સૂ. ૨૬ એ સૂત્રમાં, જેમ પરબ્રહ્મની સ્વપ્રકાશરૂપ અંતર્યામી શક્તિનાં મૂર્ત્તામૂર્ત્ત બે સ્વરૂપ કહ્યાં છે, તે જ પ્રકારે આ પ્ર. ૨૧માં પણ નિરાકાર એકરસ ચૈતન્ય શબ્દથી પુરુષોત્તમના તેજરૂપ ધામને

કહેલ છે. અને તે અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે એટલે મૂર્તિમાન અક્ષરમાં પ્રવેશ કરી ઉત્પત્ત્યાદિક ક્રિયારૂપ સેવા કરે છે માટે તેને મૂર્ત્ત શબ્દથી કહેલ છે.

तथा अ. ३ पा. ३ सू. ३८:– 'परमात्मन एकत्राकाशशब्दवाच्यत्वमितरत्र चाकाशे शयानत्वम्; एवं तस्य रुप भेदो रूपभेदाच्च विद्या भिन्नेति प्राप्ते सिद्धांतं ब्रूमः– तत्र वाजसनेयिशाखायामाकाशशयनस्य दिव्यमूर्तेः परमात्मनश्चिदाकाशरीरतया यस्याकाशः शरीरमि'ति श्रुतत्वात्, इतरत्र छांदोग्ये शरीरशरीरिणोरभेदविवक्षान्यायत आकाशरूपतया श्रुतत्वाच्च,' तथा अ. ३ पा. ३ सू. ३९:– 'तेजः पुंजरूपेऽक्षरब्रह्मणि कदाचिल्लोपः स्यादथवा कदाचिदपि लोपो न स्यादिति संदेहः ।.... पूर्वपक्षे प्राप्ते सिद्धांतयति –तद्दिव्य–मनोहरावयवयुतस्वरूपस्य तेषां गुणानां चानादिसिद्धत्वेन सर्वत्र श्रुतिस्मृतिष्वभ्यासस्यादरादलोप एव ।' तथा अ. ४ पा. ३ सू. ११:– 'स एनान् ब्रह्म गमयती'ति ब्रह्मशब्दस्य परब्रह्मण्येव मुरव्यत्वात् । ब्रह्मलोकानिति ब्रह्मलोकशदाश्च निषादस्थपतिन्यायेन ब्रह्मेव लोको ब्रह्मलोक इति कर्मधारयस्यैव युक्तत्वात्तत्रैवोपपद्यते' । तथा अ. ४ पा. ३ सू. १२:– 'सोऽध्वनः पारमाप्नोति, तद्विष्णोः परमंपदमि'ति तत्पदस्य प्राप्यत्वं द्रश्यते;.... अतश्चातिवाहिकदेवगणोऽर्चिरादिना मार्गेण

परब्रह्मैव गमयतीति निर्णयः ।' तथा अ. ४ पा. ३ सू. १३:– 'धूत्वाशरीरमकृतं कृतात्मा ब्रह्मलोकमिति तत्रैवाकृतं ब्रह्मलोकमिति विशेषितत्वेन तल्लोकस्यानादिसिद्धत्वश्रवणाच्च; अत उपासकान् परब्रह्मैव गमयत्यर्चिरादिमार्गेणातिवाहिको देवगण इति ।' किञ्च प्रथमप्रकरणस्थषट्चत्वारिंशच्चतुःषष्टितमषट्षष्टितमैकसप्ततितमद्विसप्ततितमत्रीसप्ततितमादिषु कारियाणीप्रकरणस्थसप्तमलोयाप्रकरणस्थद्वादशचतुर्दशपंचालाप्रकरणस्थ प्रथममध्यप्रकरणस्थदशमत्रयोदशादि वचनामृतेषु चोक्तम् ।

અર્થ– તથા અ. ૩ પા. ૩ સૂ. ૩૮માં, 'એક ઠેકાણે આકાશ શબ્દથી કહેવાપણું બીજે ઠેકાણે આકાશમાં સૂઈ રહેવાપણું કહ્યું એ પ્રકારે તે પરમાત્માના રૂપનો ભેદ છે અને રૂપ ભેદ હોવાથી વિદ્યા ભિન્ન છે એમ પ્રાપ્ત થતાં અમે સિદ્ધાંત કહીએ છીએ- તેમાં વાજસનેયી શાખામાં ચિદાકાશ શરીરપણાને લીધે દિવ્યમૂર્તિ પરમાત્માને આકાશમાં સૂઈ રહેવાપણું કહેલું છે, કેમ કે જેનું આકાશ શરીર છે એમ શ્રુતિમાં કહેલ છે એ હેતુથી. બીજે છાંદોગ્ય ઉપનિષદમાં શરીર શરીરીની અભેદ વિવક્ષાના ન્યાયથી આકાશરૂપપણું સાંભળવામાં આવે છે.' તથા અ. ૩ પા. ૩ સૂ. ૩૯, 'તેજના સમૂહરૂપ અક્ષરબ્રહ્મમાં ક્યારેક લોપ થાય છે અથવા ક્યારેક લોપ નથી પણ થતો. આવો સંદેહ પ્રાપ્ત થાય છે... આમ પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં સિદ્ધાંત કહે છે. તે દિવ્ય, મનોહર

અવયવયુક્ત રૂપનું ને તે ગુણોનું અનાદિ સિદ્ધપણાને લીધે સર્વ શ્રુતિ સ્મૃતિઓમાં અભ્યાસના આદરને લીધે લોપ થતો જ નથી.' તથા અ. ૪ પા. ૩ સૂ. ૧૧, 'તે (આતિવાહિકગણ-મુક્તો) ઉપાસકોને બ્રહ્મ પ્રત્યે પમાડે છે એ પ્રકારે બ્રહ્મ શબ્દનું પરબ્રહ્મમાં જ મુખ્યપણું છે. 'ब्रह्मलोकान्' બ્રહ્મલોક શબ્દ 'निषादस्थपतिन्यायेन' (ભીલ તે જ રાજા એ ન્યાયથી) બ્રહ્મ એ જ લોક તે બ્રહ્મલોક એ પ્રકારે કર્મધારય સમાસનું જ ઘટિતપણું છે, માટે બ્રહ્મ શબ્દથી પરબ્રહ્મ જ સિદ્ધ થાય છે.'

તથા અ. ૪ પા. ૩ સૂ. ૧૨, 'તે પુરુષ માર્ગનો પાર પામે છે તે જ વિષ્ણુ સંબંધી પરમપદ છે એ પ્રકારે તે વિષ્ણુ પદનું પ્રાપ્યપણું જણાય છે... માટે આતિવાહિક દેવગણ તે અર્ચિરાદિ માર્ગે કરીને તે ઉપાસકને પરબ્રહ્મ પ્રત્યે પમાડે છે.' તથા અ. ૪ પા. ૩ સૂ. ૧૩, 'કૃતાત્મા એવો પુરુષ તે શરીરનો ત્યાગ કરીને અનાદિ સિદ્ધ બ્રહ્મલોકને પામે છે તે જ ઠેકાણે અકૃત એવો બ્રહ્મલોક એવું વિશેષણ આપ્યું છે. તેથી તે લોકનું અનાદિ સિદ્ધપણું સંભળાય છે. માટે ઉપાસકોને આતિવાહિક દેવગણ તે અર્ચિરાદિ માર્ગે કરીને પરબ્રહ્મને જ પમાડે છે.' વળી પ્ર. ૪૬માં, 'અને આ બ્રહ્માંડ છે તેને ચારે કોરે લોકાલોક પર્વત છે તે ગઢની પેઠે રહ્યો છે ને તે લોકાલોકની બહાર તે અલોક છે તે અલોકથી પર સપ્ત આવરણ છે ને

તેથી પર એકલું અંધારૂં છે ને તે અંધારાથી પર પ્રકાશ છે, તે પ્રકાશને ચિદાકાશ કહીએ તેમ જ ઊંચું પણ બ્રહ્મલોક સુધી કહેવાય ને તેની ઉપર સપ્ત આવરણ છે ને તે આવરણની પાર અંધકાર છે ને અંધકારની પાર પ્રકાશ છે, તે પ્રકાશને ચિદાકાશ કહીએ ને તેમ જ હેઠે પણ સપ્ત પાતાળ સુધી કહેવાય ને તેથી હેઠાં સપ્ત આવરણ છે ને તેથી હેઠું અંધકાર છે ને તેથી હેઠો પ્રકાશ છે તે પ્રકાશને ચિદાકાશ કહીએ એવી રીતે બ્રહ્માંડની ચારે પાસે ચિદાકાશ છે અને બ્રહ્માંડની માંહી પણ છે અને એવો જે સર્વાધાર આકાશ છે... અને તે ચિદાકાશ અનાદિ છે ને તેની ઉત્પત્તિ વિનાશ નથી... સર્વનો આધાર એવો જે ચિદાકાશ તેની તો લીનતા થાતી નથી.'

તથા પ્ર. ૬૪માં, 'જેમ વરૂણ મૂર્તિમાન છે તે અશરીરી જે જળ તે સર્વનો આત્મા છે ને મૂર્તિમાન જે અગ્નિ તે જ્વાળારૂપ જે અશરીરી અગ્નિ તે સર્વનો આત્મા છે ને મૂર્તિમાન જે સૂર્ય તે અશરીરી જે પ્રકાશ તેનો આત્મા છે, તેમ અશરીરી જે બ્રહ્મ તેના મૂર્તિમાન જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા છે, એવી રીતે અક્ષર અને આ જે બ્રહ્મ તે પુરુષોત્તમનું શરીર છે ને પુરુષોત્તમ ભગવાન પોતે શરીરી છે.' તથા પ્ર. ૬૬માં, 'માટે એ તેજ તે મૂર્તિનું છે, જેમ અગ્નિની મૂર્તિ છે, તે મૂર્તિમાંથી અગ્નિની જ્વાળા પ્રગટ થાય છે તેણે કરીને તે અગ્નિની મૂર્તિ દેખાતી નથી અને જ્વાળા દેખાય છે, પણ

સમજુ હોય તે એમ જાણે જે, અગ્નિની મૂર્તિમાંથી જ જ્વાળા નીકળે છે તેમ જ વરૂણની મૂર્તિમાંથી જળ પ્રગટ થાય છે તે જળ દેખાય છે અને વરૂણની મૂર્તિ દેખાતી નથી, પણ સમજુ હોય તે એમ જાણે જે, વરૂણની મૂર્તિમાંથી સર્વે જળ છે, તેમ બ્રહ્મસત્તારૂપ જે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે.' તથા પ્ર. ૭૧માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ, પણ તેમાં તમને એક પ્રશ્ન પૂછીએ છીએ, જે નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રગટ મળ્યા.' તથા પ્ર. ૭૨માં, 'અને એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે. તેમ જ પ્રકૃતિ પુરુષ થકી પર જે અક્ષર બ્રહ્મ તેના પણ આત્મા છે. અને ક્ષર, અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે.' તથા પ્ર. ૭૩માં, 'તે જ્યારે બ્રહ્મ ને તેથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે ત્યારે ઈંદ્રિયું બુઠિયું થઈ જાય છે...' અને જ્યારે સમાધિ થાય છે ને તેમાં બ્રહ્મનું દર્શન થાય છે, ત્યારે કોટિ કોટિ સૂર્ય સરખો બ્રહ્મનો પ્રકાશ દેખીને જો થોડી સમજણ હોય તો પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ છે, તેને વિષે ન્યૂનપણું સમજે અને બ્રહ્મમાં અધિકપણું માની લે.' તથા કા. ૭માં, 'જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિનાં કાર્ય ચોવીસ

તત્ત્વ તે સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય છે અને તે પ્રકૃતિપુરુષ પણ અક્ષરબ્રહ્મના તેજમાં અદૃશ્ય થઈ જાય છે અને પછી એકલું સચ્ચિદાનંદ ચિદ્‌ઘન જે તેજ રહે છે અને તે તેજને વિષે દિવ્ય મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે.' તથા લો. ૧૨માં, 'અને અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.' તથા લો. ૧૪માં, 'અને આવી રીતે તો અમારે ઉપાસના છે જે, સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધોઉર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે ને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે, ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે.' તથા પં. ૧માં, 'અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહ્યાનું ધામ છે.' તથા મ. ૧૦માં, 'પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ જ છે.' તથા મ. ૧૩માં, 'અને એ જે

એકરસ તેજ છે તેને આત્મા કહીએ, તથા બ્રહ્મ કહીએ, ને અક્ષરધામ કહીએ.'

किञ्च । हरिवाक्यसुधासिंधु, तरंग ४५:–

'तमुवाच हरिः साधो भगवान् साकृतिः सदा ।।
भूरितेजो दिव्यमूर्तिस्तीत्येव मतं हि सत् ।। ६ ।।
सच्चिदानंदरूपं यत्पूर्णं ब्रह्मास्ति सर्वतः ।।
तेजस्तस्यैव तज्ज्ञेयं निराकार मनावृतम् ।। ७ ।।
यथा चार्कोस्ति साकार आतपोऽस्ति निराकृतिः ।।
तथा कृष्णोऽस्ति साकारस्तेजो ब्रह्म निराकृतिः ।। १७ ।।

અર્થ– 'શ્રીહરિ ભગવાન ગોપાળાનંદ સ્વામી પ્રત્યે કહે છે કે હે સાધો! ઘણા તેજ યુક્ત દિવ્ય મૂર્તિવાળા ભગવાન સદાય સાકાર છે એ જ મત સત્ય છે. (૬) અને સર્વત્રપૂર્ણ એવું સચ્ચિદાનંદરૂપ, આવરણ રહિત, નિરાકાર, એવું જે બ્રહ્મ છે તે ભગવાનનું તેજ છે એમ જાણવું. (૭) જે પ્રકારે સૂર્ય સાકાર છે અને તડકો નિરાકાર છે તે જ પ્રકારે ભગવાન સાકાર છે અને તેમનું તેજ જે બ્રહ્મ તે નિરાકાર છે. (૧૭)'

तथा ह. वा. सु. सिं. त. ५१:–

तद्द्रष्ट्या नेक्ष्यते माया पुमानेवैक ईक्ष्यते ।।
आविर्भूतोऽस्ति सोप्यादाऽवक्षरस्यैकदेशतः ।। १७ ।।
अंतर्बहिश्च तं व्याप्य स्थितं तत् कृष्णधाम च ।।
कृष्णस्यैवांगतेजश्च सच्चिदानंदलक्षणम् ।। १८ ।।

अनेक कोटि बह्मांडाधारोऽनंतमनादि च ॥
तदीयदृष्टया त्वऽस्त्येकं ब्रह्मैव नतुपूरषः ॥ १९ ॥
तत्र स्थितोऽस्ति भगवान् सर्वकारणकारणम् ॥
अनेककोटिब्रह्मांडोत्पत्तिस्थितिलयक्रियः ॥ २० ॥

અર્થ– 'તે પુરુષની દૃષ્ટિએ જોઈએ તો પુરુષ એક જ દેખાય પણ માયા દેખાય નહિ. અને તે પુરુષ અક્ષરના એક દેશમાંથી ઉત્પન્ન થયેલ છે. ૧૭. તે ભગવાનનું ધામ (તેજ) તે પુરુષને અંદર અને બહાર વ્યાપીને રહેલ છે, અને સત્, ચિદ્ અને આનંદ લક્ષણવાળું એવું બ્રહ્મ તે ભગવાનના અંગનું તેજ છે. ૧૮. આદિ અંત રહિત અનેક કોટિ બ્રહ્માંડનું આધાર એવું તે બ્રહ્મધામ છે, તે બ્રહ્મની દૃષ્ટિએ કરી જોઈએ તો એકલું બ્રહ્મ જ છે પણ પુરુષ નથી. ૧૯. સર્વ કારણના કારણ એવા ભગવાન તે ધામને વિષે રહેલા છે. અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને લયરૂપી છે ક્રિયા જેમની એવા ભગવાન છે. ૨૦'

तथा ह. वा. सु. सिं. त. ६३:–

'उपासकानां कृष्णस्य तेषामेकांतिनामपि ॥
एकैकरोम्णि तेजोऽस्ति कोटिकोट्यर्कसन्निभम् ॥ ५१ ॥
तदा वर्णयितुं शक्यं केन कृष्णांगजं महः ॥
स कृष्णो महसा स्वेनान्वितोऽस्ति पुरुषादिषु ॥ ५२॥

અર્થ– 'ભગવાનના ઉપાસક તે એકાંતિક ભક્તો

તેમના એક એક રોમને વિષે પણ કરોડે કરોડ સૂર્યના સરખું તેજ રહેલું છે. ૫૧. તો પછી તે ભગવાનના અંગનું જે તેજ (બ્રહ્મ) તેને તો કોણ વર્ણવી શકે! તે ભગવાન પોતાની તેજરૂપ અંતર્યામી શક્તિએ કરીને-

'पुरुषादिषु' (तट्टीका) पुरुषाकृत्यक्षरब्रह्मप्रभृतिषु- પુરુષાકાર અક્ષરબ્રહ્મ આદિકને વિષે રહ્યા છે. ૫૨.'

तथा ह. वा. सु. सिं. त. ६६:–

'निराधारं न तेजः स्यादिति सर्वत्र द्रश्यते ।।
तदङ्गकान्ति तेजोऽतो यद्ब्रह्मेत्युच्यतेऽक्षरम् ।। १४ ।।'

અર્થ– 'આધાર વિનાનું તેજ હોતું નથી એમ સર્વ સ્થળે દેખાય છે. માટે જે અક્ષરબ્રહ્મ કહેવાય છે તે, તે ભગવાનના અંગની કાન્તિ તે જ છે. ૧૪'

किञ्च गी. अ. ९ :-

'मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना
मत्स्थानि सर्वभूतानि न चाऽहं तेष्ववस्थितः ।।
नचमत्स्थानि भूतानि पश्य मे योगेमैश्वरम् ।। ४ ।।'

અર્થ– 'અવ્યક્તમૂર્તિ (અંતર્યામી સ્વરૂપ) એવો હું તે મારા વડે સર્વ જગત વ્યાપ્ત છે, મારે વિષે સર્વ પ્રાણીઓ રહ્યાં છે, પણ હું (સાક્ષાત મૂર્તિમાન) એમને વિષે નથી રહ્યો. ભૂતપ્રાણી માત્ર મારે વિષે (મારી મૂર્તિને વિષે) નથી રહ્યાં. (પણ મારું અંતર્યામી સ્વરૂપ જે તેજ તેમાં રહ્યાં છે.) આ

પ્રકારનું મારું યોગૈશ્વર્ય તેને જો.'

तथा ह. वा. सु. सिं. त. ७२ :-

'क्षरात्मा चाऽक्षरात्मा च क्षराऽक्षरपरोऽस्ति सः ।।

एकैकरोम्ण्यनंतांडनिवासान्महतो महान् ।। ३२ ।।'

(टीका) 'सः श्रीकृष्णः 'क्षरात्मा' क्षरशब्दनिर्दिष्टानां जीवशब्दाभिलपनीयानां ब्रह्मादिस्तंबपर्यंतानां क्षरणस्वभावा-चित्प्रकृतिसंसृष्टानां सर्वभूतानामात्मांतर्यामी । 'अक्षरात्मा' अक्षराणां भगवदेकांतिकोपासनया चित्संसर्गवियुक्तानां ब्रह्मभावापन्नानां मुक्तानामात्मांतर्यामी । 'क्षराऽक्षरपरः' स्वरूपस्वभावादिभिः क्षरेभ्योऽक्षरेभ्यश्च पुरुषेभ्यः परोऽत्यन्तोत्कृष्टतया विलक्षणश्चाऽस्ति । 'एकैकरोम्णि' एकैकस्मिन्रोमकूपे । 'अनंतांडनिवासात्' सावर्णानंतकोटि-ब्रह्मांडावसतेर्हेतोः । 'महतः' अतिविशालादनंतकोटि-पुरुषाकृतिमुक्ताधाराद्भगवद्धामभूतादक्षरब्रह्मणोऽपि । 'महान्' स्वरूपस्वभावादिभिर त्युत्कृष्टश्चाऽस्ति ।

અર્થ– 'તે શ્રીકૃષ્ણ ભગવાન 'क्षरात्मा' - ક્ષર શબ્દથી જેમનો નિર્દેશ કરેલો છે એવા અને જીવ શબ્દથી કહેવાતા બ્રહ્માથી આરંભીને સ્તંબપર્યંત ક્ષરણ સ્વભાવવાળા, અને જડ પ્રકૃતિની સાથે ગાઢ વળગેલા સર્વે પ્રાણીના આત્મા (અંતર્યામી) છે. 'अक्षरात्मा'- અક્ષર એટલે ભગવાનની એકાંતિક ઉપાસના વડે કરીને માયાના સંસર્ગથી રહિત અને

બ્રહ્મભાવનાને પામેલા મુક્તોના પણ તે ભગવાન આત્મા (અંતર્યામી) છે. 'क्षराऽक्षरपरः'- સ્વરૂપ સ્વભાવે કરીને ક્ષર પુરુષ તથા અક્ષરપુરુષથી અત્યંત વિલક્ષણ છે. 'एकैकरोम्णि' જેના એક એક રોમકુપને વિષે, 'अनंतांडनिवासात' આવરણોએ સહિત અસંખ્ય કોટિ બ્રહ્માંડોના નિવાસરૂપ 'महतः' - અતિ વિશાળ અનંત કોટિ પુરુષાકૃતિ મુક્ત પુરુષોનું આધાર એવું ભગવાનનું ધામરૂપ અક્ષરબ્રહ્મ તે થકી પણ 'महान'– સ્વરૂપ સ્વભાવે કરીને અતિ ઉત્કૃષ્ટ એવા એ ભગવાન છે.'

तथा ह. वा. सु. सिं. त. १०३ :-

'तदैकं सच्चिदानंदरूपं तेजः प्रकाशते ।।

ब्रह्माख्ये तत्र भगवान् राजते पुरुषोत्तमः ।। २९ ।।

અર્થ– 'તે સમયને વિષે સત્, ચિદ્ અને આનંદરૂપ એવું એક તેજ જ પ્રકાશમાન થાય છે. તે તેજરૂપ બ્રહ્મને વિષે પુરુષોત્તમ ભગવાન વિરાજે છે. ૨૯'

तथा ह. वा. सु. सिं. त. १२७ :–

'सच्चिदानंदरूपं यद्ब्रह्म निर्गुणमक्षरम् ।।

अंगप्रकाशस्तत्त्वस्य धाम चेत्युक्तमस्ति हि ।। ११ ।।'

અર્થ– સત્, ચિદ્ અને આનંદરૂપ એવું અને નિર્ગુણ જે અક્ષરબ્રહ્મ છે તે તો આ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા તેમનું ધામ છે એમ કહ્યું છે.'

तथा ह. वा. सु. सिं. त. १४६:—

'यस्मिंस्तेजसि तद्रूपं भवत्येकरसे सिते ।।

आत्मब्रह्माक्षराद्याभिस्तदाख्याभिः प्रकीर्त्यंते ।। ३० ।।

यस्तत्र भगवान् साक्षात् सपरब्रह्मसंज्ञकः ।।

आत्मतत्वाभिधश्चासौ पुरुषोत्तम उच्यते ।। ३१ ।।'

અર્થ– 'એકરસ શ્વેત એવું જે તેજ તેને વિષે તે ભગવાનની મૂર્તિ રહેલી છે તે તેજને આત્મા, બ્રહ્મ અને અક્ષર એવા નામથી કહેવાય છે. ૩૦. તે તેજને વિષે જે ભગવાન સાક્ષાત્ રહેલા છે તે આત્માનું તત્ત્વ, પરબ્રહ્મ ને પુરુષોત્તમ એવા નામથી કહેવાય છે. ૩૧'

तथा ह. वा. सु. सिं. त. २७१ :—

'तेजः पुंजेऽक्षरे धाम्नि नित्यं कृष्णो विराजते ।।

तद्भक्ताश्च तदाकाराः सेवंते स्वामिनं हि तम् ।। १२ ।।'

અર્થ– 'તેજના સમૂહરૂપ અક્ષરધામને વિષે ભગવાન સદા વિરાજમાન છે અને તે ભગવાનના સરખા આકારવાળા ભગવાનના ભક્તો તે પોતાના સ્વામી જે ભગવાન તેમને નિરંતર સેવે છે.'

तथा ब्र. सू. भा. २ अ. १ पा. १ सू. १९ :—

'सृष्ट्यादौ तेजः प्रभुतितत्त्वसंयुक्ततया परब्रह्मप्रकाशे तिरोभूतान् सप्रकृतिकान् पुरुषाद्यसंख्यक्षेत्रज्ञान् आलोचितवत्.'

અર્થ– 'સૃષ્ટિ પહેલાં તેજાદિક તત્ત્વના સંયુક્તપણાથી

પરબ્રહ્મના પ્રકાશમાં લીન થયેલા પ્રકૃતિ સહિત પુરુષાદિ અસંખ્ય ક્ષેત્રજ્ઞોને પરબ્રહ્મે આલોચનાને કર્યાં.'

तथा अ. १ पा. ४ सू. ९:– 'सप्रकृतिपुरुषस्य समस्तचेतनाचेतनविशिष्टस्य नारायणप्रकाशरूपसंकुचितांतयामिशक्तौ तिरोभूतस्य प्रपंचस्य ततः पुनरुत्पत्तौ सत्यां तस्य विकसितांतर्यामिशक्तिरूपब्रह्मात्मकत्वप्रतिपादनसमये तां ह्यजामिति पठंति ।'

અર્થ– 'પ્રકૃતિ પુરુષ સહિત સમગ્ર જડ ચૈતન્યથી વિશિષ્ટ અને નારાયણના પ્રકાશરૂપ સંકોચ પામેલી અંતર્યામી શક્તિમાં લય પામેલ એવું જે આ જગત તેની ફરીથી પરબ્રહ્મ થકી ઉત્પત્તિ થયે સતે તે નારાયણની વિકાસ પામેલી અંતર્યામી શક્તિરૂપ બ્રહ્મરૂપપણું પ્રતિપાદન કરવા સમયમાં તેને અજા એ પ્રકારે કહે છે.'

तथा अ. १ पा. ४ सू. २३:– 'स्वधामस्थो दिव्यमनोहरमंगलमूर्तिः परमात्मा चिदचिद्व्यतिरिक्तः सन् स्वेच्छया संकुचितांतर्यामिशक्तिरूपस्वप्रकाशे सूक्ष्मभावेन संलग्नमंतर्यामिशक्तिविशिष्टत्वात्तच्छरीरभूतं नामरूपविभागानर्हं प्रकृतिपुरुषादिसकलचेतनाचेतनरूपविश्वं प्रलयकाले यदस्ति ।'

અર્થ– 'પોતાના ધામમાં રહેલા દિવ્ય મનોહર મંગળ મૂર્તિ પરમાત્મા જડ ચૈતન્યથી જુદા હોઈને પોતાની ઇચ્છાથી સંકોચ પામેલ અંતર્યામી શક્તિરૂપ પોતાના પ્રકાશમાં સૂક્ષ્મ

ભાવથી લીન થયેલ અને અંતર્યામી શક્તિ વિશિષ્ટ હોવાથી તેમના શરીરરૂપ નામરૂપ વિભાગને અયોગ્ય પ્રકૃતિ પુરુષાદિ સમગ્ર જડ ચૈતન્યરૂપ વિશ્વ પ્રલયકાળે જે રહેલું છે તે સર્વને સૃષ્ટિ સમયમાં વિકાસ પામેલી અંતર્યામી શક્તિ વિશિષ્ટપણે સ્થૂળ ભાવને યોગ્ય વિભક્ત નામરૂપવાળું કરે છે.'

तथा अ. २ पा. १ सू. १७:– 'अवरस्य स्थूलचेतनाचेतनरूपकार्यस्य जगतस्तद्व्यतिरिक्तनारायणप्रकाशे सूक्ष्मरूपतया सत्वात् कारणावस्थतया प्रलयकाले विद्यमानत्वात् ।'

અર્થ– 'અવર સ્થૂળ જડચૈતન્યરૂપ કાર્ય એવું જે જગત તેનું તે જગતથી ભિન્ન એવા નારાયણના પ્રકાશમાં સૂક્ષ્મપણાથી વિધમાનપણું છે કારણાવસ્થાપણે કરીને પ્રલયકાળમાં વિધમાનપણું છે.'

किञ्च मध्यप्रकरणस्थत्रिंशत् पञ्चाशत् व्रत्तालयप्रकरणस्थनवमद्वादशादिषु तथा अंतिमप्रकरण-स्थत्रिंशदेकत्रिंशत्त्रयस्त्रिंशत् षटत्रिंशदादि वचनामृतेषु चोक्तम्.-

વળી મ. ૩૦માં, 'એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય જ્યારે પ્રકૃતિ પુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે,' તથા મ. ૫૦માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા

જે આજ તો અમારું જે રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ. જે જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે, ને જેમ સતી ને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે ને જેમ શૂરો રણને વિષે ટુક ટુક થઈ જાય છે, તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે, અને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે.' તથા વ. ૯માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પૃથ્વી આદિક ચાર ભૂત વિના એકલો જ આકાશ હોય, અને જેટલા આકાશને વિષે તારા છે તેટલા ચંદ્રમા હોય, ને તેનો જેવો પ્રકાશ થાય, તેવો ચિદાકાશનો પ્રકાશ છે અને તે ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે,' તથા વ. ૧૨માં, 'પછે નેત્રકમળને ઉઘાડીને સર્વે હરિભક્તની સભા સામું કરૂણા કટાક્ષે કરી જોઈને શ્રીજીમહારાજ બોલ્યા આજ તો સર્વને નિશ્ચયની વાત કરવી છે તે સર્વે સાવધાન થઈને સાંભળો જે અનંતકોટિ સૂર્ય, ચંદ્રમા ને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે પુરુષોત્તમ ભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે.' તથા છે. ૩૦માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમારા મનમાં આ બે વાર્તા ગમે છે ને ત્યાં મન અટકે છે. તેમાં એક તો જેને

એમ હોય જે એક ચૈતન્યના તેજનો રાશી છે ને તેના મધ્યને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે.' તથા છે. ૩૧માં, 'પછી વળી નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા  ને પછી બોલ્યા જે, કોટિ કોટિ ચંદ્રમા, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે, તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે, એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે આ પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે.' તથા છે. ૩૩માં, 'તે પ્રવેશ તે શું તો તેજના મંડળને વિષે દિવ્યમૂર્તિ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એ ભક્તને સ્નેહ હોય.' તથા છે. ૩૬માં, 'ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા.' ઉપર લખેલાં મુક્તાનંદ સ્વામીકૃત બ્રહ્મસૂત્ર ભાષ્યરત્નનાં પ્રમાણોમાં સર્વસ્થળે પુરુષોત્તમ ભગવાનના તેજમાં જડ ચૈતન્ય સમગ્ર પ્રપંચનો લય કહેલો છે, અને તે તેજમાંથી જ ઉત્પત્તિ કહેલી છે, તેથી તેજરૂપ અક્ષરધામમાં પોતે રહેલા છે, અને સમગ્ર પ્રપંચ પણ તેમાં જ રહેલ છે. માટે સર્વાધાર એવું જે પુરુષોત્તમ નારાયણનું તેજ છે તે જ અક્ષરબ્રહ્મ છે કારણ કે તે વિના બીજુ કોઈ પણ સર્વાધાર છે નહિ. અને તે જ પ્રકારે ઉપર લખેલાં વચનામૃતો તથા હરિવાક્યસુધાસિંધુના શ્લોકો તેમાં પણ સવિસ્તર પુરુષોત્તમના તેજને જ

અક્ષરબ્રહ્મ, ચિદાકાશ, બ્રહ્મપુર, ગોલોક આદિક નામોથી કહેલ છે. એ પ્રકારે શ્રીમુખના વચનરૂપી પ્રબળ પ્રમાણોથી તેજરૂપ અક્ષરબ્રહ્મમાં શ્રી પુરુષોત્તમ ભગવાન સદાય સાકાર મૂર્તિમાન રહેલા છે તે જ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા મોટા મુક્તોનો અચળ સિદ્ધાંત છે.

इतिश्रीमदेकान्तिकधर्मप्रवर्तकश्रीसहजानंदस्वामिचरण-कमलमकरंदास्वादमदनादिमुक्तराजसद्गुरुश्रीमहानुभावानन्द-मुनेराशीरात्मकशिष्यसद्गुरुश्रीघनश्यामजीवनदासजीस्वामि-तच्छिष्यशास्त्रिधर्मस्वरूपदासविरचितश्रीजीसंमतविशिष्टा-द्वैतसिद्धांतसागरे शुद्धाऽक्षरब्रह्मनिरूपणं समाप्तम्।।

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શાસ્ત્રી હરિપ્રસાદદાસજી વિરચિત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં અક્ષરબ્રહ્મ વિચારના પ્રત્યુત્તર પૂર્વક

# શુદ્ધ અક્ષરબ્રહ્મ વર્ણનમ્

## લેખક : શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી

सच्चिदानंदरूपं यद् ब्रह्म निर्गुणमक्षरम् ।
अंगप्रकाशस्तत्त्वस्य धाम चेत्त्युक्तमस्तिहि ।।
ह. सु. त. १२७ ।।

આ શ્લોકનો ઉપક્રમ કરીને અક્ષરબ્રહ્મ વિચાર લખો છો તેમાં અંગ પ્રકાશ એવું પદ છે. તેને બદલે ।। अनाद्यंतंच ।। એવો પાઠ તમોએ સ્વમત સિદ્ધ કરવા માટે કર્યો છે તે તો પ્રથમ ગ્રાસે મક્ષિકાપાત થાય તેમ તમોએ કરેલ છે, કેમ કે શતાનંદ મુનિએ સમજીને જ પાઠ કરેલ છે તે પાઠ ફેરવ્યો તે જ પહેલું અઘટિત કામ તમોએ કરેલ છે. કેમ કે સત્, ચીત્ ને આનંદરૂપ તથા માયાના સત્વાદિક ગુણે રહિત એવું જે અક્ષરબ્રહ્મ તે તો પરબ્રહ્મ પરમાત્માના અંગનો પ્રકાશ છે અને ધામ શબ્દથી કહેલ છે. એકાંતિક ધર્મનું અનુષ્ઠાન કરનારા યોગીઓને અર્ચિ માર્ગે કરીને પામવા યોગ્ય બ્રહ્મલોક છે, જેને સુબાલોપનિષદના ૭મા ખંડમાં, 'અક્ષરધામ' એ

નામે કહ્યું છે કે योक्षरमन्तरेसंचरन् यस्याक्षरंशरीरं यमक्षरं न वेद ।। જે અક્ષરની અંદર ગતિ કરે છે, જેનું અક્ષર શરીર છે, જેને અક્ષર જાણતું નથી, આવી રીતે બ્રહ્મપુર ધામને અહીં અક્ષર એવા શબ્દથી કહેલ છે. આવી રીતે જે લખો છો, તે વાત મૂળ વિનાની છે માટે સંભવતી નથી, કેમ કે આ શ્રુતિમાં જે અક્ષર કહ્યું છે તે તો મૂર્તિમાન મૂળ અક્ષરને કહેલ છે, જે અક્ષરને પ્ર. ૭મા વચનામૃતમાં ચોથો ભેદ કહેલ છે તે અક્ષરની વાત છે અને न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः । यद् गत्वान निवर्त्तंते तद्धामपरमं मम ।। તેને સૂર્ય, ચંદ્ર, અગ્નિ પ્રકાશ નથી કરતા, જેને પામીને પાછા નથી પડતા એવું મારું પરમ ધામ છે. આ ગીતાના શ્લોકમાં કહેલું જે ધામ તેને તમોએ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં તેજથી જુદું, સ્થાન રૂપે કહેલ છે તે અસંભવિત છે. કેમ કે આ શ્લોકમાં પ્રથમથી પોતાનો સંબંધ ચાલ્યો આવે છે માટે આ ઠેકાણે ધામ શબ્દથી પોતાના સ્વરૂપને કહેલ છે, અને તે ધામને પરમ એવું વિશેષણ આપ્યું છે. તે વિશેષણ પૂર્વ કહેલ અક્ષરથી ભિન્ન અને શ્રેષ્ઠપણાને સૂચવે છે માટે મૂર્તિના તેજરૂપ અક્ષરધામનું જ આ ઠેકાણે વર્ણન છે. તથા મુંડક. ૨જામાં, ।। न तत्र सूर्यो भाति न चंद्रतारकम् नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति 'તે અક્ષરબ્રહ્મ ધામમાં સૂર્ય પ્રકાશ કરતો નથી તેમ જ ચંદ્ર અને

તારાનો પ્રકાશ નથી ને વીજળીનો પ્રકાશ નથી તો પછી અગ્નિ તો પ્રકાશક હોય જ ક્યાંથી? આ ઠેકાણે પણ પોતાના સ્વરૂપને જ કહેલ છે, કેમ કે પૂર્વ બ્રહ્મ શબ્દથી કહેલા પરમાત્માનો જ પ્રસંગ ચાલ્યો આવે છે, માટે તત્ર એટલે પરમાત્માના સ્વરૂપને વિષે સૂર્યચંદ્રાદિ કોઈ પણ પ્રકાશ કરી શકતા નથી અને તે પરમાત્માની કાન્તિ વડે કરીને સર્વે પ્રકાશમાન છે, માટે આ ઠેકાણે પણ તેજરૂપ ધામને જ કહેલ છે. અને एतत्सत्यंब्रह्मपुरम् ।। આ ઠેકાણે પણ બ્રહ્મપુર શબ્દથી વાસુદેવ બ્રહ્મબ્રહ્મપુરનું નામે ધામ છે, તેનું વર્ણન છે. તમો કહેશો કે વાસુદેવબ્રહ્મનો ભેદ જુદો નથી તો પછી તેમનું ધામ જુદું હોય જ ક્યાંથી? તો તે કહેવું અઘટિત છે. કેમ કે વાસુદેવ બ્રહ્મનો ભેદ સત્ય છે તે કોઈ ઠેકાણે તેને અવાંતર ગણેલ હોય અને કોઈ ઠેકાણે જુદા પણ કહેલ હોય. કા. ૧૦માં, 'જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનના પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિ પુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમ નારાયણ જેવો થવા કોઈ સમર્થ નથી.' તથા પ્ર. પ્ર. ૬૩માં, 'એવી રીતે મહત્તત્ત્વનું કારણ પ્રધાન ને પુરુષ છે અને પ્રધાન ને પુરુષનું કારણ મૂળ પ્રકૃતિ ને બ્રહ્મ છે અને તે સર્વનું કારણ અક્ષરબ્રહ્મ છે.' આ ઠેકાણે મૂળ પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષને બ્રહ્મ શબ્દથી કહેલ છે. તે

પુરુષને મ. ૩૧માં, બ્રહ્મ કહ્યા છે. અને પાછળથી તે પુરુષ બ્રહ્મ સુખે સુખિયા છે, એમ કહ્યું છે માટે જે બ્રહ્મથી સુખિયા છે. તે બ્રહ્મ વાસુદેવબ્રહ્મ વાચક છે, તે લો. ૧૨માં, મૂળપુરુષ જેવા જાણીને ભજનારને કનિષ્ઠ કહીને પછી નિરન્ન મુક્ત જેવો થઈને વાસુદેવની ઉપાસના કરે તેને મધ્યમ નિર્વિકલ્પમાં ગણેલ  છે ને અક્ષરધામ રૂપ થઈને પુરૂષોત્તમની ઉપાસના કરે તેને નિર્વિકલ્પમાં ઉત્તમ કહેલ છે. આ ઠેકાણે વાસુદેવનો ભેદ સ્પષ્ટ થાય છે તે વાસુદેવબ્રહ્મનું બ્રહ્મપુર ધામ છે તે જાણવું તથા ત્રીજા મુંડકમાં सवेद तत्परमं ब्रह्मधामयत्रविश्वं निहितं भाति शुभ्रम् ।। તે યોગી ઉત્તમ બ્રહ્મધામને જાણે છે જેને વિષે રહેલું વિશ્વ સારું શોભે છે. આ શ્રુતિનો અર્થ તમોએ સ્થાનવાચક કહેલ છે, પણ તે અસંભવિત છે, કેમ કે આ વિશ્વ તો ભગવાનને વિષે રહેલું છે તે મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં કહેલું છે જે વિશ્વ નારાયણના પ્રકાશમાં રહેલું છે. सू. भा. २. अ. १ पा. १ सू. १९ ।। તથા ગીતામાં શ્લોક मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव આવાં ઘણાં વચનો છે માટે વિશ્વ તો બ્રહ્મ જે ભગવાનનું અન્વય સ્વરૂપ જે તેજ તેમાં રહ્યું છે માટે તેજ રૂપ ધામને જ આ ઠેકાણે કહ્યું છે અને तद्विष्णो:परमं पदम् આ શ્રુતિમાં પણ પરમાત્માના દિવ્ય તેજરૂપ ધામનું જ વર્ણન છે. તે કહ્યું છે જે क्षयन्तमस्यरजस:पराके तदक्षरे परमेव्योमन् योस्याध्यक्ष: प्रकृति

થકી પરમાકાશ રૂપ અક્ષર એટલે તેજરૂપ ધામમાં રહેલા જે પરમાત્મા તે અક્ષરધામના નિયંતા છે તે લોયા ૧૩મામાં કહ્યું છે કે જે ધામમાં પોતે રહ્યા છે તે ધામને પણ પોતામાં લીન કરીને તે ધામ વિના પણ પોતાના સામર્થ્યે કરીને સર્વેને ધારવાને સમર્થ છે. તેમાં પૃથુ રાજાનું દૃષ્ટાંત આપેલું છે. પૃથુ રાજાએ પૃથ્વીને કહ્યું જે મારા ધનુષ્યથી નીકળ્યા જે બાણ તેણે કરીને તને મારીને મારા સામર્થ્યે કરીને આ સર્વે જગતને ધારવાને હું સમર્થ છું. માટે આ ઠેકાણે પણ તેજરૂપ ધામને જ કહેલ છે. અને तद्विष्णोः परमं पदम् આ ઠેકાણે છઠ્ઠી વિભક્તિ છે તે વિષ્ણુ અને તેમને રહેવાનું સ્થાન તે બન્નેની ભિન્નતાને સૂચવે છે એમ તમોએ કહ્યું છે પણ તે તમારું કહેવું અઘટિત છે, કેમ કે સૂર્ય અને ચંદ્રમા તે સંબંધી તેજ, પ્રભા અને કાન્તિ આવો વ્યવહાર જગતમાં થાય છે અને તેજ, પ્રભા અને કાન્તિ તે સૂર્ય ચંદ્રની અભેદ શક્તિઓ છે ને ત્યાં છઠ્ઠી વિભક્તિનો જ અર્થ થાય છે. માટે વિષ્ણુનું તેજરૂપ ધામ કહેવામાં કોઈ પ્રકારની શંકા છે જ નહિ અને પરમપદ શબ્દ અનેકાર્થથી વ્યાપ્ત છે. કોઈ ઠેકાણે પરમપદ શબ્દથી અક્ષરબ્રહ્મ ધામ ને કહેવાય છે ને કોઈ ઠેકાણે પરમપદ શબ્દથી ભગવાનનું સ્વરૂપ જે મૂર્તિ તેને કહેવાય છે ને કોઈ ઠેકાણે પરમપદ શબ્દથી વૈકુંઠ ધામને પણ કહેવાય છે. तद्विष्णोः परमं पदम् આ ઠેકાણે પરમપદ શબ્દ તેજરૂપ

અક્ષરધામને કહેલ છે, કેમ કે તમારા કહેવા પ્રમાણે જ विष्णवाख्यं परमं पदम् આમાં વિષ્ણવાખ્યં એવું વિશેષણ છે તે ઉપર કહેલ પરમપદને જુદું સૂચવે છે. માટે આમાં કહેલું પરમપદ તે ભગવાનનું સ્વરૂપ જે મૂર્તિ તેને કહેલ છે. અને ઉપર કહેલું પરમપદ તે અક્ષરબ્રહ્મ ધામને વર્ણન કરે છે તમે કહેશો કે तद्विष्णोः परमं पदम् એ શ્રુતિ તો પરમાત્માથી જુદું ભગવાનનું સ્થાન તેને વર્ણન કરે છે તો તે તમારું કહેવું મૂળ વિનાનું અને વ્યર્થ છે. કેમ કે ઉપર કહ્યા પ્રમાણે विष्णवाख्यं परमं पदम् એ વાક્યથી ભગવાનનું સ્વરૂપ મૂર્તિ છે. તમે કહેશો કે પરમપદથી મૂર્તિ નહિ કહેવાય તો જુઓ મધ્ય ૮માં અનેક જન્મનું સુકૃત ભેગું થાય છે તેણે કરીને જે સંસિદ્ધ થયો તે પરમપદને પામે છે. તે પરમપદ તે શું તો પ્રત્યક્ષ ભગવાનની જે પ્રાપ્તિ તે જ પરમપદ છે અને तद्विष्णोः परमं पदम् એ વાક્યથી પણ પ્રત્યાસત્તી ન્યાયથી તેજરૂપ ધામને જ લેવાશે પણ જુદું સ્થાન નહિ લેવાય કેમ કે ભગવાનનું સ્વરૂપ જે મૂર્તિ અને તેજરૂપ અક્ષરધામ તે બન્ને પ્રાપ્ય સ્થાન છે. આ પ્રમાણે તો તમારું પણ માનવું છે અને તમે કહેશો કે अक्षरे परमे व्योमन् આ શ્રુતિમાં તેજથી જુદું પરમાત્માને રહેવાનું સ્થાન છે એમ કહ્યું છે તો તે તદ્દન ખોટું છે કિંતુ મુંડકોપનિષદમ્ ૨, ૭, दिव्ये ब्रह्मपुरे ह्येष स व्योम्न्यात्मा प्रतिष्ठितः ।। આ શ્રુતિનો તમોએ સ્થાન અર્થ કર્યો છે તે પણ

તાણીને કરેલ છે. માટે અસંભવિત છે તેનો સીધો અર્થ દિવ્ય પરમાકાશ એટલે દિવ્ય તેજરૂપ ચિદાકાશમાં પરમાત્મા રહ્યા છે તે ચિદાકાશ તો તેજને જ કહેલ છે. પ્ર. પ્ર. ૪૬ આ જ અર્થ સીધો છે. છા. ઉ. અ ૮ ખ. ૧૫ तद्धैतद् ब्रह्मा प्रजापतयेउवाच इत्यारभ्यन च पुनरावर्तते ।। ત્યાં સુધી આ પ્રમાણે જીવન પર્યંત વર્તનાર પુરુષ બ્રહ્મલોક એટલે બ્રહ્મ જે તેજ તેનો લોક એટલે સમૂહ માટે તેજરૂપ અક્ષરધામને પામે છે તથા આમાં न च पुनरावर्तते ।। એટલે જે બ્રહ્મલોકને પામીને પાછો આવતો નથી. यद्गत्वा न निवर्तंते એ શ્લોકમાં જે ધામનું વર્ણન કરેલ છે તેનું જ આમાં વર્ણન છે અને જો સ્થાનવાચક બ્રહ્મલોક શબ્દને તમે કહેતા હો તો તે કેવળ અસંભવિત છે, કેમ કે બ્રહ્મ જે બ્રહ્મા તેનો લોક એટલે સ્થાન તે બ્રહ્મલોક એટલે સત્યલોક લેવાશે. અને તે સત્યલોકને પામીને તો પાછા સંસારમાં આવે છે તે કહ્યું છે કે आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुनः બૃહદારણ્યક. અધ્યા. ૩ બ્રા. ૬-મુંડક. ૩ ખં.-૨-૬ ते ब्रह्म लोकेषु परान्तकाले परामृता परिमुच्यन्ति सर्वे આ ત્રણે શ્રુતિ સ્મૃતિ વાક્યો બ્રહ્મલોકને સ્થાનવાચક કહેવાથી અનિત્ય મુક્તિને સૂચવનાર છે. બ્રહ્માના સત્યલોક સુધી જે સ્થાનો છે તે સર્વે સત્યલોક સહિત નાશવંત છે માટે ઉપર કહ્યા પ્રમાણે બ્રહ્મલોક શબ્દનો સ્થાન અર્થ કરવો તે તદ્દન વિરુદ્ધ છે માટે અસંભવિત છે.

પ્રશ્નોઃ પ્રશ્ન ૫ ૫ पादोदरस्त्वचो विनिर्मुच्यते एवमिहैव स पाप्मना विनिर्मुक्तःस सामभिरुन्नीयते ब्रह्मलोकं જેમ કાંચળીથી સર્પ જુદો પડે છે તેમ અહીં જ પાપથી રહિત થયેલા તે પુરુષને સામવેદના અધિષ્ઠાતા પરમાત્મા બ્રહ્મલોકમાં લઈ જાય છે એટલે તેજરૂપ અક્ષરધામમાં લઈ જાય છે કેમ કે वेदानां सामवेदोऽहम् આવી રીતે સામવેદના અધિષ્ઠાતા પોતે પુરુષોત્તમ ભગવાન છે માટે પોતાના પ્રકાશરૂપ અક્ષરધામમાં લઈ જાય છે. તે મુક્તાનંદ સ્વામી કૃત ભાષ્યરત્નમાં બ્રહ્મલોક શબ્દથી પરબ્રહ્મને કહેલ છે માટે આમાં શંકાનો અવકાશ છે જ નહિ. મહાભારત શાં. અ. ૨૬૪- ૨૩ ज्ञानविज्ञानिनः केचित् परं पारं तितीर्षवः। अतीवतत् सदःपुण्यं पुण्याभिजन सेवीतम्।। तत्र गत्वा न शोचंति न च्यवन्ति व्यथन्ति च।। ભા. શાં. અ. ૨૬૪-૨૪ ते तु तद् ब्रह्मणः स्थानं प्राप्नुवन्तीह सात्विकाः। नैव ते स्वर्गमिच्छन्ति न यजन्ति यशोधनाः।। सतां वर्त्मानुवर्तंते यथा बलमहिंसया।। સંસારનો પાર પામવાની ઇચ્છાવાળા જ્ઞાન વિજ્ઞાનથી સંપન્ન કેટલાક પુરુષો પવિત્ર મુક્ત પુરુષોએ સેવેલું એવું પવિત્ર સ્થાનને પામે છે અને ત્યાં જઈને શોક નથી કરતા. તેમ ત્યાંથી પડતા પણ નથી અને દુઃખ નથી પામતા. યશ રૂપી ધનવાળા જે સાત્વિક ભક્તજનો તે બ્રહ્મ તેનું સ્થાન તેને પામે છે ને તે સ્વર્ગને નથી ઇચ્છતા, યજ્ઞ નથી કરતા, હિંસાનો ત્યાગ કરીને આ લોકમાં પોતાની

શક્તિ પ્રમાણે સત્પુરુષના માર્ગને અનુસરે છે. આ ઉપર લખેલા બે શ્લોકોનો અર્થ ભગવાનના અક્ષરધામ રૂપ સ્થાનને એટલે મૂર્તિના તેજરૂપ ધામ તે જ સ્થાન તેને પામે છે. બહુધા તો સાત્વિક વિશેષણ છે, તેથી ત્યાં ब्रह्मण: स्थानं એટલે બ્રહ્માનું સ્થાન સત્યલોક જ સંભવે છે. તે સત્ય છે. ભા. મો. અ. ૫- ૩૨ दिव्यंस्थान मजरं चाप्रमेयं दुर्विज्ञेयं चागमैर्गम्यमाद्यम् गच्छ प्रभो रक्ष चास्मान् प्रपन्नान् कल्पे कल्पे जायमान: स्वमूर्त्या।। આ શ્લોકમાં દિવ્ય સ્થાન કેવું છે તો માપરહિત છે ને શાસ્ત્રોથી જેનું જ્ઞાન થવું દુર્લભ છે, અજર અનાદિ છે ને પામવાં યોગ્ય એવું દિવ્ય સ્થાન તેમાં આપ પધારો અને કલ્પ કલ્પમાં પોતાની મૂર્તિ ધારીને પ્રગટ થાતા એવા આપ, તે શરણે આવેલા એવા જે અમો તે અમારી રક્ષા કરો.

ઉપર લખેલા શ્લોકનો અર્થ તમોએ સ્થાનવાચક કર્યો છે તે પણ અસંભવિત છે, કેમ કે સ્થાન તો માપવાળું તથા પરિછિન્ન જ હોય અને આમાં તો અપ્રમેય ને દુર્વિજ્ઞેય એવાં પદો છે માટે માપ રહિતને જાણી ન શકાય એવું તેજરૂપ ધામ સર્વત્ર પૂર્ણ છે માટે તેનું જ વર્ણન છે માટે સ્થાન શબ્દથી પણ તેજરૂપ ધામને જ જાણવું માટે સ્થાન રૂપ તમારો કરેલો અર્થ કેવલ વિરુદ્ધ છે. ભા. વન પર્વ અ. ૧૬૩- ૨૪ योगसिद्धा महात्मानस्तमोमोह विवर्जिता: तत्रगत्वा पुनर्नेमं

लोकमायान्ति भारत।। स्थानमेतन् महाराज ध्रुवमक्षरमव्ययम् અજ્ઞાન ને મોહથી રહિત અને યોગ સાધનાથી સિદ્ધ થયેલ મહાત્માઓ તે ધામમાં જઈને હે ભારત! ફરી આ લોકમાં આવતા નથી. એ પરમાત્માનું સ્થાન અચળ છે. અક્ષર નામથી પ્રસિદ્ધ છે. અવ્યય છે. આ શ્લોકમાં પરમાત્માનું સ્થાન અચલ છે. અક્ષર નામથી પ્રસિદ્ધ છે. તે અક્ષરને યોગથી સિદ્ધ થયેલા પુરુષો પામે છે. આ ઠેકાણે તો બીજા વૈકુંઠાદિકનું વર્ણન છે પણ પુરુષોત્તમનું તેજરૂપ ધામ તેનું વર્ણન નથી, કેમ કે ગીતામાં જીવને અક્ષર કહેલ છે. તથા अक्षरं तमसि लीयते આ ઠેકાણે પ્રધાનને અક્ષર કહેલ છે તેમ જ વૈકુંઠાદિક ધામને પણ અક્ષર શબ્દથી કહેવાય છે માટે આ ઠેકાણે અક્ષર શબ્દથી તે ધામો જાણવા માટે યોગાદિકથી અક્ષરધામ તથા ભગવાન પમાતા નથી પણ ભક્તિ અને સત્સંગથી જ ભગવાન તથા તેમનું ધામ પમાય છે. ગીતા અ. ૧૧ શ્લોક

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया। शक्य एवंविधो द्रष्टुं द्रष्टवानसि मां यथा ।। ५३ ।। भक्त्यात्वनन्यया शक्य अहमेवंविधोर्जुन ।। ज्ञातं दृष्टुं च तत्वेन प्रवेष्टुं च परंतप ।। ५६ ।। भा. स्कं. ११ અ. १२ नरोधयति मां योगो न सांख्यं धर्मएवच। न स्वाध्यायस्तपस्त्यागोनेष्टापूर्तं न दक्षिणाः ।। १ ।। व्रतानि यज्ञश्छंदांसि तीर्थानि नियमा यमाः। यथावरुंधे

सत्संग:सर्वसंगापहोहिमाम् ।। २ ।।

હે અર્જુન, જેવું તને મારું દર્શન થાય છે તેવું વેદ, તપ, દાન ને યજ્ઞ વડે કરીને મારું દર્શન થાતું નથી. હે અર્જુન, અનન્ય ભક્તિએ કરીને મારો ભક્ત મને યથાર્થપણે કરી જાણવાને, દેખવાને અને મારે વિષે પ્રવેશ કરવાને સમર્થ થાય છે. તથા યોગ, સાંખ્ય, ધર્મ, વેદ, પાઠ, તપ, ત્યાગ, ઈષ્ટકર્મ, પૂર્તકર્મ, દક્ષણાઓ, વ્રત્ત, યજ્ઞ, તીર્થ, નિયમ, યમ. એ કોઈથી હું તેવો વશ થાતો નથી, સર્વ સંગને નાશ કરનાર એવા સત્સંગથી જેવો વશ થાઉં છું. માટે સત્સંગ ને ભક્તિથી જ અક્ષરબ્રહ્મ ધામ પમાયં છે. માટે ઉપર લખેલા ભારતના શ્લોકમાં જે સ્થાન કહેલ છે તે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ આદિક ભગવાનનાં ધામો છે તેમનું વર્ણન છે. સા. ૧૧માં, "વૈરાગ્ય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ધર્મ, આત્મનિષ્ઠા એ પાંચમાંથી એકાદાની ન્યૂનતા હોય તો આત્યંતિક કલ્યાણ જે ભગવાનનું અક્ષરધામ તેને તો ન પામે અને તે વિના બીજા જે ભગવાનનાં ધામ છે તેને પામે અને વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે." જે દેવલોકને ભા. મો. અ. ૧૯૮- ૫માં ભગવાનના વૈકુંઠાદિક ધામની આગળ નર્ક તુલ્ય કીધાં છે. માટે ઉપર લખેલ ભા. વ. અ. ૧૬૩- ૨૪માં સ્થાન શબ્દથી વૈકુંઠ ધામનું વર્ણન છે ને તેમાં કહેલા ભક્તો તે વૈકુંઠ ધામને પામે છે. તમો કહેશો કે આવી રીતે ભગવાનના અક્ષરધામને

સ્થાન કહેવામાં પ્રમાણરૂપ શ્રુતિ સ્મૃતિનાં ઘણાંક વાક્યો છે પણ એ કહેવું કેવળ વ્યર્થ છે, કેમ કે જ્યાં સ્થાન લખેલ હોય ત્યાં બીજાં ધામોને જાણવાં અને ભગવાન અક્ષરધામરૂપી સ્થાનમાં રહ્યા છે એમ કહ્યું હોય તો ત્યાં તેજરૂપી સ્થાન જાણવું. કેમ કે ભગવાન તો પોતાના તેજરૂપી ધામમાં જ રહ્યા છે અને તેને જ ગોલોક બ્રહ્મપુરાદિક શબ્દોથી કેટલેક ઠેકાણે કહેલ છે. અને તમો કહો છો કે પ્ર. ૪૧મા વચનામૃતમાં અક્ષરાતિત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે. એ વાક્યમાં દૃષ્ટા અને દશ્ય ભાવનો સંબંધ જણાય છે. જે પુરુષોત્તમ ભગવાન દૃષ્ટા ને અક્ષર દશ્ય અને પછી કહ્યું જે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષમાં પ્રવેશ કરે છે. આમાં પ્રવેશ–પ્રવેશક ભાવ ભગવાન ને અક્ષર વચ્ચે છે અને એ જ વચનામૃતમાં છેલ્લે જતાં કહ્યું છે કે અક્ષર ને પુરુષ પ્રકૃતિ આદિ સર્વેને વિષે પુરુષોત્તમ ભગવાન અંતર્યામી રૂપે રહ્યા છે.

આ વાક્યમાં અક્ષરના અંતર્યામી ભગવાનને કહ્યા છે. તાત્પર્ય એ છે કે પુરુષોત્તમ ભગવાન અને અક્ષર વચ્ચે દૃષ્ટા દશ્ય ભાવથી, પ્રવેશ-પ્રવેશક ભાવથી, વ્યાપ્ય-વ્યાપક ભાવથી સંબંધ જણાય છે. આ સંબંધનું સ્પષ્ટીકરણ આગળ થાશે, એમ કહીને મ. ૧૩ તથા લો. ૧૪ અને પરથારાના આરંભમાં પણ કહ્યું છે કે જેને બ્રહ્મપુર કહે છે, અમૃત ધામ કહે છે,

પરમપદ કહે છે, બ્રહ્મ કહે છે, ચિદાકાશ કહે છે. ઉપર કહેલાં વચનામૃતો તથા પરથારાની વાતની એકતા કરીને તમોએ જે વિરોધ બતાવ્યો છે તે તમારું કહેવું તદ્દન ખોટું છે; કેમ કે અમે એમ કહેતા નથી. અમે તો એમ કહીએ છીએ જે પ્ર. પ્ર. ૪૧મામાં અક્ષરાતિત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે. એ વાક્યમાં દૃષ્ટા -દૃશ્ય ભાવનો, પ્રવેશ-પ્રવેશક તથા વ્યાપ્ય-વ્યાપક ભાવનો સંબંધ છે, તે બિલકુલ વિરુદ્ધ નથી. કેમ કે આમાં જે અક્ષર કહેલા છે તે મુર્તિમાન મૂળ અક્ષરની વાત છે. જે અક્ષરને પ્ર. પ્ર. ૭મામાં ચોથો ભેદ કહેલો છે તે અક્ષરની વાત છે. માટે તેમની સાથે પુરુષોત્તમને ઉપર કહેલો સંબંધ છે તે સત્ય છે. તેમાં કોઈ પ્રકારનો બાધ છે નહિ. અને મ. ૧૩માં કહેલ છે કે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ તથા અક્ષરધામ કહીએ. અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ. તથા પુરુષોત્તમ કહીએ એમ કહ્યું છે તથા લો. ૧૪માં કહ્યું છે કે, "આવી રીતે તો અમારે ઉપાસના છે તે સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે. તે તેજનો સમૂહ અધોઉર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે. તે તેજના સમૂહના મધ્ય ભાગમાં એક મોટું સિંહાસન છે તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે. ને તે

સિંહાસનને ચારે કોરે અનંત કોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે.” આ પ્રકારે મ. ૧૩મામાં જે તેજને આત્મા, બ્રહ્મ ને અક્ષરધામ એ ત્રણ નામથી કહીને તેમાં જે મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ તથા પરબ્રહ્મ તથા પુરુષોત્તમ એ ત્રણ નામથી કહેલ છે માટે આ ઠેકાણે તેજરૂપ અક્ષરધામને જ કહેલ છે. લો. ૧૪મામાં જે તેજનો સમૂહ કહ્યો તે પણ મૂર્તિના તેજને જ કહેલ છે તે જુઓ પ્ર. પ્ર. ૭મામાં, “તથા અક્ષરબ્રહ્મને, ઈશ્વરને, જીવને, માયાને, માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાને અંતર્યામીપણે કહેવા ને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે. અને એ સર્વેથી પૃથક્‌પણે કરીને પોતાના ગોલોક ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે એ ભગવાનનું વ્યતિરેકપણું છે. આમાં ચોખ્ખું જણાય છે કે ભગવાન મૂળઅક્ષરાદિકમાં અન્વયપણે રહ્યા છે, ને વ્યતિરેક તો બ્રહ્મજ્યોતિ જે તેજનો સમૂહ તેમાં જ રહેલ છે. માટે લો. ૧૪મામાં જે તેજનો સમૂહ કહ્યો છે તે મૂર્તિના તેજને જ કહેલ છે, તથા પરથારાના આરંભમાં જેને બ્રહ્મપુર કહે છે, અમૃતધામ કહે છે, પરમપદ કહે છે, બ્રહ્મ કહે છે, ચિદાકાશ કહે છે, તે પણ મૂર્તિના તેજરૂપ અક્ષરધામને જ કહેલ છે. માટે આ ઉપર લખેલાં વચનામૃતો તથા પરથારો તેની સાથે પ્ર. પ્ર. ૪૧માંના વચનામૃતનો સંબંધ જ નથી,

માટે તમે કહેલો જે આક્ષેપ તે કેવળ વ્યર્થ છે.

તમે કહેશો કે પોતાનું તેજ તે તો પોતાની અભેદ શક્તિ છે. શક્તિ-શક્તિમાનનું, પ્રભા-પ્રભાવાનનું અભેદપણું છે. કેમ કે સૂર્ય પોતાની પ્રભાએ કરીને જગતમાં વ્યાપક છે એમ કહેવું તે સંભવે છે. તેમ જ ભગવાન પોતે પોતાના તેજમાં વ્યાપક છે એમ જે કહેવું તે તો પોતે પોતામાં વ્યાપક છે એમ કહ્યા જેવું થયું, કારણ કે પ્ર. પ્ર. ૪૫મામાં ભગવાનના તેજને ભગવાનનું સ્વરૂપ કહ્યું છે અને તે તેજરૂપ સ્વરૂપ દ્વારા એ સર્વત્ર વ્યાપક એવા જે ભગવાન તે જીવ ને ઈશ્વર તેમનાં કર્મના ફળને રૂડી રીતે પમાડે છે. તે કહ્યું છે જે અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદબ્રહ્મ તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે. સૂર્ય સાકાર છે અને તડકો નિરાકાર છે, અગ્નિ સાકાર છે ને જ્વાળા નિરાકાર છે, વરૂણ સાકાર છે ને જળ નિરાકાર છે; તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ ભગવાન તે સાકાર છે. ને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે તો પુરુષોત્તમ ભગવાનનું તેજ છે અને અંતર્યામીપણે કરીને જીવ, ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપનું તેજ તે નિરાકાર છે. આવી રીતે આ વચનામૃતમાં ભગવાનની મૂર્તિનું તેજ છે તેનું સચ્ચિદાનંદ બ્રહ્મ એવું નામ છે અને તે તેજ અંતર્યામીપણાથી સર્વત્ર વ્યાપક છે અને સર્વે જીવ,

ઈશ્વરના કર્મના ફળને આપનારું છે. એ તેજને ભગવાનનું સ્વરૂપ કહેવાય છે. તેને અને ભગવાનને વ્યાપ્ય-વ્યાપક ભાવ હોય તો પોતે પોતામાં વ્યાપે છે એમ કહ્યા જેવું થાય જે તેજે કરીને ભગવાનનું અંતર્યામીપણું છે તેમાં જ પોતે અંતર્યામીપણે વ્યાપક છે એમ કહેવું તે વદતોવ્યાઘાત છે; માટે ભગવાનને અને તેમના તેજને વ્યાપ્ય-વ્યાપક ભાવ પ્રવેશ-પ્રવેશક ભાવ સંભવતો નથી. આવી રીતે ભગવાન અને તેજ વચ્ચે વ્યાપ્ય-વ્યાપક ભાવ અને પ્રવેશ-પ્રવેશક ભાવ સંભવતો નથી, એ જે તમારો કરેલો આક્ષેપ તે તદ્દન ખોટો છે. કેમ કે તેજરૂપ અક્ષરધામની સાથે વ્યાપ્ય વ્યાપક ભાવ અને પ્રવેશ -પ્રવેશક ભાવ અમે બિલકુલ કહેતા નથી. ઉપર લખેલું પ્ર. ૪૫મા પ્રમાણે પુરુષોત્તમ ભગવાન અંતર્યામી શક્તિરૂપ જે પોતાનું તેજ તેણે કરીને જીવ, ઈશ્વર, અક્ષરાદિક સર્વેને વિષે વ્યાપક છે, આ પ્રમાણે તો તમારું પણ માનવું છે ને તેજ દ્વારા એ સર્વેને કર્મફળ આપે છે અને મૂર્તિમાન પોતે પોતાના તેજરૂપ અક્ષરધામમાં સદા વિરાજમાન છે. અમે પણ તે જ પ્રકારે કહીએ છીએ.

તમો કહો છો કે यस्याक्षरं शरीरं આ શ્રુતિ અક્ષરને ભગવાનનું શરીર કહે છે. જો અક્ષર એવું ભગવાનના તેજનું નામ હોય તો તેને ભગવાનનું શરીરપણું કેમ ઘટે. વિશિષ્ટાદ્વૈતના સિદ્ધાંતોમાં જ્યાં શરીરનું લક્ષણ કરેલું છે ત્યાં

ભગવાનનું સર્વત્ર વ્યાપક એવું અંતર્યામી સ્વરૂપ છે, તેની શરીરમાં ગણના કરી નથી, કિંતુ શરીરીમાં ગણના કરેલી છે. તે કહ્યું છે જે ईश्वरतज्ज्ञानव्यतिरिक्तद्रव्यंशरीरम् ભગવાન ને ભગવાનનું ધર્મભૂત જ્ઞાન તે વગરનું બીજું દ્રવ્ય તે શરીર કહેવાય. બીજું દ્રવ્ય તો જીવ, નિત્ય, વિભૂતિ, પ્રકૃતિ, પુરુષ, કાળ, અક્ષર અહીં જે ધર્મભૂત જ્ઞાન કહ્યું તે ભગવાનનું અંતર્યામી સ્વરૂપ જાણવું, જેને પ્ર. પ્ર. ૪૫મામાં સચ્ચિદાનંદ બ્રહ્મ એ નામથી કહ્યું છે. તાત્પર્ય કે લક્ષણમાં ભગવાનના શરીરની ગણનામાં તેમના જ્ઞાનનો નિષેધ કર્યો છે, કારણ કે જ્ઞાનરૂપ પોતાનું અંતર્યામીપણું તેણે કરીને સર્વત્ર વ્યાપીને કર્મના ફળને આપતા થકા શરીરી થાય છે, માટે જ્ઞાનને શરીરી કહેવાશે. તેવી જ રીતે પ્ર. પ્ર. ૪૫મામાં કહ્યું છે, "અને અંતર્યામીપણે કરીને સર્વત્ર એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે ભગવાન તેનું તેજ છે." આવી રીતે અંતર્યામી થવામાં તેજ શબ્દેથી વ્યવહાર કર્યો છે. અને પૂર્વે કહેલા લક્ષણમાં અંતર્યામી થવામાં જ્ઞાન શબ્દથી વ્યવહાર કર્યો છે. તે બંને પર્યાયવાચક છે. આવી રીતે જ્ઞાન અને તેજવાચક એવું ભગવાનનું અંતર્યામી સ્વરૂપ તેને જ મધ્યના ૧૩મામાં કહ્યા પ્રમાણે અક્ષરધામ એવા નામથી કેમ કહી શકાશે? અને જો એ ભગવાનના તેજને જ અક્ષરધામ કહીએ તો શ્રુતિમાં અક્ષરને ભગવાનનું શરીર કહ્યું છે તે ઘટશે નહિ, અને બીજાં

કેટલાંક વચનામૃતમાં અક્ષરના અંતર્યામી ભગવાન છે એમ કહેલું છે, તે પણ ઘટશે નહિ.

આજે તમે કહ્યું તે સર્વે અસંભવિત છે અને કેવળ વિરુદ્ધ છે; કેમ કે यस्याक्षरं शरीरं જે ભગવાનનું શરીર અક્ષર છે એ શ્રુતિમાં જે અક્ષર કહેલ છે તે તો મૂર્તિમાન અક્ષરને કહેલ છે અને તે અક્ષર ભગવાનનું શરીર છે. એમાં શરીરના લક્ષણ પ્રમાણે કોઈ પ્રકારનો બાધ છે નહિ. કેમ કે જીવ, કાળ, પ્રકૃતિ, પુરુષ, અક્ષર એ સર્વે ભગવાનથી પૃથક્ છે. માટે એ બધાય ભગવાનનું શરીર છે, અને ભગવાન તેમના શરીરી છે, તે પ્ર. ૪૫મામાં કહ્યું છે જે ભગવાન અંતર્યામી સ્વરૂપે સર્વેમાં વ્યાપક છે, તથા પ્ર. ૬૩મામાં કહ્યું છે, જે પોતાની કાન્તિએ કરીને અક્ષરધામ અને અનંત કોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે. આ પ્રમાણે અક્ષરાદિકને વિષે અન્વયપણે પોતે રહ્યા છે, માટે મૂર્તિમાન અક્ષરને વિષે એ લક્ષણ બરાબર ઘટે છે, એમાં કોઈ પ્રકારનો વિરોધ છે જ નહિ. અને પૂર્વે કહેલી શ્રુતિમાં એ અક્ષરને જ ભગવાનનું શરીર કહેલું છે માટે ભગવાનના તેજરૂપ અક્ષરધામને એ ઠેકાણે ભગવાનનું શરીર કહેલ નથી, જેણે કરીને તમારો કહેલો વિરોધ સત્ય થાય, માટે તમે બતાવેલો જે વિરોધ તે કેવળ અનર્થક છે.

તમો કહો છો કે અંતર્યામી સ્વરૂપ જે તેજ અને જ્ઞાન

એ બે પર્યાયવાચક છે, અને મ. ૧૩મામાં કહેલું જે તેજ તેને જ અક્ષરધામ એવા નામથી કહીએ તો શ્રુતિમાં અક્ષરને ભગવાનનું શરીર કહ્યું છે તે ઘટશે નહિ. અને બીજાં કેટલાંક વચનામૃતમાં અક્ષરના અંતર્યામી ભગવાન છે એમ કહ્યું છે એ પણ ઘટશે નહિ. એમ જે તમે કહ્યું તે પણ તમારું કહેવું તદ્દન ખોટું છે.

કેમ કે મ. ૧૩મામાં જે તેજ છે તેને આત્મા, બ્રહ્મ, અક્ષરધામ એ ત્રણ નામથી કહેલ છે તે સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાનનું જ વચન છે. માટે ભગવાને પોતાના તેજને અક્ષરધામ નામે કહેલ છે તે ભગવાનનું જ કહેલું તેને ફેરવીને બીજી રીતે જો કોઈ અર્થ કરે તો ભગવાનના કહેવાથી વિરુદ્ધ છે માટે તદ્દન તે અર્થ ખોટો જ કહેવાય એમાં કાંઈ શંકા છે નહિ. અને અક્ષરના અંતર્યામી ભગવાન છે તેમાં તો તમે પણ અમને મળતા જ છો. માટે જે અક્ષરના અંતર્યામી ભગવાન છે તે મૂર્તિમાન અક્ષરના ભગવાન શરીરી છે અને અક્ષર શરીર છે તે વાત નિર્વિવાદ છે. તમે કહો છો કે પ્ર. પ્ર. ૬૪મામાં કહ્યું છે જે, પુરુષોત્તમ એવા જે ભગવાન તેનું શરીર આત્મા તથા અક્ષર છે એમ શ્રુતિમાં કહ્યું છે ને તે આત્મા ને અક્ષર તો વિકારે રહિત છે ને તેમાં કાંઈ હેય ઉપાધિ નથી. ને જેમ ભગવાન માયા થકી પર છે તેમ તે આત્મા ને અક્ષર પણ માયા થકી પર છે. એવા જે આત્મા ને અક્ષર તે કેવી

રીતે ભગવાનનું શરીર કહેવાય છે, અને દેહને દેહીને વિલક્ષણતા છે તેમ તેમાં કેવી રીતે વિલક્ષણતા છે. આ પ્રશ્ન પૂછ્યો તેમાં જ ભગવાનના તેજથી બંને પ્રકારના અક્ષરનું સ્વરૂપ જુદું પડ્યું કારણ કે यस्यात्मा शरीरं यस्याक्षरं शरीरं આત્મા જે જીવ તે જેનું શરીર છે અને અક્ષર જેનું શરીર છે. આ શ્રુતિઓમાં ભગવાન શરીરી અને આત્મા તથા અક્ષર શરીર છે એમ વર્ણવ્યું છે. ને વિશિષ્ટાદ્વૈત મતના સિદ્ધાંતોમાં બીજું એક શરીરનું લક્ષણ કરાય છે. चेतनं प्रत्याधेयत्व विधेयत्वशेषत्वनियमैरपृथक् सिद्धो द्रव्य-विशेषः ચેતન વસ્તુનો આશ્રય કરીને રહેનાર અને ચેતન તેણે નિયામ્ય એટલે નિયમમાં રાખવા યોગ્ય અને ચેતનનું શેષ હોવું તથા નિયમપૂર્વક ચેતનથી અપૃથક્ સિદ્ધ દ્રવ્ય વિશેષ હોય તે શરીર કહેવાય. અહીં ચેતન શબ્દથી ભગવાન અને જીવ બંને લેવા અને ઉક્ત લક્ષણ પ્રમાણે ચિત્ અચિત્ બંને ભગવાનનાં શરીર થાય છે. અને આપણો દેહ તે જીવનું શરીર થાય છે. આ શરીરના લક્ષણમાં ચેતન એવો શબ્દ છે તે ધર્મ વિશિષ્ટ પર ઘટાડવો, તેથી ભગવાનના તેજને અને જીવના જ્ઞાનને શરીરપણું નહિ પ્રાપ્ત થાય. આ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે અક્ષરબ્રહ્મ ભગવાનનું શરીર છે અને ભગવાન એના શરીરી છે, માટે ભગવાનના તેજનું નામ જ અક્ષરબ્રહ્મ એમ નહિ, કારણ કે તેજથી ભિન્ન વસ્તુને શરીરનું લક્ષણ ઘટે છે.

इश्वरतज्ज्ञानव्यतीरिक्तद्रव्यं शरीरम् ત્યાંથી અહીં સુધી તમે જે લખ્યું તે કેવળ અસંભવિત છે.

કેમ કે ઈશ્વર તથા તેમનું જ્ઞાન તે થકી જુદું દ્રવ્ય હોય તે શરીર કહેવાય. આ ઠેકાણે ઈશ્વરને ઈશ્વરનું જ્ઞાન એવો શબ્દ છે. તે શબ્દનો તમોએ અંતર્યામી સ્વરૂપ જે તેજ એવો વિપરીત અર્થ કર્યો છે. તમે કહેશો કે લક્ષણાથી એ અર્થ સંભવે છે તો લક્ષણાનો આ ઠેકાણે અવકાશ છે જ નહિ. કેમ કે ઈશ્વર ને ઈશ્વરનું જ્ઞાન તેથી બીજું દ્રવ્ય હોય તે શરીર કહેવાય. તે અર્થ સુધો છે. તેને ફેરવીને તમે વિપરીત અર્થ કર્યો છે માટે વ્યર્થ છે. બીજું चेतनं प्रत्याध्येयत्वविधेयत्वशेषत्वनियमैरपृथक् सिद्धोद्रव्य विशेषः शरीरम् આ પ્રકારે શરીરનું બીજું લક્ષણ છે. આનો અર્થ ચેતનને આશરે રહેનાર. ચેતન તેણે નિયમમાં કરવા યોગ્ય અને ચેતનનું શેષ હોવું. નિયમપૂર્વક ચેતનથી અપૃથક્ સિદ્ધ દ્રવ્ય વિશેષ હોય તે શરીર કહેવાય. આ લક્ષણમાં તેજનો પણ શરીરમાં સમાવેશ ચોખ્ખી રીતે જણાય છે. કેમ કે ચેતન જે મૂર્તિ તેનું આધેય તેજ છે અને મૂર્તિ આધાર છે. અને ચેતનથી અપૃથક સિદ્ધ દ્રવ્ય છે. તમે કહેશો કે તે તેજ તો અક્ષરનું છે પણ મૂર્તિનું નથી એટલે ભગવાનનું નથી. તો તે તમારું કહેવું કેવળ નિર્મૂળ છે. જુઓ હ. વા. સુ. તરંગ ૬૬ શ્લોક ૧૨ निराधारं न तेजः स्यादिति सर्वत्र द्रश्यते ।।

तदंगकान्तिस्तेजोऽतो यद्ब्रह्मेत्युच्यतेऽक्षरम् ।। કોઈ પણ આધાર વિના તેજ રહી શકતું નથી. એ પ્રકારે સર્વે ઠેકાણે દેખાય છે. એ હેતુ માટે જેને અક્ષરબ્રહ્મ કહેવાય છે તે ભગવાનના અંગની કાન્તિ એટલે તેજ છે.

તમે કહેશો કે શરીરના લક્ષણમાં ચેતન શબ્દને ધર્મવિશિષ્ટ પર ઘટાડવો, જેથી તેજને શરીર નહિ કહેવાય તો તે તમારું કહેવું મિથ્યા છે.

કારણ કે ચેતન શબ્દનો સુધો અર્થ ઉપર લખ્યા પ્રમાણે સંભવે છે. છતાં તેનો અર્થ તર્કથી અથવા લક્ષણાથી ફેરવીને ક્લીષ્ટ કલ્પના કરવી ને સ્વમત સિદ્ધ કરવો તેવું આપને ત્યાં સામ્રાજ્ય નથી. માટે તમારું કહેવું છે તે નિર્મૂળ છે. અને બીજા લક્ષણમાં ભગવાનના તેજને પણ ચોખ્ખી રીતે શરીર કહેલ છે. અને પ્ર. ૬૪મામાં यस्यात्मा शरीरं यस्याक्षरं शरीरम् આત્મા જે જીવ તે જેનું શરીર છે અને જેનું અક્ષર શરીર છે માટે ભગવાનના તેજથી બે પ્રકારનું અક્ષર જુદું પડે છે. આવું જે તમોએ કહ્યું તે પણ અસંભવિત છે, કેમ કે પ્ર૦ ૬૪મા વચનામૃતને ફેરવીને જીવ અને અક્ષર ઉપર તમોએ ઘટાડેલ છે અને જો તે પ્રમાણે જ હોય તો પહેલા લક્ષણથી જ આત્મા ને અક્ષર બંનેનું શરીરપણું સિદ્ધ છે તો પછી આત્મા અને અક્ષર તેમને ભગવાનનું શરીરપણું કેવી રીતે છે. આ પ્રકારની શંકાનો અવકાશ છે જ નહિ, જેણે કરીને

પ્રશ્નની શંકા ઊભી થાય. અને શંકા ઊભી થાય તેવી રીતે તો મૂળ પ્રત શુકાનંદ સ્વામીની શોધેલી છે તેમાં લખેલ છે તથા તે ઉપરથી છપાયેલા રહસ્યાર્થના ગોટકામાં છે. તે પ્ર. પ્ર. ૬૪માં, "પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પુરુષોત્તમ એવા જે ભગવાન તેનું શરીર આત્મા તથા અક્ષર છે એમ શ્રુતિએ કહ્યું છે તે આત્મા તો સર્વત્ર પૂર્ણ છે ને વિકારે રહિત છે ને તે આત્માને વિષે કાંઈ હેય ઉપાધિ નથી ને જેમ ભગવાન માયા થકી પર છે તેમ આત્મા પણ માયા થકી પર છે એવો જે આ આત્મા તે કઈ રીતે ભગવાનનું શરીર કહેવાય છે. અને જીવનું શરીર તો જીવ થકી અત્યંત વિલક્ષણ છે ને વિકારવાન છે ને દેહી જે જીવ તે તો નિર્વિકારી છે માટે દેહને દેહીને તો અત્યંત વિલક્ષણપણું છે. તેમ પુરુષોત્તમ ને પુરુષોત્તમના શરીરને વિષે અત્યંત વિલક્ષણપણું જોઈએ. તે કહો કેમ વિલક્ષણપણું છે. પછી કોઈથી ઉત્તર ન થયો. પછી શ્રીજીમહારાજે ઉત્તર કર્યો જે પુરુષોત્તમ એવા જે ભગવાન છે તે સદાય મૂર્તિમાન છે ને મૂર્તિમાન હોય તે અશરીરીના આત્મા હોય. જેમ વરુણ મૂર્તિમાન છે તે અશરીરી જે જળ તે સર્વેનો આત્મા છે ને મૂર્તિમાન જે અગ્નિ તે જ્વાળારૂપ જે અશરીરી અગ્નિ તે સર્વેનો આત્મા છે. ને મૂર્તિમાન જે સૂર્ય તે અશરીરી જે પ્રકાશ તેનો આત્મા છે. તેમ અશરીરી જે બ્રહ્મ તેના મૂર્તિમાન જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા છે. એવી રીતે અક્ષર ને આ

જે બ્રહ્મ એટલે પુરુષોત્તમના તેજરૂપ આત્મા તે પુરુષોત્તમનું શરીર છે ને પુરુષોત્તમ ભગવાન પોતે શરીરી છે માટે આવી રીતે શ્રીજીમહારાજે તેજને પોતાનું શરીર કહેલ છે અને ઉપર કહેલું જે શરીરનું બીજું લક્ષણ તે પ્રમાણે પણ તેજને શરીર કહેવું તે વાત નિર્વિવાદ છે. માટે તેમાં કોઈ પ્રકારની શંકા છે જ નહિ. માટે તમારી ઉપર કરેલી સર્વે શંકાઓ તે વ્યર્થ છે. અને લો. ૧૩મામાં કહ્યું જે પોતાની ઇચ્છામાં આવે તો અક્ષરધામમાં રહ્યા જે મુક્ત તેમને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એકલા જ રહે ને પછી કહ્યું કે જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે એકલા જ વિરાજમાન રહે અને જે અક્ષરને વિષે રહ્યા છે એમ કહ્યું છે તેથી ચોખ્ખું સ્પષ્ટીકરણ થાય છે કે પ્ર. પ્ર. ૭મામાં ચોથા ભેદરૂપ જે અક્ષર કહેલા છે તેથી પૃથક્ પોતાના ગોલોકધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહ્યું છે તે બ્રહ્મજ્યોતિરૂપ પોતાના તેજમાં મુક્તોને લીન કરવાનું લો. ૧૩મામાં કહ્યું છે. અને જે અક્ષરધામને એટલે જે તેજરૂપ અક્ષરધામમાં પોતે રહ્યા છે તે તેજરૂપ ધામને પણ લીન કરીને પોતે એકલા જ સ્વરાટ થકા રહે છે. તાત્પર્ય એ છે કે તે તેજરૂપ ધામને પણ પોતાને વિષે લીન કરીને પોતાના સામર્થ્યે કરીને સર્વને ધારવાને પોતે સમર્થ છે એમ કહ્યું છે. માટે પુરુષોત્તમ ભગવાન પોતાના ધામમાં રહ્યા થકા તેજરૂપ

અંતર્યામી શક્તિ વડે કરીને સર્વેમાં અન્વયપણે રહ્યા છે, તે કહ્યું છે જે, હ. વા. સુ. તરંગ ૬૩માં, "तदा वर्णयितुं शक्यं केन कृष्णांगजं महः सकृष्णो महसा स्वेनान्वितोऽस्ति पुरुषादिषु" તો તે ભગવાનના અંગનું તેજ તેને વર્ણન કરવા કોણ સમર્થ છે? તે ભગવાન પોતાના તેજ વડે કરીને પુરુષાદિકને વિષે અન્વયપણે રહ્યા છે માટે તમારો આક્ષેપ તદ્દન વ્યર્થ છે. તમે કહેશો કે મૂર્તિ એક દેશસ્થ છે તો તે વ્યાપી શકે નહિ. તે તમારું કહેવું વ્યર્થ છે. કેમ કે શતાનંદમુનિએ શિક્ષાપત્રીની અર્થદીપિકામાં પણ સૂર્યના દૃષ્ટાંતથી કહ્યું છેઃ ।। न च साकारस्यपरिच्छिन्नत्वाद्व्यापकत्वमसंगतमितिवाच्यं ।। साकारस्यापि सूर्यस्य स्वस्वरूपभूततेजोभिर्ब्रह्मांडव्यापकत्वमिवतस्यापिस्वस्वरूपभूतसच्चिदानंदादिशक्तिभिरेव मायातत्कार्यव्यापकत्वसंभवान्नपरिच्छिन्नत्वम् ।। સાકારને એક દેશમાં રહેવાપણું છે માટે વ્યાપકપણું નહિ સંભવે તેમ કહેવું? તો કહે છે કે ન કહેવું. જેમ સાકાર સૂર્યનું પોતાના તેજે કરીને બ્રહ્માંડમાં વ્યાપકપણું છે, તેમ ભગવાન પણ પોતાના ધામમાં રહ્યા થકા પોતાની સચ્ચિદાનંદાદિ શક્તિ દ્વારે માયા ને તેના કાર્યભૂત બ્રહ્માંડમાં વ્યાપક છે માટે પરિછિન્નપણું નથી. તે જુઓ લખેલી પ્રતમાં, શ્લો. ૨૯માં, "માટે સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ જે અંતર્યામી શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપીને સર્વેને કર્મફળ આપે છે. અને મૂર્તિમાન

પોતાના ધામમાં રહ્યા છે, અને તે ભગવાન પોતાના ભક્તમાં મૂર્તિમાન રહ્યા છે, તે મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં કહ્યું છે કે, स्वैकान्तिकभक्तेषुतुस्वयमेवस्थितश्च તમે કહેશો કે अततिव्याप्नोतीति आत्मा વ્યાપ્ય વસ્તુમાં સર્વથા વ્યાપીને રહે તે આત્મા કહેવાય છે. સૂર્યની મૂર્તિ સૂર્યના મંડળમાં રહે છે, પણ તડકામાં વ્યાપતિ નથી. અગ્નિની મૂર્તિ અગ્નિલોકમાં છે, પણ જ્વાળામાં વ્યાપતિ નથી. એક દેશસ્થ મૂર્તિ કેવી રીતે વ્યાપી શકે? અને જ્યારે વ્યાપી શકે નહિ, ત્યારે આત્મા પણ કેમ થાય? તેથી ભગવાનની મૂર્તિ પણ તે પોતાના તેજનો આત્મા કોઈ દિવસ થાય જ નહિ. એ જે તમારું કહેવું તે તદ્દન ખોટું છે, કેમ કે પ્ર૦ પ્ર૦ ૪૫માામાં પણ જેમ અગ્નિ, સૂર્ય ને વરૂણ તે મૂર્તિમાન પોતપોતાના સ્થાનમાં રહ્યા છે, ને જ્વાલા, તેજ ને જલરૂપી શરીરે કરીને સર્વત્ર વ્યાપક છે તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે, અને પુરુષોત્તમ ભગવાન તે સાકાર છે, અને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે. તે તેજને સંવત ૧૯૫૫ની સાલમાં મોટા અક્ષરથી સદ્‌ગુરુ સ્વામી પુરાણી દેવચરણદાસજીસ્વામી તથા શાસ્ત્રી ગિરજાશંકરભાઈના હસ્તથી છપાયેલ પ્રતના પ્ર. પ્ર. ૪૫ના ભાવાર્થમાં મૂર્તિના તેજને શરીર શબ્દથી કહેલ છે, તે ભાવાર્થ સર્વત્ર નિરાકાર વ્યાપક ને પરિપૂર્ણ જેના શરીરી પુરુષોત્તમ છે, એવું

અક્ષરબ્રહ્મરૂપ ભગવાનનું તેજ તેને વિષે પુરુષોત્તમ સદા સાકાર રહ્યા છે, એમ લખ્યું છે. માટે આ પ્રમાણે તેજને અક્ષરબ્રહ્મ તથા શરીર કહેવામાં કોઈ પ્રકારનો બાધ છે જ નહિ. માટે મૂર્તિ પણ તેજનો આત્મા તથા શરીરી છે, એમ પુરુષોત્તમ ભગવાને પોતે કહ્યું છે. પ્ર. ૬૪માં, "જેમ મૂર્તિમાન સૂર્ય તે અશરીરી જે પ્રકાશ તેનો આત્મા છે અને મૂર્તિમાન જે અગ્નિ, તે અશરીરી જે જ્વાળા તેનો આત્મા છે. અને મૂર્તિમાન વરુણ તે અશરીરી જે જળ તેનો આત્મા છે. તેમ અશરીરી બ્રહ્મ જે તેજ તેના મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા છે, ને પોતાનું તેજ તે ભગવાનનું શરીર છે." માટે પુરુષોત્તમ એવા ભગવાન તેમના કહેવા પ્રમાણે નિરાકાર અક્ષરબ્રહ્મના આત્મા ભગવાન છે, એમ કહેવામાં કોઈ પ્રકારનો બાધ છે જ નહિ, કેમ કે બીજાના કરોડ વચનથી પણ પુરુષોત્તમ ભગવાનનું એક વચન હોય, તે અતિ બળવાન પ્રમાણ છે. માટે તેમાં બીજાં કોઈ પ્રમાણોની અપેક્ષા છે જ નહિ. અને વળી બીજું ઉપર કહેલા શરીરનાં બીજાં લક્ષણ પ્રમાણે તેજને શરીર કહેવામાં કોઈ પ્રકારનો બાધ છે જ નહિ. માટે તમારી શંકા તદ્દન નિર્મૂળ છે. તમે કહેશો કે સાકાર નિરાકાર બંને અક્ષરનાં સ્વરૂપ તેજથી જુદાં માનવાં, તો ત્યાં એ શંકા છે જે અક્ષરનાં સાકાર નિરાકાર એ બે સ્વરૂપ છે, તેમાં આધાર આધેય કોણ છે? ત્યારે તમે કહેશો

કે મૂર્તિમાન અક્ષર આધાર છે, તો આધાર હોય તે પ્રથમ ગણાય. પણ પ્ર. પ્ર. ૨૧મામાં કહ્યું છે કે તે અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે. તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજે રૂપે કરીને, પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. તે આ ઠેકાણે નિરાકાર અક્ષરને પ્રથમ ગણેલ છે. તમે કહેશો કે નિરાકાર અક્ષર આધાર છે તો પછી તે નિરાકાર અક્ષરકોને આધારે રહેલ છે? કેમ કે આધાર વિના તેજ રહેતું નથી તે શંકા છે. તરંગ ૬૬: निराधारं न तेजः स्यादितिसर्वत्र द्रश्यते ।। तदंगकान्तिस्तेजोऽतो यद् ब्रह्मेत्युच्यतेऽक्षरम् ।। १२ ।। આધાર વિના તેજ રહી શકતું નથી, એમ સર્વત્ર દેખાય છે. એ હેતુ માટે જે અક્ષરબ્રહ્મ છે, તે ભગવાનના અંગની કાન્તિ એટલે તેજ છે. માટે આ પ્રમાણે મૂર્તિના તેજને જ અક્ષરબ્રહ્મ કહેલ છે. અને તે તેજ દ્વારે મૂર્તિમાન અક્ષર આદિકમાં વ્યાપક છે. તે નિરાકાર અક્ષરબ્રહ્મ જે, પોતાનો પ્રકાશ તેમાં જ પોતે રહ્યા છે. તે હ. સુ. ત. ।। ૫૧ ।। आविर्भूतोऽस्ति सोऽप्यादावक्षरस्यैकदेशतः ।। अंतर्बर्हिश्चतंव्याप्य स्थितंतत्कृष्णधाम चकृष्णस्यैवांगतेजश्च सच्चिदानंदलक्षणम् ।। १८ ।। अनेककोटिब्रह्मांडाधारोऽनंत-मनादि च ।। तदीयदृष्टयात्वस्त्येकं ब्रह्मैवनतुपूरुषः ।। १९ ।।

तत्रस्थितोऽस्तिभगवान् सर्वकारणकारणम् ।। २० ।। सर्वत्र-कारणत्वेनाऽन्वितोऽस्ति निजतेजसा ।। व्यतिरिक्तश्चधाम्नि स्वे राजतेऽनेकशक्तिभिः ।। २२ ।। તે પુરુષ અક્ષરબ્રહ્મના એક દેશમાંથી ઉત્પન્ન થાય છે, ને તે પુરુષને માંહી ને બહાર વ્યાપીને અક્ષરબ્રહ્મ રહેલ છે. ને તે અક્ષર ભગવાનનું ધામ છે. અને સત્ ચિત્ ને આનંદ છે લક્ષણ જેનું એવું અક્ષરબ્રહ્મ તે ભગવાનના અંગનું તેજ છે, અનંતકોટિ બ્રહ્માંડનો આધાર છે, ઉત્પત્તિ, વિનાશ રહિત છે. તે અક્ષરબ્રહ્મની દૃષ્ટિએ જોઈએ તો એકલું અક્ષરબ્રહ્મ જ છે. પુરુષાદિક બીજું કાંઈ નથી. તે તેજરૂપ અક્ષરને વિષે સર્વ કારણના કારણ એવા પુરુષોત્તમ ભગવાન રહ્યા છે. અને સર્વને વિષે કારણપણે પોતાના તેજરૂપે કરીને અન્વયપણે રહેલા છે. અને અનેક શક્તિઓએ સહિત પોતાના તેજરૂપ ધામમાં વ્યતિરેક રહ્યા છે. માટે તેજને ધામ તથા શરીર કહેવું તેમાં ઉપર કહ્યા પ્રમાણે કોઈ પ્રકારનો બાધ કે વિરોધ છે જ નહિ. આવી રીતે મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં પણ તેજને જ અક્ષરધામ શબ્દથી કહેલ છે. અ. ૧ ના. ૪ સૂ. ૨૭ ।। परिणामात् ।। नन्वेकत्राक्षरतेजसि लीनमित्युक्तमन्यपरमात्मनि लीनमितिच पृथक् पृथक् कथं लीनतेतिचेत्तत्रोच्यतेअक्षररूपतेजःपरब्रह्मणोःप्रभाप्रभावतोरिवा भेदविवक्षयाऽक्षरतेज सिलीनमपि तत्परममात्मनि लीनमिति वदंति નનુ એમ શંકા કરીને કહે છે કે એક ઠેકાણે અક્ષરરૂપ

તેજમાં લીન થાય છે એમ કહ્યું અને બીજે ઠેકાણે પરમાત્મામાં લીન થાય છે એમ કહ્યું, એવી રીતે જુદું જુદું લીનપણું કેવી રીતે ઘટે, એમ કહેતા હો તો કહે છે કે અક્ષરરૂપ તેજ ને પરબ્રહ્મ તેની પ્રભા-પ્રભાવાનની પેઠે અભેદ વિવક્ષાએ કરીને અક્ષરરૂપ તેજમાં લીનપણું તે પરમાત્મામાં જ લીનપણું છે એમ કહે છે.

વળી તમો કહેશો કે અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ અને એ અક્ષર બીજેરૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. આ વચનામૃતમાં ભગવાન અને તેમનું તેજ તેથી તદ્દન જુદું, જે એક અક્ષર છે, તેના જ સાકાર નિરાકાર બે રૂપો કહેલાં છે. જેમ સૌભરી ઋષિ આદિક પોતે એક હોવા છતાં પણ અનેક રૂપો ધારીને જુદાં જુદાં કાર્યને કરતા હતા, તેમ અક્ષર એક હોવા છતાં પણ બે રૂપોને ધારણ કરીને જુદાં જુદાં કાર્યોને કરે છે તે તમારું કહેવું તદ્દન અસંભવિત છે. કેમ કે સૌભરી આદિકનું દૃષ્ટાંત આ અક્ષરને સંભવતું નથી, કેમ કે તેઓ તો અનેક રૂપે મૂર્તિમાન થકા કાર્યો કરે છે. આ ઠેકાણે એક અક્ષર છતાં બે રૂપે થઈને જુદાં જુદાં કાર્યો કરે છે એ પણ અસંભવિત છે. કેમ કે એક છે તે બે રૂપને ધારણ કરે છે તો બે રૂપ તો સાકાર નિરાકાર તેને ધારણ કરનાર ત્રીજું પણ આ કહેવાથી સિદ્ધ થાય છે

અને પ્ર૦ ૨૧મામાં તો કહેલ છે કે તે અક્ષરનાં બે સ્વરૂપ છે, તેમાં એક તો એકરસ નિરાકાર ચૈતન્ય છે. તેને ચિદાકાશ કહે છે, બ્રહ્મમહોલ કહે છે, તો ચિદાકાશ તો પ્ર. પ્ર. ૪૬મામાં મૂર્તિના તેજને કહેલ છે. બ્રહ્મ એવા નામથી પણ કહેલ છે, અને સર્વધાર છે. માટે આ ઠેકાણે તેજને જ કહેલ છે.

માટે તમારી કરેલી શંકા તે કેવળ વ્યર્થ છે. અને મૂર્તિમાન અક્ષરમાં નિરાકાર અક્ષર વ્યાપે છે તેથી મૂર્તિમાન અક્ષરને નિરાકાર અક્ષરનું બીજું સ્વરૂપ કહ્યું છે તે સત્ય છે.

તમે કહેશો કે જો એમ હોય તો સૂર્યનું તેજ પૃથ્વીમાં વ્યાપે છે તો પૃથ્વી સૂર્યના તેજનું બીજું સ્વરૂપ છે એમ કહી શકાશે. તો તે તમારું કહેવું કેવળ ખોટું છે. કારણ કે પુરુષોત્તમના તેજને ને સૂર્યના તેજને સરખાપણું નથી. કેમ કે પુરુષોત્તમનું તેજ તો ચૈતન્ય છે અને સર્વેમાં વ્યાપિને સર્વેને કર્મફળ આપે છે. અને સૂર્યનું તેજ તો જડ છે, માટે કેવળ પ્રકાશ કરે છે. બીજું કાંઈ કાર્ય કરતું નથી. માટે તેનું બીજું સ્વરૂપ પૃથ્વીને કહેવું તે તો કેવળ ખોટું છે. તમે કહેશો કે જેમ બીજા અવતારોમાં અવતારી વ્યાપે છે. તેથી તે અવતારો અવતારીનાં સ્વરૂપ કહેવાય છે.

તેમ અહીં મૂર્તિમાન અક્ષરમાં નિરાકાર અક્ષર વ્યાપે છે, તેથી એને નિરાકાર અક્ષરનું બીજું સ્વરૂપ કહેવાય છે. આવી રીતે કહેવાથી તો મૂર્તિમાન અક્ષરમાં ગૌણપણું આવી જશે.

બીજા અવતારોમાં અવતારી વ્યાપે છે તેથી બીજા અવતારો અવતારીનાં ગૌણ સ્વરૂપ કહેવાય છે. પણ અવતારીની સમકોટિના નથી તેમ અહીં મૂર્તિમાન અક્ષર પણ નિરાકાર અક્ષરનું ગૌણ સ્વરૂપ કહેવાશે. પણ બંને સમાન નહિ કહેવાય. અને વચનામૃતમાં તો બંનેને સમાન કહેલાં છે પણ એક ગૌણ અને એક મુખ્ય એવો ભેદ પાડ્યો નથી. માટે ભગવાનના તેજને અક્ષરધામપણું સંભવતું નથી. એ જે તમારું કહેવું તે તદ્દન અસંભવિત છે. કેમ કે અક્ષરધામ એવા શબ્દથી ભગવાનના તેજને ઘણાંક વચનામૃતોમાં કહેલ છે અને અવતારના સ્વરૂપ ગૌણ છે તે તો તમે કબૂલ કરો છો. તેમ જ આ ઠેકાણે એટલે પ્ર. ૨૧માં જુઓ કે એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમની સેવામાં રહે છે. તો ચોખ્ખી રીતે બીજા સ્વરૂપની ગૌણતા જણાય છે, તે સત્ય જ છે, કેમ કે નિરાકાર એકરસ ચૈતન્ય છે, તે તો પુરુષોત્તમની મૂર્તિનું તેજ છે અને તે એક જ છે. જેમ પુરુષોત્તમ એક છે તેમ તે તેજરૂપ ધામ પણ એક જ છે. તે તેજ જે મૂર્તિમાન અક્ષરમાં પ્રવેશ કરીને સૃષ્ટિરૂપ સેવા કરે છે તે મૂર્તિમાન અક્ષર તો ઘણાક છે. તે કા. ૧૦માં, "પુરુષોત્તમને ભજીને પ્રકૃતિ પુરુષ જેવા તથા બ્રહ્મ તથા અક્ષર જેવા થાય છે, પણ પુરુષોત્તમ જેવો થવાને કોઈ સમર્થ નથી." માટે તે અક્ષર તો કોટિ છે તે દેવાનંદ સ્વામીએ કહ્યું

છે કે, 'અક્ષરકોટિ અપાર સમસ્ત પ્રભુ સાર સાર, દેવાનંદ વાર વાર, વંદત મતવારે.' તમે કહેશો કે તે કોટિ અક્ષર તો ભજીને થયેલા જે મહાપુરુષરૂપ મુક્તો તેમને કહેલા છે તો તે જ વચનામૃતમાં મહાપુરુષને અક્ષરથી જુદા ગણેલા છે. તથા ઘનશ્યામ લીલામૃતસાગર ઊ. ત. ૩૮ ચો ૧૯માં, "કોટિ ઈશ્વર ને કોટિ બ્રહ્મ; કોટિ અક્ષર જે અનુક્રમ.' માટે ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તે સર્વેની કોટિયો છે. અને જેમ પુરુષોત્તમ એક છે તેમ તેજરૂપ અક્ષરધામ તો એક જ છે માટે વિશેષ જ છે. માટે તમારી શંકા તદ્દન ખોટી છે. અને પ્ર૦ ૭માં અક્ષરનું અન્વય વ્યતિરેકપણું પુરુષોત્તમ કરતાં જુદું કહ્યું છે, અને પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિકમાં અન્વય એટલે તેજરૂપે રહ્યા છે તે મુક્તાનંદ સ્વામી કૃત સૂત્ર ભાષ્યરત્ન अ. १ पा. १ सू. २मां प्रलयेस्वप्रकाशरूपयासंकुचितांतर्यामिशक्त्या सूक्ष्म चिदचिद्वस्तुविशिष्टं ब्रह्म.... तथा अ. १ पा. १ सू. ५मां ।। चिद चित्प्रपंचरूपेवस्तुनिस्वप्रकाशरूपांतर्यामिशक्त्याविशिष्ट एवकार्य कारणरूपः सत्पदविषय इति निर्णयः ।। આમાં પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિ દ્વારા વ્યાપકપણું કહ્યું છે તે પ્રકાશને બ્રહ્મ શબ્દથી કહેલા છે માટે એ જ પુરુષોત્તમના તેજરૂપ ધામને અધિક સૂચવે છે. ધામનું અધિકપણું છે તે નિઃશંક છે અને જેમાં અન્વય થાય છે, તે ગૌણ છે, તે તો ચોખ્ખું જણાય છે, તેમાં શંકા જ નથી. તમે કહેશો કે અહીં

અક્ષરમાં ભગવાનનું અન્વયપણું એવી રીતે ઘટાડવું કે અક્ષરનાં બંને સ્વરૂપો કાયમ રહેતાં થકા ભગવાન એમાં અન્વયથી વ્યાપે છે, તે તેવો જ સિદ્ધાંત છે, પણ તે તમોને દેખાતો નથી તે તપાસીને જોશો તો જણાશે, જુઓ કે પ્ર. ૨૧માં, "એકરસ ચૈતન્ય કહ્યું તે તો મૂર્તિનું તેજ છે, અને તે બીજે રૂપે એટલે મૂર્તિમાન અક્ષરમાં પ્રવેશ કરીને સૃષ્ટિ કરવારૂપ સેવા કરે છે." અ. પ્ર. ૨૧માં તેજરૂપ ધામનાં જ આ બે રૂપ કહ્યાં છે તેવી રીતે કહેવાથી પણ જે મૂર્તિમાન અક્ષરમાં પ્રવેશ કરે છે તે અક્ષરનાં બે સ્વરૂપો કાયમ રહે છે, જુઓ પ્ર૦ ૭માં તથા વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે ઈશ્વરનું અન્વયપણું છે અને એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્ર કહેવા તે ઈશ્વરનું વ્યતિરેકપણું છે. તથા માયા ને માયાનાં કાર્ય જે અનંત કોટિ બ્રહ્માંડ તેને વિષે વ્યાપકપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનું અન્વયપણું છે. અને એ સર્વેથી વ્યતિરેક સચ્ચિદાનંદપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનું વ્યતિરેકપણું છે. આ ઠેકાણે જેમ જીવનાં બે સ્વરૂપ કહ્યાં છે તે જ પ્રમાણે ઈશ્વરનાં પણ બે સ્વરૂપ કહ્યાં. તેવી જ રીતે અક્ષરનાં પણ બે સ્વરૂપ કહ્યાં છે, તો તે અક્ષરનાં બંને સ્વરૂપ તમારા કહેવા પ્રમાણે કાયમ જ રહે છે. માટે તેમાં કોઈ પ્રકારનો વિરોધ છે જ નહિ. તમે કહેશો કે પ્ર. ૬૩માં જે અક્ષરનું વર્ણન કરેલું છે, તે અક્ષરને

અતિશે મોટા કહ્યાં છે અને તેમનું સ્વરૂપ નજરે આવતું નથી. અને તે અક્ષરમાં અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે રહ્યાં છે એમ કહ્યું છે. અને તે જ અક્ષરને મૂર્તિમાન કહ્યા છે, તેથી ધામરૂપ અક્ષરને જ આ ઠેકાણે કહેલા છે. એમ જો તમે કહેતા હો, તો તે તમારું કહેવું અસંભવિત છે. કેમ કે ત્યાં તો મૂર્તિમાન જે અક્ષર છે તેમને ને મૂર્તિમાનનું જે તેજ તે બંનેનું અભેદપણે વર્ણન કરેલું છે. માટે તે તો મૂર્તિમાન અક્ષરનું જ વર્ણન છે. કેમ કે તેમાં જ આગળ જાતાં કહ્યું છે જે પોતાની કાંતિએ કરીને અક્ષરધામ એટલે મૂર્તિમાન મૂળ અક્ષર, અને અનંત કોટિ બ્રહ્માંડ, અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર, તે સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે. એ વાક્ય જ સૂચવે છે કે આગળ કહેલ જે અતિ મોટા મૂર્તિમાન અક્ષર તેનું જ વર્ણન છે. તમે કહેશો કે તેજરૂપ ધામનું ને મૂર્તિમાન અક્ષરનું અભેદપણું કહેલું છે તો તે અસંભવિત છે. કેમ કે પોતાની કાંતિ એટલે તેજરૂપ અંતર્યામી શક્તિ તેણે કરીને અક્ષરાદિકને વિષે અન્વયપણે રહ્યા છે માટે તેજરૂપ ધામ તે તો મૂર્તિમાન અક્ષરથી જુદું જ છે.

તમે કહેશો કે ભગવાનના તેજને તો શરીરના લક્ષણમાં ભગવાનનું શરીર કહ્યું નથી તો તે તમારું કહેવું કેવળ વ્યર્થ છે. કેમ કે શરીરના બીજા લક્ષણમાં ભગવાનના તેજને પણ શરીર કહેલ છે. તે જ પ્રકારે સ્વામિનારાયણ ભગવાને પોતે

પણ સૂર્ય આદિકનાં દૃષ્ટાંત આપીને પોતાના તેજને શરીર તરીકે કહેલ છે, તે બાબત આગળ સારી રીતે વર્ણન થયેલ છે, તેમાં કોઈ પ્રકારની શંકા છે જ નહિ.

તમે કહેશો કે મૂર્તિના તેજને અક્ષરધામ કહેવાશે નહિ તો તે તમારું કહેવું વ્યર્થ છે, કેમ કે પંચાળાના ૧લામાં કહેલું છે કે જે અક્ષરબ્રહ્મ છે તે તો ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહ્યાનું ધામ છે. તે ह. सु. त. ૧૨૭માં ।। सच्चिदानंदरूपं तद्ब्रह्म निर्गुणमक्षरम्।। अङ्गप्रकाशस्तत्त्वस्य धामचेत्युक्तमस्ति हि ।। ११ ।। સત્, ચિત્, આનંદરૂપ અને નિર્ગુણ એવું જે અક્ષરબ્રહ્મ તે ભગવાનના અંગનો પ્રકાશ છે અને તેને જ ધામ શબ્દથી કહેલ છે. માટે તેજને જ અક્ષરધામ કહેલ છે.

તમે કહેશો કે ભગવાનના તેજથી નિરાકાર અક્ષરબ્રહ્મ જુદું છે તો તે તમારું કહેવું વ્યર્થ છે. કારણ કે લો. ૧૪માં કહ્યું છે કે સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે, ને તે સમૂહ અધોઊર્ધ્વ, તથા ચારે કોરે પ્રમાણે રહિત છે અને અનંત છે, તેજના સમૂહના મધ્ય ભાગમાં એક મોટું સિંહાસન છે તેમાં દિવ્ય મૂર્તિ એવા પુરુષોત્તમ નારાયણ તે વિરાજમાન છે અને તેમની ચારે બાજુ મુક્તનાં મંડળ બેઠેલાં છે. જુઓ આ વચનામૃતમાં તેજનો સમૂહ કહ્યો તે મૂર્તિનું જ તેજ છે, અને એ જ નિરાકાર અક્ષરબ્રહ્મ છે. માટે તેજથી નિરાકાર અક્ષરને

અહીં જુદું પાડ્યું નથી, માટે તમારું કહેવું વ્યર્થ છે. આવી રીતે બીજાં પણ ઘણાંક વચનામૃતમાં મૂર્તિના તેજને જ અક્ષરધામરૂપે કહેલ છે.

તમે કહેશો કે લો. ૧૫માં જીવ, પુરુષ, અક્ષર ને પુરુષોત્તમ તે સર્વેનો પ્રકાશ જુદો જુદો છે, પણ તેના ભેદ પાડવાને કોઈ સમર્થ નથી, પણ ભેદ તો અતિશે છે. અને લો. ૧૪માં તેજનો સમૂહ કહ્યો તે જીવ, પુરુષ, અક્ષર ને પુરુષોત્તમ તે બધાયનાં તેજ ભેગાં છે માટે સમૂહ કહેલ છે તે તમારું કહેવું અસંભવિત છે. કેમ કે ખદ્યોત, તારા, ચંદ્ર, સૂર્ય અને મહાતેજ એ સર્વેનો પ્રકાશ ભેળો હોય પણ તેને લઈને સમૂહ કહેવાતો નથી. ખરા મધ્યાહ્ને તાપનો સમૂહ કોઈ કહે તેથી ત્યાં તારા, ચંદ્ર આદિકના તેજનો સમાવેશ થાતો નથી. એ તો સૂર્યનું જ તેજ ગણાય, કેમ કે બીજાં તેજ તો તેમાં જ લીન થઈ જાય છે. તેમ પુરુષોત્તમનું તેજ સર્વેને દબાવીને સર્વેને પોતે જ પ્રકાશમાન કરે છે. તે પં. ૭માં કહ્યું છે કે તે ભગવાન જેમાં પ્રવેશ કરે તેના પ્રકાશને ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રગટ કરે છે. માટે પુરુષોત્તમના તેજ આગળ બીજાં અક્ષરાદિકનાં તેજ તે ખદ્યોત સમાન છે. તે. ह. सु. त. ૫૬ न्नाकृतिर्द्रश्यमानोप्पि स एवास्ति न चेतरः ।। अयमेवसमाधौ यद् द्रश्यतेऽति प्रकाशवान् ।। ૪૮ ।। આ શ્લોકની ટીકામાં અતિ પ્રકાશવાન એના અર્થમાં સેતુ માળામાં સર્વોત્કૃષ્ટ

પ્રકાશવાળા અક્ષરબ્રહ્મનો પ્રકાશ પણ શ્રીજીમહારાજના પ્રકાશ આગળ ખદ્યોત જેવો કહ્યો છે. તે જુઓ ટીકાસ્થ વાક્ય: अतिप्रकाशवान् सर्वोत्कृष्टप्रकाशवतोऽक्षरब्रह्मण: प्रकाशोऽपि यत्प्रकाशाग्रे खद्योतायते तथा विधातिशयितप्रकाशयुक्त: द्रश्यतै—

માટે તે તેજનો સમૂહ કહ્યો છે તે મૂર્તિના તેજનો જ છે, પણ તેમાં બીજાના તેજનો સમાવેશ છે જ નહિ. માટે તમારું રાજાનું દષ્ટાંત તે પણ આવી રીતે ગતાથ થાય છે. માટે તમારું કહેવું નિરર્થક છે.

તમે કહેશો કે પ્ર. ૪૫માં સચ્ચિદાનંદ બ્રહ્મ એવા નામથી કહેલું છે તે મૂર્તિના તેજનું જ નામ નિરાકાર અક્ષર હોય તો લો. ૧૫માં કહ્યા પ્રમાણે અક્ષરબ્રહ્મનું જુદું તેજ સંભવે નહિ તો તે તમારું કહેલું વ્યર્થ છે. કેમ કે પ્ર. ૪૫માં જે સચ્ચિદાનંદ બ્રહ્મ કહેલ છે તેને જ અક્ષરબ્રહ્મ કહેલ છે. તે તરંગ ૬૬માામાં કહેલું છે કે આધાર વિના તેજ રહી શકતું નથી એમ સર્વે ઠેકાણે દેખાય છે. માટે જે અક્ષરબ્રહ્મ છે તે ભગવાનના અંગની કાંતિ એટલે તેજ છે માટે તમારું કહેવું વ્યર્થ છે.

તમે કહેશો કે પ્ર. ૭૧માં જે અક્ષરધામ કહ્યું છે તે મૂર્તિના તેજને કહ્યું નથી. ત્યાં તો એટલું જ કહેલું છે કે નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા

જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી પર પ્રગટ મળ્યા પછી બ્રહ્મપુર, ગોલોક, આદિક ભગવાનના ધામને દેખવાની જેને લાલચ રહે ત્યારે એને નિશ્ચય છે કે નથી એમ કહ્યું છે. માટે અહીં ભગવાનના તેજથી જુદું જે નિરાકાર અક્ષર તેને જ કહેલ છે. તો તે તમારું કહેવું કેવળ અસંભવિત છે. કેમ કે નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તે આ ઠેકાણે મૂર્તિનું તેજ નથી. આ તો અક્ષરનું જ તેજ છે એમ કહો તો મોટો બાધ આવે, કેમ કે નિરાકાર એવું જે અક્ષરનું તેજ તેથી પર ને સદા સાકાર એવા તો મૂર્તિમાન અક્ષરને કહેવાશે પણ પુરુષોત્તમને નહિ કહેવાય.

તમે કહેશો કે મૂર્તિમાન અક્ષરનું તેજ જે નિરાકાર અક્ષર તેમાં ભગવાન રહ્યા છે તો ત્યાં શંકા છે કે મૂર્તિમાન અક્ષરનું તેજ જે નિરાકાર અક્ષર તેમાં તો અક્ષરની મૂર્તિ રહી છે, કેમ કે નિરાકાર જે અક્ષરનું તેજ તે અક્ષરની મૂર્તિને આધારે રહેલ છે. કેમ કે આધાર વિના તેજ રહેતું નથી. તે આગળ સવિસ્તર કહેલું છે માટે મૂર્તિમાન અક્ષરનું તેજ જે નિરાકાર અક્ષર તેમાં ભગવાન રહ્યા છે એમ કહેવામાં બહુ બાધ આવે છે અને ભગવાન પોતાના તેજરૂપ અક્ષરધામને ત્યાગ કરીને મૂર્તિમાન અક્ષરનું તેજ જે નિરાકાર અક્ષર તેમાં રહ્યા છે એમ જે કહેવું તેમાં અન્યાશ્રય રૂપી મોટો દોષ આવે છે અને उपस्थितं परित्यज्य अनुपस्थितकल्पने मानाभावात् ।।

સમીપને ત્યાગ કરીને છેટે જાવું તેમાં કોઈ પ્રમાણ નથી માટે પુરુષોત્તમ તો પોતાના તેજરૂપ ધામમાં જ રહેલા છે તે નિ:શંક છે માટે ઉપર કહેલી તમારી શંકાઓ તદ્દન વ્યર્થ છે. અને નિરાકાર અક્ષર છે તે મૂર્તિનું જ તેજ છે તે મ. ૧૩માં કહ્યું છે. તમે કહેશો કે આવું વ્યાખ્યાન કરવાથી બાધ આવે છે. માટે બાધ ન આવે એવી રીતે આપણે ઘટાવીએ. આ વચનામૃતમાં જે વાક્યનું પ્રમાણ આપ્યું તેના પહેલાં એક વાક્ય છે જે, "હૃદયાકાશને વિષે અતિશે તેજ દેખાય છે જેમ ચોમાસાને વિષે આકાશમાં વાદળાં છાઈ રહ્યાં હોય તેમ મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે, તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે, તે અતિ પ્રકાશમય છે, અને તે મૂર્તિ ઘનશ્યામ છે તોપણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશે શ્વેત જણાય છે." આ ઠેકાણે અમે પૂછીએ છીએ કે તે તેજ ભગવાનની મૂર્તિનું સમજવું? કે નિરાકાર અક્ષરનું સમજવું? તમે કહેશો કે એ તેજ તો ભગવાનની મૂર્તિનું છે. જો એમ હોય તો અહીં જુદું તેજ કહ્યું તે સંભવશે નહિ. કેમ કે જે તેજમાં મૂર્તિ રહી છે તે તેજ મૂર્તિનું હોય તો મૂર્તિ પ્રકાશમય થઈ જ ચૂકી છતાં તે મૂર્તિ પ્રકાશમય છે એમ કહેવાની શી જરૂર? આ ઉપરથી સિદ્ધ થાય છે કે ભગવાનને રહેવાનું જે તેજ તે કરતાં ભગવાનનું તેજ જુદું જ છે. ભગવાનને રહેવાનું જે તેજ તેનું નામ અક્ષરધામ સમજવું.

અને એ જ નિરાકાર અક્ષરરૂપ તેજમાં મુક્તોનાં મંડળ રહ્યાં છે. એમ જો તમે કહેતા હો તો તે તમારું કહેવું કેવળ અસંભવિત છે. કેમ કે મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે અને તે તેજને વિષે ભગવાનની મૂર્તિ રહી છે માટે તે તેજ મૂર્તિનું જ છે. એમાં કોઈ પ્રકારનો બાધ કે શંકા છે જ નહિ. અને તેજમાં મૂર્તિ રહી છે, તે મૂર્તિ પ્રકાશમય છે, આમ કહ્યું છે તેથી તેજનું જુદાપણું સિદ્ધ થાય છે. આ તમારું કહેવું તે તદ્દન ખોટું છે. કેમ કે મૂર્તિ તેજોમય છે, ને ઘનશ્યામ છે, પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી. આટલું કહેવાથી સિદ્ધ થાય છે, જે મૂર્તિમાં તો અપરિમિત તેજ ભર્યું જ છે. અને બહાર જે તેજ છે તે તો મૂર્તિમાં રહેલું તેજ તેનો કિંચિત્ લેશમાત્ર છે, પણ સમગ્ર તેજ તો મૂર્તિમાં જ રહ્યું છે. માટે ભગવાનની મૂર્તિ પોતાના તેજમાં જ રહી છે. તે જુઓ ધાર્મિક સ્તોત્ર શ્લોક ૧૦ सेव्यो हरिः सितमहःस्थित दिव्यमूर्तिः ।। તથા સર્વમંગળ સ્તોત્ર શ્લોક ૧૦૫ ज्योतिः संस्थोऽतिरम्याङ्गः ।। તેનો અર્થ એ છે કે શ્વેત એવું તેજ તેમાં રહેલા દિવ્ય મૂર્તિ ભગવાન તે સેવવા. બીજાનો અર્થ એ છે કે તેજમાં રહેલા મનોહર અવયવવાળા એવા ભગવાન છે. તેમ જ આ પ્રમાણે ઘણાં વચનામૃતોમાં પણ કહ્યું છે. તમે કહેશો કે મૂર્તિમાન અક્ષરનું તેજ જે નિરાકાર અક્ષર તેમાં ભગવાન રહ્યા છે તો તે કહેવું કેવળ અસંભવિત છે. કેમ કે

પોતાના તેજરૂપ ધામનો ત્યાગ કરીને બીજાના તેજમાં ભગવાન રહેવા જાય તે તો તદ્દન અઘટિત છે, જેમ કોઈ મોટો શેઠિયો હોય, તે પોતાને રહેવાનો પોતાનો બંગલો તેનો ત્યાગ કરીને કોઈકના છાપરામાં રહેવા જાય, અને ચક્રવર્તી રાજા હોય, તે કોઈ પચીસ ગામના ઠાકોરનો આશ્રય લેવા જાય, તે કોઈ પ્રકારે ઘટે જ નહિ. માટે ભગવાન પોતાનું તેજરૂપ જે ધામ તેમાં જ રહ્યા છે, માટે તમારું કહેવું તદ્દન નિર્મૂળ છે. અને મૂર્તિના તેજને જ મ. ૫૦માં એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ કહ્યું છે. અને તે જ અક્ષરધામમાં ભગવાન રહ્યા છે. તમે કહેશો કે એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ તેજ છે, તે મૂર્તિનું જ એમ ખાસ ઉદ્દેશીને કહ્યું નથી; તેથી ભગવાનના તેજ કરતાં જુદું જે નિરાકાર અક્ષરબ્રહ્મ તેને જ મ. ૫૦માં એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ કહેલ છે. અને તે તેજમાં પોતાના આત્માને લીન કરવાનું કહ્યું છે. અને વળી તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન પુરુષોત્તમ ભગવાન ને ભગવાનના ભક્ત રહ્યા છે, એમ કહ્યું છે તેથી જ ભગવાન અને અક્ષરધામ બંનેના વચ્ચે આધાર-આધેયભાવને સૂચવે છે. જે અક્ષરધામ આધાર ને ભગવાનની મૂર્તિ આધેય છે. તેથી ભગવાન ને અક્ષરના વચ્ચે ભિન્નતા જ સિદ્ધ થાય છે. ભગવાનના તેજને જ અક્ષર કહીએ તો આવો આધાર-આધેયભાવ ઘટે જ નહિ. આ વચનામૃત જે અક્ષરને આધાર

કહે છે તે જ તમારે મતે આધેય થઈ જશે. અને આ વચનામૃત જે ભગવાનની મૂર્તિને આધેય કહે છે તે જ તમારે મતે આધાર થઈ જશે. કારણ કે તેજ છે, તે તો ભગવાનનો અસાધારણ ધર્મ છે, તે ભગવાનને વિષે જ રહે. કેમ કે ધર્મ તે ધર્મીને વિષે રહે, પણ ધર્મી ધર્મને વિષે રહે નહિ. આ વચનામૃતમાં એકરસ તેજને વિષે મૂર્તિ રહી છે. તેથી જણાય છે કે અસાધારણ ધર્મરૂપ ભગવાનનું તેજ તે અક્ષરધામ નહિ. કેમ કે મ. ૫૦મામાં એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ કહ્યું તે મૂર્તિનું જ તેજ છે એમ ઉદ્દેશીને કહ્યું નથી માટે મૂર્તિનું તેજ કહેવું તે અસંભવિત છે માટે એકરસ બ્રહ્મસ્વરૂપ તેજ છે તે નિરાકાર અક્ષરનું તેજ છે. એમ જે તમારું કહેવું તે કેવળ અસંભવિત છે. કેમ કે તે તેજ નિરાકાર અક્ષરનું છે, એમ પણ ખાસ કહ્યું નથી. માટે તે તો અત્યંત અઘટિત છે. અને તેને વિષે મૂર્તિ રહી છે, એમ કહ્યું છે, માટે પ્રત્યાસત્તી ન્યાયથી તે તેજ મૂર્તિનું જ છે એમાં વિરોધ કે શંકા છે જ નહિ. તમે કહેશો કે ભગવાનના તેજને અક્ષરધામ કહીએ તો ભગવાન અને અક્ષરધામ વચ્ચે આધાર-આધેયભાવ છે, જે ભગવાન આધેય અને અક્ષર આધાર અને તે આધાર-આધેયભાવ મૂર્તિના તેજથી અક્ષરની ભિન્નતાને સૂચવે છે. માટે તેજને મૂર્તિનું આધાર નહિ કહેવાય. તેથી એકરસ બ્રહ્મસ્વરૂપ તે નિરાકાર અક્ષરને કહ્યું છે. એમ સમજવું, એ જે તમારું કહેવું

તે કેવળ અસંગત છે. કેમ કે મૂર્તિનું તેજ તો સર્વત્ર ને સર્વાધાર છે, અને તેને મ. ૫૦મામાં એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ કહેલું છે તેને પણ ભગવાનનું આધાર ન કહેવાય તો પછી નિરાકાર એવું જે મૂર્તિમાન અક્ષરનું તેજ તેને તો ભગવાનનું આધાર કહેવાય જ કેમ? તે પ્રેમાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'એ તો અક્ષરતણા આધાર મારી બેની' તથા 'જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ' વળી જુઓ પ્ર. ૭૨મું, "ક્ષર, અક્ષર બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે," માટે ભગવાન સર્વના આધાર છે પણ એનો આધાર કોઈ નથી તે કહ્યું છે. ગી. અ. ૯ શ્લોક ૪ मया ततमिदंसर्वं जगदव्यक्तमूर्तिना। मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ।। "અવ્યક્ત મૂર્તિ એવો જે હું તે મારા વડે સર્વે જગત વ્યાપ્ત છે, અને સર્વ પ્રાણી મારે વિષે એટલે મારા આધારે રહેલ છે પણ હું કોઈના આધારે નથી રહ્યો" અને મ. ૫૦ આદિ ઘણાં વચનામૃતોમાં ભગવાનના તેજને જ અક્ષરધામ કહેલ છે એમાં કોઈ પ્રકારની શંકા છે જ નહિ. તમે કહેશો કે ભગવાનનું તેજ તો ભગવાનનો અસાધારણ ધર્મ છે. તે ભગવાનને વિષે જ રહે. કેમ કે ધર્મ ધર્મીને વિષે જ રહે, પણ ધર્મી ધર્મને વિષે કેવી રીતે રહી શકે? અને મ. ૫૦માં તો ભગવાન અક્ષરને વિષે મૂર્તિમાન રહ્યા છે તેથી અસાધારણ ધર્મરૂપ જે ભગવાનનું તેજ તે અક્ષરધામ નથી,

તો તે તમારું કહેવું તદ્દન નિર્મૂળ છે કેમ કે તેજને અસાધારણ ધર્મ કહેવામાં ઘણાં દૂષણ આવે છે, જે અસાધારણ ધર્મ હોય તે તો તે ધર્મીને વિષે જ રહે. પણ બીજાને વિષે રહે નહિ. અને તેજ જે અંતર્યામી શક્તિ તે તો અક્ષરથી આરંભીને તૃણ પર્યંત સર્વેમાં અંતર્યામીરૂપે રહીને કર્મફળ આપે છે ને સર્વનું આધાર છે તે તો તમોએ પણ કેટલેક ઠેકાણે કહેલું છે. માટે એ તો વદતોવ્યાઘાત એટલે તમારા કહેવામાં જ બાધ આવે છે તેને તમે દેખતા નથી, કેમ કે તમારી દૃષ્ટિ એક પરમતખંડન સામી જ છે. પણ તેમાં પોતાનું જ ખંડન થાય છે, તે જોતા નથી, કેમકે ઘટનો અસાધારણ ધર્મ જે ઘટત્વ તે પટ આદિક બીજા કોઈમાં પણ જતો નથી. તેમ જ બ્રાહ્મણત્વ જે બ્રહ્મણનો અસાધારણ ધર્મ તે બીજા ક્ષત્રિય આદિકને વિષે જાતો નથી માટે તમારું કહેવું તદ્દન નિર્મૂળ છે. માટે વ્યર્થ છે. વળી તમે કહેશો કે રહસ્યાર્થમાં તમોએ હ. સુ. નું પ્રમાણ આપીને તેજને અક્ષરધામ કહ્યું પણ તે એમ નથી. કારણ કે આ પ્રકારે છે सच्चिदानंद रूपं यद् ब्रह्मनिर्गुणमक्षरम् अनाद्यंतं च तत्त्वस्य धामेति प्रोक्तमस्ति हि ।। સત્, ચિત્ ને આનંદરૂપ આદિ અંત તેણે રહિત એવું અને માયાના ગુણે રહિત એવું અક્ષરબ્રહ્મ છે, તે ભગવાનનું ધામ છે, એમ કહ્યું છે. એ જે તમારું કહેવું તે વ્યર્થ છે, अनाद्यंतं च એ ઠેકાણે अंगप्रकाशस्तत्त्वस्य આવો પાઠ હજારો પ્રતોમાં છે, તેને તમે

સ્વમત સિદ્ધ કરવા ફેરવી નાખ્યો છે. માટે એ ઠેકાણે આવો પાઠ છે જે અક્ષરબ્રહ્મ છે, તે તો ભગવાનના અંગનો પ્રકાશ છે, અથવા તેમને રહેવાનું ધામ છે. એટલે પોતાના તેજરૂપ સ્થાન છે. આવો પાઠ છે તે જ બરાબર છે અને તેને ફેરવીને ક્લિષ્ટ કલ્પના કરવી તે અઘટિત છે. માટે તમારું કહેવું તદ્દન વ્યર્થ છે. તમે કહેશો કે હ. સુ. ત. ૬૬ શ્લોક ૧૦માનું પ્રમાણ આપીને તેજને પોતાનું ધામ કહ્યું છે. એમ બતાવો છો પણ એ શ્લોકનો એવો અભિપ્રાય નથી. કિંતુ બીજો છે. જુઓ मायागुणविहीनत्वान्निर्गुणः परमेश्वरः। निजधामस्थ एवाऽसौ सर्वत्र व्यापकोस्ति च।। (सर्वत्र व्यापकः) આ ૫૬ ઉપર સુધાસિંધુની દર્પણ તુલ્ય ટીકા જુઓ- सर्वत्राक्षरब्रह्मतत्स्थमुक्तकोटिसकार्यमहापुरुषमहामायादिषु सर्वेषु व्यापकोऽन्तर्यामिशक्तिसंज्ञस्वतेजसा व्याप्यस्थितः।। અક્ષરબ્રહ્મ અને એ અક્ષરબ્રહ્મમાં રહેલા મુક્ત તથા પોતાના કાર્ય સહિત મહાપુરુષ અને મહામાયા આદિ સર્વેને વિષે અંતર્યામી શક્તિ જેનું નામ છે એવા પોતાના તેજ વડે કરીને વ્યાપીને રહેલા એવા ભગવાન છે. તે ઉપરના શ્લોકમાં તમારા કહેવા પ્રમાણે જ અભિપ્રાય છે. પરંતુ તેના નીચેનો એટલે ૧૧ અને ૧૨મો શ્લોક જુઓ શું કહે છે. તરંગ ૬૬

मूर्त्तः सूर्यः स्वतेजोभिर्जगद् व्याप्यास्ति तत्पृथक्।
यथा तथा सोऽपि मूर्त्तः कांत्याव्याप्यास्ति तत्पृथक् ।।

निराधारं न तेजः स्यादिति सर्वत्र दृश्यते।
तदंगकांतिस्तेजोतोयद् ब्रह्मेत्युच्यतेऽक्षरम्।। ११ ।।
જેમ મૂર્તિમાન સૂર્ય પોતાના તેજે કરીને જગતમાં વ્યાપીને પોતે જુદા રહેલ છે તથા તે ભગવાન પણ પોતાની મૂર્તિના તેજ વડે કરીને સર્વત્ર વ્યાપીને પોતે તેજરૂપ અક્ષરધામમાં રહેલા છે. આધાર વિનાનું તેજ રહેતું નથી એમ સર્વે ઠેકાણે દેખાય છે એ હેતુ માટે જેને અક્ષરબ્રહ્મ એ પ્રકારે કહે છે તે મૂર્તિના અંગનું તેજ છે. कांत्या व्याप्यास्ति तत्पृथक् (તેની ટીકા) कांत्या अंतर्यामिसंज्ञस्वशरीरतेजसा व्याप्याक्षरादिसर्वेष्वन्विय अक्षरादि सर्वेभ्यः पृथगस्ति। આ ઉપર કહેલા શ્લોકમાં ભગવાનના તેજરૂપ જે અંતર્યામી શક્તિ તે વડે કરીને મૂળ અક્ષરાદિક સર્વેને વિષે અન્વયપણે રહ્યા છે. ને પોતે પોતાના તેજરૂપ ધામમાં અનંત મુક્ત સહિત રહેલા છે. માટે પોતાનું તેજ તેને જ ઘણાં વચનામૃતોમાં અક્ષરધામ એ નામે કહેલ છે. અને તેજરૂપ ધામ તેને ચિદાકાશ આદિક પર્યાય વડે કરીને બીજાં ઘણાં ઠેકાણે કહેલ છે, માટે નિરાકાર એવું તેજરૂપ ધામ તે જ પોતાને રહેવાનું સ્થાન છે અને હ. સુ. ૬૩માં કહ્યું છે કે ईदृक्तदपि कृष्णस्य धामास्तीशेश्वरस्यहि।। महत्वं तस्य तु तदा कोवा वर्णयितुं क्षमः આવું મોટું તે અક્ષરબ્રહ્મ છે. અને તે તેજરૂપ ધામ છે તે ઈશ્વરના ઈશ્વર એવા પુરુષોત્તમ ભગવાન તેનું નિવાસસ્થાન

છે તો અપાર મહિમાવાળા તે ભગવાનની મોટાઈને તો કોણ વર્ણન કરી શકે? અને શેષ નારાયણ પણ હજાર મુખે કરીને વર્ણન કરવા સમર્થ થતા નથી તો બીજો કોણ વર્ણન કરી શકે? અને એ જ તરંગમાં આગળ કહ્યું છે કે

अतोऽरूपमलिगं च निराकारं तदुच्यते ।।

मूर्तं चकृष्णधामत्वान्मुक्ताधारतया च तत् ।। ४८ ।।

આ અક્ષરનો પાર કોઈ પામતા નથી. માટે અલિંગ ને નિરાકાર કહ્યું છે તે કૃષ્ણનું ધામ એટલે તેજ છે. માટે ભગવાનને લઈ મૂર્ત્ત કહેલ છે ને તેમાં મુક્તો રહ્યા છે માટે મુક્તનો આધાર કહેલ છે.

तेजोमयत्वात्तु कृष्णैकसंद्रशत्वाच्च साकृति ।।

तत्प्रोक्तं नत्वऽवयवैः पाणिपादमुखादिभिः ।। ४९ ।।

तस्मिन् हि परमे धाम्नि सदाकृष्णौ विराजते ।।

स्वसधर्मैरसंख्यातैर्महामुक्तैरुपासितः ।। ५० ।।

તે ધામ તેજોમય છે અને કૃષ્ણને લઈને એટલે ભગવાનની મૂર્તિને લઈને સાકાર છે માટે સાકૃતિ તે ધામ કહેલ છે પણ હસ્તપાદમુખાદિ અવયવોથી સાકાર છે એમ કહ્યું નથી. તે ભગવાનના તેજરૂપ જે પરમધામ તેમાં ભગવાન સદા વિરાજે છે ને પોતાના તુલ્ય અવયવવાળા દિવ્ય અસંખ્ય મહામુક્તોએ ઉપાસના કરાયેલા છે.

उपासकानां कृष्णस्य तेषामेकांतिनामपि ।।

एकैकरोम्णि तेजोऽस्ति कोटिकोट्यर्कसंनिभम् ।। ५९ ।।

એ ભગવાનની ઉપાસના કરનાર એકાંતિક મુક્તોના એક એક રોમમાં પણ કરોડો કરોડ સૂર્ય જેવો પ્રકાશ છે.

तदा वर्णयितुं शक्यं केन कृष्णांगजं महः ।।

सकृष्णो महसा स्वेनाऽन्वितोऽस्ति पुरुषादिषु ।। ५२ ।।

પછી તે ભગવાનના અંગનું જે તેજ જે બ્રહ્મ તેને તો કોણ વર્ણન કરી શકે? તે ભગવાન પોતાના તેજરૂપ અંતર્યામી શક્તિએ કરીને पुरुषादिषु पुरुषाकृत्यक्षरब्रह्मप्रभृतिषु પુરુષાદિષુ એટલે પુરુષાકાર સાકાર અક્ષરબ્રહ્મ આદિને વિષે અન્વયપણે રહ્યા છે આ ઉપર કહ્યા પ્રમાણે તેજ રૂપ અક્ષરધામમાં શ્રીજીમહારાજ વિરાજમાન છે તે તેજ રૂપે કરીને જ અક્ષરાદિકમાં અન્વયપણે રહ્યા છે. તે મ. ૧૦માં મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ ભગવાન અને અર્જુન પાસે આવ્યો હતો. પછી જ્યારે ઇંદ્રનું ખાંડવ વન બાળવા ગયો ત્યારે તે જ અગ્નિ જ્વાળારૂપ થઈને વનમાં વ્યાપ્યો. તેમ જ પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનનું કિરણ છે ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ જ છે. આવી રીતે પૂર્વે ઘણાંક પ્રમાણો સહિત તમને કહી આવ્યા છીએ, કેમ કે સ્વામિનારાયણ

ભગવાને વચનામૃતરૂપી સૂર્ય ઉદય કરેલ છે તો તેમાં સૂક્ષ્મ દૃષ્ટિથી પક્ષપાત રહિત જોવાય તો સમજાય તેવું છે પણ તે વિના સમજાય નહિ અને વચનામૃતોમાં ઘણે ઠેકાણે તેજરૂપ અક્ષરધામનું વર્ણન કરેલ છે, કેમ કે ભગવાનના તેજની આગળ અક્ષરાદિકનાં જે તેજ તે તો ખદ્યોત જેવાં છે. માટે ભગવાનના તેજથી જ સર્વે ધામો તેજાયમાન છે. અ. ૭માં, "અમે અંતર્દૃષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો. તે જોતાં જોતાં નંદીશ્વર પોઠિયો આવ્યો. તે ઉપર બેસીને કૈલાસમાં ગયા, ત્યાંથી ગરુડ ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મમહોલને વિષે જાતા હવા ત્યાં ગરુડ પણ ઊડી શક્યો નહિ. એટલે અમે એકલા જ ઊડ્યા. તે સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અંતરમાં જોયું ત્યારે એમ જણાણું જે સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્ર, તારા આદિક સર્વે

તેજાયમાન છે." તથા ગીતા અ. ૧૫ यदादित्यगतं तेजो जगद् भासयतेऽखिलंयच्च्वंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ।।

આ પ્રમાણે અ. ૭માં પોતાને તેજે કરીને જ સર્વે ધામો તથા સૂર્યચંદ્રાદિક સર્વે તેજાયમાન છે  એમ કહ્યું છે પણ અક્ષરને તેજે કરીને તેજાયમાન છે એવું કોઈ ઠેકાણે કહ્યું નથી. તથા સૂર્યમાં રહેલું જે તેજ તે સમગ્ર જગતને પ્રકાશ કરે છે તથા ચંદ્ર ને અગ્નિ તેમાં જે તેજ છે તે મારું છે એમ કહ્યું છે પણ અક્ષરનું કહ્યું નથી. न तद् भासयते सूर्यो  તથા न तत्र सूर्यो भाति ઇત્યાદિક ઘણે ઠેકાણે પોતાનું સ્વરૂપ જે મૂર્તિ અથવા પોતાનું તેજ તેથી જ સર્વને પ્રકાશમાન કહેલ છે. પણ અક્ષરથી અથવા અક્ષરના તેજથી પ્રકાશમાન છે એમ કોઈ પણ ઠેકાણે કહ્યું નથી. તમે કહેશો કે પ્ર. ૭૨માં ક્ષર-અક્ષરના આત્મા છે એ વાકયનો તમે રહસ્યાર્થમાં અર્થ એવો કર્યો છે કે મૂળ પ્રકૃતિ સુધી ક્ષર જાણવું અને મૂળ અક્ષરને અક્ષર જાણવું પણ તેનો અર્થ એમ નથી. જુઓ હ. સુ. ત. ૭૨ શ્લોક ૩૨

क्षरात्माचाक्षरात्मा च क्षराक्षर परोऽस्ति सः ।।
एकैकरोमण्यनंतांडनिवासान्महतो महान् ।।

(टीका) सः श्रीकृष्णः क्षरात्मा क्षरशब्द निर्दिष्टानां जीवशब्दाभिलपनीयानां ब्रह्मादिस्तंब पर्यंतानाम् क्षरणस्वभावाचित्प्रकृतिसंसृष्टनाम् सर्व भूतानामात्मांतर्यामी,

अक्षरात्मा अक्षराणां भगवदेकांतिकोपासनयाचित्संसर्ग-वियुक्तनाम् ब्रह्मभावापन्नानाम् मुक्तानामात्मांतर्यामी क्षराक्षरपर: स्वरुपस्वभावादिभि: क्षरेभ्योऽक्षरेभ्यश्च पुरुषेभ्य: परोऽत्यन्तोत्कृष्टतया विलक्षणश्चा अस्ति एकैकरोमणि एकैकस्मिन् रोमकुपे अनंतांडनिवासात् सावर्णानंतकोटि-ब्रह्मांडावसते हेंतो: महतोऽति विशालादनंतकोटिपुरुषाकृति मुक्ताधाराद् भगवद्धामभूतादक्षरब्राह्मणोऽपि महान् स्वरुपस्वभावादिभिरत्युत्कृष्ट श्चास्ति ।

એ કૃષ્ણ ભગવાન ક્ષર શબ્દથી જેમનો નિર્દેશ કરેલો છે એવા અને જીવ શબ્દથી કહેવાતા બ્રહ્માથી આરંભીને સ્તંબ પર્યંત ક્ષરણ સ્વભાવવાળા અને જડ પ્રકૃતિની સાથે ગાઢ વળગેલાં એવાં સર્વે પ્રાણીના આત્મા છે. અને અક્ષર એટલે ભગવાનની એકાંતિક ઉપાસના વડે કરીને માયાના સંસર્ગથી રહિત અને બ્રહ્મ ભાવનાને પામેલા એવા મુક્તોના પણ તે ભગવાન આત્મા છે અર્થાત્ અંતર્યામી છે. અને સ્વરૂપ સ્વભાવ વડે કરીને ક્ષર પુરુષ તથા અક્ષર પુરુષથી અત્યંત વિલક્ષણ છે તથા જેના એક એક રોમકૂપને વિષે આવરણોએ સહિત અસંખ્ય કોટિ બ્રહ્માંડોનો નિવાસ છે માટે મહાન અતિ વિશાળ અનંત કોટિ પુરુષાકૃતિ મુક્ત પુરુષોનું આધાર જે ભગવાનનું ધામરૂપ અક્ષરબ્રહ્મ તે થકી પણ સ્વરૂપ સ્વભાવે કરીને અતિ ઉત્કૃષ્ટ એવા એ ભગવાન છે. એમ જો તમે

કહેતા હો તો તે અસંભવિત છે. અને તમોએ ઘટાડેલો જે ૩૨મા શ્લોકનો અર્થ તે પણ અસંગત છે, કેમ કે તમોએ કહ્યું કે બ્રહ્માથી લઈને સ્તંબ સુધી ક્ષર કહેવાય તેના આત્મા ભગવાન છે અને અક્ષર એટલે ભગવાનની એકાંતિક ઉપાસના વડે કરીને માયાના સંસર્ગથી રહિત અને બ્રહ્મભાવને પામેલા એવા મુક્તોના પણ આત્મા એટલે અંતર્યામી છે એવો અર્થ તમોએ વિચાર્યા વિના મનસ્વીપણે કરેલ છે તે તદ્દન વચનામૃતથી વિરુદ્ધ છે. જુઓ મ. ૩૧, "ત્યારે શુકમુનિએ પૂછ્યું જે પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષરૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે માટે પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે જેમ આ જીવને વિષે ને વૈરાજ પુરુષ ઈશ્વરને વિષે ભેદ છે ને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે. ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વેના સ્વામી છે." તાત્પર્ય એ છે કે તમોએ બ્રહ્માથી જીવ સુધી ક્ષર કહ્યા અને ભગવાનની ઉપાસનાએ કરીને માયાથી રહિત થયેલા મુક્તોને તમોએ અક્ષર શબ્દથી કહેલા છે. એ બંને ક્ષર અક્ષરના આત્મા ભગવાન છે. તો પછી બ્રહ્માથી પર વૈરાજ પુરુષ, તેથી પર ત્રણ પ્રકારનો અહંકાર, ને તેથી પર મહત્તત્ત્વ ને તેથી પર

પ્રધાન પ્રકૃતિ, તેથી પર પુરુષ, તેથી પર મહામાયા, આટલા ભેદ વચ્ચે રહ્યા તેમના આત્મા તમારા કહેવા પ્રમાણે કોઈ છે જ નહિ, કેમ કે તે ભેદોને તમોએ ક્ષરમાં ગણ્યા નથી, અને અક્ષર શબ્દથી તો મહામાયાથી પર બ્રહ્મસ્વરૂપપણાને પામેલા મુક્તોને તમોએ કહ્યા છે. પણ અક્ષરને તો તમોએ ગણ્યા જ નથી તો પછી અક્ષર ભેદ જ તમારા કહેવા પ્રમાણે ઊડી જાય છે. માટે તમારું કહેવું મ. ૩૧, પ્ર. ૫૧, પ્ર. ૭, પ્ર. ૪૧ આદિક વચનામૃતો પ્રમાણે સંગત થાતું નથી માટે અસંભવિત છે. અને રહસ્યાર્થ પ્રમાણે તો બરાબર સંગત થાય છે, કારણ કે પ્રાકૃત પ્રલયમાં તૃણને આરંભીને પ્રધાન પુરુષ સુધી મહામાયામાં લીન થાય છે ને મહામાયા મહાપુરુષના તેજમાં લીન થાય છે માટે ત્યાં સુધી બધું ક્ષર ગણાય ને મહામાયાથી પર જે મહાપુરુષ ને તેથી પર બ્રહ્મ તેથી પર મૂળ અક્ષર ને તેથી પર પોતાના સાધર્મ્યપણાને પામેલા પોતાના તેજરૂપ ધામમાં રહેલા મુક્તો તે સર્વે અક્ષર શબ્દથી ગણાય છે. તમે કહેશો કે સર્વ ઠેકાણે સર્વથી પર અક્ષરને ગણેલા છે. તો પછી અક્ષરથી પર મુક્ત ક્યાંથી લાવ્યા. તો તે અસંભવિત છે. કેમ કે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલા મુક્તો તે અક્ષરથી પર છે તે ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં પ્ર. ૪ વાર્તા ૯મીમાં પાનું ૨૩૦માં લખે છે કે, 'શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, મારા પરમહંસની મોટા મોટા બ્રહ્માદિક દેવ તથા અક્ષરાદિક

મુક્ત અને સર્વે અવતાર તે પ્રાર્થના કરે છે. ને તેમનાં દર્શનને પણ ઇચ્છે છે.' તે વિધાત્રાનંદ સ્વામી કૃત પુરુષોત્તમ નિરૂપણમાં પાનું ૧૮ વાત ૨૦મી, 'શ્રીજીમહારાજ ગુજરાતમાં હતા. ત્યારે અસુરે આવી સંતને કષ્ટ દીધું ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, મારા પરમહંસને મોટા મોટા દેવ, અક્ષરાદિમુક્ત અને સર્વ અવતાર તે પ્રાર્થના કરે છે ને દર્શનને ઇચ્છે છે.' આવી રીતે ગુણાતીતાનંદ સ્વામી તથા વિધાત્રાનંદ સ્વામી બંનેનાં વચન જોતાં સ્પષ્ટ રીતે મુક્તનું અક્ષરથી પરપણું પ્રતિપાદન છે જ. માટે એવી રીતે ક્ષર, અક્ષર બેયના આત્મા પુરુષોત્તમ ભગવાન છે માટે આમાં કોઈ પ્રકારનો વિરોધ અથવા બાધ છે જ નહિ. અને ઉપરના તમારા લખેલા શ્લોકની ટીકા બરાબર તપાસીને જોવાય તો પણ ક્ષર અક્ષરથી પર તેજરૂપ ધામ ચોખ્ખી રીતે જુદું પડે છે, કેમ કે ટીકામાં પહેલું ક્ષરનું વર્ણન કરીને પછી અક્ષરનું વર્ણન કરીને પછી અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે જેમાં ઊડતાં ફરે છે એવું જે પોતાના ધામરૂપ એટલે તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે થકી પર એવા પુરુષોત્તમ ભગવાન છે. આ ઠેકાણે પોતાનું ધામ એટલે સ્વરૂપ સમજવાનું છે તે धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ।। ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળી નાખ્યું છે માયારૂપી કપટ જેણે માટે ધામ શબ્દનો અર્થ તેજ છે. અને ભજન કરનારા ભક્તજનોએ પણ તે

બ્રહ્મરૂપ પોતાને માનીને ભજન કરવું. તે શિક્ષાપત્રી શ્લોક ૧૧૬ निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।। विभाव्य तेन कर्तव्याभक्तिः कृष्णस्य सर्वदा ।। તથા ગીતામાં ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति समःसर्वेषुभूतेषु मद्भक्तिंलभते पराम् ।। ત્રણ દેહથી વિલક્ષણ એવો પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ માની બ્રહ્મની સાથે એકતા કરીને તે બ્રહ્મરૂપે કરીને ભગવાનની ભક્તિ કરવી તથા ગીતા અર્થ, બ્રહ્મરૂપ અને પ્રસન્ન છે મન જેનું સર્વ પ્રાણી માત્રને વિષે સમબુદ્ધિવાળો જે કાંઈ ઇચ્છતો નથી તેમ જ શોક પણ કરતો નથી. તે ભક્ત મારી પરાભક્તિને પામે છે, કેમ કે બ્રહ્મરૂપ થયો તેને જ ભક્તિનો અધિકાર છે. હવે તે બ્રહ્મ શબ્દથી તો પુરુષને તથા પુરુષના ધામને કહેવાય છે તે મ. ૩૧માં કહ્યું છે કે, 'અક્ષરાતીત ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તે પુરુષરૂપે કરીને માયાને વિષે વીર્યને ધરે છે પુરુષ અક્ષરાત્મક છે, મુક્ત છે, ને એને બ્રહ્મ કહે છે.' તથા મૂર્તિમાન અક્ષર અને તેમના પ્રકાશને કહેવાય છે તથા પુરુષોત્તમના પ્રકાશને અને પુરુષોત્તમને પણ બ્રહ્મ શબ્દથી કહેલ છે. ને મૂળ પુરુષને ભાગવતમાં પુરુષોત્તમ શબ્દથી કહેલ છે. ને તેમના ધામને અક્ષરબ્રહ્મ કહ્યું છે તે ભા. તૃ. અ. ૧૧ दशोत्तराधिकैर्यत्र प्रवष्टिपरमाणुवत् लक्षन्तेन्तर्गताश्चान्ये कोटिशोह्यण्डराशयः। तदाहुरक्षरम् ब्रह्म सर्वकारणकारणम्। विष्णोर्धाम परं साक्षात्

पुरुषस्य महात्मनः।।  જે અક્ષરમાં ઉત્તરોત્તર એકબીજાના દશગણા અધિક આવરણે વેષ્ટિત અનંત કોટિ બ્રહ્માંડ પરમાણું જેવાં જણાય છે. તે અક્ષરબ્રહ્મ મહાત્મા પુરુષ જે વિષ્ણુ તેનું ધામ છે તે ભા. ૧૦ અ.૧૪. क्वाहं तमो महदहं खचराग्निवार्भूसंवेष्टिताण्डघटसप्त वितस्तिकायः क्वेद्रग्विधा विगणिताण्डपराणुचर्यावाताध्वरोमविवरस्य च ते महित्वम् ।। આ શ્લોકમાં આવાં અનંત કોટિ બ્રહ્માંડ તમારા રોમેરોમમાં રહ્યાં એવા તમે છો એમ કહેવાથી ઉપર કહેલ જે અક્ષરબ્રહ્મ તે તેમના અંગનો પ્રકાશ થયો. ને તે પ્રકાશને વિષે જ બ્રહ્માંડ રહ્યાં છે એમ જાણવું. માટે અક્ષરબ્રહ્મ શબ્દથી તે મૂળ પુરુષના તેજરૂપ અક્ષરધામ થયું. તે મૂળ પુરુષ તે જ શ્રીકૃષ્ણ છે તે ભા. ૧૦ અ. ૬૦ ઊવ स्वेमहिम्न्यभिरतो भगवांस्त्रयधीशः क्वाहं गुणप्रकृतिरज्ञगृहिपादा "બ્રહ્માદિ દેવના અધિપતિ એવા તમે ક્યાં? ને અજ્ઞાની જનોએ સેવન કર્યું છે ચરણકમળ જેનું એવી લક્ષ્મીરૂપ હું તે ક્યાં?" આ ઠેકાણે લક્ષ્મીજીએ પોતાને હું પ્રકૃતિ છું એમ કહેલ છે. અને શ્રીકૃષ્ણ ભગવાનને તમો સાક્ષાત્ પુરુષ છો એમ કહ્યું છે. હવે તે પુરુષ ક્રિયા તો પ્ર. ૪૧માં, 'અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષરૂપે

થઈને પ્રકૃતિને પ્રેરે છે.' એવી રીતે અક્ષરરૂપે જે પુરુષમાં પ્રવેશ કરીને સૃષ્ટિ કરી તે પુરુષ તે જ શ્રીકૃષ્ણ છે. તે પુરુષને જ શાસ્ત્રોમાં પુરુષોત્તમ કહ્યા છે તે મ. ૩૧માં કહ્યું છે, 'બહુધા શાસ્ત્રમાં પુરુષને જ પુરુષોત્તમ કહ્યા છે અને એવા અક્ષરાત્મક પુરુષ ઘણાક છે ને તે પુરુષ પુરુષોત્તમ વાસુદેવની ઉપાસના કરે છે.' અને પછી આગળ જતાં તે પુરુષમાં ને પુરુષોત્તમ વાસુદેવમાં ઘણોક ભેદ છે એમ કહ્યું છે અને તેમને મહાપુરુષ પણ કહેવાય છે અને ઉપરના શ્લોકમાં મહાત્મા, પુરુષ, વિષ્ણુ આદિક શબ્દોથી તે મહાપુરુષને જ કહેલા છે અને તે શ્લોકમાં કહેલું અક્ષરબ્રહ્મ નામે ધામ તે પણ મહાપુરુષનું છે. હવે વચનામૃત પ્ર. ૪૧માં કહ્યા પ્રમાણે સૃષ્ટિ સમયે પુરુષોત્તમે જે અક્ષર સામું જોયું ને તે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષર રૂપે પુરુષમાં પ્રવેશ કરીને સૃષ્ટિ કરી તે અક્ષર બ્રહ્મની પ્ર. ૬૩માં મોટ્યપ કહી છે, 'જે જેના એક એક રોમમાં અનંત બ્રહ્માંડ ઊડતાં ફરે છે ને તે અક્ષર મૂર્તિમાન છે.' એમ કહેવાથી અક્ષર મૂર્તિમાન અને તેનો પ્રકાશ બ્રહ્મ શબ્દથી વાચ્ય થયા. હવે તે અક્ષરમાં પુરુષોત્તમ ભગવાન પોતાની કાંતિએ કરીને અન્વયપણે રહ્યા છે, તથા પ્ર. ૬૩માં પોતાની કાંતિએ કરીને અક્ષરાદિકમાં અન્વયપણે રહ્યા છે તથા મ. ૧૦માં બ્રહ્મરૂપ જે પોતાની અંતર્યામી શક્તિ તેણે કરીને અક્ષરાદિકમાં અન્વયપણે રહ્યા છે ને બ્રહ્મ છે તે તો પોતાની

કિરણ છે એમ કહ્યું છે તથા પ્ર. ૭૨માં ક્ષર-અક્ષર બંનેને પોતાની શક્તિ જે કાંતિ તેણે કરીને ધરી રહ્યા છે એમ કહ્યું છે. ને પ્ર. ૪૫માં, "સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો ભગવાનના અંગનો પ્રકાશ છે." ને પ્ર. ૬૪માં આત્મા શબ્દથી પોતાના તેજરૂપ બ્રહ્મને સૂર્યાદિકના દૃષ્ટાંતથી કહેલ છે ને મ. ૧૩મામાં આત્મા, બ્રહ્મ ને અક્ષરધામ એ ત્રણ નામથી પોતાના તેજને કહેલ છે. આ ઉપર કહ્યા પ્રમાણે અક્ષરબ્રહ્મ શબ્દ મહાપુરુષ ને તેમનું તેજ, મૂર્તિમાન અક્ષર ને તેમનું તેજ તથા પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ ને તેમનું તેજરૂપ અક્ષરધામ એ ત્રણ વાચક થયો. હવે મ. ૩૧મામાં કહ્યું છે કે મનન દ્વારા બ્રહ્મનો સંગ કરવો તો હવે ભજનના કરનારાએ બ્રહ્મ સાથે એકતા કરવી તે કિયા બ્રહ્મ સાથે એકતા કરે તો ઉત્તમ સ્થિતિ પમાય? ને કિયા બ્રહ્મ સાથે એકતા કરે તો મધ્યમ સ્થિતિ પમાય? ને કિયા બ્રહ્મ સાથે એકતા કરે તો કનિષ્ઠ સ્થિતિ પમાય? લો. ૧૨મામાં નિર્વિકલ્પના ભેદમાં ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ ભેદ કહ્યા છે તે ભજનકાળમાં બ્રહ્મરૂપ માનવાની સમજણના છે તો હવે સ્પષ્ટ જણાય છે જે મૂળ પુરુષ વાચક બ્રહ્મરૂપ થવાથી કનિષ્ઠ સ્થિતિ પમાય ને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવાથી મધ્યમ સ્થિતિ પમાય ને પુરુષોત્તમના પ્રકાશરૂપ અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવાથી ઉત્તમ સ્થિતિ પમાય. માટે ઉત્તમ સ્થિતિ પામવાની ઇચ્છાવાળા ભક્તોએ

અવશ્યપણે પુરુષોત્તમના તેજરૂપ બ્રહ્મ સાથે જ એકતા કરીને પુરુષોત્તમનો મનન દ્વારે સંગ કરવો. કેમ કે સૂર્યના પ્રકાશ સાથે એકતા કરવાથી સૂર્ય જોવાય એટલે સૂર્યના ગુણ ભજન કરનારમાં આવે અને ચંદ્રના પ્રકાશ સાથે એકતા કરવાથી ચંદ્ર દેખાય એટલે ચંદ્રના ગુણ આવે અને પુરુષોત્તમનું તેજ જે અક્ષરબ્રહ્મ તે સાથે એકતા કરવાથી પુરુષોત્તમ પમાય એટલે પુરુષોત્તમના ગુણ ભજન કરનારમાં આવે અને અક્ષરના તેજ સાથે એકતા કરવાથી મૂર્તિમાન અક્ષર પમાય. મૂળ પુરુષના તેજ સંગાથે એકતા કરવાથી મૂળ પુરુષ પમાય એટલે તેમના ગુણ ભજન કરનારમાં આવે. માટે જે જેનું તેજ બ્રહ્મ તે સાથે એકતા થઈ તેની મૂર્તિ પમાય ને તેના ગુણ આવે એટલે ગુણ, રૂપ, સામર્થ્ય આદિક સાધર્મ્યપણાને પામીને મૂર્તિનું સુખ ભોગવે માટે પુરુષોત્તમ ભગવાન પોતાના તેજરૂપ ધામમાં રહ્યા છે ને તે તેજને જ પોતાનું બ્રહ્મધામ કહેલ છે તે પૂર્વે સવિસ્તર કહ્યું છે. માટે ભજન કરનારાઓએ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જે પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનું તેજરૂપ ધામ તે રૂપ પોતાને માનીને ભજન કરવું. તે વ. મ. ૩૦માં, "સુવર્ણમાં કળિનો નિવાસ છે માટે સોનું અમને દીઠું ગમતું નથી. ને જેવું સોનું બંધનકારી છે તેવી રીતે સ્ત્રી પણ બંધનકારી છે માટે સોનું ને સ્ત્રી બેય અતિ બંધનકારક છે ને તે બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય જ્યારે પ્રકૃતિ થકી પર

એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમને ભજે ને તેથી ઓરું સર્વ છે તેને અસત્ય ને નાશવંત જાણીને વૈરાગ્યને પામે તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે." કોઈ કહેશે કે તેજરૂપ પોતાને માનવાથી અભેદપણું થઈ જાય છે, ને ભગવાન થઈ જવાય છે, માટે એમાં મોટો બાધ આવે છે, કેમ કે પ્રભા-પ્રભાવાનનું અભેદપણું કહેલું છે તો તેજરૂપ માનવાથી સ્વામી-સેવકપણું નાશ પામે છે અને ભગવાન થઈ જવાય છે તો તે કહેવું અસંભવિત છે. કેમ કે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત કઠ. ભાષ્યમાં અ. ૧ વ. ૧ મં. ૧૭ પોતાના આત્માને પરમાત્મારૂપ માનીને ભજન કરવું એમ કહ્યું છે તે જુઓ. यदा ब्रह्मजज्ञं देवमीड्यमिति ।। स्वात्मानं परमात्मानं मत्वा तदात्मकं मत्वेतियावत् ।। આ પ્રકારે સ્વામીશ્રીએ પોતાને પુરુષોત્તમરૂપ માનીને ભજન કરવાનું કહ્યું છે તો પછી એ પુરુષોત્તમના તેજરૂપ બ્રહ્મ તેને પોતાનું સ્વરૂપ માનીને ભજન કરવું તેમાં કોઈ પ્રકારનો બાધ છે નહિ. કેમ કે પ્ર. ૫૧માં હીરે કરીને હીરો વેંધાય છે એમ કહ્યું તો ત્યાં પણ ઉપર કહેલો તે જ ભાવ છે માટે તેજરૂપ બ્રહ્મ પોતાને માનીને ભજન કરવામાં કોઈ પ્રકારનો બાધ છે નહિ. તે તેજરૂપ અક્ષરબ્રહ્મને જ પરથારામાં ગોલોક, બ્રહ્મમહોલ, સચ્ચિદાનંદ અમૃતધામ, બ્રહ્મપુર, ચિદાકાશાદિ

શબ્દોથી કહેલ છે. અને તે ચિદાકાશ તો પ્ર. ૪૬માં તેજને જ કહેલ છે. તે ગોપાળાનંદ સ્વામી કૃત સૂત્રાર્થ દીપમાં અ. ૧ પા. ૩ સૂ. ૯, ૧૦ પાનું ૨૩ अक्षरमम्बरान्तधृतेः આ સૂત્રમાં અક્ષર શબ્દથી પરમાત્માને જ કહેલા છે અને તે પરમાત્મામાં ચિદાકાશ અંદર બહાર સર્વત્ર રહેલ છે, सर्वाधारत्वेन व्यपदिष्टः आकाशः चिदाकाशः ।। एतस्मिन् खल्वक्षरे अक्षरशब्दवाच्ये परमात्मनि ओतश्च प्रोतश्च एतस्मिन् अक्षरे એટલે એ પરમાત્માને વિષે સર્વાધારપણે નિર્દેશ કરેલ જે આકાશ એટલે ચિદાકાશ તે ઓતપ્રોત રહેલ છે માટે સર્વાધાર પુરુષોત્તમનું તેજ જે ચિદાકાશ તેનું જ નામ અક્ષરબ્રહ્મ છે તે જુઓ. હ. વા. સુ. તરંગ ૫૧ શ્લોક ૧૮ अंतर्बहिश्चतं व्याप्य स्थितं तत् कृष्ण धामच। कृष्णस्यैवाङ्गतेजश्च सच्चिदानंदलक्ष्मणम्।। અક્ષરબ્રહ્મના એક દેશમાંથી જે પુરુષ પ્રગટ થયા તે પુરુષમાં સત્, ચિત્ ને આનંદ છે લક્ષણ જેનું એવું ભગવાનના અંગનું તેજરૂપ જે ધામ તે અંદર બહાર વ્યાપીને રહેલ છે અને તે ઉપર કહેલ જે તેજરૂપ ધામ તેમાં જ પોતે રહ્યા છે. તે જ તરંગ શ્લોક ૨૦ तत्र स्थितोऽस्ति भगवान् सर्वकारणकारणं સર્વ કારણના કારણ એવા પુરુષોત્તમ ભગવાન તે પોતાના તેજરૂપ ધામમાં રહ્યા છે અને તે તેજરૂપ અક્ષરબ્રહ્મને જ લો. ૧૩માં સર્વથી પર તેજના સમૂહ શબ્દથી કહેલ છે. પ્ર. ૪૫માં સચ્ચિદાનંદ શબ્દથી

કહેલ છે. મ. ૧૩માં આત્મા, બ્રહ્મ, અક્ષર એ ત્રણ નામથી કહેલ છે. પ્ર. ૭માં બ્રહ્મજ્યોતિ શબ્દથી કહેલ છે. પ્ર. ૬૩માં અંતર્યામી તથા કાંતિ શબ્દથી કહેલ છે. પ્ર. ૬૪માં આત્મા તથા દ્રષ્ટા શબ્દથી કહેલ છે. મ. ૫૦માં પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ કહીને તેમાં સર્વના આત્માને લીન કરવાનું કહ્યું છે. આ ઉપર કહેલાં આદિક વચનામૃતોમાં તેજરૂપ ધામનું જ વર્ણન છે અને ભગવાન તેજરૂપ ધામમાં રહ્યા છે તે જુઓ છે. ૩૦માં, 'અમારા મનમાં આ બે વાત ગમે છે ને ત્યાં મન અટકે છે. તેમાં એક તો જેને એમ હોય જે એક ચૈતન્યના તેજનો રાશિ છે ને તેના મધ્યને વિષે પુરુષોત્તમની મૂર્તિ સદા વિરાજમાન છે એવો દૃઢ નિશ્ચય હોય' માટે ભગવાનની મૂર્તિ તેજના સમૂહમાં જ રહેલી છે તથા છે. ૩૧માં, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે કોટિ કોટિ સૂર્ય ચંદ્ર ને અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે આ પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે ને તે આકૃતિમાંથી ભગવાન પોતે અવતાર ધારે છે.' આ ઉપર કહ્યા પ્રમાણે ભગવાનની મૂર્તિ તેજરૂપ ધામમાં જ રહી છે. અને તે સર્વાધાર તેજ પણ પ્રત્યાસત્તી ન્યાયથી મૂર્તિનું જ છે એ વાત નિઃશંક છે. અને ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં પ્ર. ૪ વાર્તા ૯ પાનું ૨૩૨, 'કોટિ કોટિ સૂર્યના તેજ થકી કોટિગણું તેજ વૈકુંઠના મુક્તમાં

છે, ને તેથી કોટિગણું તેજ ગોલોકના મુક્તમાં છે. ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરના મુક્તના એક રોમને વિષે છે, તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામની ભૂમિ તેમાં સોપારી રહે એટલા દેશના તેજમાં લીન થઈ જાય છે. અક્ષરધામનો અનંતગણો પ્રકાશ ભેળો કરીએ તો તે સર્વ પ્રકાશ મળીને સર્વ અવતારના અવતારી એવા જે શ્રી હરિકૃષ્ણ પુરુષોત્તમના એક રોમના કોટિમા ભાગની પાસંગની બરોબર નથી આવતો.' એ જ પ્રમાણે વિધાત્રાનંદ સ્વામી કૃત પુરુષોત્તમ નિરૂપણમાં કહેલ છે, તથા ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પણ કહ્યું છે તે પાનું ૧૫૯, 'હરિકૃષ્ણ પુરુષોત્તમનું સ્વરૂપ દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે સમગ્ર પૃથ્વી છે તેને મધ્યે પર્વત, વૃક્ષ, મનુષ્ય, સર્વ સ્થાવર જંગમ બિલોરી કાચની ભૂમિ હોય ને તે ઉપર આકાશને વિષે રહ્યા જે તારા તેટલા સૂર્ય એક કાળે તપે એવી રીતની શોભાએ યુક્ત જે પ્રકાશ તે જે તે અક્ષરધામના જે મુક્ત તેના એક રોમના પ્રકાશમાં એ સમગ્ર પ્રકાશ લીન થઈ જાય ને એવા અનંત મુક્ત તેના સર્વ પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ અક્ષરબ્રહ્મના એક એક રોમને વિષે છે ને એવા જે અક્ષરબ્રહ્મ તે અનંત અક્ષરબ્રહ્મના પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ અનાદિ, સનાતન, દિવ્યમૂર્તિ શ્રી હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમના એક એક રોમમાં છે. એવા જે સાક્ષાત્ શ્રી હરિકૃષ્ણ

પુરુષોત્તમ સહજાનંદ સ્વામી તેનો મહિમાએ સહિત દઢ આશરો કરવો.'

આ પ્રમાણે જે પુરુષોત્તમના એક રોમના તેજના પાસંગના બરોબર અક્ષરનાં અનંતગણાં તેજ ભેળા મળીને પણ નથી થાતાં એટલા અપરિમિત તેજવાળા જે પુરુષોત્તમ તે પોતાનું અપરિમિત તેજને ત્યાગ કરીને પોતાના તેજની આગળ ખદ્યોત જેવા તેજવાળા જે અક્ષર તેમાં આવીને રહે તે તો કોઈ પ્રકારે સંભવે જ નહિ. અને જો તેમ જ હોય તો તો જેમ સૂર્ય પોતાનો પ્રકાશ ત્યાગ કરીને મશાલ, દીવો કે પતંગિયાના પ્રકાશમાં રહે અને ચક્રવર્તી રાજા તે કોઈક પાંચ ગામના ઠાકોરના છાપરામાં આવીને રહે એવું થાય તે તો કોઈ પ્રકારે સંભવે જ નહિ. માટે પુરુષોત્તમ તો પોતાના તેજરૂપ ધામમાં જ રહ્યા છે તે નિ:શંક છે. તે પ્રેમાનંદ સ્વામીએ કહ્યું છે:

"બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સહુને સંભળાવ્યાનું છે મન.
– મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સરવે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ.
અતિ તેજોમય રે, રવિ શશી કોટિ વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ કહેવાય.
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર."

આ પ્રમાણે જેને કોઈની એટલે વૈકુંઠ, ગોલોક, અક્ષરાદિક કોઈના તેજની ઉપમા ન મળી શકે એવું અને શીતળ, શાંત, અક્ષર, અમૃત આદિ જેનાં નામ છે એવું તેજરૂપ જે મારું ધામ છે એમાં દ્વિભુજ સદા સાકાર એવો હું સદા રહું છું. માટે પુરુષોત્તમ ભગવાન અનંત મુક્તોએ સહિત પોતાના તેજરૂપ અક્ષરધામમાં જ રહ્યા છે અને ત્યાં રહ્યા થકા જ પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિરૂપે અક્ષરાદિક સર્વમાં અન્વયપણે રહીને તે શક્તિ દ્વારે સર્વને કર્મફળ આપે છે. હ. વા. સુ. સિંધુ ત. ૬૩માં

उपासकानां कृष्णस्य तेषामेकांतिनामपि।

एकैक रोम्णितेजोऽस्ति कोटिकोटयर्क संन्निभम् ।। ५१ ।।

तदा वर्णयितुं शक्यं केन कृष्णांगजं महः सकृष्णो मह सास्वेनाऽन्वितोऽस्ति पुरुषादिषु ।। कृष्णस्य ।। એટલે પોતાના ઉપાસક એવા એકાંતિકના એક એક રોમને વિષે કરોડો કરોડ સૂર્યના સરખો પ્રકાશ છે, અને તે એકાંતિકથી પર પરમ એકાંતિક ને તેથી પર અનાદિ મુક્ત અને તેથી પર તે સર્વના કારણ એવા પુરુષોત્તમ ભગવાન, તેમના અંગનું જે તેજ તેને તો કોણ વર્ણન કરી શકે? એવા તે ભગવાન પુરુષોત્તમ તે પોતાના તેજદ્વારે અક્ષર, બ્રહ્મ અને પુરુષાદિકને વિષે અંતર્યામીપણે રહ્યા છે અને તે તેજને પૂર્વ કહેલ પ્ર. ૬૪માં તથા પ્ર. ૪૫માં પોતાને રહેવાનું

અક્ષરધામ તથા શરીર કહેલ છે અને તે જ પ્રમાણે પ્ર. ૪૫ના ભાવાર્થમાં પણ કહેલું છે તથા ગીતામાં પણ ભગવાનના તેજને શરીર કહેલ છે. અ. ૧૧ શ્લોક ૧૧-૧૨

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता।
यदि भाः सदृशी सा स्यात् भासस्तस्य महात्मनः।। ११ ।।
तत्रैकस्थम् जगत् कृत्स्नं प्रविभक्तमनेकधाअपश्यद्।।
देवदेवस्य शरीरे पाण्डव स्तदा ।। १२ ।।

આકાશને વિષે એક સાથે હજારો સૂર્ય ઉદય થાય તેની જે કાંતિ તે મહાત્મા એવા જે પરમાત્મા તેની કાંતિના તુલ્ય તે પ્રકાશવાળી થાય. દેવના દેવ એવા પરમાત્માનું તે કાંતિરૂપ શરીર તેને વિષે એક દેશમાં રહેલું અનેક પ્રકારના વિભાગવાળું સમગ્ર જગત તેને પાંડુ રાજાના પુત્ર જે અર્જુન તે સમયમાં દેખતા હતા. આ પ્રકારે સર્વ આચાર્યોના આચાર્ય એવા ને વેદના વિભાગ કરનાર એવા ને ભગવાનના અવતારભૂત વ્યાસ મુનિ તેમણે તેજને શરીર કહેલ છે. માટે તેજને શરીર કહેવું તેમાં કોઈ પ્રકારનો બાધ છે જ નહિ. માટે સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે પ્ર. ૬૪માં સૂર્ય અગ્નિ આદિકના દૃષ્ટાંતથી સ્પષ્ટપણે પોતાના તેજને શરીર કહેલ છે. તે નિર્વિવાદ છે અને તે તેજરૂપ અક્ષરધામમાં પોતે પુરુષોત્તમ ભગવાન રહેલા છે અને તે તેજને ચિદાકાશ કહેલ છે અને તે ચિદાકાશ તો

ભગવાનના તેજનું જ નામ છે, કેમ કે તે વિના બીજા કોઈને સર્વાધાર કહેવાય જ નહિ. કોઈ કહેશે કે ભગવાનના તેજથી જુદું જે અક્ષર તેનાં જ મૂર્ત અમૂર્ત બે સ્વરૂપો પ્ર. ૨૧માં કહેલાં છે. તો તે કહેવું અસંભવિત છે, કેમ કે ત્યાં તો એમ કહ્યું છે જે, તે અક્ષરનાં બે સ્વરૂપ છે. તેમાં એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ તથા બ્રહ્મમહોલ કહેલ છે. અને તે અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહે છે. તો આ ઠેકાણે ચોખ્ખું જણાય છે જે, નિરાકાર એકરસ ચૈતન્ય પુરુષોત્તમનું તેજ સર્વાધાર થકું બીજે રૂપે એટલે મૂળ અક્ષરમાં પ્રવેશ કરીને તે અક્ષર દ્વારે સૃષ્ટિ કરે છે તે પ્ર. ૩૩માં કહ્યું છે કે, 'અને જગતની ઉત્પત્તિકાળે ભગવાન જે પ્રકારે અક્ષરરૂપે વર્તે છે.' એટલે કે તેજ દ્વારે અક્ષરમાં પ્રવેશ કરી સૃષ્ટિ કરાવે છે. માટે તે તેજને પ્ર. ૬૪માં દ્રષ્ટા નામે કહેલ છે, અને અક્ષરને દશ્ય નામે કહેલ છે અને પુરુષોત્તમ ભગવાનને તે બેયના આત્મા કહેલ છે. તેથી તે બંને પુરુષોત્તમનું શરીર છે તે ચોખ્ખી રીતે સિદ્ધ થાય છે. માટે પ્ર. ૨૧માં પોતાના તેજરૂપ અક્ષરબ્રહ્મનું જ વર્ણન છે તે ગોપાળાનંદ સ્વામી કૃત સૂત્રાર્થદીપ અ. ૩ પા. ૨ સૂ. ૨૫ द्वे वा ब्रह्मणो रूपेमूर्त्तचैवामूर्तं च ।। તથા સૂ. ૨૬ उभय व्यपदेशात्त्वहिकुंडलवत् अहेः सर्पस्ययथा शरीर प्रसारोविकाशः कुंडलाकृतिः संकोचश्च तथा अत्राय माशयः

अहेः प्रसारभावकुंडलभाववत्कार्यकारणो भयावस्थावस्थितचिद-चिदात्मकप्रपंचगते विकाशसंकोचाभ्यां मूर्तामूर्तत्वे तत्तत् शरीरिणः परमात्मन एवोपपद्येते ।। મૂર્ત-અમૂર્ત બંને બ્રહ્મનાં રૂપો છે, જેમ સર્પના શરીરને લાંબું વિસ્તારવું તે વિકાસ ને કુંડળાકૃતિ તે સંકોચ કહેવાય છે. તેવી રીતે કાર્ય કારણ બેય અવસ્થામાં રહેલા જડચિદ્દરૂપ પ્રપંચમાં પ્રવેશ કરનાર વિકાસ સંકોચપણે કરીને મૂર્ત ને અમૂર્તરૂપો તે શરીરી એવા પરમાત્માનાં સિદ્ધ થાય છે.

એ પ્રમાણે ઉપર કહેલું જે બ્રહ્મ તે પણ પુરુષોત્તમના તેજને જ કહેલ છે અને તેનાં જ બે સ્વરૂપ કહ્યાં છે માટે તેજનું જ નામ અક્ષરબ્રહ્મ છે અને ગોપાળાનંદ સ્વામી કૃત સૂત્રાર્થદીપ અ. ૧ પા. ૧ સૂ. ૨૩માં આકાશ શબ્દથી પરમાત્મા કહેલ છે. आकाशशव्दो हि परब्रह्मण्येव प्रयुज्यते न तु भूताकाशे ।। तथा तद्वाक्यानंतरमेव सर्वाणि ह वा ईमानि भूतान्याकाशादेव समुत्पद्यंते आकाशं प्रत्यस्तं यांति ।। तथा श्रुतिरप्याकाशशव्देन चिदचिद्विलक्षणं परब्रह्मैव निर्दिशति ।। આવી રીતે આકાશ શબ્દથી પરમાત્માને કહેલા છે ને તે પરમાત્મા થકી જ સર્વ ઉત્પન્ન થાય છે ને પ્રલય સમયમાં પરમાત્માને વિષે જ સર્વ લીન થાય છે. એટલે આકાશ શબ્દથી વાચ્ય જે બ્રહ્મ પરમાત્માનું તેજ તેમાં સર્વ લીન થાય છે ને તેમાંથી ઉત્પન્ન

થાય છે એમ કહ્યું છે. પણ અક્ષર કે અક્ષરનું તેજ તેમાં લીન થવાનું કહ્યું નથી તથા અ. ૧ પા. ૪ સૂ. ૯માં पूर्वमंतर्यामिशक्तौ तिरोभूतस्य सकलप्रपंचस्य ब्रह्मण: सकाशादुत्पत्ति: ।। પ્રલય સમયમાં સમગ્ર પ્રપંચ તે અંતર્યામી શક્તિ જે પરમાત્માનું તેજ તેમાં લીન થાય છે અને પછી ઉત્પત્તિ સમયમાં પરમાત્માના તેજરૂપ બ્રહ્મ થકી ઉત્પન્ન થાય છે આવી રીતે અહીં પણ પરમાત્માના તેજમાં લીન થાય છે ને તેમાંથી ઉત્પન્ન થાય છે, એમ કહ્યું છે પણ અક્ષરમાંથી ઉત્પત્તિ કે તેમાં લીનતા થાય છે, એમ કહ્યું નથી. કારણ કે જે સર્વાધાર હોય તેમાં જ સર્વ જગતની લીનતા સંભવે માટે પુરુષોત્તમના તેજને જ અક્ષરબ્રહ્મ કહેલ છે. તથા અ. ૧ પા. ૪ સૂ. ૨૩માં 'श्रुतिगणसंग्रहितं नामरूपविभागानर्ह सूक्ष्मदशापन्नचेतनाचेतनवस्तुविशिष्टं स्वप्रकाशात्मकांतर्यामि- शक्तिरुपं ब्रह्म उपादानकारणं चकारात् अस्मान्मायी सृजते विश्वमेतदित्यादि श्रुतिगणसंग्रहितं सत्यसकल्पं सर्वज्ञं निमित्तकारणंच ब्रह्मैवाभ्युपगम्यते नतु केवलं निमित्तकारणमेव ।। तथा निजलोकस्थो दिव्यमूर्तिरेक: सर्वज्ञ: सत्यसंकल्प: परमात्मा चिदचिदितर: सन् निमित्तकारणं भवति ।। આ પ્રકારે શ્રુતિ સંગ્રહ તેણે કહેલ નામરૂપ વિભાગને યોગ્ય નહિ સૂક્ષ્મ દશામાં રહેલ ચેતન અચેતન વસ્તુમાં મળેલ પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિ જે બ્રહ્મ તે

જગતનું ઉપાદાન કારણ છે. સૂત્રમાં 'ચ'કાર છે, માટે માયી એવા પરમાત્મા તે આ થકી વિશ્વને ઉત્પન્ન કરે છે ઇત્યાદિ શ્રુતિ સમૂહ તેણે કહેલ એવા ને સત્યસંકલ્પ, સર્વજ્ઞ એવા પરમાત્મા જે બ્રહ્મ તે મિત્ત કારણ છે પણ એકલા નિમિત્ત કારણ નથી કેમ તો પોતાના ધામમાં રહેલા દિવ્ય મૂર્તિ એવા સર્વજ્ઞ સત્યસંકલ્પ એવા પરમાત્મા જે તે જુદા રહ્યા થકા નિમિત્ત કારણ થાય છે. આ ઉપર કહ્યા પ્રમાણે અંતર્યામી શક્તિ જે પોતાનું તેજ તેને જ અક્ષરબ્રહ્મ શબ્દથી કહેલ છે માટે પુરુષોત્તમ ભગવાન પણ સ્વપ્રકાશરૂપ અક્ષરબ્રહ્મમાં જ રહેલા છે તથા મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યમાં પણ આકાશ શબ્દથી પરમાત્માને કહેલ છે ને તેજને ચિદાકાશ કહેલ છે તે અ. ૧ પા. ૧ સૂ. ૨૩ सर्वाणि हवा ईमानि भूतानि आकाशात् समुत्पद्यंते आकाशं प्रत्यस्तं यंतीति सर्वाणिहवा ईमानि भूतानि प्राणमेवाभिसंविशंति प्राणाकाशशब्दवाच्यः परमेश्वर एव सर्वकारणत्वात् ।। સર્વ એવાં ભૂતપ્રાણીમાત્ર તે આકાશથી ઉત્પન્ન થાય છે. અને આકાશમાં લય પામે છે. તે જ પ્રમાણે સર્વ પ્રાણીમાત્ર પ્રાણશબ્દવાચ્ય પરમાત્મા પ્રત્યે લય પામે છે. માટે સર્વના કારણ પરમેશ્વર તે આકાશ તથા પ્રાણ શબ્દથી કહેલ છે. आत्मनः आकाशः संभूतः इति श्रुत्या नारायणादेव आकाश उत्पन्नः। પરમાત્મા થકી આકાશ ઉત્પન્ન થયેલ છે એ શ્રુતિથી

નારાયણથી જ આકાશ જે ચિદાકાશ તેની ઉત્પત્તિ છે. ननु आकाशकारणत्वपक्षांगीकारे किमुक्तमितिचेत् चिदाकाशाख्यं नारायणस्थानमिति, હવે શંકા કરે છે કે આકાશ કારણ છે. એ પક્ષને અંગીકાર કરવાથી શું કહેવાયું? તો ચિદાકાશ નામે પરમાત્માનું સ્થાન કહેવાયું, तस्य सर्वभूतकारणत्वसद्भावात् तद्वचनं सप्रयोजनं તે આકાશને સર્વ ભૂતપ્રાણીમાત્રના કારણપણાનું સદ્ભાવપણું છે માટે તે વચન સપ્રયોજન છે. तर्हि परमेश्वरशब्दवाच्य नारायण आकाशशब्दाभिधेय इति कथं निर्णय इति चेत् तत्र ब्रूमः तयोर्धाम धामिनो रभेदविवक्षयेति सिद्धम् ।। તો પછી પરમેશ્વર શબ્દથી કહેલા જે નારાયણ તે આકાશ શબ્દથી વાચ્ય છે એમ કેવી રીતે નિર્ણય થઈ શકે તો ત્યાં કહીએ છીએ કે નારાયણ જે ધામી અને ચિદાકાશ જે ધામ એ બંનેની અભેદપણે કહેવાની ઇચ્છાથી સિદ્ધ થાય છે. આ ઉપર કહ્યા પ્રમાણે સૂત્રભાષ્યમાં આકાશ શબ્દથી નારાયણને કહ્યા ને તે થકી ઉત્પન્ન થયેલ ચિદાકાશ જે તેજ તેને તેમનું ધામ કહેલ છે માટે ઉપર કહ્યા પ્રમાણે તેજરૂપ અક્ષરધામ તે જ સિદ્ધ છે. તથા સૂ. ભા. રત્નમાં અ. ૧ પા. ૪ સૂ. ૯માં પ્રલય સમયમાં પ્રકૃતિ પુરુષ સમગ્ર જડ ચૈતન્ય વિશિષ્ટ સમગ્ર જગત નારાયણના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિમાં લીન થાય છે ને સૃષ્ટિ સમે તે પરમાત્માના તેજરૂપ શક્તિમાંથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે પણ અક્ષરમાં કે

તેમના તેજમાં લીન થવાનું કહ્યું નથી અને પછી સૂ. ૧૦માં तथाहि प्रलयकाले नामरूपे विहायाऽचिद्वस्तुरुपाप्रकृति-संज्ञामायापि स्वधामस्थस्य दिव्यविग्रहस्य नारायणस्य संकुचितांतर्यामिशक्तिरुपप्रकाशे सूक्ष्मरुपेण संलग्ना अभवत्।। તે પ્રકારે પ્રલય સમયમાં નામરૂપને ત્યાગ કરીને જડવસ્તુરૂપ પ્રકૃતિ નામની માયા પણ પોતાના ધામમાં રહેલા દિવ્યમૂર્તિ નારાયણ તેમની સંકુચિત અંતર્યામી શક્તિરૂપ જે પ્રકાશ તેમાં સૂક્ષ્મરૂપે કરીને લીન થઈ જાય આ પ્રકારે તેજરૂપ ધામને આધારે જ સર્વે રહેલ છે માટે સર્વાધાર તો પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણનું તેજ છે પણ તે વિના બીજા અક્ષરાદિ કોઈને સર્વાધાર કહેવાય નહિ. તથા ભાષ્યરત્નમાં અ. ૧, પા. ૩, સૂ. ૯ અક્ષર શબ્દથી પરમાત્માને કહેલ છે. अत्राक्षरशब्दवाच्यस्त्रेधा संदिह्यते जीवःप्रणवो नारायणो वा इति तथा अक्षर शब्दस्य वर्णपर्यायत्वात् प्रणववाचकत्वमुचितं पुरुषोऽक्षरमुच्यत इति पुरुषशब्दस्यापि तदभिधेयत्वमुक्तं अतस्तावेवाऽक्षरशब्दवाच्या विति प्राप्तेब्रुमः अक्षर शब्द वाच्यं नारायणाख्यं परंब्रह्मैव कुतः अबरांतधृतेः ननु दशोत्तराधिकैर्यत्र प्रविष्टः परमाणुवत् तदाहुरक्षरं ब्रह्म सर्वकारण कारणम् ।। विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः इति स्मृतिस्थाक्षरपदेनांबरांतप्रपंचधारकं ब्रह्मपुराख्यं परमात्मनः स्थानमक्षर ब्रह्मैवोक्तम् तदेवात्र प्रतीयते न परमात्मेति चेन्न

यस्याक्षरं शरीरं अक्षरमंतरोयमयतीति अक्षरात्परतः पर इति आकाशशरीरं ब्रह्मेति एष सर्व भूतांतरात्मेत्यादिभिरक्षराख्यचिदंबरांतसर्वनियंतृतया तद्व्यापकतया चाक्षरपरतया च सर्वात्मतयाच नारायण एवाभिहितः एतस्मिन्नक्षरेऽक्षरशब्दाभिधेये परब्रह्मणि नारायणे आकाशश्चिदंबराख्यमक्षरब्रह्म ओतः प्रोतश्च ।। આ ઠેકાણે અક્ષર શબ્દ ત્રણ પ્રકારે સંદેહ કરાય છે. અક્ષર શબ્દથી જીવ, અથવા પ્રણવ અથવા નારાયણ જાણવા આવો સંશય પ્રાપ્ત થાય તો ત્યાં કહીએ છીએ કે અક્ષર શબ્દથી નારાયણ જેનું નામ છે એવા પરબ્રહ્મ જ કહેલા છે, કેમ કે ચિદાકાશ પર્યંતના ધારણ કરનાર આધારરૂપ પરમાત્મા છે માટે હવે શંકા કરીને કહે છે કે એકબીજાથી દશ દશ ગણાં અધિક અષ્ટાવરણે સહિત અંડકોશ તથા બીજાં અનંત બ્રહ્માંડ જેને વિષે અણુ જેવાં જણાય છે એવું સર્વ કારણનું કારણ સાક્ષાત્ મહાત્મા પુરુષ જે વિષ્ણુ તેમનું ધામ છે એ પ્રકારે કહે છે એવી રીતે સ્મૃતિમાં કહેલું જે અક્ષરપદથી આકાશ પર્યંત પ્રપંચને ધારણ કરનાર બ્રહ્મપુર નામનું પરમાત્માનું સ્થાનરૂપ અક્ષરબ્રહ્મ કહેલું છે તે જ આ ઠેકાણે જણાય છે, પણ પરમાત્મા અક્ષર શબ્દવાચ્ય નહિ એમ જો કહેતા હો તો ન કહેવું, કેમ કે જેનું અક્ષર શરીર છે જે અક્ષરને અંદર રહીને નિયમમાં કરે છે, જે પરમાત્મા પર એવું અક્ષર તેથી પણ પર

છે આકાશ શરીર જેનું છે એવા પરબ્રહ્મ છે એ પરમાત્મા સર્વ પ્રાણીમાત્રના અંતરાત્મા છે એટલે અંતર્યામી છે ઇત્યાદિક શ્રુતિઓથી અક્ષર નામના ચિદાકાશ પર્યંત સર્વના નિયંતાપણાથી તેમને વિષે વ્યાપકપણાથી અક્ષરપરપણાથી સર્વના આત્મપણાથી નારાયણને જ કહેલા છે એ અક્ષરને વિષે એટલે અક્ષર શબ્દથી કહેલા પરબ્રહ્મ નારાયણને વિષે આકાશ જે ચિદાકાશ નામનું અક્ષરબ્રહ્મ તે અંદર ને બહાર રહેલ છે. આ પ્રમાણે અક્ષર શબ્દથી પરમાત્માને કહેલા છે ને ચિદાકાશ તે અક્ષર એટલે પરમાત્માને વિષે ઓતપ્રોત એટલે માંહી ને બહાર રહેલ છે એમ કહેવાથી तेजस्तेजस्विनोः प्रभाप्रभावतोः अभेत्वात् તેજને તેજસ્વીનું ને પ્રભાને પ્રભાવાનનું અભેદપણું છે માટે પુરુષોત્તમનો પ્રકાશ તે જ સર્વાધાર છે તેથી તેને જ અક્ષરબ્રહ્મ કહેલ છે. ભ્રતા અ. ૧ ના. ૧ ષૂ. ૧૯ ।। परब्रह्मप्रकाशेंतिरोभूतान् सप्रकृतिकान् पुरुषाद्यसंख्यक्षेत्रज्ञानालोचितवान्।। પ્રલય સમયમાં પરબ્રહ્મના પ્રકાશને વિષે લીન થયેલા પ્રકૃતિ સહિત પુરુષાદિ અસંખ્ય એવા જે ક્ષેત્રજ્ઞો તેમને જોતા હવા. આ પ્રમાણે આ ઠેકાણે પણ તેજને જ અક્ષરધામ કહેલ છે. કેમ કે પરમાત્માના તેજમાં સર્વને લીન થવાનું કહ્યું છે પણ અક્ષરમાં લીન થવાનું કહ્યું નથી માટે તેજને અક્ષરબ્રહ્મ કહેલ છે. કોઈ કહેશે કે પ્ર. ૨૧માં અક્ષરનાં મૂર્તામૂર્ત બેય સ્વરૂપ તેજથી જુદાં સિદ્ધ થાય

છે. માટે તેજરૂપ ધામનાં મૂર્તામૂર્ત બેય સ્વરૂપ સંભવતાં નથી. કેમ કે પ્ર. ૭માં કહેલ જે, મૂર્તિમાન અક્ષર તેનાં બંને સ્વરૂપ ઘટે છે, તો એ જે કહેવું તે અસંભવિત છે કેમ કે તેજરૂપ બ્રહ્મનાં જ બન્ને રૂપો છે. તે મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્ય રત્નમાં અ. ૩ પા. ૨ સૂત્ર ૨૬માં अहिकुंडलवत् अहिप्रसार कुंडलभाववत् अचेतनप्रपंचस्य मूर्तामूर्तत्वे वेदितव्ये तथाहि अहे: सर्पस्य यथा देहप्रसारो विकाश: कुंडलाकृति: संकोचश्च तद्वदचेतनशरीरकस्यांतर्यामिरुपस्य परमात्त्मनोऽपि सृष्टिप्रलयकालयोर्विकाश संकोचाभ्याम् मूर्तामूर्तत्वे वेदितव्ये तत्र मूर्तत्वं नामरुपभाक्त्वं अमूर्तत्वं नामरुपविभागानर्हभाक्त्वमिति विवेक: જડ પ્રપંચના મૂર્ત અને અમૂર્ત બે રૂપ જાણવાં તે બતાવે છે જેમ સર્પને દેહનું લાંબું કરવું તે વિકાસ કહેવાય છે અને સર્પને શરીરનું ગૂંચળું વાળવું તે સંકોચ કહેવાય છે તેમ જ જડ પ્રપંચ છે. શરીર જેનું એટલે જડ પ્રપંચના શરીરી એવા અંતર્યામીરૂપ જે પરમાત્મા તેમનાં પણ, સૃષ્ટિ અને પ્રલયકાળને વિષે વિકાસ અને સંકોચપણાથી મૂર્ત અને અમૂર્ત બેય સ્વરૂપ જાણવાં. તેમાં મૂર્તપણું એટલે નામરૂપયુક્તપણું જાણવું અને અમૂર્તપણું એટલે નામરૂપ વિભાગ તેણે રહિતપણું એમ વિવેક સમજવો. अत्रायमाशय: सर्पस्य रज्जुभावकुंडलभाववत् कार्यकारणो-भयावस्थावस्थितचेतनाचेतनात्मकप्रपंचगते विकाससंकोचाभ्याम्

मूर्तामूर्तत्वे तत्तच्छशरीरिणः परमात्मन एवसंपद्येते । આ ઠેકાણે આવો અભિપ્રાય છે. સર્પના વિકાસ અને સંકોચ ભાવની પેઠે કાર્ય અને કારણ બંને અવસ્થામાં રહેલ એવા જડ ચૈતન્યમાં વ્યાપક વિકાસ અને સંકોચપણા વડે કરીને મૂર્ત અને અમૂર્તપણું બંને તે તે જડ ચિદ્ વસ્તુના શરીરી એવા પરમાત્મા તેમનાં જ છે. इत्थं चेतनाचेतनात्मकप्रपंच शरीरकस्य परमात्मनः कार्यकारणरुपावस्थाद्वयेन प्रतिपादितस्य मूर्तामूर्तात्मकरुपद्वयस्यैक्यमाह द्रष्टांतेन। આ પ્રકારે જડ ચૈતન્યરૂપ પ્રપંચના શરીરી એવા જે પરમાત્મા તેના કાર્યકારણરૂપ બે અવસ્થા વડે કરીને પ્રતિપાદન કરેલ મૂર્ત અને અમૂર્ત જે બંને સ્વરૂપો તેમનું એકપણું છે એમ દૃષ્ટાંતથી કહે છે. ભાષ્યરત્નમાં અ. ૩ પા. ૨ સૂ. ૨૭. प्रकाशाश्रयवद्वा तेजस्त्वात् यथा दिव्य मूर्तेर्नाराणस्य प्रकाशः तदाश्रयो नारायणश्चतयोः प्रभाप्रभावतोर्यथाभिन्नत्वेऽपि तेजस्त्वात् प्रकाशत्वेनैकत्वमस्ति तथा सूक्ष्मावस्थावस्थितचिदचिद्वस्तुविशिष्टं कारणभूतं ब्रह्म स्थूलावस्थावस्थित चिदचिद्वस्तुविशिष्टं कार्यभूतं ब्रह्म तयोरवस्थाद्वयेत भिन्नयोरपिअभेद एकत्वमेवास्ति દિવ્યમૂર્તિ એવા નારાયણ તેમનો પ્રકાશ અને તે પ્રકાશના આશ્રય એટલે આધાર એવા નારાયણ તે બંનેનું પ્રભા પ્રભાવાનની પેઠે ભિન્નપણું છે તો પણ પ્રકાશપણે કરીને જેમ અભેદ એટલે

એકપણું છે, તેમ જ સૂક્ષ્મ અવસ્થામાં રહેલ જડ, ચૈતન્ય વસ્તુ વિશિષ્ટ કારણરૂપ બ્રહ્મ તે અને સ્થૂલ અવસ્થામાં રહેલ જડ, ચૈતન્ય વસ્તુ વિશિષ્ટ એવું કાર્યરૂપ જે બ્રહ્મ તે બન્નેનું બે અવસ્થાપણે કરીને ભિન્નપણું છે. તો પણ અભેદ એટલે એકપણું જાણવું.

આવી રીતે અંતર્યામી શક્તિ જે પુરુષોત્તમ નારાયણનું તેજ તેનાં જ મૂર્ત અને અમૂર્ત બંને સ્વરૂપ કહેલાં છે. તે કેવી રીતે તો નિરાકાર એકરસ ચૈતન્ય સર્વાધાર અને પ્રલયકાળમાં નામરૂપરહિત એવાં જડ ચૈતન્ય વસ્તુમાત્ર જેમાં લીન થાય છે એવું નિરાકારરૂપ જે તેજ તેને અમૂર્ત શબ્દથી કહેલ છે અને સૃષ્ટિ સ્થિતિ અવસ્થાને વિષે સ્થૂળપણાને પામેલ નામરૂપયુક્ત, જડ, ચૈતન્ય વસ્તુમાં વિશિષ્ટ સ્વપ્રકાશરૂપ અંતર્યામી શક્તિ જેનું નામ છે એવું કાર્યરૂપ જે બ્રહ્મ તેને મૂર્ત શબ્દથી કહેલ છે. અને તે કાર્ય કારણરૂપ બ્રહ્મ તે બંને કાર્ય કારણપણાથી જુદાં જણાય છે. તો પણ તે બન્નેનું અભેદપણું એટલે એકપણું જ છે અને તે અંતર્યામી શક્તિરૂપ જે બ્રહ્મ તેમાં સર્વ લીન થાય છે, તે અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત ગીતા ભાષ્ય અ. ૯ શ્લો. ૪, 'मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना। मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ।। અવ્યક્ત મૂર્તિ એટલે અંતર્યામીરૂપ એવો જે હું તે મારા વડે સર્વ આ જગત વ્યાપ્ત છે. સર્વ

ભૂતપ્રાણીમાત્ર મારે વિષે રહ્યાં છે એટલે અંતર્યામી શક્તિરૂપ જે મારું તેજ તેમાં રહેલ છે, અને તેમને વિષે હું સાક્ષાત્ નથી રહ્યો પરંતુ અંતર્યામી શક્તિ દ્વારે રહેલો છું. न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् તે જ પ્રકારે સર્વ પ્રાણીમાત્ર મારે વિષે નથી રહેલાં પણ મારું અંતર્યામી સ્વરૂપ જે તેજરૂપ બ્રહ્મ તેમાં રહેલાં છે તે મારું યોગૈશ્વર્યપણું તેને જો.' આ ઠેકાણે પણ તેજરૂપ બ્રહ્મમાં જ સર્વને લીન થવાનું કહ્યું છે, પણ અક્ષરમાં કે અક્ષરના તેજમાં લીન થવાનું કહ્યું નથી. માટે સર્વાધાર જે પુરુષોત્તમનું તેજરૂપ જે બ્રહ્મ તેને જ અક્ષરબ્રહ્મ કહેલું છે અને પ્ર. ૨૧માં પણ ઉપર કહેલું જે તેજરૂપ અક્ષરબ્રહ્મ તેનું જ વર્ણન છે તે કેવી રીતે તો નિરાકાર એકરસ ચૈતન્ય સર્વાધાર તેજ છે, તેને અમૂર્ત શબ્દથી કહેલ છે અને તે અક્ષર બીજે રૂપે એટલે મૂર્તિમાન અક્ષરમાં પ્રવેશ કરીને તે અક્ષરરૂપે થઈને સૃષ્ટિ કરે છે એટલે સૃષ્ટિ કરવા રૂપ સેવા કહેલ છે. અને મૂર્તિમાનમાં પ્રવેશ કરે છે માટે મૂર્ત શબ્દથી કહેલ છે કોની પેઠે તો જેમ સૃષ્ટિ સમયમાં નામરૂપપણાને પામેલ જડ ચૈતન્યમાં વ્યાપનાર અંતર્યામી શક્તિ એટલે સ્વપ્રકાશ બ્રહ્મને મૂર્ત શબ્દથી કહેલ છે તેમ પુરુષોત્તમના તેજરૂપ અક્ષરબ્રહ્મ તે મૂર્તિમાન અક્ષરમાં વ્યાપે છે, તેથી તેને મૂર્ત શબ્દથી કહેલ છે; માટે જે અક્ષરનાં મૂર્ત અને અમૂર્ત બે સ્વરૂપ કહેલાં છે. તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનના તેજરૂપ અક્ષરબ્રહ્મ છે, અને

તેનાં જ બે સ્વરૂપ પ્ર. ૨૧માં કહેલાં છે. માટે પુરુષોત્તમ ભગવાનના તેજને જ અક્ષરબ્રહ્મ કહેલ છે. અને તે નિરાકાર તેજરૂપ અક્ષરબ્રહ્મ તેમાં દિવ્યાકાર એવા પુરુષોત્તમ ભગવાન પોતાના સાધર્મ્યપણાને પામેલા, દિવ્યાકારવાળા અસંખ્ય પોતાના મુક્તોએ સહિત સદા બિરાજમાન છે. કોઈક કહેશે કે પુરુષોત્તમ ભગવાન તો મૂર્તિમાન અક્ષર જે ચોથો ભેદ તેમાં જ સાક્ષાત્ એટલે મૂર્તિમાન રહેલા છે. તેથી તે અક્ષરને ધામ શબ્દથી કહેલ છે. માટે તે તેજરૂપ અક્ષરધામમાં રહેલા છે, એમ નહિ, પરંતુ મૂર્તિમાન અક્ષરમાં જ પુરુષોત્તમ રહેલા છે. એ જે કહેવું તે અસંભવિત છે, કેમ કે કોઈ પણ વચનામૃતમાં અક્ષર વિષે એટલે મૂર્તિમાન અક્ષરને વિષે પુરુષોત્તમ ભગવાન મૂર્તિમાન રહેલા છે એમ કહ્યું નથી. પરંતુ મૂર્તિમાન અક્ષરને વિષે તો અંતર્યામી એટલે અન્વયપણે રહેલા છે. તે પ્ર. ૭, "તથા અક્ષરબ્રહ્મ ને ઈશ્વર ને જીવ ને માયા અને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે. અને એ સર્વેથી પૃથક્‌પણે કરીને પોતાના ગોલોક ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે ભગવાનનું વ્યતિરેકપણું છે." જુઓ આ વચનામૃતમાં ભગવાન અક્ષરમાં અન્વયપણે રહેલા છે, અને વ્યતિરેક મૂર્તિ તો બ્રહ્મજ્યોતિ જે તેજરૂપ અક્ષરબ્રહ્મ તેમાં રહેલ છે તે સ્પષ્ટ છે. તથા

પ્ર. ૪૧માં, "અને પુરુષોત્તમ ભગવાન જે તે એ સર્વેમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે. એવી રીતે પુરુષોત્તમ ભગવાન જે તે તારતમ્યતાએ સર્વમાં કારણપણે અંતર્યામી કરીને રહ્યા છે, જેમ કાષ્ઠને વિષે અગ્નિ રહ્યો છે તેમ." જુઓ આ વચનામૃતમાં પણ મહારાજ અક્ષરથી આરંભીને સર્વમાં અંતર્યામીપણે કરીને તારતમ્યતાથી રહ્યા છે. પણ અક્ષરમાં મૂર્તિમાન રહ્યા છે, એમ કહ્યું નથી. તથા પ્ર. ૬૩માં પ્રથમ મૂર્તિમાન અક્ષરની મોટાઈ કહીને પછી કહ્યું છે કે, "અને પોતાની કાન્તિએ એટલે અંતર્યામી શક્તિએ કરીને અક્ષરધામ એટલે મૂર્તિમાન અક્ષર, અને અનંત કોટી બ્રહ્માંડ; અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વને વિષે અન્વયપણે રહ્યા છે." જુઓ આ વચનામૃતમાં પણ અન્વયપણે અક્ષરમાં રહ્યા છે એમ કહ્યું છે. તથા પ્ર. ૬૪માં, "તે પુરુષોત્તમ ભગવાન, જે આત્મા જે દૃષ્ટા ને તે આત્મા જેમાં વ્યાપક છે એવું જે દશ્ય, તે બેયના આત્માપણે કરીને વર્તે છે," આમાં પણ દ્રષ્ટા જે પોતાનું તેજ તેણે કરીને દશ્ય જે મૂર્તિમાન અક્ષર, તેમાં અન્વયપણે રહેલા છે. તથા પ્ર. ૭૨માં, "અને એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમ જ પ્રકૃતિ પુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે. અને ક્ષર, અક્ષર, એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. અને પોતે તો ક્ષર અક્ષરથી ન્યારા છે." આ વચનામૃતમાં પણ પોતાની શક્તિએ

કરીને એટલે અંતર્યામી શક્તિએ કરીને મૂર્તિમાન અક્ષરમાં વ્યાપક છે, એમ કહ્યું છે. તથા સા. ૫માં, "અને બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેયના હદામાં સાક્ષીરૂપ થકા રહ્યા છે. અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી તેમ જ જે ઈશ્વરના અને અક્ષરના હદામાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે, તે ઉપાધિ થકી રહિત છે. એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે અને જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. એવી રીતે અન્વય વ્યતિરેકપણું છે.' જુઓ આ વચનામૃતમાં પણ મૂર્તિમાન અક્ષરમાં અન્વય સ્વરૂપે રહેલા છે અને સ્વયં શ્રીહરિ તો જુદા જ છે. વળી તે જ પ્રમાણે લો. ૧૦, ૧૩, ૧૫ એ આદિક ઘણાં વચનામૃતોમાં મૂર્તિમાન અક્ષરનું વર્ણન કરેલું છે. છતાં તેમાં પુરુષોત્તમ ભગવાન સાક્ષાત્ રહેલા છે, એમ ક્યાંય પણ કહ્યું નથી. પણ અંતર્યામી એટલે અન્વય સ્વરૂપ જે સ્વપ્રકાશ તે દ્વારે રહેલા છે, એમ કહેલું છે. હવે કોઈ કહેશે કે અંતર્યામી એટલે— अंतः स्थित्वा यमयति नियमयतीति अंतर्यामी।। એટલે અંદર રહીને નિયમમાં કરે તે અંતર્યામી કહેવાય. માટે, અંતર્યામી એટલે સાક્ષાત્ મૂર્તિમાન ભગવાન અણુ અણુમાં રહ્યા છે; તો પછી મૂર્તિમાન અક્ષરમાં ભગવાન મૂર્તિમાન કેમ ન રહે? રહે જ. માટે સાકાર અક્ષરમાં પણ ભગવાન અંતર્યામી, એટલે મૂર્તિમાન રહ્યા છે. આ પ્રમાણે જો કોઈ કહે

તો તે કહેવું કેવળ વ્યર્થ છે. કેમ કે ઉપર કહેલાં વચનામૃતોથી તે વિરુદ્ધ છે. ઉપર કહેલાં વચનામૃતોમાં મૂર્તિમાન અક્ષરમાં ભગવાન પોતે મૂર્તિમાન રહ્યા છે એમ કોઈ પણ સ્થળે કહ્યું નથી. વળી કોઈક કહેશે કે પ્ર. ૭૮માં ભગવદાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીમુખે કહે છે કે, "જેવી પાસે ભગવાનની મર્યાદા છે, તેવી છેટે જાય તો પણ રહે જો ભગવાનનું પૂરું માહાત્મ્ય સમજે તો. તે માહાત્મ્ય એમ સમજવું જે અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તેની ઇચ્છાએ કરીને અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે, અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે. અને તે ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે. અને અન્વય થકા પણ વ્યતિરેક છે. અને તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે બિરાજમાન છે." આમાં ભગવાન અણુ અણુમાં મૂર્તિમાન રહ્યા છે એમ કહ્યું છે. તો તે કહેવું અસંભવિત છે. કેમ કે આમાં પણ ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છે એમ કહ્યું છે, પણ મૂર્તિમાન રહ્યા છે એમ કહ્યું નથી. જેમ કોઈ મોટા અમલદારને જોઈને રાજાના જેવી તેની મર્યાદા રહે છે. કેમ કે તેમાં રાજાની સત્તા રહેલી છે, માટે મર્યાદા રહે છે. તેમ ભગવાન અણુ અણુમાં અંતર્યામીરૂપે રહીને સર્વેને જાણે છે. એમ સમજે તો પણ ભગવાન પાસે

જ હોય તેવી મર્યાદા રહે છે. આ જ અભિપ્રાય પ્રશ્નમાં પણ જણાય છે. કારણ કે પ્રશ્ન એવા જ ભાવથી પૂછેલ છે કે ભગવાનની મર્યાદા જેવી પાસે હોય અને રહે છે, તેવી જ ભગવાન છેટે હોય તો પણ મર્યાદા કેમ રહે? આમાં ભગવાન તો છેટે જ છે, પરંતુ અંતર્યામીપણે સર્વમાં વ્યાપક છે. એટલે કે જે જે ક્રિયા થાય છે, તે સર્વને જાણે જ છે. આવી રીતે ભગવાનનું અંતર્યામીપણું જાણે તો મર્યાદા રહે. આવો પ્રશ્નનો તેમ જ ઉત્તરનો આશય છે. માટે સર્વમાં મૂર્તિમાન વ્યાપકપણું ઘટતું નથી. પરંતુ મૂર્તિમાન શ્રી પુરુષોત્તમ ભગવાન પોતાના તેજરૂપ ધામમાં રહ્યા થકા સર્વમાં પોતાની તેજરૂપ અંતર્યામી શક્તિ દ્વારા વ્યાપક છે, તે સ્પષ્ટ જ જણાય છે.

કોઈક કહેશે કે અંતર્યામીનો અર્થ મૂર્તિમાન છે. તો તે કહેવું તદ્દન વ્યર્થ છે. કેમ કે અંતર્યામીનો અર્થ મૂર્તિમાન છે એવું કોઈ ઠેકાણે લખેલ નથી, પરંતુ અંતર્યામી એટલે સ્વપ્રકાશરૂપ શક્તિ તથા પોતાનું તેજ એવો અર્થ તો ઘણે ઠેકાણે લખેલ છે. તે પ્ર. ૪૫માં કહ્યું છે કે, "પછે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાન પુરુષોત્તમ છે, તે તો સાકાર જ છે ને મહાતેજોમય મૂર્તિ છે અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે." વળી આગળ જાતાં કહે છે કે, "અને અંતર્યામીપણે કરીને જીવ,

ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું સ્વરૂપ જે તેજ તે નિરાકાર છે. તો પણ જીવ, ઈશ્વર સર્વેને તેમના કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મનાં ફળને દેવાને વિષે નિયંતાપણું છે.' આ વચનામૃતમાં અંતર્યામીનો અર્થ તેજ છે એમ સ્પષ્ટ જ છે તથા પ્ર. ૬૩માં, "અને પોતાની કાન્તિએ કરીને અક્ષરધામ અને અનંત કોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડોના જે ઈશ્વર તે સર્વને વિષે અંતર્યામીપણે રહેલા છે." આ વચનામૃતમાં પણ ઉપર કહેલો અર્થ સ્પષ્ટ છે. પ્ર. ૭૨માં તથા મ. ૧૦માં એ આદિક ઘણાં વચનામૃતોમાં અંતર્યામી એટલે અન્વય સ્વરૂપ, અર્થાત્ તેજ દ્વારા વ્યાપક છે, એ પ્રમાણે કહેલું છે. તથા ह. वा. सु. सिंधु तरंग ૬૬માં કહેલું છે કે

मायागुणविहिनत्वान्निर्गुणः परमेश्वरः ।
निजधामस्थ एवासौ सर्वत्र व्यापकोऽस्तिच ।।

માયાના સત્ત્વાદિક ત્રણ ગુણોથી રહિત છે, માટે તે પરમેશ્વર નિર્ગુણ છે. અને પોતાનું તેજરૂપ ધામ તેમાં દિવ્ય મૂર્તિમાન રહ્યા થકા સર્વત્ર વ્યાપક છે. હવે सर्वत्र व्यापकः એ પદની ટીકા તપાસીએ. (ટીકા) सर्वत्राऽक्षरब्रह्म तत्स्थमुक्तकोटीसकार्य महापुरुषः महामायादिषु सर्वेषु व्यापकोऽन्तर्यामी शक्ति संज्ञ स्वतेजसा व्याप्य स्थितः ।। અક્ષરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મમાં રહેલા મુક્ત તથા પોતાના કાર્ય સહિત મહાપુરુષ અને માહામાયા આદિ સર્વેને વિષે અંતર્યામી શક્તિ જેનું નામ છે

એવા પોતાના તેજે કરીને વ્યાપીને રહેલા એવા ભગવાન છે. વળી તે જ તરંગના શ્લોક ૧૧માં कान्त्या व्याप्याऽस्तितत्पृथक् (તેની ટીકા) कान्त्याऽन्तर्यामी संज्ञ शरीरतेजसा व्याप्याक्षरादि सर्वेष्वन्वीयअक्षरादि सर्वेभ्यः पृथक्भूतोऽस्ति ।। કાન્ત્યા એટલે અંતર્યામી છે નામ જેનું એવું પોતાના શરીરનું તેજ, તે વડે કરીને વ્યાપીને એટલે અક્ષરાદિક સર્વને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા થકા તે અક્ષરાદિક સર્વ થકી જુદા પોતાના તેજરૂપ ધામમાં રહેલા છે. તથા મુક્તાનંદ સ્વામી કૃત સૂત્રભાષ્યરત્નમાં અ. ૧ પા. ૧ સૂત્ર ૨જું તેના ભાષ્યમાં લખેલ છે કે अत्र सूत्रे दिव्यविग्रहं ब्रह्मपुरे निमित्तकारणतयासदा वर्तमानं सत् स्वेच्छया प्रलये स्वप्रकाशरुपया संकुचितांतर्यामिशक्त्या सूक्ष्म चिदचिद्वस्तुविशिष्टं ब्रह्म उपादानकारणं सृष्टिस्थित्यवस्थयोः स्वप्रकाशरुपया विकसितांतर्यामिशक्त्या स्थूलचिदचिद्वस्तुविशिष्टं तत्कार्यं भवति ।। આ સૂત્રમાં દિવ્યમૂર્તિ એવા ભગવાન બ્રહ્મપુરધામમાં નિમિત્ત કારણપણે સદા રહ્યા થકા પોતાની ઇચ્છાએ કરીને પ્રલયકાળમાં સ્વપ્રકાશરૂપ સંકોચિત અંતર્યામી શક્તિએ કરીને સૂક્ષ્મ જડ ચૈતન્ય વસ્તુમાં વ્યાપક જે બ્રહ્મ એટલે સ્વપ્રકાશ તે ઉપાદાન કારણ છે. સૃષ્ટિ અને સ્થિતિ અવસ્થાને વિષે સ્વપ્રકાશરૂપ વિકસિત અંતર્યામી શક્તિએ કરીને સ્થૂળ એવાં જડ,

ચૈતન્ય વસ્તુમાં વ્યાપક એવું બ્રહ્મ જે સ્વપ્રકાશ તે કાર્ય છે તથા અ. ૧, ના. ૧, सू. ५ चिदचित्प्रपंचरूपे वस्तुनि स्वप्रकाशरूपांतर्यामि शक्त्या विशिष्टः तथा अ. १ पा. १ सू. ७ तथा श्रीपुरुषोत्तमोऽपि स्वदिव्यधामस्थो दिव्याकारतः स्वप्रकाशरुपांतर्यामिशक्त्या सर्वत्र व्यापकोऽस्ति ।। ७૩, ચૈતન્ય પ્રપંચરૂપ જે વસ્તુ તેમાં પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિએ કરીને પુરુષોત્તમ ભગવાન વ્યાપક છે. અને તે ભગવાન પોતાના તેજરૂપ દિવ્યધામમાં દિવ્યાકાર રહ્યા થકા પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિએ કરી સર્વ સ્થળે વ્યાપક છે. આમ કહેલું છે. આ પ્રમાણે ઉપરના શ્લોક તથા તેની ટીકા તથા સૂત્રભાષ્યરત્ન વગેરેનાં પ્રમાણોથી અંતર્યામી શબ્દથી ભગવાનનું તેજ એવો જ અર્થ દૃઢ થાય છે. પરંતુ અંતર્યામી એટલે મૂર્તિમાન એવો અર્થ કરવો તે ઉપર કહેલાં વચનામૃતો, હ. સુ. સિંધુના શ્લોક તથા ટીકા તથા સૂત્રભાષ્યરત્ન તે સર્વથી વિરુદ્ધ છે. માટે પુરુષોત્તમ શ્રીહરિ સહજાનંદ સ્વામી ભગવાન પોતે પોતાના તેજરૂપે કરીને સર્વમાં વ્યાપક છે. અને પોતાના તેજરૂપ ધામમાં દિવ્ય મૂર્તિમાન, પોતાના અસંખ્ય મુક્તોએ સહિત બિરાજમાન છે. તથા ગોપાળાનંદ સ્વામી કૃત વેદ સ્તુતિનો શ્લોક ૫મો તેની ટીકામાં કહ્યું છે (टीका) ये हृदयं हृदि स्थितं दहरं सर्वक्षेत्रज्ञव्यापकं अक्षरं तेज उपासते न तु तेजस्थदिव्यमूर्ति

तत्कथंभूतम् तव परमं उत्कृष्टं धाम चिदाकाशाख्यं निवासस्थानं ते अमूर्तेन चिदाकाशेन सहात्मैक्यं प्राप्नुवन्ति न तु तत्स्थ हरिमूर्तिसेवाम्।।

અર્થ– જે પુરુષો હૃદયને વિષે રહેલ દહારાકાશરૂપ સર્વ ક્ષેત્રજ્ઞને વિષે વ્યાપક એવું અક્ષરરૂપ જે તેજ તેની કેવળ ઉપાસના કરે છે પણ તે તેજમાં રહેલા પુરુષોત્તમ ભગવાનની દિવ્ય મૂર્તિની ઉપાસના નથી કરતા તે ધામ કેવું છે, તો અતિ શ્રેષ્ઠ ને ચિદાકાશ છે નામ જેનું ને સહજાનંદ સ્વામીનું નિવાસસ્થાન છે. આવું નિરાકાર જે તેજરૂપ ધામ તેની જ ઉપાસના કરનારા પુરુષો તે અમૂર્ત એટલે નિરાકાર એવું તે ચિદાકાશ તેની સાથે એકાત્મપણું પામે છે. પણ તે ચિદાકાશમાં રહેલ જે ભગવાનની મૂર્તિ તેની સેવા રૂપ મુક્તિ તેને નથી પામતા. આ સ્થળે તેજને અક્ષરબ્રહ્મ કહેલું છે. કોઈ કહેશે કે આ જે તેજ કહ્યું છે તે તો અક્ષરનું તેજ છે. તો તે કહેવું અસંભવિત છે, કેમકે આ સ્થાને સર્વ ક્ષેત્રમાં વ્યાપક अक्षरं तेजः એટલે અક્ષરરૂપ જે તેજ તેને જ પ્ર. ૪૬મા પ્રમાણે ચિદાકાશ શબ્દથી કહેલ છે; અને તે તેજમાં દિવ્યાકાર શ્રી સ્વામિનારાયણ ભગવાન સદા બિરાજમાન છે. તથા ગોપાળાનંદ સ્વામી કૃત વેદસ્તુતિનો શ્લોક ૬ તેની ટીકામાં अवितथं, अविनाशि एक एव रसः आस्वादः स्वादो यस्मिन् तदेकरसं समं जीवानाम् यथाकर्मअन्युनाधिका भावेन फलदातृ

तव धाम अक्षरपदंअस्ति।। - અવિતથ એટલે અવિનાશી એક જ છે રસ આનંદ સ્વાદ જેને વિષે તે એકરસ કહેવાય અને સમ એટલે સર્વ જીવોને જેવાં કર્મ તે પ્રમાણે અધિક-ઓછા ભાવથી રહિતપણે કરીને કર્મફળને આપનાર એવું તમારું ધામ એટલે અક્ષરસ્થાન છે. આ ઠેકાણે પ્ર. ૪૫ના પ્રમાણે જીવ, ઈશ્વરાદિક સર્વને અંતર્યામીપણે કરીને કર્મફળ આપનાર એવું જે પોતાનું તેજ તેને જ અક્ષરપદ (અક્ષરસ્થાન) નામે કહેલ છે. માટે તે તેજનું નામ અક્ષરબ્રહ્મ છે. અને એ અક્ષર એક છે. કોઈક કહેશે કે મૂર્તિમાન અક્ષર છે તે એક જ છે અને તે અક્ષરના સાધર્મ્યપણાને પામેલા જે મુક્ત તેમને બ્રહ્મ શબ્દથી કહેવાય પણ અક્ષર શબ્દથી ન કહેવાય તો તે કહેવું વ્યર્થ છે કેમ કે કા. ૧૦માં, "ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિ, પુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમ નારાયણ જેવો થાવાને કોઈ સમર્થ નથી." આ વચનામૃતથી સિદ્ધ થાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ તે અદ્વિતીય મૂર્તિ છે. તે જ પ્રમાણ एकमेवाद्धितीयं ब्रह्म એ શ્રુતિ પણ સહજાનંદ સ્વામી ભગવાન તથા તેમના તેજરૂપ ધામ તેમને જ ઘટે છે. માટે એક તો શ્રી સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન અને તેમના તેજરૂપ ધામ છે. તે સિવાય અક્ષરાદિક સર્વની

કોટિઓ છે એવું આ વચનામૃત તથા શ્રુતિથી સિદ્ધ જ છે.

તે જ પ્રકારે અમદાવાદના ૬ઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે, "ત્યારે કુબેરસિંહે કહ્યું જે બ્રહ્મમહોલ કેવો છે તેનું રૂપ કહો અને તેને વિષે જે ભગવાનના ભક્ત છે તેનું રૂપ કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રી પુરુષોત્તમ નારાયણને રહેવા સારુ મહોલરૂપ થયો છે ને સર્વે અક્ષરબ્રહ્મ થકી ભગવાનના મહોલરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે." આ વચનામૃતમાં સર્વે અક્ષરબ્રહ્મ કહ્યાં તે મૂર્તિમાન અક્ષરોને કહેલા છે અને તે કોટિ છે. અને ભગવાનના મહોલરૂપ જે અક્ષરબ્રહ્મ એટલે ભગવાનના તેજરૂપ અક્ષરધામને કહેલ છે. અને તે તેજરૂપ ધામમાં જ પુરુષોત્તમ ભગવાન સદા બિરાજમાન છે. તે સત્સંગિજીવનમાં દીનાનાથ ભટ્ટે કરેલા સ્તોત્ર શ્લોક.

महातेज:पुञ्ज स्फुरदमल सिहासनवरे
स्थितं सर्वाधीशं नखकिरणविद्योतित सभम् ।
सितच्छत्रं पार्श्वस्फुरदमलसच्चामरयुगम्
भृशं धन्यो लब्ध्वा नयनपथि नारायणमहम् ।।

અર્થ– હું (દીનાનાથ ભટ્ટ) નારાયણ જે સ્વામિનારાયણ તેમને નેત્ર આગળ પામીને (જોઈને) અત્યંત ધન્યભાગ્યવાળો થયો છું. તે ભગવાન કેવા છે તો મોટો

તેજનો સમૂહ તેને વિષે દેદીપ્યમાન નિર્મળ ઉત્તમ સિંહાસન ઉપર બિરાજમાન સર્વના અધિપતિ એવા અને નખની કિરણો વડે કરીને શોભાયમાન કરેલી છે સભા જેમણે અને મસ્તક ઉપર શ્વેત છે છત્ર જેમને એવા અને બે પડખાંને વિષે સ્ફુરાયમાન નિર્મળ કાન્તિવાળાં બે ચામર છે જેમને એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને પામીને હું અત્યંત ધન્યભાગ્યવાળો થયો છું એમ દીનાનાથ ભટ્ટ કહે છે. જુઓ આ શ્લોકમાં પણ શ્રી સ્વામિનારાયણ તે પોતાના તેજરૂપ ધામમાં સદા બિરાજમાન છે એમ સ્પષ્ટપણે કહેલું છે.

આવી રીતે પ્ર. ૧૨માં જે નિરાકાર તેજરૂપ ધામનું વર્ણન છે. તે ધામને પ્ર. ૭માં બ્રહ્મજ્યોતિ નામે કહેલ છે તથા પ્ર. ૨૧માં એકરસ ચૈતન્ય તથા ચિદાકાશ નામે કહેલ છે. પ્ર. ૪૫માં સચ્ચિદાનંદ, સર્વત્ર વ્યાપક, સર્વને કર્મફળ આપનાર એ પ્રકારે કહેલ છે. તથા પ્ર. ૪૬માં ચિદાકાશ તથા પ્રકાશ શબ્દથી કહેલ છે. પ્ર. ૬૩માં કાન્તિ તથા અંતર્યામી શબ્દથી કહેલ છે. પ્ર. ૭૨માં ક્ષર-અક્ષરને પોતાની શક્તિએ કરી ધારણ કરી રહેલા છે ત્યાં શક્તિરૂપે કરીને પોતાના તેજરૂપ ધામને કહેલ છે. લો. ૧૪માં તેજના સમૂહરૂપ કહેલ છે. મ. ૧૩માં આત્મા, બ્રહ્મ તથા અક્ષરધામ એ ત્રણ નામે કહેલ છે. તથા મ. ૩૦માં શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ નામે કહેલ છે. તથા મ. ૫૦માં એકરસ પરિપૂર્ણ બ્રહ્મ સ્વરૂપ કહેલ છે. તથા છે.

૩૦માં ચૈતન્યના તેજનો રાશિ એ નામે કહેલ છે. તથા છે. ૩૧માં તેજના સમૂહરૂપે કહેલ છે. એ આદિક વચનામૃતોમાં તેજરૂપ પોતાના અક્ષરધામમાં દિવ્યાકાર, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના સાધર્મ્યપણાને પામેલા મુક્તોએ સહિત સદા બિરાજમાન છે. તે ઉપર સવિસ્તર કહેલું છે. માટે આ જ શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે અને તે જ સત્ય છે.

इतिश्रीमदेकान्तिक धर्मप्रवर्तक श्रीसहजानंदस्वामि-चरणकमलकरंदास्वादमदनादिमुक्तराजसद्‌गुरुश्रीमहानुभावान्द-मुनेराशीरात्मकशिष्यसद्‌गुरु श्रीघनश्यामजीवनदासजीस्वामी-तत्‌शिष्य शास्त्री धर्मस्वरुपदासविरचितेश्रीजीसंमतविशिष्टाद्वैत-सिद्धांतसागरे शुद्धाऽक्षरब्रह्मनिरुपणं समाप्तम् ।।

शुभमस्तु सर्वेषाम्

બોલો, શ્રી સહાજાનંદ સ્વામી મહારાજની જય.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

श्री हरये नमः

# जनमङ्गलस्तोत्रम् ।।

नमो नमः श्री हरये बुद्धिदाय दयावते ।
भक्तिधर्माङ्गजाताय भक्तकल्पद्रुमाय च ।। १ ।।

सुगन्धपुष्पहाराद्यैर्विविधैरुपहारकैः ।
सम्पूजिताय भक्तौधैः सिताम्बरधराय च ।। २ ।।

नाम्नामष्टोत्तरशतं चतुर्वर्गमभीप्सताम् ।
सद्यः फलप्रदंनृणां तस्य वक्ष्यामि सत्पतेः ।। ३ ।।

अस्य श्रीजनमङ्गलाख्यस्य श्रीहर्यष्टोत्तरशतनामस्तोत्र-मंत्रस्य शतानन्द ऋषिः अनुष्टुप् छन्दः । धर्मनन्दनः श्रीहरिर्देवता । धार्मिक इति बीजम् । बृहद्व्रतधर इति शक्तिः भक्तिनन्दन इति कीलकम् चतुर्वर्ग सिद्ध्यर्थे जपे विनियोगः ।

अथ ध्यानम्

वर्णिवेषरमणीयदर्शनं मन्दहासरुचि राननाम्बुजम् ।
पूजितं सुरनरोत्तमै र्मुदा धर्मनन्दनमहं विचिन्तये।। ४।।

श्रीकृष्णः श्रीवासुदेवो नरनारायणः प्रभुः ।
भक्तिधर्मात्मजोऽजन्मा कृष्णो नारायणो हरिः ।। ५ ।।

हरिकृष्णो घनश्यामो धार्मिको भक्तिनन्दनः ।
बृहद्व्रतधरः शुद्धो राधाकृष्णेष्टदैवतः ॥ ६ ॥

मरुत्सुतप्रियःकालीभैरवाद्यतिभीषणः ।
जितेन्द्रियो जिताहारस्तीव्रवैराग्य आस्तिकः ॥ ७ ॥

योगेश्वरो योगकलाप्रवृत्तिरतिधैर्यवान् ।
ज्ञानी परमहंसश्च तीर्थकृत्तैर्थिकार्चितः ॥ ८ ॥

क्षमानिधिः सदोन्निद्रो ध्याननिष्ठस्तपःप्रियः ।
सिद्धेश्वरः स्वतन्त्रश्च ब्रह्मविद्याप्रवर्तकः ॥ ९ ॥

पाषण्डोच्छेदनपटुः स्वस्वरुपाचलस्थितिः ।
प्रशान्तमूर्ति र्निर्दोषोऽसुरगुर्वादिमोहनः ॥ १० ॥

अति कारुण्य नयन उद्धवाध्वप्रवर्तकः।
महाव्रतःसाधुशीलः साधु विप्रप्रपूजकः ॥ ११ ॥

अर्हिस यज्ञप्रस्तोता साकारब्रह्मवर्णनः
स्वामिनारायणः स्वामी कालदोषनिवारकः ॥ १२ ॥

सच्छास्त्रव्यसनः सद्यःसमाधिस्थितिकारकः ।
कृष्णार्चास्थापनकरः कौलद्विट् कलितारकः ॥ १३ ॥

प्रकाशरूपो निर्दम्भः सर्वजीवहितावहः ।
भक्तिसम्पोषको वाग्मी चतुर्वर्गफलप्रदः ॥ १४ ॥

निर्मत्सरो भक्तवर्मा बुद्धिदाताऽतिपावनः ।
अबुद्धिहृद् ब्रह्मधामदर्शकश्चापराजितः ॥ १५ ॥

आसमुद्रान्तसत्कीर्तिः श्रितसंसृतिमोचनः ।
उदारः सहजानन्दः साध्वीधर्मप्रवर्तकः ॥ १६ ॥

कन्दर्पदर्पदलनो वैष्णवः क्रतु कारकः ।
पञ्चायतनसन्मानो नैष्ठिकव्रतपोषकः ॥ १७ ॥

प्रगल्भो निःस्पृहः सत्यप्रतिज्ञो भक्तवत्सलः ।
अरोषणो दीर्घदर्शी षड्ूर्मिविजयक्षमः ॥ १८ ॥

निरहङ्कृतिरद्रोह ऋजुः सर्वोपकारकः
नियामक श्चोपशमस्थितिर्विनयवान् गुरुः ॥ १९ ॥

अजातवैरी निर्लोभो महापुरुष आत्मदः ।
अखण्डितार्षमर्यादो व्याससिद्धान्तबोधकः ॥ २० ॥

मनोनिग्रहयुक्तिज्ञो यमदूतविमोचकः ।
पूर्णकामः सत्यवादी गुणग्राही गतस्मयः ॥ २१ ॥

सदाचारप्रियतरः पुण्यश्रवणकीर्तनः ।
सर्वमङ्गलसद्रूप नानागुणविचेष्टितः ॥ २२ ॥

इत्येतत्परमं स्तोत्रं जनमङ्गलसंज्ञितम् ।
यःपठेत्तेन पठितं भवेद्वै सर्वमङ्गलम् ॥ २३ ॥

यः पठेच्छृणुयाद्भक्त्या त्रिकालं श्रावयेच्च वा ।
एतत्तस्य तु पापानि नश्येयुः किल सर्वशः ॥ २४ ॥

एतत्संसेवमानानां पुरुषार्थ चतुष्टये ।
दुर्लभं नास्ति किमपि हरिकृष्णप्रसादतः ॥ २५ ॥

भूतप्रेतपिशाचानां डाकिनीब्रह्मरक्षसाम् ।
योगिनीनां तथा बालग्रहादीनामुपद्रवः ॥ २६ ॥
अभिचारो रिपुकृतो रागश्चान्योऽप्युपद्रवः ।
अयुतावर्त्तनादस्य नश्यत्येव न सशयः ॥ २७ ॥
दशावृत्त्याप्रतिदिनमस्याभीष्टं सुखं भवेत् ।
गृहिभिस्त्यागिभिश्चापि पठनीयमिदं ततः ॥ २८ ॥

इति श्रीशतानन्दमुनिविरचितं श्रीजनमंङ्गलाख्यं
श्रीहर्यष्टोत्तरशतनामस्तोत्रं संपूर्णम् ॥

श्रीदशावतारधारिणे नमः

# सङ्कटहर-दशावतारस्तोत्रम् ।

## अभयराजकृतम् ।

मात्स्यं रुपमलौकिकं भुवि दधत्कल्पान्तकाले नृपम् ।
साकं भूतरणौ महर्षिभिरपात्सत्यव्रतं तोयगः ।।
तस्मै मत्स्यपुराण माह च हयग्रीवं निहत्या सुरम् ।
धात्रेऽदान्निगमांश्चयः स हरंतात्कष्टं समग्रं हरिः ।। १ ।।
पीयूषाय पयोनिधिं स्वमहसा देवासुराणामना- ।
धारं चोन्मथतां तु मन्दरगिरिं मज्जन्तमम्भोनिधौ ।।
पृष्ठे कूर्मतनुर्दधार सहसा कारुण्यतो यो जगौ ।
सद्धर्मांश्चि मुनिभ्य एष हरतात्कष्टं समग्रं हरिः ।। २ ।।
यो वाराहतनू रसातलगतां क्षोणीं क्षणादुद्दधौ ।
दैतेयं च जघान संयति हिरण्याक्षं तनुस्थाध्वरः ।।
धर्मानाह भुवेऽभवाय च नृणां यज्ञान् वितत्याखिलान् ।
कल्पादौप्रतिवासरं सहरतात्कष्टं समग्रं हरिः ।। ३ ।।
दैत्यानामधिपं हिरण्यकशिपुं हत्वा नृसिंहाकृतिः ।
प्रह्लादं च ततोऽभिरक्ष्य परमं भक्तं निजं निर्जरान् ।।
इन्द्राद्रीन् सुरसद्मसौख्यमुदितांश्चक्रे य उग्रेक्षणो ।
भक्ताभीष्टफलप्रदः सहरतात्कष्टं समग्रंहरिः ।। ४ ।।

याचित्वा त्रिपदच्छलेन च बलिं त्रैलोक्यमिन्द्राय यः ।
प्रादाद्वामनमूर्तिरस्य च पुन दौवारिकत्वं स्वयम्।।
चक्रेऽथत्रिदिवस्थितोऽपि च मनोर्वैवस्वतस्यावनम् ।
सुत्रामावरजः समेऽपहरतात्कष्टं समग्रं हरिः ।। ५ ।।
क्षत्रं घोरतरं च कापथगतं त्रिःसप्तकृत्वश्चयो ।
हत्वा सान्वयकार्तवीर्यनृपतिप्राणापहृद्भार्गवः ।।
रामः पर्शुकरो धरामरकरप्रत्ताऽऽसमुद्रक्षितिः ।
सिद्धर्षिस्तुतसद्यशाः सहरतात्कष्टं समग्रं हरि ।। ६ ।।
धर्मात्मा पितुराज्ञया सदयितासौमित्रिराप्तोवनम् ।
बद्ध्वासेतुमपांनिधौ स्वमहसा लङ्केश्वरं सान्वयम् ।।
योषाहारिणमाशु यो निहतवान् धर्मेणसर्वाःप्रजाः ।
रामः स्मावति पुत्रवत्स हरतात्कष्टं समग्रं हरिः ।।७।।
कंसादीनसुरान्निहत्य नृपतीन् भारान्भुवो भूरिशो ।
गोभूसाधुधरामरामरवृषान् पातिस्म यः सर्वतः ।।
लोकक्षेमकरस्वरुपचरितो विघ्नौघविद्रावणः ।
श्रीकृष्णः स यदूत्तमोऽपहरतात्कष्टं समग्रं हरि ।। ८ ।।
श्रीबुद्धोऽसुरबुद्धिमोहचरितः सद्धर्मसंस्थापकः ।
पाषण्डादवितात्मभक्तनिकरः कारुण्यवारांनिधिः ।।
हिंसाहीनमखप्रवर्तनयशा यः शुद्धबुद्धिप्रदः ।
संसारार्णवतारकः स हरतात्कष्टं समग्रं हरि ।। ९ ।।
आरुह्याश्वममर्त्यदत्तमवनौ निस्त्रिंशपणिश्चरन् ।
कल्की पापिनराधिपांश्चबहुशो हत्वाऽवसाने कलेः ।।

धर्मं स्थापयिता विशुद्धमखिलं यः स्वाङ्गसङ्गानिल ।
स्पर्शोच्छिन्नकुबुद्धिरेष हरतात्कष्टं समग्रं हरि ।। १० ।।
स्तोत्रस्य श्रवणाद्दशाकृतिधृतः स्यान्नास्य पाढाच्च भी ।
स्तोयार्तेर्निरयार्तितोऽसुरगणाद्व्याघ्रादितो दुःस्थलात् ।।
राजभ्यश्चकदध्वतो रिपुगणादज्ञानतोऽथो कले ।
देंहान्तेसुगति र्नृणां करुणया स्याद्दीनबन्धोर्हरिः ।। ११ ।।

इति सङ्कटहर– दशावतारस्तोत्रं समाप्तम् ।।

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે—

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં ાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.